॥ ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ ॥

॥ પ.પૂ.આ. દાન-પ્રેમ-હિમાંશુ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્રસૂરિ-પં. ચન્દ્રશેખર વિ.-આ. ધર્મરક્ષિતસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

# ગિરનાર સંવેદના

(ગિરનાર ભાવયાત્રા)


: લેખક :

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. **ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય**ના શિષ્ય

પ.પૂ. આચાર્ય **શ્રી ધર્મરક્ષિતસૂરિ મહારાજ સાહેબ**ના શિષ્ય

પ.પૂ. આચાર્ય **શ્રી હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ**





: પ્રકાશક :

**સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ**

ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા, રૂપાયતન રોડ,

મીનરાજ સ્કુલની સામે, ભવનાથ તળેટી, જૂનાગઢ - ૩૬૨૦૦૧.

ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯,

મો. : ૯૪૦૯૬૮૫૯૯૯

E-mail : girnarbhakti@gmail.com

www.girnardarshan.com

**પ્રથમ આવૃત્તિ :** ૩૦૦૦ નકલ
**દ્વિતીય આવૃત્તિ :** ૨૦૦૦ નકલ
**તૃતીય આવૃત્તિ :** ૨૦૦૦ નકલ

**શ્રી નેમિનાથ જન્મ-દીક્ષા કલ્યાણક દિન**
વિ.સં. ૨૦૭૯, દ્વિતીય શ્રાવણ સુદ ૫/૬

**કિંમત :** રૂ. ૧૦૦/-

## પ્રાપ્તિ સ્થાન

**ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા**
રૂપાયતન રોડ, મીનરાજ સ્કુલની સામે,
ભવનાથ તળેટી, **જૂનાગઢ** - ૩૬૨૦૦૧.
મો. : ૯૪૦૯૬૮૫૯૯૯

**ભગીરથ ઈલેક્ટ્રોનીક્સ**
૨૫-૨૭, બી-જાદવ ચેમ્બર્સ,
સેલ્સ ઇન્ડીયાની પાછળ, આશ્રમ રોડ,
**અમદાવાદ** - ૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯-૨૭૫૪૬૨૩૮.
મો. : ૯૮૨૫૦૮૮૯૯૧ (ભગીરથભાઈ)

**આગમ બુક ડેપો**
હજુર પાયગા રોડ, **ભાવનગર.**
મો. : ૯૪૨૬૨૫૫૫૨૦ (જયેશભાઈ)
૯૪૨૭૧૪૫૧૯૯

**અર્હમ્ ક્રીએશન**
૩૬, શિવેન સ્કેવર, સિમંધર હાઈટ્સની સામે,
સ્વસ્તિક પાર્ટી પ્લૉટ પાસે પાલ,
**સુરત** - ૩૯૫૦૦૯.
મો. : ૯૯૨૪૭૨૨૩૨૨

**કીર્તિભાઈ ધરોડ**
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ
૧૧૫, મનુભાઈ પી. વૈદ્ય માર્ગ, તિલક રોડ,
ઘાટકોપર (ઈ.), **મુંબઈ** - ૪૦૦ ૦૭૭
મો. : ૯૮૨૦૭૬૫૦૯૮.

**કે. એસ. મોબાઈલ**
અર્પણ કૉમ્પલેક્ષ, પોસ્ટ ઑફીસ પાસે,
નિઝામપુરા, **વડોદરા.**
મો. : ૭૨૮૫૦૦૫૧૫૨
(કેયુરભાઈ શેઠ)


**મહેતા ડેરી**
તળેટી રોડ, **પાલીતાણા.**
મો. : ૯૯૭૯૦૫૧૪૦૦ (ભાવેશભાઈ)

**સાગરભાઈ**
**પરેલ**
મો. : ૯૬૯૯૨૧૦૯૭૯

**મનોજભાઈ બી. મહેતા**
ભુલેશ્વર + મલાડ (વેસ્ટ), **મુંબઈ.**
મો. : ૯૯૬૯૨૮૭૯૬૬

**મુદ્રક : કિરીટ બી. વડેચા પ્રિન્ટર્સ**
ઓલ્ડ અંજીરવાડી, ઠક્કર ઈંડસ્ટ્રીયલ ઇસ્ટેટ, એનેક્સ બિલ્ડીંગ, ત્રીજા માળે,
૩૦૫, મુક્તાદેવી મંદિર પાસે, મઝગાંવ, મુંબઈ-૧૦

# દિવ્યકૃપા




સહસાવન (ગિરનાર) તીર્થોદ્ધારક,
તપસ્વી સમ્રાટ પરમ પૂજ્ય આચાર્ય
**શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજા**ની
ઉપકારસ્મૃતિ અર્થે



સિદ્ધાંત દિવાકર, સુવિશાલ
ગચ્છાધિપતિશ્રી પરમ પૂજ્ય આચાર્ય
**શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ની
ઉપકારસ્મૃતિ અર્થે



ગિરનાર તીર્થોત્કર્ષ પ્રણેતા,
યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ. પંન્યાસ
**શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજા**ની
ઉપકારસ્મૃતિ અર્થે



ગિરનાર તીર્થોપદેશક પ.પૂ.આ.
**શ્રી ધર્મરક્ષિતસૂરીશ્વરજી
મહારાજા**ની
ઉપકારસ્મૃતિ અર્થે

# અર્પણ



પ્રશાંતમૂર્તિ, સુવિશાલ ગચ્છાધિપતિશ્રી
પરમ પૂજ્ય આચાર્ય
**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના
કરકમલમાં સાદર અર્પણ

# શ્રી નેમિપ્રભુના શ્રીમુખેથી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય

## (શત્રુંજય માહાત્મ્ય-સર્ગ ૧૩, ગાથા - ૨૫ થી ૫૦)



આ રૈવતાચલગિરિ પુંડરીક ગિરિરાજનું સુવર્ણમય મુખ્ય શિખર છે. મંદાર અને કલ્પવૃક્ષો વગેરે ઉત્તમ વૃક્ષોથી વીંટાઈને રહેલું છે. તે મહાતીર્થ ઝરતા ઝરણાઓથી હંમેશાં પ્રાણીઓનાં પાતકને ધોઈ નાંખે છે અને સ્પર્શથી પણ હિંસાના પાપને ટાળે છે. આ ગિરિરાજ પુણ્યનો રાશિ અને પૃથ્વીના તિલક જેવો છે. વળી સર્વજ્ઞ ભગવાનનાં ચરણથી પવિત્ર થવાના યોગે ત્રણ લોકના આભૂષણરૂપે શોભે છે. સર્વ તીર્થોમાં ઉત્તમ અને સર્વ તીર્થની યાત્રાના

છે. આ ગિરિરાજ પર આવીને જેઓ પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં સદ્‌વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. ભવ્ય પ્રાણીઓમાં ઉત્તમ એવો જે કોઈ પ્રાણી આ તીર્થમાં માત્ર એક દિવસ પણ શીલ ધારણ કરે છે, તે હંમેશાં સુર, અસુર, નર અને નારીઓથી સેવવા યોગ્ય થાય છે. વળી જે વિવેકી પુરુષ અહીં દશ પ્રકારના પ્રત્યાખ્યાન (તપ) કરે છે, તેને અનુક્રમે દશ પ્રકારના સ્વર્ગસુખ મળે છે. આ તીર્થમાં જેઓ ચતુર્થ, છટ્ઠ અને અટ્ઠમ આદિ તપ કરે છે, તેઓ સર્વ સુખને ભોગવી અવશ્ય પરમપદને પામે છે.'

'જે પ્રાણી અહીં ભાવથી શ્રી જિનપ્રતિમાની પૂજા કરે છે, તે શિવસુખને પ્રાપ્ત કરે છે, તો માનવસુખની તો વાત જ શી કરવી ? જે પ્રાણી અહીં ભાવથી સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્ર વગેરે વહોરાવે છે, તે મુક્તિરૂપી સ્ત્રીના હૃદયને આનંદ આપનારો થાય છે. આ તીર્થમાં સુવર્ણ, રૂપ્ય, અન્ન અને વસ્ત્રાદિક જે ભાવપૂર્વક જેટલા પ્રમાણમાં આપે છે, તેના કરતાં અનંતગણું લીલામાત્રમાં તે મેળવે છે. ત્રણ જગતમાં સર્વ તીર્થોને વિષે ઉત્કૃષ્ટ એવું આ મહાતીર્થ છે, જેમાં નિવાસ કરવાથી તિર્યંચ પણ આઠ ભવની અંદર સિદ્ધિને પામે છે. આ રૈવતગિરિ ઉપર વસતા વૃક્ષો અને મયૂરાદિ પક્ષીઓ પણ ધન્ય અને પુણ્યશાળી છે, તો મનુષ્યોની શી વાત કરવી ? દેવતાઓ, ઋષિઓ, સિદ્ધપુરુષો, ગંધર્વો અને કિન્નરાદિ આ તીર્થની સેવા કરવાને માટે સદા ઉત્સાહથી આવે છે. તેવી કોઈ પણ શાશ્વતી દિવ્ય ઔષધીઓ, સ્વર્ણાદિક સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી, કે જે આ ગિરિરાજ પર ન હોય ! આ તીર્થમાં મોક્ષલક્ષ્મીના મુખરૂપ ગજેન્દ્રપદ નામે કુંડ છે, જે તેની સ્પર્શના કરનાર જીવોના પાપનો નાશ કરવાને સમર્થ છે. આ ગિરિરાજ ઉપર રહેલા બીજા પણ કુંડોનો જાુદો જાુદો પ્રભાવ છે, જેમાં છ માસ માત્ર સ્નાન કરવાથી પ્રાણીઓના કુષ્ટાદિક રોગો નાશ પામે છે.'

આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુનાં મુખકમળથી ગિરનાર ગિરિનો મહિમા સાંભળીને પુણ્યવાન એવા સુર, અસુર અને નરેશ્વરો હર્ષ પામ્યા. પછી કૃષ્ણ વાસુદેવે પૂછ્યું; 'હે પ્રભુ ! આ પ્રતિમા મારા પ્રાસાદમાં સ્થાપન કરવાની છે. તે ત્યાં કેટલો કાલ રહેશે અને પછી બીજે ક્યાં ક્યાં પૂજાશે ?' પ્રભુ બોલ્યા; 'જ્યાં સુધી તમારું નગર રહેશે, ત્યાં સુધી તમારા પ્રાસાદમાં પૂજાશે અને પછી કાંચનગિરિ પર દેવતાઓથી પૂજાશે. અમારા નિર્વાણસમય પછી અતિદુઃખદાયક બે હજાર વર્ષ ઉલ્લંઘન થશે, ત્યારપછી અંબિકાની આજ્ઞાથી રત્ન નામે એક ઉત્તમ અને સારી ભાવનાવાળો વણિક ત્યાંથી લાવી, આ રૈવતગિરિ પર પ્રાસાદ કરાવી, તેમાં સ્થાપિત કરીને તે પ્રતિમાની પૂજા કરશે. પછી એક લાખ, ત્રણ હજાર, બસો ને પચાશ વર્ષ સુધી ત્યાં રહીને પછી ત્યાંથી તે અંતર્ધાન થઈ જશે. એકાંત દુષમા કાળમાં તેને સમુદ્રમાં રાખીને અંબિકાદેવી તેની પૂજા કરશે અને હે હરિ, પછી તેને બીજા દેવતાઓ પૂજશે.'



# પ્રભુ મહાવીર દ્વારા શ્રી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય

## (શત્રુંજય માહાત્મ્ય-સર્ગ ૧૦, ગાથા ૮ થી ૪૧)

હે ઈન્દ્ર ! સાંભળ, આ સિદ્ધગિરિનું પાંચમું શિખર રૈવતગિરિ (ગિરનાર) છે, તે પાંચમા જ્ઞાન (કેવળજ્ઞાન)ને આપવાવાળું છે. સર્વ રાજાઓએ સેવવા યોગ્ય, સર્વ પર્વતોનો પતિ અને આશ્રિતજનોના દુઃખનો હરનાર એ રૈવતગિરિ જયવંત વર્તે છે. એ ગિરિ અનેક અજ્ઞાનરૂપ અંધકારના સમૂહને તિરસ્કાર કરવામાં સૂર્યરૂપ છે, જગતના પાપને દૂર કરનાર છે અને લક્ષ્મીના ઉલ્લાસવડે તેજસ્વી છે. ત્યાં ભક્તિવડે ઉચિત દાન કે અનુકંપા દાન વગેરે આપ્યાં હોય તો તે આલોક અને પરલોકમાં હિતકારક એવા સર્વે સુખો આપે છે અને તેના પ્રકાશિત પુણ્યનાં કિરણોથી ક્ષણવારમાં માખણની જેમ ભવભ્રમણથી ઉત્પન્ન થયેલો પાપપિંડ પણ ગળી જાય છે. જેઓએ વારંવાર સુકૃત કર્યા હોય તેવા કૃતાર્થ પ્રાણીઓ જ સર્વદેવતામય આ ગિરિરાજને દૃષ્ટિવડે દેખે છે. સર્વદા સર્વદાયક એવો એ ગિરિ જાણે સર્વ પર્વતોનો રાજા હોય તેમ જણાવવાને ચમરી ગાયો ચામરથી સર્વકાલ તેને વીંજ્યા કરે છે. જે ગિરિમાં પ્રાણીઓને આપત્તિનો લેશ-આપલ્લવો ફક્ત વૃક્ષોમાં જ હતો, અંધકાર ગુફાઓમાં જ હતો, (પાણી) જડતા સરોવરમાં જ હતી, ખરાબ વર્ણ દુર્વર્ણ ધાતુઓમાં જ હતો, દ્વિજિહ્વપણું (પક્ષે પિશુનપણું) સર્પમાં જ હતું, કુમુદાકર (પોયણાનો સમૂહ, પક્ષે કુ-નઠારો હર્ષ.) જડ (પક્ષે જલ)માં જ હતો, કઠિનતા પાષાણોમાં જ હતી, ઉગ્રપણું તપસ્યામાં હતું, ચપળતાં લતાઓમાં જ હતી, પક્ષ (પક્ષપાત-પાંખો) પક્ષીઓમાં જ હતો, પ્રદોષ (સાયંકાલ, પક્ષે ઉત્કૃષ્ટ દોષ), રાત્રિના મુખમાં જ હતો અને ભય પાપમાં જ હતો. જે ગિરિમાં આહાર છોડી, શુભ આચાર પાળી, કામદેવને જીતનારા અને મનને હરનારા મુનિઓ અને દેવતાઓ નિત્ય શ્રી નેમિનાથ પ્રભુને નમે છે. જ્યાં કોઈ જગ્યાએ અપરિમિત ધ્યાનવડે માનને ગ્લાનિ કરતા અને જ્ઞાનના ઉદયથી શોભતા એવા મુનિઓ નિત્ય મહાન અર્હંત પ્રભુનાં તેજનું ધ્યાન કરે છે; પવનનો પવિત્ર આહાર કરતા અને વિષમમાર્ગે ચાલતા એવા યોગીઓ જ્યાં અર્હંતપદની ઉપાસના કરતા કોઈ ઠેકાણે દૃષ્ટિએ પડે છે; અપ્સરાઓના ગણ, ગંધર્વો, સિદ્ધપુરુષો, વિદ્યાધરો અને નાગકુમારો નિર્મલ હૃદયથી જ્યાં સદા શ્રી નેમિનાથ પ્રભુની સેવા કરે છે; જે પવિત્ર પર્વત ઉપર માર્જાર અને મૂષક, સિંહ અને હાથી, સર્પ અને મયૂર; પરસ્પરના જાતિવૈરને શાંત કરીને રહેલા છે; જ્યાં મણિઓની કાંતિવડે જ સૂર્ય ચન્દ્ર વિના પણ પ્રકાશના સંચારવાળા સર્વ પ્રદેશો છે. જ્યાં સર્વ ગ્રહો નજીક ઉદયના મિષથી શ્રી નેમિનાથ પ્રભુની આરાધના કરવા માટે હંમેશાં ભ્રમણ કરે છે. જ્યાં વસંતાદિ છએ ઋતુઓ શ્રી નેમિનાથ પ્રભુને નમવાને માટે એક એકની સ્પર્ધા કરતી હોય, તેમ આકુલતાથી પોતાનો ક્રમ છોડી સદૈવ પ્રવર્તે છે, ચન્દ્રકિરણોના સ્પર્શથી ઝરતા ચન્દ્રકાંત મણિના જલવડે મનોહર દ્રહોને ઉલ્લાસતી નદીઓ જ્યાં શોભે છે; સૂર્યનાં કિરણોવડે પ્રકાશિત સૂર્યકાંત મણિમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે જ્યાં પ્રાણીઓ ગાઢ કર્મરૂપ ઈંધણાંઓને જાણે બાળી નાંખે છે. પોલા વાંસના વાદ્યથી, કિન્નરીઓના ગીતથી અને ઝરણાંના ઝંકારથી પોતાની મેળે ઉત્પન્ન થયેલું ત્રણ પ્રકારનું સંગીત હંમેશાં જેની સેવા કરે છે; જેની ચોતરફ ચારે દિશાઓમાં ચાર ગતિરૂપ ભવદુઃખથી રક્ષા કરવામાં ચતુર એવા પર્વતો શોભી રહ્યા છે; જેની ચારે દિશાઓમાં ઉલ્લાસ પામતા સ્વચ્છ જલવડે પાપરૂપ મોટી આપત્તિને છેદનારી ચાર મહાનદીઓ રહેલી છે; જ્યાં હાથીપગલાં વગેરે પવિત્ર કુંડો દેવતાઓએ અમરપણા માટે જાણે અમૃતથી ભરેલા હોય તેવા પરિપૂર્ણ શોભે છે; પોતાની પાસે યાચનાર પ્રાણીઓનાં દુઃખને હણવાને અને મોક્ષદાનનો અભ્યાસ કરવા માટે હોય તેમ કલ્પવૃક્ષો જ્યાં પોતે આવીને નિવાસ કરી રહેલા છે; સુવર્ણસિદ્ધિ કરનારી અને સર્વ ઈચ્છિતફલને આપનારી પણ પુણ્યહીન પ્રાણીઓને નહિ દેખાતી રસકૂપિકા જ્યાં રહેલી છે; જ્યાં પવિત્ર જળના ભ્રમવડે સરોવરો, પ્રાણીઓનાં મોટાં પાપકર્મોને ક્ષણમાં ક્ષય કરે છે અને સુખનાં સ્થાનોને આપે છે; જ્યાં કમલોનાં ઉદયના મિષથી કમલાલક્ષ્મીનો ઉદય કરનારા મનોહર જલના દ્રહો કમલોના વિકાસથી અતિહર્ષ આપે છે; જ્યાંના દ્રહો રાજહંસ-પદ માટે ઉપાસવા યોગ્ય છે, રાજહંસપદ (સિદ્ધિપદ)ને આપનારા છે અને તેઓમાં રાજહંસપદની પ્રાપ્તિ કરનારા

કુમુદ (કમળો) વિકાસી રહેલા છે - એવો એ સિદ્ધગિરિના શિખર ઉપર રૈવતગિરિ સ્મરણ કરવાથી સુખ આપે છે. દર્શનથી કષ્ટ હરે છે અને સ્પર્શ કરવાથી ઈષ્ટવસ્તુને આપે છે. શ્રીમાન્ નેમિનાથ પ્રભુ બીજા પર્વતોને છોડી, જેનો સર્વદા આશ્રય કરીને રહેલા છે, તે રૈવતગિરિનું વિશેષ શું વર્ણન કરવું ? અર્થાત્ તેના મહિમાનું વર્ણન કરવું અશક્ય છે. જેવી રીતે શત્રુંજય પર દાન આપવાથી અને તપશ્ચર્યા કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે અહીં પણ તે કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે. સમુદ્રની રેતીના રજકણની સંખ્યા કરવાને સમર્થ એવી બૃહસ્પતિની જિહ્વા પણ જેના લોકોત્તર ગુણગ્રામને કહેવા સમર્થ નથી.



# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | કલ્યાણકભૂમિ ગિરનાર વિકાસની વાટે... | ૧ |
| ૨ | ગિરનાર સંવેદના જય તળેટીથી સંપૂર્ણ યાત્રા સુધીની ભાવયાત્રા | ૧૦ |
| ૩ | ગિરનારજી મહાતીર્થના ૧૦૮ નામ સહિતના દુહા | ૧૨૮ |
| ૪ | ગિરનાર જિનવર જુહારીએ... | ૧૩૩ |
| ૫ | ગિરનારના પાંચ મુખ્ય ચૈત્યવંદન | ૧૩૭ |
| ૬ | ગિરનાર તપઆરાધના | ૧૩૮ |
| ૭ | યાત્રા કરતા પહેલા આ ખાસ વાંચો | ૧૩૯ |
| ૮ | ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ? | ૧૪૧ |
| ૯ | અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના સાધુ-સાધ્વી ભગવંતો માટેના વિહાર માર્ગો | ૧૪૨ |
| ૧૦ | શ્રી ગિરનાર મહાતીર્થ ચોથા-પાંચમા આરાના જીર્ણોદ્ધારો | ૧૪૩ |
| ૧૧ | ગિરનાર સાહિત્ય, પુસ્તક, ગિરનારથી મોટી પંચતીર્થી, નાની પંચતીર્થી કિલોમીટર | ૧૪૬ |


## -: સંદર્ભ સૂચિ :-


૧. પ્રભાવક ચરિત્ર
૨. પ્રબંધ ચિંતામણી
૩. સમ્યક્ત્વ સપ્તતિકા
૪. રૈવતક ઉદ્ધાર પ્રબંધ
૫. પ્રબંધ કોશ
૬. ચતુર્વિંશતિ પ્રબંધ
૭. કુમારપાળ પ્રબંધ
૮. કુમારપાલ પ્રતિબોધ
૯. વસ્તુપાલ ચરિત
૧૦. રૈવતગિરિકલ્પ સંક્ષેપ
૧૧. રૈવતગિરિકલ્પ
૧૨. ઉજ્જયન્ત સ્તવ
૧૩. ઉજ્જયન્ત મહાતીર્થકલ્પ
૧૪. ગિરનારકલ્પ
૧૫. શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ
૧૬. તીર્થમાળા સંગ્રહ
૧૭. સુકૃતસાગર
૧૮. રૈવતગિરિ રાસુ
૧૯. રૈવતગિરિ સ્પર્શના
૨૦. શત્રુંજય માહાત્મ્ય
૨૧. ગૌરવગાથા ગિરનારની
૨૨. પંચકલ્યાણક યોગ
૨૩. શિલ્પ અને સ્થાપત્યમાં ગિરનાર
૨૪. નિર્ગ્રન્થ ભાગ ૧, ૨
૨૫. શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ
૨૬. ભવભાવના
૨૭. શ્રી નેમીશ્વર જિન પ્રાસાદ પ્રશસ્તિ
૨૮. ઉપદેશ સપ્તતિ
૨૯. ઉપદેશ તરંગિણી
૩૦. ઉજ્જયંતગિરિના જિનાલયો
૩૧. શત્રુંજય કલ્પવૃત્તિ
૩૨. આવશ્યક નિર્યુક્તિ
૩૩. પુરાતન પ્રબંધ સંગ્રહ
૩૪. જૈન પરંપરાનો ઈતિહાસ
૩૫. ઐતિહાસિક રાસસંગ્રહ
૩૬. તીર્થોદ્ધારક આચાર્ય
૩૭. શાસનસમ્રાટ
૩૮. ૨૦મી સદીની વિરલ વિભૂતિ

# કલ્યાણકભૂમિ ગિરનાર વિકાસની વાટે...

ચૌદ રાજલોકમાં લોકોત્તર એવા જિનશાસનમાં શત્રુંજય મહાતીર્થ અને ગિરનાર મહાતીર્થની ગણના ત્રણેય ભુવનમાં સર્વોત્કૃષ્ટ બે તીર્થ તરીકે કરવામાં આવે છે. જેમાં

- અનંતા અરિહંતોના અનંતા દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકોથી પાવન થયેલ કલ્યાણકભૂમિ છે આ ગિરનાર !
- અનંતો સિદ્ધોની સાધનાભૂમિ છે આ ગિરનાર !
- અતીતના ઓરડામાં અનેક ઈતિહાસને સંગૃહીત કરનાર ઐતિહાસિક ભૂમિ છે આ ગિરનાર !
- પૂજ્ય આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ, બપ્પભટ્ટસૂરિ, હેમચન્દ્રસૂરિ, આણંદસૂરિ, ભદ્રેશ્વરસૂરિ, જયતિલકસૂરિ, વજ્રસેનસૂરિ, માનદેવસૂરિ, જયાનંદસૂરિ આદિ પૂર્વાચાર્યોની પાવન પધરામણીથી પુનિત ભૂમિ છે આ ગિરનાર !
- રત્નાશ્રાવક, સંપ્રતિ મહારાજા, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ મહારાજા, સજ્જનમંત્રી, વસ્તુપાળ-તેજપાળ, પેથડશા - ઝાંઝણશા આદિ શ્રાવકો અને શ્રેષ્ઠિઓ દ્વારા તૈયાર થયેલા વિશ્વમાત્રના ગૌરવસમા શિલ્પ-સ્થાપત્યોની બેનમુન કલાકૃતિયુક્ત જિનાલયોની સર્જનભૂમિ છે આ ગિરનાર !

આજથી લગભગ આઠ વર્ષ પહેલા અનેકવિધ દિવ્યતાઓ અને ભવ્યતાઓથી વિભૂષિત આ ગરવા ગઢ ગિરનારના જિનાલયો ખંડેર પ્રાયઃ થવાની સ્થિતિમાં હતા... વિવિધ વિસંવાદના વાતાવરણ વચ્ચે આ તીર્થ અટવાયું હતું... તે અવસરે જેનું હૈયું આ વિકટ પરિસ્થિતિને જોઈ વ્યથિત હતું, જેના અંતરમાં આ તીર્થ માટે કંઈક કરી છૂટવાની ઝંખના હતી તેવા



જૂનાગઢના એક નવયુવાને અનેક મહાત્માઓ પાસે જઈ ગિરનારની આ કથની અને વ્યથાઓ વ્યક્ત કરી પરંતુ બધેથી નિરાશા સાંપડી...

તે અવસરે વિ.સં. ૨૦૬૫ના નવા વર્ષની નવલીપ્રભાતે આ યુવાન મુંબઈ-કાંદીવલીમાં ચાતુર્માસ બિરાજમાન જિનશાસનના સિંહ સમાન અમારા ભવોદધિતારક પૂજયપાદ ગુરૂદેવશ્રી પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય પાસે આવ્યો... જીર્ણપ્રાયઃ થઈ રહેલા ગિરનારના જિનાલયાદિની કથળતી પરિસ્થિતિનો સંપૂર્ણ ચિતાર પૂજયશ્રીના માનસપટ ઉપર ઉભો કરી આ તીર્થના ઉત્કર્ષ-વિકાસ માટે કંઈક કરવા માટે વિનવણી કરી...

જેના હૈયામાં જિનેશ્વર પરમાત્માની આજ્ઞા અવિતરતપણે ધબકતી હતી, જેના રોમરોમમાં પ્રભુના શાસનની દાઝ ભડભડતી હતી અને જેની રગરગમાં શાસનભક્તિનો રાગ વહેતો હતો તેવા પૂજ્ય ગુરૂદેવશ્રીએ તાત્કાલિક મને બોલાવીને આ કાર્ય સંભાળવાનો દોર મારા હાથમાં મૂક્યો... કાંદીવલીથી ઘાટકોપર જઈને પૂ. ગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ લીધા... આ કાર્યાર્થે શીઘ્ર વિહાર કરવાનો અવસર આવ્યો ત્યારે પૂ. ગુરૂદેવશ્રીએ વાત્સલ્યનો ધોધ વહાવી માથે હાથ ફેરવી ખોબા ભરી ભરીને આશીર્વાદ આપતા કહ્યું ''ખૂબ ફતેહ કરજે...''

બસ ! આ શબ્દો આજે પણ મારા કાનમાં રણકી રહ્યા છે... પૂજ્ય ગુરૂદેવશ્રી સાથેનું મારું અંતિમ પ્રત્યક્ષ મિલન ! અંતિમ પ્રત્યક્ષ આશિષ ! પૂજ્ય ગુરૂદેવશ્રી તરફથી મળેલીએ હેતભરી અંતિમ વિદાય નીરખનારા પણ ધન્ય બની ગયા... સૌના નયણાં ભીંજાયા... શિષ્ય દેવર્ષિવલ્લભવિજયજી સાથે ઉગ્ર વિહાર કરી ૧૮ દિવસમાં અમદાવાદ પહોંચ્યા... અમદાવાદથી મારા પૂજ્ય ગુરૂજી ધર્મરક્ષિત વિજયજી મહારાજ સાહેબ તથા શિષ્ય જ્ઞાનવલ્લભ વિજયજી સાથે જોડાયા. અમે અમદાવાદથી સિદ્ધગિરિની સ્પર્શના કરી ગિરનાર પહોંચ્યા... ગિરનાર ગિરિરાજના જિનાલયોની કથળતી પરિસ્થિતિ અને વિસંવાદિતતાની વિકટ પરિસ્થિતિ નિહાળી હૈયું ભરાયું... નેત્રો સજળ થયા...

ટૂંક સમયમાં જ નેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયિકા તેમજ ગિરનાર મહાતીર્થના અધિષ્ઠાયિકા અંબિકાદેવી તથા વર્ષોથી જેના હૈયામાં આ તીર્થના ઉત્કર્ષની ઝંખના હતી... જેઓ મહાતીર્થના અભ્યુદયકાળના સ્વપ્નદૃષ્ટા હતા... જેણે મારા સંયમજીવનની માત્ર દોઢ વર્ષની બાલ્યાવસ્થાથી ધાવમાતાની ભૂમિકા ભજવીને મારું લાલન-પાલન-ઘડતર કર્યું અને તેર-તેર વર્ષ સુધી સંસ્કારોનું સિંચન કરી સંયમજીવનની ચુસ્ત તાલિમ આપી મહા ઉપકાર કર્યો એવા દિવ્યલોકમાં વિચરતાં તપસ્વી સમ્રાટ પ.પૂ. આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજાને અંતરના આર્તનાદ સાથે આ કાર્યમાં સહાય કરવા કરગરીને આજીજી કરી... આ જિનાલયોના જિર્ણોદ્ધાર અને તીર્થોત્કર્ષના સંકલ્પ સાથે અઠ્ઠમતપની આરાધના કરી... અનુકૂળ સંકેતો મળ્યા...

ટૂંક સમયમાં ધીરે ધીરે બાહ્યાભ્યંતર પ્રતિકૂળતાઓના પવનનો પ્રવાહ પલટાવા લાગ્યો... શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના વહીવટકર્તા શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અમદાવાદના ટ્રસ્ટીગણ તરફથી આ ગિરનારના જિનાલયોના જીર્ણોદ્ધારમાં માર્ગદર્શન આપી આ કાર્યમાં સહાય કરવા માટેની માંગણી સાથે વિનંતી આવી... તેનો સહર્ષ સ્વીકાર કરતાં વિ.સં. ૨૦૬૫, વૈશાખ સુદ ૫ના શુભદિને જ્ઞાનવાવના જિનાલય તરીકે ઓળખાતા દેરાસરથી જીર્ણોદ્ધારનો શુભારંભ થયો... જેના હૈયામાં ગિરનાર પ્રત્યે વિશેષ ભક્તિ હતી તેવા ગોરેગાંવ - મુંબઈના યુવાન હિતેષભાઈ (બચુભાઈ)ને આ કાર્યમાં મારી સહાય માટે બોલાવ્યા...

તીર્થોત્કર્ષના મુખ્ય આશયને લક્ષમાં રાખી ગિરનારની ગોદમાં સામૂહિક શાશ્વતી ઓળીઓ, સામૂહિક ચાતુર્માસ, સામૂહિક ૯૯ યાત્રાઓ, છ'રી પાલિત સંઘો, શિબિર, વર્ષીતપના સામૂહિક પારણા, નવકારમંત્રના સામૂહિક જાપ વગેરે અનુષ્ઠાનોના માધ્યમથી સૌને ગિરનાર સાથે જોડવાના પ્રયાસોનો પ્રારંભ થયો... અનુષ્ઠાનો દરમ્યાન મારા પૂજ્ય ગુરૂજીએ ગિરનારના મહિમાની વાતો લોકોને કહેવાનો પ્રારંભ કર્યો...

ચતુર્વિધ સંઘને ગિરનારના માહાત્મ્યથી માહિતગાર કરવા પૂજ્યોની કૃપાથી વિવિધ ગ્રંથાધારે ''સૌ ચાલો ગિરનાર જઈએ...'' પુસ્તકનું લેખન થયું... ગુજરાતી, હીન્દી, મરાઠી, ઈંગ્લીશ એમ ચાર ભાષામાં છપાયેલ આ પુસ્તકનું ચોતરફ પ્રસારણ થવા લાગ્યું... આ પુસ્તક વાંચનારના હૈયામાં એકવાર તો ગિરનારની યાત્રા કરી વહેલામાં વહેલા વિશ્વમાત્રના

સૌથી પ્રાચીન એવા નેમિનાથદાદાને ભેટવાની તાલાવેલી જાગવા લાગી... સૌ અવસર પ્રાપ્ત થતાં જ જ્યારે ગિરનારની યાત્રા કરી નેમિનાથ દાદાના દર્શન કરતાં ત્યારે યાત્રાના થાક સાથે સાથે ભવભ્રમણના શ્રમનો થાક પણ ઉતરતો હોવાની અનુભૂતિ થવા લાગી... સૌના હૈયામાં લોહચુંબકની માફક ગિરનાર અને નેમિનાથ પ્રત્યે આકર્ષણ થવા લાગ્યું...

પ.પૂ.આ. હિમાંશુસૂરિ તથા અંબિકાદેવીની દિવ્યસહાયથી ચતુર્વિધ સંઘમાં ગિરનાર પ્રત્યે જાગૃતિ આવવા લાગી... એક તરફ ધીમે ધીમે જીર્ણોદ્ધારના કાર્યમાં પ્રગતિ થવા માંડી બીજી તરફ સૌ સાધુ-સાધ્વીજી ભગવંતો વ્યાખ્યાનાદિમાં ઠેર ઠેર ગિરનારના મહિમાની વાતો વહેતી કરવા લાગ્યા...

સમકિત ગ્રુપ, સંજયભાઈ બાઉ - કેતનભાઈ દેઢીયા, સુરેશભાઈ જૈન આદિ અનેક વક્તાઓ, પંડિતવર્યો અને વિધિકારો દ્વારા અનેક સંઘોમાં ગિરનારની ભાવયાત્રાઓ કરાવવાનો પ્રારંભ થયો...

સમકિતગ્રુપ, વર્ધમાન સંસ્કારધામ, પાર્શ્વભક્તિ પરિવાર, એલર્ટ યંગ ગ્રુપ, જૈનમ્ ગ્રુપ વગેરે અનેક ગ્રુપો દ્વારા પોસ્ટર, સીડી, પુસ્તકાદિ સાહિત્ય આદિ માધ્યમોથી ગિરનારના પ્રચાર-પ્રસારણનો પ્રારંભ થયો...

નેમિપ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકદિન નિમિત્તે દર અમાસે અથવા અન્ય કોઈ પણ અવસરે વિવિધ સંઘના મહિલા મંડળોમાં ''ગિરનારની ૯૯ પ્રકારી પૂજા'' ભણાવવાનો પ્રારંભ થયો... આજે લગભગ નવ-નવ જિનાલયોના જિર્ણોદ્ધાર પૂર્ણતાના આરે પહોંચ્યા...

ચતુર્વિધ સંઘમાં ગિરનાર પ્રત્યે પ્રીતિ અને ભક્તિના ભાવોની વૃદ્ધિ થાય તે માટે અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકાઓ તરફથી ગિરનારની ભાવયાત્રાનું એક વ્યવસ્થિત પુસ્તક તૈયાર કરવા માટેની માંગણીઓ અને ભલામણો છેલ્લા છ-સાત વર્ષથી સતત ચાલુ હતી... સંજોગવશાત્ તે પુસ્તક લેખનનું કાર્ય શક્ય બનતું ન હતું તેવામાં આ ચાતુર્માસ પૂર્વે મુંબઈ-પાર્લાના સ્વ. બિન્દુબેન રમેશભાઈ શાહ પરિવારને ગિરનારનો છ'રી પાલિત સંઘ કઢાવવાના ભાવ જાગ્યા... સાધિક ૧૨૦૦ યાત્રિકો સાથે વંથલીથી ગિરનારના સંઘની 'જય' બોલવવામાં આવી... તે અવસરે તેમના સુપુત્ર કુમારભાઈએ આ સંઘ નિમિત્તે ગિરનાર અંગેનું એક વિશિષ્ટ પુસ્તક તૈયાર થાય તેવી તીવ્ર ભાવના વ્યક્ત કરીને વિનંતી કરી...

બસ ! તે ધન્ય પળે ગિરનારના ભવ્ય જિનાલયો અંગેની ભાવયાત્રા સંબંધી પુસ્તક તૈયાર કરવાનું બીજારોપણ થયું... પૂજ્યોની અસીમકૃપાથી તીર્થની અનેકવિધ જવાબદારીઓ અંતર્ગત સમય કાઢી લગભગ છેલ્લા ૩ માસના પ્રયત્નો બાદ આ લેખનનું કાર્ય સંપન્ન થયું...

ભારતભરના વિવિધ ધર્મ-સંપ્રદાયમાં સૌ-સૌના ધર્મગ્રંથોમાં ગિરનાર મહાતીર્થના ગુણગાન અનેક પ્રકારે ગાવામાં આવ્યા છે... આજે હિન્દુ સમાજમાં શિવપંથ, દત્તભક્ત, અંબાભક્ત, શ્રીરામપંથ, વૈષ્ણવ પંથ, હનુમાનભક્ત, નાથ સંપ્રદાય વગેરે તથા જૈનોમાં દિગંબર અને શ્વેતામ્બર સંપ્રદાયના અનેક ભક્તજનોની આસ્થાનું પ્રતિક છે આ ગઢ ગિરનાર !

પૂર્વકાળથી કેટલાક સ્થાનોના હક્ક અને કબ્જાના વાદ-વિવાદોના વાયુવંટોળના ધસમસતા વાવાઝોડા વચ્ચે ઝીંક લેતો ગઢ ગિરનાર આજે પણ અડોલ ઉભો રહી લાખો શ્રદ્ધાવંત ભક્તજનોની શાંતિ અને સમાધિનું ધામ બનેલ છે.

જિનશાસનના આગમિક ગ્રંથો, પૂર્વાચાર્યાદિ દ્વારા રચાયેલ મધ્યકાલીન કલ્પો, પ્રબંધો, રાસ, સ્તોત્ર, ચૈત્યપાટિ, કાવ્ય અને પુસ્તકાદિનું આલંબન લઈ આ પુસ્તક લેખન થયેલ છે. જેમાં ગિરનાર મહાતીર્થના ભવ્ય જિનાલયોની ભવ્યતા અને દિવ્યતા, અતીતકાલીન ઐતિહાસિકતા અને વર્તમાનકાલીન વાસ્તવિકતાનો સમન્વય કરીને અનેક મુદ્દાઓને સમતોલ રાખી વાસ્તવિકતાની સમીપ રહીને આ પુસ્તક લખવાનો પ્રયાસ કરેલ છે.

ગિરનારના ભૂતકાળના ભવ્ય ઈતિહાસની આછી ઝલકના દર્શન વિવિધ ગ્રંથાદિમાં થાય છે... પૂર્વે વિશિષ્ટ શિલ્પ-સ્થાપત્યો અને બેનમૂન કલાકારીગરીયુક્ત જિનાલયોના નિર્માણ થવા પામ્યા હશે, પરંતુ અનેક બાહ્યાભ્યંતર પરિબળોના કારણે આ તીર્થમાં પણ સમયે સમયે ફેરફારો થતા આવ્યા છે...

મોગલ સામ્રાજ્ય અવસરે મુસલમાનો તથા વિધર્મીઓના આક્રમણો દરમ્યાન જાજરમાન જિનાલયોના કેટલાક અજોડ સ્થાપત્યોનો ધ્વંસ થયો હોય તથા કાળક્રમે અન્ય કોઈ આફતોના કારણે પૂર્વકાળના ઈતિહાસના સુવર્ણ પાને કંડારાયેલા કેટલાક

જિનાલયો આજે અસ્તિત્વમાં જ ન હોવાથી દૃષ્ટિગોચર થતાં નથી... તો કેટલાક જિનાલયોમાં પૂર્વના જિનાલયોના કેટલાક અવશેષો જ દશ્યમાન થાય છે. કેટલીક બાબતોમાં વિવિધ ગ્રંથોમાં મતાંતર પણ જોવા મળે છે.

આ હકીકતોને લક્ષમાં રાખી વર્તમાનમાં દશ્યમાન આ જાજરમાન જિનાલયો સાથે પૂર્વકાલીન જિનાલયાદિની માહિતીનો સમન્વય કરીને આ જિનાલયના નિર્માતાઓ, નિર્માણકાળ, થયેલા ફેરફાર વગેરે માહિતીઓ રજૂ કરી સૌના હૈયામાં ગિરનાર પ્રત્યે વિશેષ ભાવો પ્રગટ થાય તેવો પ્રયત્ન કરેલ છે, કદાચ કોઈ સ્થાને લખાણમાં લંબાણ જણાય તો તે તે સ્થાને તે પદાર્થોને ન્યાય આપવો તે અનિવાર્ય હોવાથી ટૂંકાવવાની મારી અસમર્થતાને વાચકગણ ક્ષમ્ય ગણે તેવી વિનંતી...

પ્રાન્તે આ પુસ્તક લેખન દરમ્યાન અવિરત દિવ્યકૃપા વરસાવતા પૂજ્યપાદ આ. હિમાંશુસૂરિ, ભવોદધિતારક ગુરૂદેવશ્રી, શાસનદેવી અંબિકા મા, તથા અનેક ગ્રંથાદિના લેખક, રચનાકાર, પ્રકાશકો, ગ્રંથોને મારા સુધી પહોંચાડવામાં સહાયક બનેલા પુણ્યશાળીઓથી લઈને આ પુસ્તકની મેટરોમાં સુધારાવધારા કરવામાં, પ્રુફ રીડીંગ કરવામાં, મુદ્રણ કરવામાં, છપાયા બાદ પ્રચાર - પ્રસારમાં સહાયક બનેલા તથા બનનારા એવા પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે ઉપયોગી બનેલા સર્વ ગિરનારપ્રેમી આત્માઓનો અત્યંત ઋણી છું.

આ પુસ્તક લેખનમાં જે કોઈ ખૂબીઓ દશ્યમાન થાય તે માત્ર ને માત્ર પરમાત્માનો અચિન્ત્ય પ્રભાવ, દિવંગત પૂજ્યોની દિવ્યદૃષ્ટિ, પ્રવર્તમાન પૂજ્યોના પ્રસાદ, આપ સૌના સદ્ભાવ અને સ્નેહને આધીન છે, આભારી છે, જ્યારે જે કોઈ ખામીઓ દેખાય છે તે માત્રને માત્ર મારી મતિમંદતાને વશ છે. તેથી સજ્જન પુરુષો તેમાં રહેલી ક્ષતિઓ તરફ અંગુલી દર્શન કરશે તો તે ભૂલોને સુધારવાનો અવકાશ રહેશે.

કલ્યાણકભૂમિની આ ભાવસ્પર્શના સૌને માટે આત્મકલ્યાણકારી બનીને, સૌ આ જ ગિરનાર સાથે પ્રીતિ-ભક્તિના સંબંધથી જોડાઈને, આવતી ચોવીસીમાં કોઈ તીર્થંકરપ્રભુના સાન્નિધ્યમાં મુક્તિપદને પામે એ જ અભ્યર્થના.

**पांडित्यं विद्यतेनात्र, न लालित्यं न कल्पनाः ।**
**केवलं शब्दपुष्पाणां, ग्रंथनं भक्तितः कृतम् ॥**

મારામાં કોઈ પંડિતાઈ નથી, ભાષામાં કોઈ લાલિત્યની શક્તિ નથી, કોઈ વિશિષ્ટ કલ્પના કરવાની મતિ નથી. પરંતુ, તીર્થભક્તિથી શબ્દોરૂપી પુષ્પોનું ગુંથન કરવા માત્રની બાલચેષ્ટા કરેલ છે.

ગિરનાર પ્રત્યેની ભક્તિને વશ ભાવાવેશમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો મન-વચન-કાયાથી અંતઃકરણપૂર્વક ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું.

વિ.સં. ૨૦૭૨,
ભાદરવા વદ અમાસ,
(શ્રી નેમિનાથ કેવળજ્ઞાન કલ્યાણક દિન)
ગિરનાર તળેટી



લિ. ભવોદધિતારક
ગુરૂપાદપદ્મરેણુ
હેમવલ્લભવિજય



# ગિરનાર મહાતીર્થના અભ્યુદયકાળના આરંભની આછી ઝલક...

૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



મેરકવસીનું જિનાલય



સંગ્રામસોનીનું જિનાલય



કુમારપાળ મહારાજાનું જિનાલય



# ગિરનાર મહાતીર્થના અભ્યુદયકાળના આરંભની આછી ઝલક...

૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



શ્રી ચન્દ્રપ્રભ જિનાલય



માનસંગ ભોજરાજનું જિનાલય




શ્રી વસ્તુપાલ જિનાલય



# ગિરનાર મહાતીર્થના અભ્યુદયકાળના આરંભની આછી ઝલક...

૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



ગુમાસ્તા જિનાલય



સંપ્રતિ મહારાજાનું જિનાલય



જ્ઞાનવાવનું જિનાલય



# ગિરનાર મહાતીર્થના અભ્યુદયકાળના આરંભની આછી ઝલક...

૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



ધરમશી હેમરાજનું જિનાલય



મલ્લવાળુ જિનાલય



ચૌમુખજીનું જિનાલય



# ગિરનાર મહાતીર્થના અભ્યુદયકાળના આરંભની આછી ઝલક...

૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...



૧૪ વર્ષ પહેલાં...




રહનેમિનું જિનાલય



શ્રી નેમિનાથ દીક્ષા કલ્યાણક ભૂમિ



શ્રી નેમિનાથ કેવલજ્ઞાન કલ્યાણક ભૂમિ



# ગિરનાર સંવેદના

## (ગિરનાર ભાવયાત્રા)

ટ્રીન ટ્રીન... ટ્રીન ટ્રીન... ટ્રીન ટ્રીન... રાજનગર (અમદાવાદ)ના સી.જી. રોડ ઉપરથી પસાર થઈ રહેલ એક નવયુવાન અવિનાશનો ફોન રણકે છે. બાઈક સાઈડ ઉપર લઈ ફોન રીસીવ કરે છે.)

**અજય** : હલ્લો ! કોણ ? અવિનાશ ! યાર ! આજકાલ ક્યાં છો ? ઘણા વખતથી આપણે મળ્યા નથી, ચાલો ! યાર ! આ વીક એન્ડમાં કાંઈ પ્રોગ્રામ બનાવીએ ?

**અવિનાશ** : હા ! યાર ! ચાલો અક્ષયને પણ ફોન કરી કૉન્ફરન્સમાં પૂછી જોઈએ ! ટ્રીન ટ્રીન.. ટ્રીન ટ્રીન...

અક્ષય ! ઘણા સમયથી આપણે બહાર ફરવા ગયા નથી તો આ વીક એન્ડમાં ક્યાંય ફરવા જવાનું વિચારી રહ્યા છીએ. અજય પણ કોન્ફરન્સમાં જ છે ! બોલો ! ક્યાં જશું ?

**અક્ષય** : આપણે આ મહેસાણા રોડ ઉપર આવેલા પેલા સેફરોની રીસોર્ટમાં જઈએ અને વીક એન્ડ એન્જોય કરીએ ! અરે ! પેલા ભવ્યને પણ કોન્ફરન્સ કોલમાં પૂછી લઈએ ! ટ્રીન ટ્રીન... ટ્રીન ટ્રીન... ટ્રીન ટ્રીન...

કોણ ! ભવ્ય ! કેમ છે દોસ્ત ? યાર ! આપણે ઘણા સમયથી સાથે ફરવા નથી ગયા તો અજય, અવિનાશ અને હું આ વીક એન્ડમાં અમદાવાદ - મહેસાણા હાઈવેના સેફરોની રીસોર્ટમાં જવાનો પ્લાન કરી રહ્યા છીએ. બોલ ! તારો શું આઈડીયા છે ?

**ભવ્ય** : યાર ! આ રવિવારે તો નહીં નીકળાય !

**અવિનાશ** : કેમ ? તારો કોઈ બીજો પ્રોગ્રામ છે ?

**ભવ્ય** : ના ભાઈ ના ! મારો કોઈ પ્રોગ્રામ નથી પણ અમારા ઉપાશ્રયમાં પપ્પાના ગુરૂમહારાજ આવ્યા છે.

**અક્ષય** : એમાં તારે શું છે ?

**ભવ્ય** : આ રવિવારે તેઓ ગિરનારની ભાવયાત્રા કરાવવાના છે તેનો લાભ મારા પપ્પાએ લીધો છે, તેથી મારા પપ્પાને ખાસ જણાવેલ છે કે આ ભાવયાત્રામાં ભવ્યને ખાસ લઈને આવજો એટલે પપ્પાનો આગ્રહ છે; બાકી મારી કોઈ ઈચ્છા નથી પરંતુ છૂટકો પણ નથી !

**અક્ષય** : હા યાર ! ઘણી વાર મારા મોમ-ડેડ પણ થોડો ધરમ કરવાનું કહેતા હોય છે ! હું તો સ્પષ્ટ જણાવી દઉં છું કે તમારે જે ધરમ-બરમ કરવો હોય તે કરો! અમને અમારી લાઈફ એન્જોય કરવા દો !

**અજય** : ક્વાઈટ રાઈટ ! આપણે ઘડપણમાં ધરમ-બરમ ને તીરથયાત્રા કરી લેશું ! અત્યારે શું છે ? લેટ અસ્ એન્જોય !

**અવિનાશ** : દોસ્તો ! એવું નથી, આપણા પેરન્ટ્સ કોને માટે કહે છે ? આપણા આત્મા માટે જ ને !

**ભવ્ય** : હા યાર ! મર્યા પછી ક્યાંક તો જનમવાનું જ છે તો ક્યાં જનમશું ? સદ્ગતિમાં જવા માટે ધરમ તો કરવો જ પડશે ને ! પરભવ માટે કોઈ સારા સ્થાનનું રીઝર્વેશન તો કરાવવું પડશે ને ! આ આંખ બંધ થયા પછી શું ?

**અવિનાશ** : પછી આ બંગલા-ગાડી-સ્વજન-સંબંધી-મોજશોખ કાંઈ આપણું રહેવાનું નથી ! એ સત્ય હકીકત છે !

**ભવ્ય** : અક્ષય ! અજય ! તમે બાળપણમાં પણ ગિરનાર ગયા છો ?

**અક્ષય-અજય-અવિનાશ** : ના યાર ! અમે પણ આજ સુધી ગિરનાર તો ગયા જ નથી !

**ભવ્ય** : તો દોસ્તો ! આમ પણ મારા પપ્પાએ લાભ લીધો છે તો ગિરનારની વાતો સાંભળવા તમે બધા પણ આવો!

**અવિનાશ :** ગુડ આઈડીયા ! ચાલો ! એકવાર ભાવથી પણ ગિરનારની યાત્રા કરી લઈએ ! કંટાળો આવશે તો નીકળી જશું ! બોલો દોસ્તો ! શું ખયાલ છે ?

**અક્ષય-અજય :** હા યાર ! આપણે એવો જ કાંઈ પ્રોગ્રામ બનાવીએ! આમ પણ આજકાલ જ્યાં જુઓ ત્યાં ગાડીઓ ઉપર ''સૌ ચાલો ગિરનાર જઈએ...''ના સ્ટીકરો તો જોવા મળે જ છે.

**અવિનાશ :** ભવ્ય ! રવિવારે આ પ્રોગ્રામ કેટલા વાગે છે ?

**ભવ્ય** : સવારે ૮.૩૦ કલાકથી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી છે, ત્યારબાદ સ્વામી વાત્સલ્યની પણ વ્યવસ્થા મારા પપ્પા તરફથી રાખેલ છે, બોલો ! શું વિચાર છે?

**અવિનાશ-અજય-અક્ષય :** ડન ! ફાઈનલ! ચાલો આ સન-ડે ગિરનારને નામ !

(રવિવારે સવારે ૮.૧૫ કલાકે ઉપાશ્રયના પ્રાંગણમાં માનવ મહેરામણ જામેલ છે, લોકો ઉપાશ્રયમાં યોગ્ય સ્થાન મેળવવા દોડાદોડ કરી રહ્યા છે... ભવ્યના પપ્પા સાથે ચારેય નવયુવાનો ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે... માનવમેદની જોઈને અવાચક્ બની જાય છે... ગુરૂમહારાજની નજર ભવ્યના પપ્પા ઉપર પડે છે... ''તમારે આ તરફ અવાશે'' મહારાજ સાહેબે તેમને બોલાવી પોતાની પાસે બેસવાનો ઈશારો કર્યો... સૌ ગિરનાર મહાતીર્થને આ માનસયાત્રા દ્વારા જાણવા અને માણવા આતુર બન્યા છે... સૌ ગિરનારની સંવેદનાનો સ્પર્શ ચાહે છે !)

**મહારાજ સાહેબ :** ભવ્ય ! તમે કોઈએ હજુસુધી ગિરનાર મહાતીર્થની યાત્રા નથી કરીને ! તો આ ભાવયાત્રા ખૂબ ધ્યાનથી અને ભાવથી સાંભળજો !



## : ગીત :

(રાગ : બેના રે સાસરીયે જાતા...)

ચાલો રે... સૌ ચાલો,
ચાલો રે... ગિરનાર જઈએ આતમ નિર્મલ થાય,
ભવોભવના પાપો દૂરે પલાય (૨)
જે કોઈ જાય ફેરા ટળી જાય, ભવોભવના પાપો દૂરે પલાય
પાપી અધમ અહીં જે કોઈ આવે, દુર્ગતિ દૂર હટાવે (૨)
ત્રસ-થાવર જે ગિરિને ફરશે, દુષ્કર્મોને ખપાવે (૨) ચાલો રે...
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતા નાવે પાર...ભવોભવ

**સ્તુતિ** : દેવાંગનાને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતાં;
જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતાં,
એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો... (૨)

ગત ચોવીસીમાં જે ભૂમિએ, સિદ્ધિવધૂ જિન દસ વર્યા,
ને આવતી ચોવીસી માંહે, સૌ જિનો શાસ્ત્રે કહ્યાં;
એ ગિરનારના ગુણ ઘણા પણ, અંશથી શબ્દે વણ્યા,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં... (૨)

- આ ગિરનાર પણ શત્રુંજય મહાતીર્થની માફક પ્રાયઃ શાશ્વતો છે ! પાંચમા આરાના અંતે જ્યારે શત્રુંજયગિરિની ઊંચાઈ ઘટીને સાત હાથ થશે ત્યારે આ ગિરનારગિરિની ઊંચાઈ તો ૪૦૦ હાથની રહેશે !
- આ ગિરનાર અર્થાત્ રૈવતગિરિ એ શત્રુંજયનું પાંચમું શિખર હોવાથી પાંચમું જ્ઞાન એટલે કે કેવળજ્ઞાન અપાવનારૂં છે !
- ગિરનાર એ અનંતા અરિહંતોની ભૂમિ છે !
- ગિરનાર ઉપર અનંતા તીર્થંકરો આવેલા છે અને મોક્ષપદને પામેલા છે !

  બીજા અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક પૂર્વની ચોવીસીમાં થયા છે, થાય છે અને ભવિષ્યમાં થવાના છે !
- આ ગિરનાર અવસર્પિણીના પહેલા આરામાં ૨૬ યોજન, બીજા આરામાં ૨૦ યોજન, ત્રીજા આરામાં ૧૬ યોજન, ચોથા આરામાં ૧૦ યોજન, પાંચમા આરામાં ૨ યોજન અને છટ્ઠા આરામાં ૧૦૦ ધનુષ અર્થાત્ ૪૦૦ હાથની ઊંચાઈનો રહે છે.
- સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ ગિરનારના આકારને હંમેશા પૂજે છે.
- આ ગિરનાર મહાતીર્થ પૃથ્વીના તિલક સમાન છે !
- આ ગિરનાર મહાતીર્થ મહાપુણ્યનો ઢગલો છે !
- ગિરનાર ઉપર આવનાર પાપી એવા પ્રાણીઓ પણ પુણ્યવાન્ બની જાય છે.
- જેમ પારસમણીના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે, તેમ ગિરનારના સ્પર્શમાત્રથી પ્રાણી ભાવિમાં શુદ્ધસ્વરૂપી બની જાય છે.
- આ ગિરનારની ભક્તિ કરનારને આ ભવમાં કે પરભવમાં દારિદ્રય આવતું નથી.
- આ મહાતીર્થની ભક્તિ દ્વારા મહાપાપ કરનારા અને મહાદુષ્ટ એવા કુષ્ટાદિ રોગવાળા જીવો પણ સર્વસુખને પામે છે.
- આ મહાતીર્થમાં નિવાસ કરતાં તિર્યંચો (જાનવરો) પણ આઠ ભવની અંદર સિદ્ધિપદને પામે છે.
- આ મહાતીર્થના દરેક જિનાલયોના શિખરોની ઉપર જલ, સ્થલ અને આકાશમાં ફરનારા જે જે જીવો હોય છે તે સર્વે ત્રણ ભવમાં મોક્ષે જાય છે.

- આ મહાતીર્થ ઉપર વૃક્ષો, પાષાણો, પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને અગ્નિકાયના જીવો છે તે અવ્યક્ત ચેતનાના હોવા છતાં આ તીર્થના પ્રભાવે કેટલાક કાળે મોક્ષે જનારા થાય છે.
- જગતમાં કોઈ પણ શાશ્વતી દિવ્ય ઔષધીઓ, સ્વર્ણાદિ સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી કે જે આ ગિરનારગિરિ ઉપર ન હોય !
- જ્યાં સુધી આ ગિરનારની યાત્રા નથી કરી ત્યાં સુધી જ જીવને સર્વપાપ, સર્વ દુઃખ અને સંસારનું ભ્રમણ રહે છે.
- આ તો આત્માનું કલ્યાણ કરનારી પ્રાયઃ શાશ્વત એવી કલ્યાણકભૂમિ છે !

ભૂતકાળમાં પ્રાયઃ કોઈ ચોવીસી એવી નહીં ગઈ હોય જ્યારે અહીં કોઈ પરમાત્માનું કલ્યાણક ન થયું હોય !

ભવિષ્યકાળમાં પણ પ્રાયઃ એવી કોઈ ચોવીસી નહીં રહે કે તેમાં કોઈ પરમાત્માનું કલ્યાણક નહીં થાય !

વર્તમાન ચોવીસીમાં પણ અહીં નેમિપ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ કલ્યાણક થયા છે અને

આવતી ચોવીસીમાં પણ ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્માના મોક્ષ તથા અંતિમ બે પ્રભુના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક પણ થવાના છે !

પરમાત્માના એક કલ્યાણક અવસરે ચૌદ રાજમાં અજવાળા અને નારકના જીવોને સુખશાતાનો અનુભવ થાય છે... દેવલોકમાં ઈન્દ્રમહારાજાના સિંહાસન પણ કંપાયમાન થાય છે... **તો મહાપ્રભાવક એવા કલ્યાણકની ઘટના જે પાવનભૂમિ ઉપર થઈ હોય તે ભૂમિની મહત્તાની તો શું વાત કરવી ? આ આત્મા ઉપર અનાદિકાળથી છવાયેલા મિથ્યાત્વના અંધકારો આ મહાપ્રભાવક ભૂમિઓના સ્પર્શન-દર્શન-વંદન-પૂજનાદિ કરવાથી દૂર થતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે... જીવને બોધિબીજની પ્રાપ્તિ થતાં તે શીઘ્રાતિશીઘ્ર આત્મવિકાસ સાધી શિવપદને પામે છે ! આપણે પણ આ પાવનભૂમિ ઉપર આજે પણ અકબંધ પડેલા પ્રભુના કલ્યાણક અવસરના અણુ-પરમાણુઓની અનુભૂતિનું આસ્વાદન કરીએ !**

ભવ્ય ! વસ્તુપાળ ચરિત્રમાં તો શત્રુંજય મહાતીર્થ અને ગિરનાર મહાતીર્થને વંદન કરવામાં સમાન ફળ કહેવામાં આવે છે !

આ ગિરિરાજ પણ અત્યંત પવિત્ર હોવાથી શક્ય હોય તો આ યાત્રા ખુલ્લા પગે કરવી...

આ તીર્થભૂમિની આશાતના ન થાય તે માટે મનને પવિત્ર રાખવા સાથે ટેપરેકોર્ડર, મોબાઈલ વગેરે ન રાખતાં આ પાવનભૂમિમાં વહેતા કુદરતના સંગીતની સૂરાવલીનું શ્રવણ કરવાનું છે...

માર્ગમાં મસ્તીમજાક ન કરતાં અનંત તીર્થંકર પરમાત્માની કલ્યાણકભૂમિની સ્પર્શનાના સ્પંદનોને માણતાં માણતાં પ્રભુના નામનો ''ૐ હ્રીँ અર્હં શ્રી નેમિનાથાય નમઃ'' અથવા ''નમો અરિહંતાણં'' પદના જાપ કરતાં કરતાં ઉપર ચડવાનું છે...

યાત્રા દરમ્યાન જીવદયાનું પાલન કરતાં કરતાં જયણાપૂર્વક નીચીદૃષ્ટિ રાખીને ચડવાનું છે...

યાત્રા દરમ્યાન અન્ય કોઈનું મન કલુષિત ન થાય અને સંસ્કૃતિની મર્યાદાનું પાલન થાય તેવા ઉચિત વસ્ત્રો પરિધાન કરીને યાત્રા કરવાની છે...

યાત્રા દરમ્યાન કોઈ સાથે ક્લેશ-કષાય ન થાય અને કઠોર વચનનું ઉચ્ચારણ ન થઈ જાય તે માટે મૌનપૂર્વક શાંતિથી યાત્રા કરવા પ્રયત્ન કરવો...

આ ગિરનારની યાત્રા દરમ્યાન જો કોઈ પચ્ચક્ખાણ કરો તેનો કરોડગણો લાભ થાય તેવું શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે, તેથી જો શક્તિ હોય તો ચોવિહાર

ઉપવાસ, તિવિહાર ઉપવાસ, આયંબિલ, એકાસણું, બેસણું, પુરિમુડ્ઢ, સાઢપોરિસિ, પોરિસિ, નવકારશી વગેરે પચ્ચક્ખાણ કરવું, જો શક્તિ અને સામર્થ્ય હોય અને સમાધિ ટકતી હોય તો આ પાવનભૂમિ ઉપર વાપરવાનો ત્યાગ કરવો...

ભવ્ય !

આજ સુધી તો તમે વિવિધ તીર્થોની દ્રવ્યયાત્રાઓ તો ઘણી કરી હશે પરંતુ આજે તો આપણે ગિરનાર મહાતીર્થની ભાવયાત્રા કરવાની છે !

ચાલો ! હવે આપણે સૌ આ ચર્મચક્ષુ (ચામડાની આંખો) બંધ કરી આંતરચક્ષુનો ઉઘાડ કરી ભાવોના આલંબને ગિરનાર મહાતીર્થની માનસયાત્રા કરી તેની સંવેદનાનું આસ્વાદન કરીએ !

આ જુઓ ! આપણે જૂનાગઢની ધરા પર આવેલ સૌરાષ્ટ્રના શણગાર એવા ગિરનાર મહાતીર્થની તળેટીમાં આવી ગયા !

વાદળથી વાતો કરતો આ ગરવો ગઢ ગિરનાર કેવો રમણીય લાગે છે.



**ગીત :** (રાગ : પૂજો ગિરિરાજને રે...)

વંદો ગિરનારને રે... પૂજો ગિરનારને રે...
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતા નાવે પાર...રે...વંદો...
અવસર્પિણીના છ આરે રે, વિધવિધ નામ ધરે... વંદો...

પહેલા આરામાં કૈલાસગિરિ, બીજા આરામાં ઉજ્જયંતગિરિ,
ત્રીજા આરામાં રૈવતગિરિ, ચોથા આરામાં સ્વર્ણગિરિ,
પાંચમા આરામાં ગિરનારગિરિ અને છટ્ઠા આરામાં નંદભદ્રગિરિ
નામે ઓળખાય છે આ ગિરનાર !...




ગરવા ગઢ ગિરનારની ગોદમાં ગિરનાર તરફ જતાં આ જમણી બાજુમાં આવેલા શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના સંકુલમાં જુઓ યુગાદિદેવ શ્રી ઋષભદેવ (આદિનાથ) ભગવાનનું જિનાલય આવેલ છે.

આ જિનાલયના ગભારામાં મૂળનાયક આદિનાથ ભગવાનની ૨૩ ઈંચની પ્રતિમા સહિત આજુ બાજુ શ્વેતવર્ણના શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે, રંગમંડપમાં ગોખલામાં શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે, કોળીમંડપમાં ગોખલામાં આદિનાથ ભગવાનના શાસનના અધિષ્ઠાયકદેવ ગોમુખયક્ષની જેસલમેરના પીળા પાષાણની તથા નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીની શ્વેતવર્ણની પ્રતિમા સામસામે બિરાજમાન છે.

ચાલો ! આ જિનાલયના દર્શન કરી આપણે ગિરનાર મહાતીર્થયાત્રાનું પહેલું ચૈત્યવંદન કરીએ...

## સ્તુતિ

અવસર્પિણીમાં સૌ પ્રથમ, અરિહંતપદે જે શોભતાં,
તીર્થતણી રચના કરી, યુગલાધર્મ નિવારતાં;
અજ્ઞાનીના તિમિર ટાળી, જ્ઞાનજ્યોત જલાવતાં,
એ આદિનાથને વંદતા, પાપો બધા દૂરે જતાં... (૨)

## ચૈત્યવંદન

આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય,
નાભિરાયા કુલમંડણો, મરુદેવા માય (૧)

પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ,
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ (૨)

વૃષભલંછન જિન વૃષધરુએ, ઉત્તમ ગુણમણિખાણ,
તસ પદપદ્મસેવન થકી, લહીએ અવિચલ ઠાણ(૩)

## સ્તવન

માતા મરુદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ,
મારું મન લોભાણુંજી, મારું દિલ લોભાણુંજી      માતા...(૧)

કરૂણા નાગર કરુણા સાગર, કાયાકંચનવાન,
ધોરી લાંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસે માન      માતા...(૨)

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર,
યોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર...      માતા...(૩)

ઉર્વશી રુડી અપચ્છરાને, રામા છે મનરંગ,
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ...      માતા...(૪)

તું હી બ્રહ્મા, તું હી વિધાતા, તું જગતારણહાર,
તુજ સરિખો નહિ દેવ જગતમાં, અરવડીયા આધાર... માતા...(૫)

તું હી ભ્રાતા, તું હી ત્રાતા, તું હી જગતનો દેવ,
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ...      માતા...(૬)

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ,
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવભયફંદ...   માતા...(૭)

## થોય

શત્રુંજય મંડણ ઋષભ જિણંદ દયાલ,
મરુદેવા નંદન વંદન કરું ત્રણ કાલ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર,
આદીશ્વર આવ્યા જાણી લાભ અપાર.

આ જિનાલયની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૧૪માં વૈશાખ વદ છટ્ઠના ગુરૂવારના શુભદિને થયેલ છે.

આ જિનાલયની બહાર નીકળતા જમણી તરફ વળતાં જ વિ.સં. ૨૦૫૮ના આ જ સંકુલમાં અનેક વર્ષોના ઈતિહાસમાં સૌ પ્રથમ સામૂહિક ચાતુર્માસની આરાધના કરાવનાર સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધારક, તપસ્વી સમ્રાટ પ.પૂ. આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાના પ્રભાવે આજે શત્રુંજય મહાતીર્થની 'જય તળેટી' સદશ એક વિશાળ નૂતન **''જય તળેટી''**નું નિર્માણ થઈ ચૂક્યું છે, જેમાં ગિરનારની પહેલી ટૂંકના જિનાલયોમાં મૂળનાયક તરીકે બિરાજમાન વિવિધ પ્રભુજીમાંથી પાંચ પ્રભુજીના વર્ણ અનુસારના વર્ણના પાષાણમાંથી બનેલ ચરણ-પાદુકાયુક્ત પાંચ જુદી જુદી દેરીઓનું નિર્માણ થયેલ છે.

મુખ્ય દેરીમાં નેમિનાથ પરમાત્મા તથા અન્ય દેરીઓમાં પાર્શ્વનાથ ભગવાન, સંભવનાથ ભગવાન, અભિનંદન સ્વામી તથા ચન્દ્રપ્રભ સ્વામીની સ્વસ્વ વર્ણની ચરણપાદુકા બિરાજમાન કરવામાં આવેલ છે.

આ દેરીઓની આગળના ભાગમાં આ જાુઓ ! કેવી સુંદર ગિરિશિલાની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

ચાલો ! આપણે આ **''જય તળેટી''** સન્મુખ ઉભા રહી આ યાત્રાનું બીજું ચૈત્યવંદન કરીએ...

## સ્તુતિ

જે પ્રભુતણા સંસ્મરણથી, સંતાપ સવિ મનના ટળે,
જે પ્રભુ તણા દર્શન થકી, દુઃખ દુરિત દર્દ દૂરે ટળે;
જે પ્રભુ તણા વંદન થકી, વિરમે વિષયને વાસના,
ગિરનાર મંડણ નેમિજિનને, ભાવથી કરું વંદના...

## ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય      (૧)

દસ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખલંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર      (૨)

શૌરીપુરીનયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન,
જિનઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠામ      (૩)

દીક્ષા-કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતા, જનમ સફળ થયો જાણ.



## સ્તવન

(રાગ : સિદ્ધાચલનો વાસી... વિમલાચલનો વાસી)

રૈવતગિરિનો ડુંગર વ્હાલો લાગે મોરા રાજિંદા,
ઉજ્જયંતગિરિનો ડુંગર વ્હાલો લાગે મોરા રાજિંદા... ॥૧॥

ઈણ રે ડુંગરીયે જિન અનંતા સિધ્યા, (૨)
વ્રત-કેવળ-વળી પાયા મોરા રાજિંદા... ॥૨॥

ગત ચોવીસી સાગરજિન કાળે, (૨)
પડિમા ઈન્દ્ર ભરાવે મોરા રાજિંદા... ॥૩॥

શ્યામલવર્ણ નેમિવર સોહે, (૨)
મુખડું દેખી મન મોહે મોરા રાજિંદા... ॥૪॥

પહેલી ટૂંકે ચઉદ ચૈત્ય સોહે, (૨)
દરિસણ નિરમલ હોવે મોરા રાજિંદા... ॥૫॥


સહસાવને નેમિ દિક્ખા નાણ હોવે, (૨)
ગઢ પંચમ મુક્તિ પાવે મોરા રાજિંદા... ॥૬॥


ઈણ આલંબન કૃષ્ણ જિનપદ પામે, (૨)
થાશે અમમજિન નામે મોરા રાજિંદા... ॥૭॥

હેમવલ્લભ વદે ગિરિ નીત ધ્યાવો, (૨)
ભવ ચોથે શિવપાવો મોરા રાજિંદા... ॥૮॥

## થોય

શ્રી નેમિજિન પ્રણમી, સવિ દુઃખ ટાળું,
સવિજિન વંદી, અઘ સંચિત ગાળું;
જિનઆગમથી, જગમાંહે અજવાળું,
દેવી અંબાઈ, કરે રખવાળું.





આ જયતળેટીના રંગમંડપમાં જુઓ! ગિરનાર મંડન નેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયકદેવ ગોમેધયક્ષ તથા અધિષ્ઠાયિકા અંબિકાદેવીની પ્રતિમાજી પણ આ દેરીમાં બિરાજમાન કરેલ છે તેને પ્રણામ !

આ બાજુની દેરીમાં ખરતરગચ્છીય આચાર્ય જિનદત્તસૂરિજી આદિ તથા સંવેગી મુનિશ્રી પૂ. પ્રેમચંદજી મહારાજની ચરણપાદુકા બિરાજમાન કરેલ છે તેને ‘‘મત્થએણ વંદામિ’’



ચાલો ! હવે આ સંકુલની બહાર નીકળતાં ''જય જય શ્રી નેમિનાથ'' ''જય જય શ્રી નેમિનાથ''ના જયઘોષ સાથે આપણે ગિરનાર મહાતીર્થના આ પ્રવેશ દ્વારમાં પગરવ માંડીએ...

જે પાવનતમ ભૂમિ ઉપરથી બાલબ્રહ્મચારી શ્રી નેમિપ્રભુ સહિત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થવા પામ્યા છે, તે ગિરિવરના એક એક પગલાં ચઢતાં કહેવાય છે કે...

**દુહો** : એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
હેમ વદે ભવો ભવ તણાં, પાતિક થાએ છેહ.

ચાલો ! આપણે પણ આ અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણકોના સંસ્મરણરૂપે ''નમો અરિહંતાણં'' પદના જાપ સાથે ગિરિવર આરોહણ કરીએ...

મુખ્યદ્વારમાં પ્રવેશ કરી લગભગ ૧૫-૨૦ ડગલાં ચાલી જમણી બાજુ આ પોલીસચોકી પૂર્ણ થતાં જુઓ ! આ પગથિયા શરૂ થયા... એક એક પગથિયે

''નમો અરિહંતાણં'' ''નમો અરિહંતાણં'' ''નમો અરિહંતાણં'' ''નમો અરિહંતાણં'' ''નમો અરિહંતાણં''



અરે ! પાંચ પગથિયા પૂર્ણ થતાં જમણી બાજુ આ જુઓ શ્વેતવર્ણના આરસના પાષાણની આ દેરીમાં પ્રભુની ચરણપાદુકા બિરાજમાન છે. હા ! આ જુઓ ! નેમિનાથ ભગવાનની પીળાવર્ણના પાષાણમાંથી નિર્મિત ચરણપાદુકા ! અને આ સામે જુઓ ! શ્વેત વર્ણના આરસમાંથી બનાવેલ અષ્ટપ્રાતિહાર્યયુક્ત નેમિનાથ પરમાત્માનો પટ્ટ !

નમો જિણાણં !

ચાલો ! બે હાથ જોડી મસ્તક ઝુકાવી નમન કરી સ્તુતિ કરી નાનું ચૈત્યવંદન કરીએ...

## સ્તુતિ

રૈવતગિરિના શિખર પર, પ્રભુ મુકુટ મણી સમ ઓપતા,
મનોહારિણી મુદ્રાથી ભવિમાં, બોધિના બીજ રોપતાં;
હૈયું છે હર્ષ વિભોર આજે, હવે ન રહી કોઈ ઝંખના,
ગિરનારમંડણ નેમિજિનને, ભાવથી કરું વંદના..

ત્રણ ખમાસમણા આપીને અરિહંત ચેઈઆણં સૂત્ર બોલી એક નવકારનો કાઉસ્સગ્ગ કરીને...



### થોય

ગિરનારે ગીરૂઓ, વહાલો નેમિ જિણંદ,
અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આનંદ;
સિદ્ધાંતની રચના, ગણધર કરે અનેક,
દીવાળી દિવસે, દ્યો અંબા વિવેક.

પ્રભુજીની ચરણપાદુકાના આ પબાસણમાં નીચે સન્મુખ મુખવાળા તીર્થાધિષ્ઠાયિકા આ અંબિકા દેવી છે ! તેને આપણે બે હાથ જોડી પ્રણામ કરી પ્રાર્થના કરીએ કે...

''હે મા ! અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણકોથી પાવનતમ બનેલ આ તીર્થભૂમિના સ્પંદન થકી અમારું આ સ્પર્શન-દર્શન-વંદન-પૂજન આત્મોત્થાનકારી નીવડો ! અને અમારી આ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરવામાં અમારી સાથે રહેજો ! અમને સહાય કરજો !''

આ દેરીનો છેલ્લો જીર્ણોદ્ધાર અચલગચ્છીય પ.પૂ. આચાર્ય ગુણોદયસાગરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી બા.બ્ર.સા. જ્યોતિપ્રભાશ્રીજી દ્વારા કરાવીને વિ.સં. ૨૦૫૫ના મહા સુદ ૧૧, તા. ૨૩-૧-૧૯૯૯, બુધવારના શુભ દિને પ્રતિષ્ઠા થઈ હતી.

ભવ્ય !

આ તીર્થના અધિષ્ઠાયિકા અને નેમિનાથ પ્રભુના શાસનના અધિષ્ઠાયિકા તરીકે અંબિકા મા તથા અધિષ્ઠાયકદેવ તરીકે ગોમેધ યક્ષ આ પદને કેવી રીતે પામ્યા તેનો ઈતિહાસ પણ જાણવા જેવો છે તે સાંભળો !

## શ્રી નેમિનાથ પરમાત્માના શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીની ઉત્પત્તિ

સોરઠ દેશના આભરણ સ્વરૂપ રૈવતાચલ પર્વતની દક્ષિણ દિશામાં દાક્ષિણ્યતા અને ન્યાયથી રક્ષિત થયેલું અને સમૃદ્ધિ વડે કુબેર ભંડારી જેવા માનવોથી ભરપૂર એવું કુબેર નામનું એક ઉત્તમ નગર હતું. જ્યાં આશ્ચર્યના અવલોકનથી નગરજનોના નેત્રરૂપી કમળો જેમાં વિકસીત થયેલાં હોય એવા કમળવનો હતાં, જ્યાં શત્રુઓની શ્રેણીનો નાશ કરનારો ઊંચો કિલ્લો હતો, વળી જ્યાં પાપનો પ્રલય કરનારા મંદિરો હતાં, વળી પ્રત્યેક ચૈત્યમાં અરિહંત પરમાત્માની આશ્ચર્યદાયક પ્રતિમાની ભક્તિના પુણ્ય પ્રભાવે નગરજનો લક્ષ્મી સંબંધી સુખને યુક્તિથી પ્રાપ્ત કરી રહ્યા હતા. ઈન્દ્ર સમાન યશનામકર્મના ઉદયના ગુણવાળો, શત્રુરૂપી ગજેન્દ્રને વિદારવામાં વનકેસરી, પ્રયત્ન વગર મનોવાંછિત દાન કર્તા, યાદવવંશના રત્નરૂપ કૃષ્ણ નામનો રાજા રાજ્ય કરતો હતો.

**''આ જગતમાં રત્નત્રયીનો આધાર ધર્મ જ છે.''** એમ જણાવવાના ચિહ્ન રૂપે ત્રણ સુતરના દોરાથી સુશોભિત અંગવાળો, મુનિ ભગવંતોની વાણીના અમૃતરસથી સિંચાયેલ બોધિવૃક્ષવાળો, અદ્‌ભુત મનોહર વિદ્યાને ધારણ કરતો દેવભટ્ટ નામનો બ્રાહ્મણ હતો. તેની દેવલ નામની ધર્મપત્ની હતી, જેનાથી તેને સોમભટ્ટ નામના પુત્રની પ્રાપ્તિ થઈ હતી. શૈશવ, કુમાર અવસ્થાઓ વટાવી સોમભટ્ટે યૌવનના ઉંબરે ડગ ભર્યા ત્યારે શીલાદિ અનેક ગુણ સમુહથી અલંકૃત એવી સાક્ષાત્ લક્ષ્મી સમાન અંબિકા નામની કન્યા સાથે તેના લગ્ન થયા. કાળક્રમે દેવભટ્ટ બ્રાહ્મણ મરણ પામતા તેના આત્માની સાથે સાથે મિથ્યાત્વથી કલુષિત એવા તેના ગૃહમાંથી જૈન ધર્મ પણ દૂર થયો અને તેઓ નિરંતર શ્રાદ્ધના દિવસોમાં કાગડાને પીંડ આપવો, નિત્ય પીપળાની પૂજા કરવી વગેરે પ્રવૃત્તિ કરવા લાગ્યા. અંબિકા તો તેઓની સાથે રહેતી હોવા છતાં ભદ્રક પરિણામી હોવાથી જૈન ધર્મમાં દ્રઢ હતી.

એક વાર દેવભટ્ટ બ્રાહ્મણના શ્રાદ્ધનો દિવસ હતો તેથી ખીર વગેરે વિવિધ ભોજન રસોઈ ઘરમાં તૈયાર થયા હતા, તે અવસરે મધ્યાહ્નકાળમાં શમ અને સંવેગની સાક્ષાત્ મૂર્તિ સમાન મુનિયુગલ ભિક્ષાર્થે તેના ઘરે પધારે છે. તપ અને ક્ષમાથી જાણે સૂર્ય, ચંદ્ર જેવા ન હોય ! એવા મુનિયુગલને નિહાળી હર્ષ વિભોર બનેલી પ્રકૃષ્ટ ભક્તિભાવના કારણે રોમાંચિત થયેલા દેહવાળી અંબિકા વિચાર કરે છે, ''અહો ! આજે આ પર્વના દિવસે સકલ વિશ્વને પાવનકારી બનાવવા માટે સમર્થ એવા મુનિ ભગવંતોના મારા ઘર આંગણે પગલાં થતાં મારા પુણ્યનો પ્રકર્ષ થયો, મુનિદર્શનથી નેત્રો નિર્મળ થયા, હાલ મારા સાસુ પણ ઘરમાં નથી અને સાધુ ભગવંતને પ્રાયોગ્ય નિર્દોષ એવું ભોજન પણ તૈયાર છે તો લાવ આ સુવર્ણ અવસરને પામી શ્રમણ ભગવંતોને સુપાત્ર દાન કરી મારા મનુષ્ય ભવને સફળ

કરું'' પછી આ પ્રમાણે ચિંતન કરતી અંબિકા પોતાના સ્થાનથી ઉભી થઈ ભક્તિસભર હૈયે સ્વગૃહે રહેલા શુદ્ધ અન્નપાનાદિ ભોજન વડે પોતાને લાભ આપવા માટે મુનિ ભગવંતોને આજીજી ભરી વિનંતી કરે છે. શાસ્ત્રાભ્યાસમાં પ્રવિણ એવા મહાત્માઓ પણ ખૂબજ ગવેષણા કરી, પોતાને પ્રાયોગ્ય એવા ભોજનાદિને દ્રવ્ય અને ભાવ ઉભયથી શુદ્ધ જાણીને ૪૨ દોષ વર્જિત ભિક્ષાને ગ્રહણ કરી ધર્મલાભપૂર્વક આશિષ આપી સ્વસ્થાને પાછા વળે છે. અંબિકાના ચિત્તમાં સુપાત્રદાન રૂપી ઘંટનાદનો રણકાર ચાલુ જ રહ્યો અને સતત પોતાને મળેલા લાભની અનુમોદના કરતાં કરતાં અઢળક પુણ્ય રાશીના સંચય દ્વારા સુકૃતના લાભનો ગુણાકાર કરી રહી હતી.

અંબિકાના હૈયાના ભાવો આસમાને ચઢી રહ્યા હતા ત્યારે પાડોશમાં રહેલી સ્ત્રી મુનિદાનના દ્રશ્યને નિહાળી ઈર્ષ્યાથી સળગી ઉઠી, પોતાનું વાંકુ મોં કરી વિકૃત કરાયેલા ચહેરાવાળી સાક્ષાત્ રાક્ષસી હોય તેમ પોતાના ઘરમાંથી બહાર આવી, પોતાના બંન્ને હાથોને ઉછાળતી આજુબાજુના સઘળા પાડોશીની વચ્ચે અંબિકાને ઠપકો આપવા લાગી, ''હે સ્વચ્છંદચારિણી વહુ ! તને ધિક્કાર થાઓ ! આ તારું કેવું વિચિત્ર આચરણ છે ? આજે આ શ્રાદ્ધના દિવસે હજુ તો પિતૃજનને પિંડદાન પણ કરવામાં નથી આવ્યું, દેવતાઓને પણ પિંડ આદિ ધરવામાં આવ્યા નથી, બ્રાહ્મણોને પણ હજુ જમાડવામાં આવ્યા નથી તેની પહેલા મુંડીયાઓને દાન આપીને તેં તો સર્વભોજનને એઠું કરી નાંખ્યું ! આ તારી સાસુ ઘરમાં નથી તેથી તું આવું સ્વેચ્છાચારી વર્તન કરે છે ? વૈશ્યકુળને યોગ્ય એવું આ તારું આચરણ જરા પણ યોગ્ય નથી !''

આ રીતે ગાંડી ઘેલી બનેલી પાડોશણ બુમ બરાડા પાડતી તેના ઘરમાં ઘુસીને તેની સાસુને બોલાવા લાગી, અંબિકાએ કરેલ પ્રવૃત્તિને મીઠું-મરચું ભભરાવીને તેણે દુરાચરણ કરેલ છે તેમ જણાવી તેની સાસુને પણ ક્રોધાતુર બનાવી દીધી. તેની સાસુ પણ વાયુથી પ્રેરાઈને ધુમાડાના ગોટેગાટા ઉડવા માડે તેમ આ બધી વાતો સાંભળીને ક્રોધાંધ બનીને અંબિકા ઉપર ફિટકાર વરસાવવા લાગી.

''અરે રે હીનકુલિન, દુરાચારિણી ! મારા જીવતે જીવ તું આ સ્વચ્છંદ વર્તન કેમ કરે છે ? હજુ હું જીવતી છું છતાં આ રીતે દાન આપવાની સત્તા તને કોણે આપી ?'' આ પ્રમાણે કટુવચનો વડે અંબિકાને તિરસ્કારવા લાગી ત્યારે સાસુ અને પડોશણ વચ્ચે રહેલી અંબિકા વાદળના પટ અને રાહુ મંડળની વચ્ચે રહેલ ચંદ્રની કળા ક્ષીણ થાય તેમ કૃશ થઈને અંતરથી કંપવા લાગી. એ અવસરે તેનો પતિ સોમભટ્ટ પણ બ્રાહ્મણોને બોલાવીને સ્વગૃહે આવ્યો, તે પણ માતા અને પડોશણના વચનોથી ખૂબ જ રોષે ભરાયેલો અંબિકાની ઉપર તિરસ્કારની ઝડી વરસાવવા લાગ્યો. તે વખતે નિરપરાધી હોવા છતાં સૌના આવા કઠોર વચનોને સાંભળી મનમાં અત્યંત દુઃખી હોવા છતાં તે મૌનપૂર્વક પોતાના પુત્ર યુગલને લઈ ઘરનો ત્યાગ કરી ચાલી ત્યારે રૂદન કરતી એવી તે માર્ગમાં વિચારે છે કે -

''અહો ! મેં મારા સાસુ સસરાના કોઈ વચનનું આજ સુધી ઉલંઘન કર્યું નથી, નિત્ય પતિની ભક્તિમાં તત્પર રહી ઉભય કુળમાં ચર્ચાસ્પદ બને તેવું કોઈ અપ્રિય કાર્ય કર્યું નથી, અરે! દેહને દુઃખ આપીને પણ ઘરના બધા કાર્યો કરું છતાં નિરપરાધી એવી મને જનસંપદા સમક્ષ તિરસ્કારે છે, અરે ! આજના પર્વના પુણ્ય દિવસે સાધુ યુગલને નિર્દોષ ભિક્ષાનું દાન કરી ઉભયકુળને કલ્યાણકારી એવું કાર્ય કરવા છતાં મિથ્યાત્વથી અંધ બનેલા તેઓ મને નિરર્થક હેરાન કરે છે, શું મહામિથ્યાત્વનો ઉદય છે ! જેથી આ લોકો અતિશય સુકાયેલા વૃક્ષને જલના સિંચન દ્વારા ફલવત્ બનાવવાના નિરર્થક પ્રયત્નોની માફક પુત્રો દ્વારા અપાયેલા પિંડાદિ વડે મરેલા પ્રાણીઓને પ્રસન્ન કરવાના નિરર્થક પ્રયત્ન કરે છે, જેમ ઘુવડ સૂર્યપ્રકાશમાં જોઈ શકતું ન હોવાથી તે સૂર્યની નિન્દા કરે તેમ આ મિથ્યાત્વી લોકો અનંતપુણ્યફલને આપનારા સુપાત્રદાનની નિન્દા કરે છે, હવે મારે આ બાબત પ્રલાપ કરવો નકામો છે. મેં તો આ સુકૃત દ્વારા મારા દાનના ફળને સારી રીતે ગાંઠ બાંધીને સાચવી લીધું છે. બસ ! હવે હું તેની જ અનુમોદના કરું, હવે હું આ ગૃહવાસનો ત્યાગ કરી ભવસમુદ્રમાં શરણ કરવા યોગ્ય તે મુનિયુગલનું શરણું સ્વીકારૂં છું. હવે રૈવતગિરિ ઉપર જઈ ઈષ્ટદેવ એવા જિનેશ્વર પરમાત્માનું ધ્યાન ધરીને મારા અનંતાભવોના અશુભકર્મોનો નાશ કરવા માટે નિરંતર તપશ્ચર્યા કરું,'' આવો વિચાર કરતાં સ્વસ્થ ચિત્તવાળી બનીને એક બાળકને કેડ ઉપર મૂકી, બીજાને હાથની આંગળી પકડાવી શ્રી નેમિપ્રભુનું ધ્યાન ધરતી

તે રૈવતાચલ પર્વત તરફ આગળ ચાલી.

અનેક દુઃખોથી આકુળ-વ્યાકુળ અંબિકા ધરાને માપતી માપતી આગળ નગરથી બહાર થોડેક દૂર પહોંચે છે ત્યાં કેડ ઉપર બેઠેલો વિભુકર નામનો નાનો બાળક અસ્પષ્ટ વર્ણ વડે કંઈક બોલતો-બોલતો રડવા લાગ્યો. અતિતૃષા લાગવાથી તે શિશુ મુખકમલમાંથી લાળ અને આંખોથી અશ્રુધારા વહાવતો પાણી-પાણી કહી આક્રંદ કરવા લાગ્યો. ત્યાંતો આંગળીએ રહેલો બીજો શુભંકર નામનો બાળક ભૂખથી પીડાતો અને માર્ગમાં સતત ચાલવાથી થાકના કારણે ''હે માતા ! મને ખાવાનું આપ ! હે માતા મને ભોજન આપ ! મને ભૂખ લાગી છે !'' માખણના પિંડ જેવા સુકોમળ બાળકોની વેદનાની કીકીયારી સાંભળી તે અત્યંત બેબાકળી બની જાય છે.

ભાદરવા માસના સૂર્યના તાપથી તપેલી પૃથ્વી ઉપર ભૂખ-તરસાદિ અનેક દુઃખોથી ખૂબ દુઃખી થયેલી તે વિચારે છે. ''મને ધિક્કાર થાઓ ! હું મારા બાળકોની ભૂખ-તરસ છીપાવવા માટે પણ સમર્થ નથી. હે વિધાતા ! તે આ રીતે માત્ર દુઃખથી ભરેલી એવું મારું સર્જન શા માટે કર્યું ? હે ધરતીમાતા ! મને અવકાશ આપો ! જેથી હું તેમાં પ્રવેશી મારા સર્વ દુઃખોનો નાશ કરું, અથવા આ મારા જંગલના બડબડાટથી શું? મારા પૂર્વભવોના વિષમ કર્મોનો જ આ વિપાક લાગે છે તેથી ભલેને મારા ઉપર બધાજ દુઃખો એક સાથે તૂટી પડે ! ભલે ! જે થવાનું હોય તે થાય હવે તો હું આ દુઃખોને સ્વીકારીને જ રહીશ. બસ ! માત્ર જિનેશ્વર પરમાત્માનું શરણ જ મારા હૈયામાં સ્થાપિત થાઓ !'' આ ચિંતન કરી અંબિકા નિઃશ્વાસના પવનથી પાસે રહેલા વૃક્ષોને ઈષત્ કંપાવતી જરા નીચે બેઠી, એટલામાં તો તેણે પોતાની આગળ થોડે દૂર સ્વચ્છ શીતલજલથી ભરેલું એક પવિત્ર સરોવર જોયું. તેની બન્ને બાજુએ કોયલના ટહૂકારના શબ્દોની સાથે જ પાકેલા પીળા આમ્રફળોની લુંબો તેના હાથમાં આવી. અંબિકાએ તરત જ બાળકોને સરોવર જળનું પાન અને આમ્રફળનું ભોજન કરાવીને સંતુષ્ટ કરી મુનિદાનનું આ કેવું તાત્કાલિક ફળ પ્રાપ્ત થયું છે ! તેવું વિચારી તે જિનધર્મમાં વધુ દ્રઢમનોબળવાળી બનીને થોડીવાર વિશ્રામ લેવા બેઠી.

આ તરફ અંબિકાની સાસુ દેવલ અંબિકાનો તિરસ્કાર કરી મુનિદાનના કારણે વધેલા ભોજનને એઠું માનીને નવું ભોજન પકાવવા માટે ભોજનથી ભરેલા વાસણોને જુએ છે. જ્યાં તે વાસણો જોવા માટે ખોલ્યા ત્યાં તો જાણે કે પારસમણિના સ્પર્શથી પાષાણ પણ સુવર્ણમય બની જાય તેમ સુપાત્રદાનના મહાપ્રભાવથી તે વાસણો સુવર્ણમય અને ભોજનાદિથી સંપૂર્ણ ભરેલા જુએ છે. આ અવસરે અત્યંત આશ્ચર્ય સાથે વિસ્મય પામેલી દેવલ આ પ્રમાણે વિચારે છે, ''અરે ! નિરપરાધી, સાક્ષાત્ કલ્પલતા જેવી જંગમ લક્ષ્મી જેવી વહુને નિર્ભાગી એવી મારા વડે ઘરમાંથી બહાર કાઢી મુકાઈ ! મને ધિક્કાર છે !'' તે સમયે આકાશવાણી થાય છે કે ''અરે ! અભાગિણી ! અંબિકાના સુપાત્રદાનના સુખકારી ફળનો માત્ર અંશ જ તને દેખાડ્યો છે, પરંતુ પ્રચંડ પુણ્યશાળી એવી અંબિકાનો વૈભવ તો અદ્ભુત છે, તે તો આ સુપાત્રદાનના ફળ સ્વરૂપે દેવોના પણ સ્વામિ વગેરે દ્વારા પૂજવા યોગ્ય ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરશે.'' આવી દિવ્ય આકાશવાણી સાંભળીને ભય પામેલી દેવલ ઝડપભેર પુત્ર પાસે દોડી જઈને સકળ ઘટના જણાવીને અંબિકાને શોધીને પાછી લઈ આવવા માટે સોમભટ્ટને મોકલે છે.

માતાની વાત સાંભળીને સોમભટ્ટ પણ પોતાની જાતની નિંદા કરતો હૈયામાં અંબિકા પ્રત્યે અત્યંત આદરભાવ ગ્રહણ કરી ઉતાવળે પગલે તેની શોધમાં નિકળી પડે છે. એક પછી એક શેરીઓને વટાવતો વટાવતો નગર બહાર નીકળી જંગલ તરફના માર્ગે આગળ ચાલતો હતો ત્યાં દૂરથી બે બાળકોને સાથે લઈ નદી, વૃક્ષ અને કોતરોને બાજુએ મૂકી આગળ ચાલતી અંબિકાને જુએ છે. હૈયામાં સ્નેહના ફુવારા ઉછળવા લાગ્યા અને વિરહની વ્યથા સાથે અત્યંત વ્યાકુળ બનેલો સોમભટ્ટ બૂમ મારે છે, ''ઓ અંબિકા! મારી પ્રિયા ! તું થોડીવાર ઊભી રહે ! હું આવું જ છું!'' કર્મસંયોગે સોમભટ્ટના લાગણીભર્યા શબ્દોને અસ્પષ્ટ સાંભળીને, તેને ખૂબ જ ઝડપથી પોતાની દિશામાં આવતો જોઈને અંબિકા ભય પામે છે. ''નિશ્ચિત આ મને મારવા જ આવે છે, આ અરણ્યમાં મારા જેવી અબળાનું કોણ રક્ષણ કરશે ? આ નિર્દય અને દુષ્ટ તો મારા ઉપર શું શું અત્યાચાર કરશે તેની ખબર નથી, હવે હું અહીંથી બચવા શું કરીશ ? જાણે કે આકાશમાંથી પડેલાને કોઈ આધાર ન હોય તેમ હું નિરાધાર બની ગઈ છું, હવે તો મરણ એ જ મારું

શરણ છે.'' આવા વિચારોના ઊંડા કુવામાં પડે છે ત્યાં જ નજીકમાં રહેલા કુવાની પાળે આવીને અંદર કૂદી પડવા તત્પર બનેલી અંબિકા બોલે છે,

''શ્રી અરિહંત ભગવંતનું મારે શરણ હો !
શ્રી સિદ્ધ ભગવંતનું મારે શરણ હો !
શ્રી સાધુ ભગવંતનું મારે શરણ હો !
શ્રી જિનપ્રણીત ધર્મનું મારે શરણ હો !

દ્વિજ, દરિદ્રી, કૃપણ, ભિલ્લ, મ્લેચ્છ, કલંકી અને અધમકુલમાં તેમજ અંગ, બંગ, કુરૂ, કચ્છ અને સિંધુ વગેરે અનાર્ય દેશમાં મારો જન્મ ન થાઓ !

યાચકપણું, મૂર્ખપણું, અજ્ઞાનીપણું, કૃપણપણું, મિથ્યાત્વ, સેનાપતિપણું, વિષ, અસ્ત્ર તથા મદ્યાદિરસ પદાર્થોનો વેપાર અને પ્રાણીઓની ખરીદી-વેંચાણ મને ભવાંતરમાં ક્યારેય પ્રાપ્ત ન થાઓ!

આ મુનિયુગલને સુપાત્રદાનનાં પ્રભાવથી દેવ-ગુરૂ અને ધર્મરત્નને જાણનારા, દેવને પૂજનારા, દાતાર, અધિકારી, ધનાઢ્ય અને હિતાહિતનો વિવેક કરનાર એવા કુલમાં તથા સૌરાષ્ટ્ર, મગધ, કીર, કાશ્મીર અને દક્ષિણ દિશાના દેશમાં મારો જન્મ થાઓ !

ધનાઢ્યતા, દાતારપણું, આરોગ્યતા અને ઈન્દ્રિયોનું સંપૂર્ણપણું મને પ્રાપ્ત થાઓ ! પ્રાણી પર અનુકંપા, દુઃખીજનની રક્ષા અને યોગ્યનો આશ્રય મળો !''

આ પ્રમાણે મનોરથોના મિનારે આરોહણ કરતાં કરતાં બંન્ને બાળકો સાથે જ કુવામાં ઝંપાપાત કર્યો અને તરત મરીને અનેક ઋદ્ધિમાન વ્યંતરના સમુહવડે સેવવા યોગ્ય વ્યંતર જાતિમાં દેવી તરીકે ઉત્પન્ન થઈ. ઝડપથી તેની પાછળ આવતો સોમભટ્ટ ''હે અંબિકા! હે પ્રિયા તું મા પડ ! તું મા પડ!'' એમ બૂમો મારતો હાંફતો હાંફતો કુવાની પાળે આવે છે ત્યારે તો અંબિકા અને બે બાળકોને કુવામાં પડી મૃત્યુ પામેલા નિહાળી અતિ દુઃખી થયેલ તે વિચારે છે કે ''મારા જેવા મૂર્ખને ધિક્કાર છે ! હું કેવો દુષ્ટ છું કે સાક્ષાત્ લક્ષ્મી સમાન પત્ની અને રાજકુંવર જેવા બે પુત્રોને મેં ઘરમાંથી કાઢી મૂક્યા, તે ત્રણેયના મરણબાદ હવે મારે જીવવાનું શું કારણ છે ? હવે તો મારે પણ મરણ એ જ શરણ છે'' તેવું ચિંતવતો સોમભટ્ટ પણ અંબિકાનું ધ્યાન ધરતાં ધરતાં કુવામાં ઝંપલાવી મરણને શરણ થાય છે. અંતકાળે અંબિકાનું સ્મરણ કરી કુવામાં પડેલ સોમભટ્ટ કંઈક પુણ્યસંયોગે મરીને તે અંબિકાદેવીના વાહનરૂપે સિંહ સ્વરૂપી દેવ થાય છે.

મંગલપ્રભાતના સૂર્ય જેવી સુવર્ણકાંતિવાળા દેહ થકી સ્વર્ગલોકની ઉર્વશી અને અપ્સરાઓના સૌંદર્યના સમુહને રૂપ વડે જીતી લીધું છે, સૂર્યોદય અવસરે જેમ ચારે દિશા તેજસ્વી રશ્મિવડે પૂરાઈ જાય તેમ જેના દેહની પ્રભા સમસ્ત દેવલોકની દિશાઓમાં પ્રસરી ગયેલ છે, વનકેસરી સિંહવાહન ઉપર આરૂઢ થયેલ, સર્વ અંગોથી સુંદર, બહુમૂલ્યવાન મણિ-સુવર્ણ-રત્નાદિ આભૂષણોથી વિભૂષિત થયેલ, અનેક દેવ-દેવીઓ વડે ઉપાસના કરાતી, એક બાળક ખોળામાં અને એક બાળક સમીપ ઉભો છે તેમ બે બાળકોથી અલંકૃત, ચારભુજાધારી, જેમાં જમણા બે હાથમાં પાશ અને ડાબા બે હાથમાં આંબાની લૂમ ધારણ કરેલ, સુવર્ણવર્ણીય, વરદાન આપવામાં પ્રવિણવાણીવાળી, એવા અચિન્ત્ય પ્રભાવશાળી અંબિકાદેવીને નિહાળી તેના છડીદાર રૂપે રહેલા બે દેવો પૂછે છે. ''હે સ્વામિની! પૂર્વભવમાં આપે એવા તો શું તપ કર્યા ? દાન દીધું ? તીર્થ ભક્તિ કરી ? કે અન્ય કોઈ સુકૃત કર્યા ? કે જેના મહાપ્રભાવથી આ વ્યંતરલોકની દિવ્યદેવાંગનાઓને પણ સેવવા યોગ્ય અમારા સ્વામિની થયા?'' તે પ્રતિહારદેવના વચન સાંભળી અંબિકાદેવીએ અવધિજ્ઞાનનાં ઉપયોગ વડે પોતાના પૂર્વભવને નિહાળી સર્વવૃત્તાંત કહ્યો અને જૈનધર્મના મહોપકારોનું સ્મરણ કરતાં આભિયોગિક દેવો વડે રચાયેલા દેવવિમાન દ્વારા સર્વ દિશાઓને પ્રકાશમાન કરતા ઝડપભેર રૈવતગિરિમાં સહસાવનના રમણીયસ્થાનમાં પધાર્યા.

તે અવસરે આ તરફ મયુરના મધુર કિંકાર અને કોયલના ટહૂકાર કરતાં સહસાવનના ઉદ્યાનમાં ''વેતસ'' વૃક્ષની નીચે અટ્ઠમતપ સમેત કાયોત્સર્ગમાં સ્થિર રહેલા શ્રી નેમિપ્રભુના સર્વઘાતીકર્મોના બંધનો તૂટ્યા અને આસો વદ અમાસ (ગુજરાતી ભાદરવા વદ અમાસ)ની અંધારી રાત્રિએ ચંદ્રના ચિત્રાનક્ષત્ર સમયે શ્રી નેમિપ્રભુને અનાદિકાળના ઘનઘાતીકર્મોના અંધકારને ભેદી નાંખનાર કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. સ્વ આચાર અનુસાર ક્રોડો દેવતાઓએ સમવસરણની રચના કરી, એકસોવીસ ધનુષ્ય ઊંચા ચૈત્યવૃક્ષની નીચે રચાયેલા સિંહાસન પર પ્રભુ ''નમો તિત્થસ્સ'' કહીને આરુઢ થયા. અન્ય ત્રણ દિશાઓમાં વ્યંતર

દેવતાઓએ સાક્ષાત્ પ્રભુની પ્રતિકૃતિ સ્વરૂપ પ્રભુના ત્રણ બિંબો સ્થાપ્યાં. સમવસરણના રજત, સુવર્ણ અને રત્નમય ત્રણ ગઢમાં સૌ જીવોએ પરમાત્માને વંદન કરી યથાયોગ્ય સ્થાન ગ્રહણ કરવા સાથે અંબિકાદેવીએ પણ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું, ચતુર્વિધ સંઘ સાથે તિર્યંચના જીવો પણ પ્રભુની દેશના સાંભળવા માટે ઉત્સુક બન્યા.

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુએ પોતાની પ્રથમ દેશનાનો પ્રારંભ કર્યો -

**''धर्मो जगद्बन्धुरकारणेन, धर्मो जगद्वत्सल आर्तिहर्त्ता ।**
**क्षेमंकरोऽस्मिन् भुवनेपि धर्मो, धर्मस्ततो भक्तिभरेण सेव्यः ।''**

**''જગતમાં ધર્મ તે કારણ વગરનો બંધુ છે, ધર્મ જગત્‌વત્સલ છે, ધર્મ પીડાઓનો નાશ કરનાર છે, આ ભુવનમાં ક્ષેમંકર અર્થાત્ સૌની સારસંભાળ રાખનાર છે. તેથી સર્વેએ અત્યંત ભક્તિપૂર્વક ધર્મનું સેવન કરવા યોગ્ય છે.''**

**સમ્યક્ત્વ એ આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે, ધર્મનું પાલન કરવામાં યથાશક્તિ ઉદ્યમ કરવો તે ધર્મનું થડ છે, સુપાત્રદાન, અખંડ શીલપાલન, યથાશક્તિ તપાચરણ અને શુભભાવ એ ધર્મની ચાર શાખા (ડાળી) છે.**

**સુવાસના, કોમળતા, અનુકંપા, આસ્તિક્યાદિ ધર્મવૃક્ષના પાંદડાઓ છે, સિદ્ધાચલ-રૈવતાચલાદિ તીર્થસેવા, જિનપૂજા, સદ્‌ગુરૂસેવન અને પંચપરમેષ્ઠિ મંત્રપદ એ ધર્મવૃક્ષની અગ્રશાખાના પુષ્પાંકુર છે, સ્વર્ગાદિસુખો તે ધર્મવૃક્ષના પુષ્પો છે અને મોક્ષ સુખ તે ધર્મવૃક્ષનું ફળ છે.**

**આ તત્ત્વને હૃદયકમલમાં સ્થાપન કરી જે જીવો તથાભવ્યત્વાદિ સર્વસામગ્રીની પ્રાપ્તિ સાથે અનંતભવભ્રમણમાં ભટકાવનાર પ્રમાદદશાનો ત્યાગ કરી આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું સેવન કરશે તે જીવો શીઘ્રતમ શાશ્વતસુખના ભોગી બનશે.''**

શ્રી નેમિપ્રભુની વૈરાગ્યઝરતી અસ્ખલિતધારાની દેશનાનું શ્રવણ કરી અમૃતપાન કર્યું હોય તેમ સર્વપર્ષદા પરમસંતોષને પામે છે. વરદત્તરાજા વૈરાગ્યપામી પોતાના હજાર સેવકો સમેત રાજવૈભવ સાથે દીક્ષા ગ્રહણ કરી અઢાર ગણધરોમાં મુખ્યગણધર પદને પામે છે, યક્ષિણીનામની રાજકન્યા પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી અન્ય સાધ્વીઓમાં પ્રવર્તિની પદને પામે છે, દશાર્હ, ભોજ, કૃષ્ણ અને બલભદ્રાદિ મુખ્ય શ્રાવકો થાય છે અને તેમની પત્નીઓ મુખ્ય શ્રાવિકા થાય છે.

આ પ્રમાણે ચારગતિરૂપ અંધકારમાં દીપક સમાન, દાન-શીલ-તપ-ભાવ એ ચારપ્રકારના ધર્મરૂપગૃહના ચાર પાયા સમાન અને મુક્તિરૂપી વધૂના હાર સમાન શ્રી નેમિનાથ પરમાત્માના ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ પછી પ્રભુના મુખે અંબિકાદેવીના પૂર્વભવ, સદ્વાસના, સુપાત્રદાનાદિ યોગ્યતાને સાંભળીને અતિભક્તિવાળા ઈન્દ્રમહારાજાએ અન્ય દેવતાઓના આગ્રહથી તે અંબિકાદેવીને શ્રી નેમિનાથ પરમાત્માના શાસનના વિઘ્નોનો નાશ કરનારી શાસનની અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થાપના કરી અને ગોમેધ નામનો યક્ષ જે પૂર્વભવમાં મુનિવરના વચન સાંભળીને પ્રતિબોધ પામ્યો હતો તે શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં અંબિકાની જેમ લોકોને મનોવાંછિત ફળ આપનાર હતો, ઈન્દ્રમહારાજાની પ્રાર્થનાથી તેની શાસનનાં અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપના કરી. તેનો ઈતિહાસ પણ સાંભળો !

# ગોમેધ યક્ષ


ભરત ક્ષેત્રની ભવ્યભૂમિ ઉપર સુગ્રામ નામનું રળિયામણું ગામ હતું. જેમાં ગોમેધ વગેરે અનેક પ્રકારના યજ્ઞકાંડ - ક્રિયા કરાવવાનો વ્યવસાય ધરાવતો બ્રાહ્મણ રહેતો હતો. મુખ્યતયા ગોમેધાદિ યજ્ઞ કરાવવામાં નિપુણ હોવાથી બ્રાહ્મણજનમાં તે ગોમેધ બ્રાહ્મણના નામે પ્રસિદ્ધ હતો. મિથ્યાત્વના ઘોર અંધકારના કારણે તે ધર્મના નામે યજ્ઞાદિ ક્રિયાઓ વડે અનેક પ્રાણીઓની હિંસામાં નિમિત્ત બનતો, જીવહિંસાના ભયંકર પાપકર્મના તાત્કાલિક ફળરૂપે તેની પત્ની અને પુત્રો મૃત્યુ પામ્યા. પુત્ર-પત્ની વિનાનો તે નિરાધાર થયેલો અત્યંત ઉદ્વિગ્ન ચિત્તે રહેવા લાગ્યો. અવસરે તેના દેહમાં ગળતો કુષ્ટરોગ ઉત્પન્ન થવાથી તેના પ્રત્યે લેશમાત્ર પણ સહાનુભૂતિ બતાવ્યા વગર સ્વાર્થના સગાંઓએ તિરસ્કાર કરી તેને હડધૂત કરી દીધો. કુષ્ટરોગની મહાપીડાથી અત્યંત દુઃખી અવસ્થામાં જીવન પસાર કરતો હતો ત્યારે અધુરામાં પુરૂં તેના શરીરના રોમેરોમમાં અસંખ્યાતા કીડાઓ ઉત્પન્ન થવાથી તે સાક્ષાત્ નરકની કારમી પીડા ભોગવવા લાગ્યો, આવા અંગે અંગમાં ખદબદતાં કીડાઓ અને સતત ઝરતાં પરૂં વગેરે અશુચિ પદાર્થોથી તેના દેહમાંથી તીવ્ર દુર્ગંધ પ્રસરવા લાગી. દુર્ગંધ અને અશુચિથી ખદબદતાં તેના દેહ ઉપર અનેક માખીઓના બણબણાટથી તે અત્યંત ત્રાસ અનુભવી રહ્યો હતો. રોમેરોમે અંગારાની અગનની વેદનાથી હવે તો વહેલામાં વહેલું મરણ આવે તેવી તીવ્ર ઈચ્છા સાથે આ કારમી વેદનાઓને સહન કરતો માર્ગમાં આમથી તેમ આળોટતો દુઃખની કીકીયારી સાથે આક્રંદ કરી રહ્યો હતો.

**સુકૃતના બીજ ક્યારેને ક્યારે તો ફળદાયી બને જ.** તેમ તેના પૂર્વભવના કોઈ સદ્કૃત્યનો પ્રચંડોદય થવાનો હોય તેમ તે સમયે એક મુનિવર તે માર્ગથી પસાર થાય છે. ક્ષમાશ્રમણ, દયાના ભંડાર એવા મહાત્માએ તેની આ અવદશા જોઈને સહાનુભૂતિ દર્શાવીને કહ્યું કે, ''હે ભાગ્યવાન! તે કુગુરૂના ઉપદેશના પ્રભાવથી ધર્મની બુદ્ધિથી અનેક જીવોની હિંસા કરવા રૂપ જે કુકર્મનું આચરણ કરેલ છે તે પાપવૃક્ષના તો આ અંકુરા માત્ર પ્રગટ થયા છે, હજુ આ પાપકર્મનાં ફળ તો તને ભવાંતરમાં પ્રાપ્ત થશે. નરકાદિ દુર્ગતિની પરંપરાનું આ તો પ્રથમ સોપાન છે. હજુ પણ આ ઘોરભયંકર પીડાથી તું ત્રાસી ગયો હોય અને ભવાંતરમાં આ પીડાથી દૂર રહેવા ઈચ્છતો હોય તો હજુ કંઈ મોડું થયું નથી. તું જીવદયા જ જેના મૂળમાં છે તેવા જીવદયાપાલક, કરૂણાસાગર, દયાના ભંડાર શ્રી જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપણ કરેલા જિનધર્મનો સ્વીકાર કર ! આજ સુધી અનેક જીવોનો ઘાત કરી અનેક જીવોને ત્રાસ આપ્યો છે તેની તું ક્ષમાયાચના કર ! વળી તારા કરેલા કુકર્મોના શમન માટે સમર્થ, અનેક દેવોથી પણ પૂજિત, અનંતા તીર્થંકરોના અનંતા કલ્યાણકોની કલ્યાણકારી ભૂમિ એવા શ્રી રૈવતગિરિ મહાતીર્થની સેવા-ભક્તિ કર ! જેના મહાપ્રભાવથી તારા સર્વપાપ વિલીન થઈ જશે.''

નિષ્કારણબંધુ એવા સાધુ ભગવંતના સદ્વચનોને સાંભળી રૈવતગિરિ મહાતીર્થને હૈયામાં ધારણ કરતો ગોમેધ અમૃતરસના આસ્વાદનને અનુભવતાં સમતા સાગરમાં નિમગ્ન બની કોઈ પણ પીડા રહિત મૃત્યુ પામે છે.

કહ્યું છે કે **''સાધુનું દર્શન પણ પુન્ય આપનારું છે, સાધુ તીર્થસ્વરૂપ છે, તીર્થની ભક્તિથી તો કાળક્રમે આત્મકલ્યાણ થાય છે જ્યારે સાધુનો સમાગમ તત્કાળ ફળે છે.''**

ઉપશમરસમાં ડૂબેલો, મહાતીર્થ અને પરમાત્માના ધ્યાનમાં લીન એવો ગોમેધ મહાઋદ્ધિમાન દેવપણાને પામીને યક્ષોનો નાયક બને છે. મુનિભગવંતના મુખકમલથી નીકળેલા અમૃતવચનના શ્રવણમાત્રથી તે અનેકવિધ દિવ્યદૃષ્ટિનો સ્વામી બન્યો સાથે-સાથે પરમાત્માના અસંખ્ય ગુણોનું સ્તવન કરવા માટે ત્રણ મુખને ધારણ કરનાર, શાસનના અનેકવિધ કાર્યો કરવા માટે સમર્થ બનવા માટે છ ભુજાઓને ધારણ કરનાર, જેમાં ડાબા ત્રણ હાથમાં શક્તિ, શૂલ અને નકુલ તથા જમણા ત્રણ હાથમાં ચક્ર, પરશુ અને બીજોરૂં ધારણ કરનાર, દેહ ઉપર જનોઈને અને વાહન તરીકે પુરૂષને ધારણ કરનાર ગોમેધ નામે યક્ષ બનીને, શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીની માફક અને સેવકોથી પરિવરેલો દેવવિમાનમાં આરૂઢ થઈ તે જ સમયે રૈવતગિરિ તીર્થ ઉપર આવીને પરમાત્માને વંદન કરે છે. પૂર્વભવમાં પ્રભુના નામસ્મરણ માત્રથી થયેલા ઉપકારનું સ્મરણ કરતો તે ગદ્ગદ્ સ્વરે પ્રભુની સ્તવના કરે છે તે સમયે ઈન્દ્ર મહારાજા પણ તેને પરમાત્માનો પરમભક્ત જાણી તેને શ્રી નેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયકદેવ રુપે સ્થાપિત કરે છે.




જિનશાસનના જવાહર સમાન કલિકાલસર્વજ્ઞ એવા શ્રી હેમચંદ્રાચાર્ય, આચાર્ય બપ્પભટ્ટસૂરિજી, મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળ, મંત્રી પેથડશા આદિ અનેક મહાપુરુષ અને પુણ્યાત્માઓને ખડે પગે સહાય કરનાર એવા આ તીર્થના અધિષ્ઠાયિકા અંબિકાદેવી આજે પણ આ તીર્થ ઉપર હાજરાહજુર છે.

ચાલો ! **''જય જય શ્રી નેમિનાથ''**ના નાદ સાથે આગળ વધીએ...

અરે ! અહીં આ જમણી બાજુ જુઓ !

આ પગથિયાનો જિર્ણોદ્ધાર કરાવનાર પુણ્યશાળીઓના નામ વગેરેની માહિતી દર્શાવતો લેખ છે !

**''જય જય શ્રી નેમિનાથ'' ''જય જય શ્રી નેમિનાથ''**



**૨૦ પગથિયા :** આ છે ડોળી મેળવવાનું સ્થાન !

અહીં યાત્રિકોનું વજન કરીને તે મુજબ ઉપર યાત્રા કરાવવા માટે ડોળીવાળાનું વળતર નક્કી થાય છે.


ધન્ય છે ! તે ડોળીવાળાઓને જે વૃદ્ધાવસ્થાવાળા અથવા સ્વયં ગિરિ ચઢવા અસમર્થ એવા ભાવુક આત્માઓને પણ દાદાના દર્શન કરાવવામાં સહાયક બને છે.

ચાલો આગળ !!!

**કૈલાસગિરયે નમો નમઃ ઉજ્જયંતગિરયે નમો નમઃ**
**રૈવતગિરયે નમો નમઃ વંદન હો ગિરનારને... (૨)**

**૮૫ પગથિયા :**

પૂર્વકાળમાં આ સ્થાને પાંચ પાંડવોની દેરી હતી જેમાં ડાબી બાજુ ચાર અને જમણી બાજુ એક દેરી હતી. હાલ ડાબી બાજુની એક દેરીની આગળ કાળભૈરવની પ્રતિમાજી સાથે અન્યમૂર્તિ પણ બિરાજમાન છે.





**ચાલો ! નંદભદ્રગિરયે નમો નમઃ પારસગિરયે નમો નમઃ**
**યોગેન્દ્રગિરયે નમો નમઃ વંદન હો ગિરનાર ને... (૨)**

**૨૦૦ પગથિયા :**

ભવ્ય ! સાવચેત રહેજો ! જુઓ આ વાંદરાઓ તમારા હાથમાં રહેલી થેલી ઝુટવી ન જાય !

અનેક ઐતિહાસિક પ્રસંગોનો સાક્ષી એવો આ ગઢ ગિરનાર પ્રચંડ પ્રભાવકતાનો સ્વામી છે તેનો એક પ્રસંગ આપણે જોઈએ...

# સૌભાગ્ય મંજરી

ભરતક્ષેત્રના દક્ષિણપંથમાં કર્ણાટક નામે દેશ હતો, જ્યાં અનેકવિધ રાજવૈભવવાળો ચક્રપાણી રાજા હતો; સૌને પ્રિય રૂપવાન્, અનેક ગુણોથી ઉજ્જવળ એવી પ્રિયંગુમંજરી નામની પત્ની હતી. દિન-પ્રતિદિન ભોગવિલાસાદિ રાજસુખોને ભોગવતા અનુક્રમે પ્રિયંગુમંજરી રાણીની કુક્ષીએ પુત્રીનો જન્મ થાય છે. પરંતુ જન્મથી જ સર્વાંગેસુંદર હોવા છતાં અશુભ કર્મની બલિહારીના મહાપ્રભાવે તેનું મુખ વાનરી જેવું હતું. રાજા પણ આ ઘટનાને જોઈને અત્યંત વિસ્મય પામી ગયો અને કોઈ અમંગળની શંકાથી તેના ઉપશમ માટે ઠેર ઠેર દેવી-દેવતાઓની પૂજા, સ્નાત્રાદિ મહોત્સવ વગેરે અનેક શાંતિકર્મના અનુષ્ઠાનો કરાવે છે. મુખથી કદરૂપી પરંતુ સૌભાગ્યમાં સુંદર એવી તે રાજકુમારીનું સૌભાગ્યમંજરી નામ રાખ્યું, અનુક્રમે તે ચોસઠ કલાઓમાં નિપુણતા પ્રાપ્ત કરે છે.

એકવાર તે રાજદરબારમાં મહારાજાના ખોળામાં બેઠી હતી તેવા અવસરે કોઈ પરદેશી પુરૂષ રાજસભામાં પ્રવેશ કરે છે અને મહારાજા સમક્ષ તીર્થાધિરાજ શ્રી પુંડરીકગિરિનું માહાત્મ્ય કહી સંસારતારક અને પુણ્યના કારક એવા રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યનો પ્રારંભ કરતાં કહ્યું, **''મહારાજ ! આ અવનીતલ ઉપર પુણ્યનો સંચય અને દુઃખ-દારિદ્રનો નાશ કરાવનાર રૈવતાચલ પર્વત જય પામે છે, સર્વપ્રકારના કલ્યાણનું નિર્માણ કરવામાં કુશળ એવા આ રૈવતગિરિ પર આ ભવ કે પરભવમાં દારિદ્ર કે પાપનો ભય રહેતો નથી, આ ગિરિવરના પવિત્ર શિખરો, નદીઓ, ઝરણાંઓ, ધાતુઓ અને વૃક્ષો સર્વજીવોને સુખ આપનાર છે, શ્રી નેમિનાથ પરમાત્માની સેવા માટે આવીને આનંદ-પ્રમોદ પામેલા દેવતાઓ તો સ્વર્ગમાં ઉત્પન્ન થતાં મહાસુખને તૃણથી પણ વધુ હલકા માને છે.'' આ પ્રમાણે રૈવતગિરિ મહાતીર્થની અનેકવાતો સાંભળી મહારાજાના ખોળામાં બેઠેલી રાજકુમારી સૌભાગ્યમંજરીને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થતાં તે મૂર્છા પામી જાય છે.**

રૈવતગિરિ માહાત્મ્યની વાતો સાંભળી મૂર્છા પામેલી સૌભાગ્યમંજરી શીતોપચારો વડે પુનઃચેતનવંતી બને છે, સચેતન થયા બાદ હર્ષઘેલી તે પિતાને જણાવે છે કે, ''ઓ પિતાજી ! આજનો દિવસ મારા માટે મહામંગલકારી છે, તેનું કારણ આપ ધ્યાનથી સાંભળજો ! પૂર્વભવમાં આ પરદેશીએ વર્ણન કરેલા રૈવતાચલ ઉપર હું વાનરી હતી, જાતિસ્વભાવથી ચંચળ એવી હું સ્વચ્છંદ અને અવિવેકપણે ગિરિના શિખરો, નદીઓ, ઝરણાઓ, વનો અને વૃક્ષો વચ્ચે સતત આમથી તેમ કુદાકુદ કરતી રહેતી હતી. તે ગિરિશિખરની પશ્ચિમદિશામાં અમલકીર્તિ નામની એક નદી છે. વિવિધ પ્રકારના વિશિષ્ટ પ્રભાવવાળા અનેક દ્રવ્યોથી ભરપૂર એવી એ નદી શ્રી નેમિનાથ પરમાત્માની અમિદ્રષ્ટિથી પવિત્ર બનેલી શોભી રહી છે. એક વખત સ્વભાવ પ્રમાણે આમથી તેમ દોડાદોડ કૂદાકૂદ કરતાં રખડતી હું વાનરના જુથ સાથે તે નદીના તટની સમીપ આવી. પરંતુ ભવિતવ્યતાના યોગે અહીંથી તહીં કૂદાકૂદ કરવામાં ફલિત થયેલા આંબાના વૃક્ષની ગાઢ ડાળીના વિસ્તારમાં ફસાઈ જવાથી થોડી ક્ષણોમાં ત્યાં જ લટકતાં મૃત્યુ પામી.''

આ રૈવતગિરિ મહાતીર્થમાં વસવાના પ્રભાવથી ત્યાંથી મરીને હું તિર્યંચભવનો ત્યાગ કરી સીધી તમારી પુત્રી તરીકે અહીં જન્મ પામી છું. હવે અત્યંત સ્વરૂપવાન આ દેહ હોવા છતાં મને વાનરીનું મુખ મળવાનું કારણ આપ સાંભળો ! તે આમ્રવૃક્ષની ગાઢ ડાળીઓના સમુહમાં ફસાયેલું મારૂ શરીર ડાળીના ઝૂકાવાથી ધીમે ધીમે અમલકીર્તિ નદીના જલમાં પડવાથી મનોહારીરૂપને ધારણ કરનારૂં બન્યું પરંતુ મારૂં મુખ ગીચઝાડીમાં ફસાયેલું જ રહેવાથી નદીના સુપવિત્ર જલના સ્પર્શથી વંચિત રહેવાથી હજુ સુધી મારું મુખ વાનરી જેવું રહ્યું છે. હે પિતાજી ! હવે તે નદીના નિર્મળ જલના સ્પર્શથી વંચિત રહેલા મારા તે મસ્તકને આપ તરત જ તે નદીના પાવન જલમાં પડાવી દ્યો જેથી હું મુખ સહિત સર્વાંગી સુંદરપણાને પામી શકું. આ પરદેશી પુરૂષે વર્ણવેલા રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યના શ્રવણથી મને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયેલ છે, જેનાથી આ સઘળો વૃત્તાંત કહેવા સમર્થ બની છું !

રાજકુમારીના આ વચનોને સાંભળી અત્યંત વિસ્મિત થયેલા રાજા ચક્રપાણીએ નદીના તટ સમીપે રહેલા આમ્રવૃક્ષની તે ગીચઝાડીમાં લટકતાં વાનરીના મુખને પવિત્રજલમાં પાડવા માટેનો સેવકને આદેશ કર્યો. મહારાજાની આજ્ઞાને શિરોમાન્ય કરી સેવકો આજ્ઞાનું પાલન કરવા દોડી ગયા અને જે સમયે વાનરીના મુખને નદીના જલમાં પાડવામાં આવ્યું તે

જ સમયે રાજકુમારી સૌભાગ્યસુંદરી પણ રૂપરૂપના અંબારવાળી સર્વાંગી સુંદરતાને ધારણ કરનારી બની ગઈ. ચક્રપાણી રાજા પણ તીર્થ માહાત્મ્યના સાક્ષાત્ પ્રભાવને જોઈને અત્યંત વિસ્મય પામી જાય છે. **કોઈક જ એવા મોહને આધીન મંદમતિપુરૂષો હોય જે આવા પ્રસંગે પ્રત્યે શ્રદ્ધા ન ધરાવતા હોય ! કારણકે મંત્ર, ઔષધી, મણિ અને તીર્થોનો મહિમા જ અચિન્ત્ય હોય છે.**

મહારાજા ચક્રપાણિ યુવાવસ્થામાં ડગમાંડી ચૂકેલી રાજકુમારી સૌભાગ્યમંજરીને સુયોગ્ય વરની શોધમાં તત્પર બને છે. ત્યારે કર્મની વિચિત્રતાના યોગે સંસારવાસથી વૈરાગ્ય પામેલી તે વિવાહની વાટના કાંટાળા માર્ગ ઉપર ડગ માંડવાને બદલે શાશ્વતસુખની સાધના માટે રૈવતગિરિ મહાતીર્થ તરફના સુખાળા માર્ગે વિચરવાનું પસંદ કરે છે. પિતાશ્રીને પોતાની ભાવના જણાવી તે તો રૈવતાચલના શીતળ સાન્નિધ્યમાં રહી તીવ્રતપાચરણ દ્વારા અનેક જન્મોના અશુભકર્મોનો નાશ કરતાં શ્રી નેમિજિનના ધ્યાનમાં મગ્ન બની સ્વઆયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામીને તીર્થરાગના ફળસ્વરૂપે તે તીર્થમાં જ વ્યંતરદેવી તરીકે ઉત્પન્ન થાય છે. પૂર્વભવના ભીષ્મતપના પ્રભાવથી તે નદીના દ્રહમાં નિવાસ કરીને શ્રીસંઘના અનેકવિઘ્નોનો નાશ કરનારી, સર્વ દેવતાઓને અનુસરવા યોગ્ય મહાદેવી થાય છે.

ભવ્ય ! આ પાવનભૂમિમાં નદીઓના જલ પણ કેવા પ્રભાવશાળી છે ! આપણો પણ કોઈ પ્રચંડ પુણ્યોદય જાગ્યો છે કે - આ પાવનતમ ભૂમિનો સ્પર્શ પામ્યા છીએ !

ચાલો આગળ વધીએ...

**૫૦૦ પગથિયા :**

આ આવ્યો પહેલો વિસામો !

અરે ! હજુ થાક જ ક્યાં લાગ્યો છે કે આરામ કરીએ !

કેટલા સરળ છે આ પગથિયાઓ !


હજુ ૫-૭ પગથિયા ચઢીએ ત્યાં તો પાછા ૩-૪ પગલાં ચાલવાનું આવે !



**સ્તુતિ :** કલિકાળમાં તારણ-તરણ, ગિરનાર ગિરિવર ધન્ય છે !
નેમિનાથને ભેટાડતી, સોપાનશ્રેણી ધન્ય છે !
દાદા સુધી પહોંચાડનારા, પૃથ્વીકાયને ધન્ય છે !
પ્રત્યેક અણુ-પરમાણુને, ગિરનાર-રજને ધન્ય છે !
યાત્રામાં શાતા અર્પનારો, સમીર શીતલ ધન્ય છે !
મુજમાર્ગને અજવાળનારા, રવિ-કિરણને ધન્ય છે !
તડકે શ્રમિતને શાંતિ દેતી, મેઘમાલા ધન્ય છે !
ક્ષણભર વિસામો આપતાં, વિશ્રાંતિ સ્થળને ધન્ય છે !

ભવ્ય ! આ પગથિયાના નિર્માણના કારણે દાદાનો ભેટો કરાવનાર આ પુણ્યવાન્ આત્માઓનો કેટલો મોટો ઉપકાર છે ! આ પગથિયાના ઈતિહાસની પણ એક ઝલક આપણે નિહાળીએ!

શત્રુંજય ગિરિરાજ, સમેતશિખરજી, આબુ-દેલવાડા, તારંગા આદિ વિવિધ તીર્થસ્થાનોમાં છે તે રીતે પૂર્વે ગિરનાર મહાતીર્થ ઉપર પણ વિવિધ ટૂંકો સુધી પહોંચવાના કેડી માર્ગો હતા... લગભગ ગુર્જર નરેશ સિદ્ધરાજ



જયસિંહના સમય સુધી ગિરનાર પર પશ્ચિમ દિશાથી ચડવા માટે કોઈ પગથિયા બંધાયા ન હતા... પુરાતનપ્રબંધ સંગ્રહ, ચતુરશીતિ પ્રબંધ, કુમારપાલ પ્રબોધ પ્રબંધ, કુમારપાળ દેવ ચરિત્ર આદિ ગ્રંથો તથા પૂ. સોમપ્રભાચાર્ય, પૂ.આ. જિનપ્રભસૂરિ, પૂ.આ. સેનસૂરિ આદિ પૂજ્યો દ્વારા આ પગથિયા બાંધવા સંબંધી ઉલ્લેખ કરાયેલ વિગતોનો સમન્વય કરતાં નીચે મુજબ તારણ કાઢી શકાય...

પ.પૂ.આ. સોમપ્રભસૂરિ મહારાજના કથનાનુસાર યાત્રાર્થે આવેલા કુમારપાળ મહારાજા ડુંગર ચડી ન શકતાં ખેદ પામીને તેણે ત્યાં પાજ બંધાવવાનો નિર્ણય કર્યો. તે માટે કવિ શ્રીપાલના પુત્ર સિદ્ધપાલની સાથે મંત્રણા કરીને શ્રીમાલી રાણિગના પુત્ર આંબાકને સોરઠના દંડનાયકરૂપે નિયુક્ત કર્યા. પુરાતન પ્રબંધ સંગ્રહ અનુસાર રાણિગને સજ્જન, આંબાક અને ધવલ એમ ત્રણ પુત્રો હતા. (આમાં સજ્જન તે સુપ્રસિદ્ધ દંડનાયક સજ્જન કે જેણે મૂળનાયક નેમિનાથ દાદાના જિનાલયનો ઉદ્ધાર કરાવ્યો હતો તે હોવાનો સંભવ છે.) જેમાં આંબાક દ્વારા વિ.સં. ૧૨૨૦માં આ પગથિયા બંધાવાની શરૂઆત થઈ હોય તેવું પ.પૂ.આ. વિજયસેનસૂરિ મહારાજ સાહેબના ઉલ્લેખથી જાણી શકાય છે, પૂ.આ. જિનપ્રભસૂરિ મહારાજ સાહેબે પણ આ હકીકતને સમર્થન આપેલ છે. અને ગિરનારના આ પશ્ચિમ દિશા તરફના લગભગ ૨૧૦૦ પગથીયા પાસે ડાબી બાજુની દિવાલમાં, માળી પરબ પહેલા લગભગ ૨૩૦૦ પગથિયા પાસે ડાબી બાજુની દિવાલમાં, લગભગ ૨૬૦૦ પગથિયા પાસે રાણકદેવીના પથ્થરથી ઓળખાતા સ્થાનથી આગળ જમણી બાજુની દિવાલમાં, લગભગ ૨૭૫૦ પગથિયા પાસે જમણી દિવાલમાં, લગભગ ૩૦૦૦ પગથિયા પૂર્વેની ડાબી બાજુની દિવાલમાં, લગભગ ૩૨૦૦ પગથિયા ઉપર કબૂતરી ખાણથી ઓળખાતા સ્થાનના ઓટલા ઉપર તથા ત્યાંથી ૨૦-૨૫ પગથિયા આગળ જતાં ડાબી બાજુની દિવાલમાં **આજે પણ વિ.સં. ૧૨૨૨/૨૩માં શ્રીમાળી રાણિગપુત્ર આંબાક દ્વારા આ પગથિયા બંધાવ્યા હોવાનો ઉલ્લેખ સ્પષ્ટરૂપે જોવા મળે છે.**

ચતુરશીતિ પ્રબંધ, કુમારપાલ પ્રબોધ પ્રબંધ અને સોમતિલકસૂરિના કુમારપાળદેવ ચરિત્ર પ્રબંધ અનુસાર જૂનાગઢ તરફના પશ્ચિમાદિશાના પગથિયા મંત્રીશ્વર ઉદયનના પુત્ર બાહડ (વાગ્ભટ્ટ) દ્વારા બંધાવ્યા હોવાના ઉલ્લેખ જોવા મળે છે તે આ રીતે કે કુમારપાળ મહારાજા દ્વારા ગિરનાર ઉપર પગથિયા બંધાવવાનો નિર્ણય કરીને ઉદયન મંત્રીને આ કાર્ય કરવા જણાવ્યુ હશે...

ઉત્કૃષ્ટ કોટિના જૈનશ્રાવક એવા આ ઉદયનમંત્રી યુદ્ધભૂમિ ઉપર પણ બે વાર પ્રતિક્રમણ કરતાં... એક વખત સૌરાષ્ટ્ર દેશના સૌરાક રાજાએ ગુપ્ત રીતે ઘરમાં પ્રવેશીને બકરી મારી હતી... કંટકેશ્વરી દેવીએ તે વાત કુમારપાળ રાજાને જણાવી દીધી... કુમારપાળે તે દુષ્ટ રાજાને શિક્ષા આપવા સમસ્ત સૈન્ય સહિત સેનાપતિ બનાવીને ઉદયનમંત્રીને યુદ્ધ માટે મોકલ્યા... તે મંત્રી પાદલિપ્ત (પાલીતાણા) નગરમાં શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરી શત્રુંજય ગિરિરાજ ઉપર આવ્યા... પરમાત્માની સ્તુતિ કરતાં હતાં તે અવસરે ત્યાં પડેલા દીવાની દીવેટને ખેંચીને લઈ જતા ઉંદરને જોયો... તે લાકડાનું મંદિર હોવાથી જો આમાંથી આગ લાગે તો તો મોટી હોનારત સર્જાય જાય ! આવા વિચારથી મંત્રીએ પ્રતિજ્ઞા કરી કે ''યુદ્ધ પૂર્ણ થયા બાદ મારે આ જિનમંદિરને પાષાણનું બનાવી દેવું.'' આવો સંકલ્પ કરીને બ્રહ્મચર્યનું પાલન કરવું, એકાસણા કરવા, ભૂમિ ઉપર સંથારવું, મુખવાસનો ત્યાગ કરવો વગેરે અભિગ્રહો પરમાત્માની સમક્ષ ગ્રહણ કર્યા...

કહેવાય છે કે **''જે ગૃહસ્થ એક પણ નિયમ ગ્રહણ કરે તે સંસારરૂપી ભવસમુદ્ર ને પાર પમાડનારી જિનાજ્ઞાનો અંશાત્મક પણ પાલક કહેવાય છે.''**

ત્યાંથી યુદ્ધભૂમિએ યુદ્ધ કરી, શત્રુઓના સૈન્યને મહાત કરી વિજયની વરમાળાને વર્યા પરંતુ યમરાજા સાથેના યુદ્ધમાં હારી ગયા... દેહાન્તની છેલ્લી પળોમાં તેમની આંખોમાંથી વહેતી અશ્રુધારા જોઈને અંગરક્ષકે દુઃખી થવાનું કારણ પૂછ્યું, ત્યારે મંત્રીવરે પોતાના હૈયામાં રહેલી ચાર અંતિમ ઈચ્છાઓ જણાવી...

૧) પુત્ર આંબકને દંડનાયક પદ અપાવવું.
૨) શ્રી શત્રુંજય મહાતીર્થ પરનું જિનાલય પાષાણનું બંધાવવું.
૩) શ્રી રૈવતગિરિ ઉપર નવા પગથિયા બનાવવા.
૪) મૃત્યુપૂર્વે જૈન સાધુના દર્શન અને એમના મુખે નિર્યામણા.

આ સાંભળી અંગરક્ષકે કહ્યું, ''પહેલાં ત્રણ કાર્ય આપનો પુત્ર બાહડ-વાગભટ્ટ કરશે અને અંતિમ

આરાધના માટે હું હમણાં જ સાધુ લાવું છું.'' આ રીતે વાત કરી કોઈ સામાન્ય વ્યક્તિને સાધુનો આચાર સમજાવી સાધુવેશ સાથે તેમની સમક્ષ લાવી દર્શન કરાવ્યા. તેની સમક્ષ અનશન કરી મંત્રીશ્વર પરલોક સિધાવ્યા પણ સાધુવેશ ગ્રહણ કરેલ સામાન્ય વ્યક્તિને વેશ છોડવાની ઈચ્છા ન થતાં તે રૈવતગિરિ ઉપર નેમિનાથ ભગવાનના દર્શન કરી, અનશન કરી સ્વર્ગે ગયા.

અંગરક્ષકે ઉદયન મંત્રીની અંતિમ વાતો તેમના મોટા પુત્ર બાહડને જણાવતાં પિતાની ઈચ્છાને પૂર્ણ કરવા બ્રહ્મચર્ય પાલન અને નિત્ય એકાસણાનો અભિગ્રહ ગ્રહણ કરી પોતાના ભાઈ આંબકને દંડનાયક પદ અપાવ્યું અને ઘણી મુશ્કેલીઓ વેઠી શત્રુંજય ઉપર પાષાણના જિનાલયનું કાર્ય શરૂ કરી પૂર્ણ કર્યું... જેમાં લગભગ ૩ કરોડ દ્રમનો ઉપયોગ થયો... હવે ગિરનાર ઉપર પગથિયા બનાવવાના કપરા કાર્ય માટે ચિંતીત બન્યો... આ કામ ઘણું મુશ્કેલ હતું... સાવ વાંકા ચૂકા, ઊંચા-નીચા, ખાડા-ટેકરાવાળા આ પહાડમાં પગથાર ક્યાં બનાવવી ? તેની કલ્પનાજ થઈ શકતી ન હતી ! અનેક કુશળ શિલ્પીઓને આ કાર્ય માટે બોલાવ્યા... તેઓએ ઘણા વિચારો કર્યા પરંતુ કોઈ માર્ગ સુઝતો ન હતો... નિરાશ થયેલો બાહડ પિતાશ્રીની અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા માટે ચિંતીત હતો... છેવટે તેણે મા અંબિકાદેવીનું વિધિવત્ શરણ લેવાનું નક્કી કર્યું... તેણે અટ્ઠમનો તપ કરીને મા અંબિકાનો જાપ કર્યો... ત્રીજા દિવસની રાત્રે મા અંબિકા પ્રત્યક્ષ થયા... તેણે કહ્યું ''ચિંતા શા માટે કરે છે ? અદૃશ્ય રહીને હું જે જગ્યાએ ચોખા વેરતી જાઉં તે જગ્યાએ તારે પગથિયા કરાવવા...'' આટલું કહીને મા અન્તર્ધ્યાન થયા... પિતાજીની ઈચ્છા પૂર્ણ થતી હોવાના વિચાર સાથે બાહડની આખી રાત ખૂબ આનંદમાં પસાર થઈ...

શુભમુહૂર્ત્તે સ્નાન કરી ભક્તિપૂર્વક પ્રભુનું સ્નાત્ર ભણાવીને સકળ સંઘ સાથે ગિરનારની તળેટીએ આવે છે... મંગલ કરીને પહાડ ચડવા માટેનો સંકલ્પ કરતાં જ આકાશમાંથી શ્વેત અક્ષતોની એક ધારા થવા લાગી... કુશળ કારીગરો દ્વારા તે સ્થળે પગથિયા બનાવવાનો હુકમ થયો...

જ્યાં પગ મૂકવાની પણ કલ્પના ન કરી શકાય ત્યાં અક્ષતની ધારા થતાં પથ્થરો, અતિમુશ્કેલીથી ખસેડાય કે ઊંચકાય અને અતિ કઠીનતાથી તોડી શકાય તે તમામ પથ્થરો અલ્પ પુરુષાર્થથી ધડાધડ તૂટવા લાગ્યા... રબ્બરની જેમ કપાવા લાગ્યા... રૂની જેમ ઊંચકાઈ જવા લાગ્યા... પગથિયા નિર્માણનું કાર્ય અતિવેગથી શરૂ થયું... રોજ સવારે અક્ષતની ધાર પહાડ ઉપર આગળને આગળ વધતી જાય અને પગથિયાનું કામ થતું જાય ! અંતે આ પગથિયાનું કાર્ય ૬૩ લાખ દ્રમના ઉપયોગથી પાર પડ્યું. કેવા હશે એ ઉત્કૃષ્ટ શ્રાવકો ! જેના રોમ રોમમાં પિતૃભક્તિ, ઋણમુક્તિ, શાસન અને તીર્થભક્તિ વસેલી હશે!

**૧૫મા શતકની તીર્થમાળામાં ઉદયનમંત્રીના પુત્ર બાહડ દ્વારા તેમના ભાઈ આંબાકની સહાયથી પશ્ચિમ દિશા તરફના નહીં પરંતુ સાંકળી ગામ તરફથી આવતાં ગિરનાર ઉપર ચઢવાના ઉત્તર દિશા તરફના પગથિયા બંધાવ્યાનો ઉલ્લેખ છે, જે ''સાંકળીયા પાજ'' નામે ઓળખાતા હતા, પરંતુ આજે તે પગથિયાના કોઈ અવશેષો લગભગ જોવા મળતા નથી.**

વિ.સં. ૧૬૮૩ના કારતક વદ ૬ સોમવારે દીવના શ્રીમાલજ્ઞાતીય સિંઘજી મેઘજીએ પગથિયાનો ઉદ્ધાર કરાવ્યાનો લેખ પણ ૨૬૫૦ પગથિયે જોવા મળે છે... ત્યારબાદ લગભગ વિ.સં. ૧૯૬૫માં ''ગિરનાર લોટરી ફંડ'' ઉભુ કરી તેના કમિટિ મેમ્બર ડૉક્ટર ત્રિભોવનદાસ મોતીચંદની રાહબરી હેઠળ આ પગથિયાના જિર્ણોદ્ધારનું કાર્ય થયેલ...

વિ.સં. ૧૬૮૬માં સહસાવન તરફ જવાના પગથિયા સંતોકરાજા જેચંદે કરાવ્યા હતા અને વિ.સં. ૨૦૩૯/૪૦માં સહસાવનથી તળેટી જવાના પગથિયા પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજની પ્રેરણાથી બંધાવ્યા હતા. તાજેતરમાં તે પગથિયાનો પણ જીર્ણોદ્ધાર પંન્યાસ ધર્મરક્ષિત મહારાજ તથા પંન્યાસ હેમવલ્લભ મહારાજની પ્રેરણાથી થયો છે.

અરે ! વાતવાતમાં આપણે ક્યાં પહોંચી ગયા ?

**૭૦૦ પગથિયા :**

ભવ્ય ! હવે તો આ સ્વેટર અને શાલ પણ ભારરૂપ લાગે છે ને ? હવે જુઓ કેવી ગરમી લાગવા માંડી ! આ એક તરફ પહાડ અને એક તરફ ખીણવાળો પ્રદેશ શરૂ થવાથી પવનને પસાર થવાની દિશાબંધ થાય છે તેથી જ ગરમી લાગે છે ! ચિંતા કરશો નહીં હમણાં લગભગ બીજા ૫૦૦ પગથિયા ચઢશું ત્યાં તો પાછા પવનના સુસવાટા ચાલુ થઈ જશે !

**જોર સે બોલો જય નેમિનાથ**
**જય જયશ્રી નેમિનાથ ! જય જય શ્રી નેમિનાથ !**

આગળ વધતા રહો ! કોઈ હીંમત ન હારતાં ! **ધીરજના ફળ મીઠાં !**

આ જુઓ લગભગ ૧૧૦૦ પગથિયા થતાં ધીમે ધીમે ગરમી ઓછી થવા લાગી !

**લગભગ ૧૧૬૫ પગથિયા :**

આ જુઓ બન્ને બાજુ આ પવનની દિશાઓ ખૂલી જતાં કેવો મંદ



મંદ વાયરો વીંઝાવા લાગ્યો !


**ધૂન : તાપસગિરયે નમો નમઃ, આલંબન ગિરયે નમો નમઃ,**
**પરમગિરયે નમો નમોઃ, વંદન હો ગિરનારને...... (૨)**
**કંઈ કેટલાય તાપસોની તપસ્યાભૂમિ છે આ ગિરનાર !**
**કંઈ કેટલાય આરાધકોની આલંબનભૂમિ છે આ ગિરનાર !**
**કંઈ કેટલાય ગિરિઓમાં પરમ સ્થાન પામેલ ભૂમિ છે આ ગિરનાર !**

આ ગિરિવરના પ્રત્યેક વૃક્ષમાં, પ્રત્યેક સરોવરમાં, પ્રત્યેક કુવામાં, પ્રત્યેક દ્રહમાં, પ્રત્યેક સ્થાનમાં, પ્રત્યેક શિખરમાં શ્રી નેમિનાથ ભગવાનના ધ્યાનમાં સદા તત્પર એવા અનેક દેવતાઓએ નિવાસ કરેલ છે.

આ ગિરિવર ઉપર એવા અનેક શિખરો અને ગુફાઓ છે જ્યાં જિનેશ્વર પરમાત્માની સેવામાં તત્પર એવા ઘણાં દેવતાઓએ આશ્રય કરેલો છે તેથી આ ગિરિ સ્વર્ગથી પણ અત્યંત મનોહર અને જાણે દેવતામય થયો હોય તેવું લાગે છે !

**સ્તુતિ** : દેવતાઓ, ઉર્વશીઓ, યક્ષોને વિદ્યાધરો,
વળી ગાંધર્વો સ્વસિદ્ધિકાજે, તીર્થની સ્તવના કરે;
જ્યાં સૂર્ય-ચન્દ્ર વિમાન વિરામી, હર્ષથી સ્તવના કરે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં... (૨)

જ્યાં દેવાંગનાના ગાનમાં, આસક્ત મયૂરો નાચતાં,
પવને પૂરેલ વેણુ ને, ઝરણાંઓ સૂરને પૂરતાં;
જ્યાં વાયુવેગે વિવિધવૃક્ષો, નૃત્ય કરતાં ભાસતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં... (૨)



(ગોરખનાથની ટૂંક), નેમિપ્રભુની મોક્ષગમનભૂમિ પાંચમી ટૂંકે દર્શન કરી છઠ્ઠી અને સાતમી ટૂંકે દર્શન કરવા જતાં હતાં.

ભવ્ય ! તને એ જાણી આશ્ચર્ય થશે કે શંખેશ્વર તીર્થમાં બિરાજમાન શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ભૂતકાળમાં આ સાતમી ટૂંક ઉપર પણ પૂજાયેલા છે !

ચારે તરફ જુઓ ! મનોહર એવો આ ગિરનાર પર્વત ચારે તરફ ગિરિઓની હારમાળારૂપી ગઢને વરેલો કેવી સમવસરણની શોભાને ધારણ કરે છે !

મધ્યમાં ચૈત્યવૃક્ષ જેવું આ મુખ્ય શિખર દેખાય અને ગઢ જેવા આ આજુબાજુમાં અન્ય નાના નાના પહાડો આવેલા છે.

**ધૂન : શ્રી ગિરયે નમો નમઃ સપ્તશિખરગિરયે નમો નમઃ**
**ચૈતન્યગિરયે નમો નમઃ વંદન હો ગિરનાર ને... (૨)**

**કંઈ કેટલી ગુણસમૃદ્ધિની ખાણ છે આ ગિરનાર !**
**સાતરાજ પાર કરવા સાત શિખરયુક્ત ભૂમિ છે આ ગિરનાર!**
**કંઈ કેટલાય સાધકોની ચૈતન્યશક્તિને પ્રગટાવનાર ભૂમિ છે આ ગિરનાર!**

## ૧૫૦૦ પગથિયા :

આ જુઓ ત્રીજો વિસામો આવ્યો ! પૂર્વે આ સ્થાન ''ધોળીદેરી''ના નામથી ઓળખાતું હતું ! અરે ! આ વિસામો તો બહુ જલ્દી આવી ગયો હોય તેવું નથી લાગતું ? અહીં તો પહાડ ચઢતા હોય તેવું લાગ્યુ જ નહીં !

આ ડાબી તરફ જુઓ ! નેમિપ્રભુના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકો થયા છે તે કલ્યાણકારી ભૂમિ એવા સહસાવન જવા માટેનો પગથિયાનો અસલ માર્ગ દેખાય ! તેથી જ આજે પણ ''જૂની સીડી''ના હૂલામણા નામથી આ માર્ગ ઓળખાય છે. નિરંજનનાથ એવા નેમિપ્રભુ પણ આ વાટે વિચરેલા હશે !

પૂર્વકાળમાં આ પગથિયાથી ગિરનારની યાત્રા કરી પ્રથમ કલ્યાણકભૂમિ સહસાવનની સ્પર્શના કરીને યાત્રિકો ઉપર ચઢી પહેલી ટૂંકના માર્ગે છત્રશિલા આદિ થઈ અંબાજી ટુંક, અવલોકન શિખર

## લગભગ ૧૯૫૦ પગથિયા :

આ જુઓ એક સાથે બે વિસામા સામસામા આવ્યા! આ સ્થાન ''કાળીદેરી''ના નામથી ઓળખાય છે.

અરે ! માર્ગમાં આટલા બધા વિસામા કેમ બનાવ્યા હશે? અહીં તો વિશ્રામ કરવાની એવી કોઈ જરૂર જ પડતી નથી! જો બાલ્યકાળમાં સાંભળેલી પેલી કાચબા અને સસલાની વાર્તા



યાદ છે ? કાચબાની જેમ ભલે ધીમે ધીમે પરંતુ જો એક જ ગતિએ ચાલવાનું રાખીએ ને ! તો વાટ ક્યાં કપાઈ જાય છે તેની ખબર જ પડતી નથી !

**૨૦૦૦ પગથિયા :**

આ ડાબી બાજુની કેડીના માર્ગે આગળ જઈએ ને ! તો હિન્દુસંત વેલનાથ બાપુની સમાધિના સ્થાને જવાય છે. ચાલો ! આપણે તો આપણા આ પગથિયાના માર્ગે જ આગળ વધીએ!!!

**લગભગ ૨૨૦૦ પગથિયા :**

આ જુઓ ભરથરી ગુફા આવી ! આ ગુફામાંથી અતિવિકટ એવા ગુફાના માર્ગે વેલનાથ બાપુની સમાધિની પાસે રહેલા એક ગુફાના દ્વાર સુધી પહોંચી શકાય છે હોં !

**લગભગ ૨૩૦૦ પગથિયા :**

આ સ્થાનને માળી પરબ કહેવાય છે, જ્યાં આ જુઓ રામજી મંદિર આવેલું છે. અહીં આજે પણ ડાબા હાથ તરફ એક લેખ જોવા મળે છે. જેમાં લખેલ છે, **''वि.सं. १२२२ श्री श्रीमाल ज्ञातिय महं श्री राणिग सुत महं श्री आंबाकेन पद्या कारिता''** આ સંકુલમાં અગ્નિખૂણા તરફ નીચે ઉતરતા મીઠા અને શીતલ જલનો એક કુંડ પણ છે, ત્યાં એક છૂટા લેખમાં ''વિ.સં. ૧૨૪૪માં શ્રી પ્રભાનંદસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી આ કુંડ બંધાવવામાં આવ્યો હતો.'' આવું લખાણ છે આ રૂમમાં જુઓ ઘાટકોપર-મુંબઈના જૈન સુશ્રાવકે દાન આપ્યાની તક્તિ



છે. અહીંથી ગુફાના એક માર્ગથી અંબાજી ટૂંક સુધી પણ પહોંચી શકાય છે તેવો ઉલ્લેખ કેટલાક ગ્રંથોમાં જોવા મળે છે. ચાલો આગળ વધીએ!


**ધૂન : અવ્યયગિરયે નમો નમઃ, ધ્રુવગિરયે નમો નમઃ,**
**પરમોદયગિરયે નમો નમઃ, વંદન હો ગિરનારને... (૨)**

**આત્મગુણોને વ્યય ન થવા દે તે ભૂમિ છે આ ગિરનાર !**

**જેનો કેટલોક અંશ અનાદિ અનંતકાળ રહેશે તે ભૂમિ છે આ ગિરનાર !**

**જેનું ધ્યાન ધરવા માત્રથી પરમોદય થાય તે ભૂમિ છે આ ગિરનાર !**

જુઓ આ થોડા ચઢાણવાળા પગથિયા આવ્યા !



**લગભગ ૨૪૭૫ પગથિયા :**

આ ''કાઉસ્સગ્ગીયાનો પથ્થર'' અથવા ''હાથી પહાણો'' તરીકે ઓળખાતો પથ્થર છે, તે સ્થાને લપસી જવાનો ભય રહેતો હોવાથી ત્યાં હાલ સીમેન્ટ કોંક્રીટનો માલ નાખ્યો હોવાથી આ પહાણો સંપૂર્ણતયા ઢંકાઈ ગયો છે. આગળ ચાલતાં (લગભગ ૨૬૦૦ પગથિયે) આ જુઓ ! આ વિશાળકાય શિલા જાણે લટકતી ન હોય ! તેવી લાગે છે !


દંતકથાનુસાર આ ''રાણકદેવીનો થાપો'' નામે પ્રચલિત છે. કહેવાય છે કે જ્યારે એક સમયે રાણકદેવીના પતિનો વધ થયો ત્યારે તેના શીયળની રક્ષા માટે પહાડની શિલાઓ ગબડવા લાગી હતી ત્યારે સતી રાણકદેવીએ રાડ પાડી, ''મા પડ ! મા પડ! ગિરનાર ! ફરી આ ચોસલા કોણ ચડાવશે !'' તેવું જણાવતા તેના સતીત્વના પ્રભાવથી આ શિલા ગબડતા અટકીને આ રીતે લટકીને રહી છે, તેવું કહેવાય છે.

**લગભગ ૨૬૫૦ પગથિયા :**

આ જુઓ ગિરિવરના પગથિયાનું સર્જન અને ઉદ્ધાર કરનારા આપણા પૂર્વજો ! વિ.સં. ૧૨૨૨/૨૩માં આ પગથિયાનું નિર્માણ કરાવનાર આંબાક અને વિ.સં. ૧૬૮૩માં ઉદ્ધાર કરાવનાર દીવના સુશ્રાવક સિંઘજી મેઘજીના લેખો કેવા સ્પષ્ટ દેખાય છે !

ચાલો ! આ લાંબી સીડીનો પગથિયાનો માર્ગ શરૂ થયો !

ડાબી બાજુ દૂર દૂર નજર કરતાં આ જૂનાગઢ



શહેર કેવું રળીયામણું લાગે છે ! આ નીચે જુઓ ગિરનારની તળેટી ભવનાથનો વિસ્તાર ! જો પેલો આપણે ચઢીને આવ્યા તે પગથિયાનો માર્ગ ! અરે! આપણે ઠેઠ તળેટીથી આટલા બધા પગથિયા ચઢીને અહીં સુધી આવી પહોંચ્યા ? વિશ્વાસ જ નથી બેસતો ! આ તે વાસ્તવિકતા છે ? કે સપનું ?

ભવ્ય ! હજુ સવારે તો આવો મોટો આ પહાડ કેમ ચઢાશે ? થાકી જશું તો આપણે ડોળી કરી લેશું ! અથવા પાછા ઉતરી જવું ! તેવા વિચિત્ર વિચારોના વમળમાં ક્યાંય ડૂબી ગયા હતા અને અત્યારે તો આ શિખરની સમીપ પહોંચવા લાગ્યા! ખરેખર ! આ કોઈ આશ્ચર્ય છે ! આમાં તો નેમિપ્રભુની અમીદૃષ્ટિ અને અંબિકામાના અચિન્ત્ય પ્રભાવનો અનુભવ થાય છે !

ઈતિહાસના સુવર્ણ પાને પાને આ મહાતીર્થ ઉપર કેટલાય આત્માઓએ આ ભૂમિના પ્રભાવોના પરચાઓનું આસ્વાદન કરેલ છે. જેમાંથી કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય, આચાર્ય બપ્પભટ્ટસૂરિજી, આચાર્ય બલભદ્રસૂરિજી, આચાર્ય યશોભદ્રસૂરિજી, વસ્તુપાળ-તેજપાળ, પેથડશા-ઝાંઝણશા, ધારશ્રાવક, અશોકચન્દ્ર, ભીમસેન, સૌભાગ્યમંજરી, દુર્ગંધા નારી વગેરે કેટકેટલાય નામો લેવા !

**સૌ પહેલા આપણે વિવિધ પ્રસંગોનું સ્મરણ કરીએ...**

સોરઠદેશની ધન્યધરા જગતના સર્વોત્કૃષ્ટ બે ગિરિરાજને ધારણ કરી પોતાના સત્ત્વ અને સામર્થ્યનું પ્રદર્શન કરી રહી છે. આ સોરઠની શૌર્યવંતી ભૂમિએ અનેક ઐતિહાસિક પ્રસંગોની હારમાળાઓને કારણે ગુર્જરદેશને ગૌરવવંતો બનાવ્યો છે.

તીર્થાધિરાજ શત્રુંજયગિરિ અને ગરવા ગઢ ગિરનારના શિખરે જિનાલયોની દિવ્યધજાઓ લોકોત્તર એવા જિનશાસનના ગૌરવને ઊંચે ઊંચે આભને અંબાવવા મથી રહી છે.

કરોડો દેવતાઓથી સેવાતો અને પૂજાતો ગઢ ગિરનાર વાદળોથી વાતો કરતાં કરતાં ઝંઝાવાતી વાયરાની સાથે ઝીંક લેવા સાથે અનેક વાદવિવાદના વંટોળ સામે આજે પણ અડોલ અને અટલ ઊભો રહ્યો છે.

ચક્રવર્તીઓની ભૂમિ હસ્તિનાપુર નગરીથી પ્રયાણ આદરી માર્ગમાં અનેક ગામ-નગરોમાં વિવિધ

શાસનપ્રભાવનાના કાર્યો કરતો પદયાત્રા સંઘ અનેક તીર્થોની સ્પર્શના કરતાં કરતાં તીર્થાધિરાજ શત્રુંજય મહાગિરિની સ્પર્શનાદિ કરી આજે ગરવા ગઢ ગિરનારની ગોદમાં પહોંચી ગયો છે.

બીજા દિવસે મંગલ પ્રભાતે બાલબ્રહ્મચારી શ્રી નેમિનિરંજનના ચરણો ચૂમવાના મનોરથ સાથે સંઘપતિ ધનશેઠ ચતુર્વિધ સંઘ સાથે ગિરિવરની યાત્રાનો પ્રારંભ કરે છે. ગિરિવરના પગલે પગલે પરમપદની સુવાસને માણતાં શેઠ દેવાધિદેવના દરબારમાં પહોંચે છે. આજે સૌ યાત્રિકોના મનમયૂરો નાચી ઉઠ્યા છે, પરમાત્માની ભક્તિની મહેફીલ જામી છે, સંઘપતિ ધનશેઠે સંપત્તિની રેલમછેલ કરીને સર્વોત્કૃષ્ટ પૂજાદ્રવ્યની સુવાસથી જિનાલયના રંગમંડપને મહેકાવી દીધો છે.

સકળ સંઘ ઉછળતાં ભાવો સાથે દ્રવ્યપૂજા પૂર્ણ કરી ત્રીજી નિસીહિ દ્વારા ભાવપૂજામાં પગરવ માંડે છે, ત્યાં જ કોઈ અશુભ કર્મોદયથી ભાવધારામાં સ્ખલના પાડતા અન્ય એક સંઘનો જિનાલયમાં પ્રવેશ થયો. મહારાષ્ટ્રના મલયપુરથી ગુજરાતના ગિરનારે પહોંચેલા સંઘના સંઘવી વરૂણશેઠ દિગંબરપંથના કટ્ટર અનુયાયી હતા. દ્રવ્યપૂજા દરમ્યાન ધનશેઠે સકળ સંઘ સાથે શ્રી નેમિપ્રભુને ચડાવેલી પુષ્પની માળા, કીંમતી આભૂષણ આદિ વરુણશેઠે ઘડી બે ઘડીમાં હતા ન હતા જેવા કરી નાખ્યા. સર્વ અલંકારાદિ શોભા ફગાવીને બરાડી ઉઠ્યા આ વીતરાગીને વળી રાગના સાધનોની શું જરૂર છે ?

શ્વેતામ્બરીય ધનસેઠ સહિત સકળ સંઘના હૈયા કકળી ઉઠ્યા, ''અમારી પૂજામાં અંતરાય પાડનાર તમે કોણ ?''

અવસરે સામો વરૂણશેઠનો પણ પડકાર થયો, ''અમે દિગંબરો આ તીર્થનાં ખરા માલિક છીએ, આ તીર્થ અમારું જ છે, તમે તો આજકાલના પેદા થયેલા છો !''

ધનશેઠ હવે ઝાલ્યા રહે તેમ ન હતા, અરે! આવું સણસણતું જૂઠ કેમ કરી સહેવાય ? ગિરનાર ઉપર વળી દિગંબરોનો હક્ક ક્યારથી લાગ્યો ? અરે ! શ્વેતામ્બરોની દયા કહો કે કરૂણા કહો આજે દિગંબરોને આ ગિરનારની યાત્રા કરવા મળે છે તે શ્વેતામ્બરોનો જ ઉપકાર છે.

''પ્રભુજીની અંગરચના કરવા માત્રથી જો પ્રભુજી રાગી બની જતા હોય તો દિગંબરો દ્વારા થતી પરમાત્માની રથયાત્રાથી શું પ્રભુ વીતરાગી રહે ? વીતરાગીને વળી રથમાં બેસાડવાનાં શું અરમાનો રાખવા ? પ્રભુ જો અલંકારોથી રાગી થાય તો પ્રભુની પ્રતિમા સ્ત્રીઓના સ્પર્શથી વીતરાગી કહેવાય ?''

વરૂણશેઠના વિચારોએ પણ વાવાઝોડાનું સ્વરૂપ લીધું અને કહે, ''ખબરદાર ! જો તમારે દિગંબર પદ્ધતિથી પ્રભુપૂજા કરવી હોય તો થશે, અન્યથા સજા ભોગવવા સાવધાન રહો !''

ધનશેઠ પણ **''જય નેમિનાથ''**ના નાદ સાથે કૂદી પડ્યા, **''અરે ! પ્રભુના શાસન ખાતર મરણને શરણ જનારને તો સજા સજા ન લાગતાં શાસન સેવા ખાતર શહીદ થવાની મજા લાગે છે. આજે તો અમે કેસરીયાં કરીને રહીશું ભલેને અમારા મસ્તક વધેરાઈ જાય ! અમને કોઈ ચિંતા નથી.''**

હવે જોતજોતામાં શ્રી નેમિપ્રભુનો દરબાર રણસંગ્રામ બનતો જતો જોઈને ઉભયપક્ષના પ્રબુદ્ધજીવોએ વાતને થાળે પાડવાની આગેવાની લીધી. અરસપરસના વિચાર વિમર્શના અંતે નિર્ણય થયો કે, ગિરિનગરના મહારાજા વિક્રમની રાજ્યસભામાં ઉભયપક્ષની વાતોની રજૂઆત થાય અને મહારાજા પાસે જ ગિરનારના હક્ક અંગે ન્યાય તોલાય.

ઉભયપક્ષને માન્ય એવી આ રજૂઆત થતાં બન્ને સંઘો વિખરાઈ ગયા, સૌ યાત્રિકો તળેટીએ આવ્યા. તે સમયે રાજ્યસભા બરખાસ્ત થઈ ચૂકી હતી, છતાં ઉભયપક્ષે રાજ્યસભાના દ્વાર ખખડાવ્યાં.

મહારાજા વિક્રમના રાજદરબારના દ્વારો ઉઘડ્યાં, મહારાજાએ બન્ને પક્ષની ફરીયાદો સાંભળતાં પરિસ્થિતિ ગંભીર હોવાનું અનુમાન કરી સૌને બીજા દિવસે રાજ્યસભામાં નિર્ણય કરવાનું જણાવતાં સૌ વિખરાઈ ગયા.

સંધ્યા ઢળી અને અંધકારનું આગમન થતાં ધનશેઠની શ્રદ્ધાનો દીપક વધુ પ્રજ્વલિત થયો. ગિરનાર શ્વેતામ્બરોનો જ છે અને રહેશે એવી અડગ શ્રદ્ધા હોવાથી તેણે રાત્રે તીવ્ર ભાવે ગિરનાર ગિરિવરના અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની આરાધના કરી. તેના સત્ત્વ અને ધીરતાથી સંતુષ્ટ થઈ શ્રી અંબિકાદેવી પ્રગટ થયાં. ધનશેઠે કહ્યું, ''ઓ મૈયા ! આ ગિરનાર ગિરિવરનો માલિક કોણ ? આવતી કાલે રાજદરબારમાં નિર્ણય અવસરે આપ પધારશોને ?''

શ્રી અંબિકાદેવી બોલ્યાં, ‘‘ધીરપુરૂષ ! સત્ય અને જૂઠ તો ક્ષીર-નીરની માફક છૂટા પડી જાય છે, તમે નિશ્ચિત રહેજો ! આવતી કાલે મહારાજા વિક્રમને કહેજો કે, અમારા ‘‘સિદ્ધાણં બુદ્ધાણં’’ સૂત્રમાં આ ગિરનાર મહાતીર્થનું રોજ સ્મરણ કરવામાં આવે છે, જેનાથી ગિરનારની માલિકી શ્વેતામ્બરોની જ હોવા અંગે કોઈ શંકાને સ્થાન નથી.’’

સૂર્યોદયના સુવર્ણકિરણો શ્વેતાંબર જૈનોના સુવર્ણકાળના ઉદયની શાખ પૂરતાં હતાં. આજે ધનશેઠના હૈયામાં શ્રદ્ધા અને વિશ્વાસનો સમન્વય થઈ ચૂક્યો હતો. સૌ રાજ્યસભામાં ગિરનાર મહાતીર્થના ઈજારાના નિર્ણય અંગે ચાતકચિત્તે ઉત્સુક બેઠાં હતા. મહારાજા વિક્રમનો પ્રવેશ થયો, રાજ્યસભાનો પ્રારંભ થતાં ધનશેઠે પોતાની વાતની રજૂઆતનો પ્રારંભ કર્યો, ‘‘મહારાજા ! પૂર્વકાળના ઈતિહાસના અતીતમાં ડોકીયું કરતાં ગિરનારનો ઈજારો નિશ્ચિતપણે શ્વેતામ્બરના પક્ષે હોવા છતાં હાલ તે પૃષ્ઠોને ઉથલાવવાને બદલે ખૂબ જ સરળતાથી આ વિવાદનો અંત આણી શકાય તેમ છે. અમે શ્વેતામ્બરો નિત્ય ચૈત્યવંદનમાં શ્રી ગિરનાર મહાતીર્થનું સ્મરણ ‘‘સિદ્ધાણં બુદ્ધાણં’’ સૂત્રના આલંબનથી કરીએ છીએ. અમારા નાના બાળકો પણ કહી શકે કે ગિરનાર શ્વેતામ્બરોનો છે, ગિરનારને અમે રોજ ચૈત્યવંદનમાં યાદ કરીએ છીએ.’’

મહારાજા વિક્રમ પણ આ વાતને સાંભળીને સંતુષ્ટ થઈ ગયા અને તેમના હૈયામાં આ વાત બેસી ગઈ હોવા છતાં માત્ર આશ્વાસન માટે વરૂણશેઠને પૂછે છે, ‘‘તમારે કંઈ કહેવું છે ?’’

વરૂણશેઠ વાસ્તવિકતાને સાંભળતા દિઙ્મૂઢ થઈ ગયા, બળજબરી કરી શકાય તેવી પરિસ્થિતિ નથી, આ તો રાજ્યસભા છે તેથી રાજન્યાયને શિરોમાન્ય કર્યા વગર છૂટકો નથી. પોતાના પક્ષના બચાવ માટે કેટલીક રજૂઆત થઈ પરંતુ પોતાને પણ તેમાં આત્મવિશ્વાસ ન હતો. મહારાજા વિક્રમે વરૂણશેઠની રજૂઆતને હાસ્યાસ્પદ બનાવી ધનશેઠની શરત માન્ય રાખવા માટે નિમંત્રણ આપ્યું.

હવે વરૂણશેઠ ઝાંખા પડી ગયા પણ મનમાં શંકા રહેતી હતી કે જો આ લોકોએ સંઘના દરેક યાત્રિકોને આ ગાથા ગોખાવી નાંખી હોય તો ? આવી શંકાથી તે ધનશેઠની શરતનો સ્વીકાર કરવા સાથે સંઘના યાત્રિક સિવાયના કોઈ વ્યક્તિ પાસે આ ગાથા બોલાવવામાં આવે તો પોતે ગિરનાર મહાતીર્થની માલિકી શ્વેતામ્બરની હોવાનું કબૂલ કરવા તૈયાર થયા.

રાજસેવકો આજુબાજુના કોઈ ગામમાંથી એક બાળકીને રાજદરબારમાં હાજર કરે છે અને સિદ્ધસ્તવ અર્થાત્ સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર બોલવા જણાવે છે ત્યારે તે બાળકી બોલે છે...

**ઉજ્જિંતસેલ સિહરે દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ,**
**તં ધમ્મ ચક્કવટ્ટીં, અરિટ્ઠનેમિં નમંસામિ.**

‘‘ઉજ્જયંતગિરિ (ગિરનાર)ના શિખરે દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ આ ત્રણ કલ્યાણકો જેમના થયા છે, તે ધર્મચક્રવર્તી શ્રી નેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરૂં છું.’’ આ બાળ કન્યાના વચનો પૂર્ણ થતાંની સાથે તેના ઉપર પુષ્પવૃષ્ટિ થઈ અને ચારેકોર શ્વેતામ્બરોના વિજયના હર્ષનાદના પડઘાઓ ગિરનાર ગિરિવર ઉપર ગુંજી ઉઠ્યા.

ધનશેઠ શાસન અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીનું મનોમન સ્મરણ કરી આનંદવિભોર બની ગયા.

મહારાજા વિક્રમે નિર્ણય જાહેર કર્યો કે... ‘‘ગિરનાર મહાતીર્થના એક માત્ર માલિક શ્વેતામ્બરો જ છે.’’

**હવે ધારશેઠની તીર્થભક્તિ અને તેના પાંચ-પાંચ પુત્રોના બલિદાનનો પ્રસંગ સાંભળો !**

# તીર્થભક્તિનો પ્રભાવ

ધામણઉલી નામના ગામમાં રહેનારો ધાર નામનો એ વેપારી હતો. પૂર્વભવના સત્કર્મના કારણે પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે આ ભવમાં તે ધનોપાર્જનમાં જાણે કુબેરની સ્પર્ધા ન કરતો હોય તેમ શોભતો હતો. ખૂબ ઉલ્લાસભેર પોતાની ધનસંપત્તિનો સદ્‌વ્યય કરીને અનેકજનોને જીવિતદાન આપતો તે પોતાના પાંચે પુત્રોની સાથે સંઘનો અધિપતિ થઈને આનંદથી ગિરનારની યાત્રા કરવા આવ્યો. તેનો સંઘ શ્રી ગિરનાર મહાતીર્થની તળેટીનાં મેદાનમાં છાવણી નાંખીને રહ્યો હતો.

ગિરનાર મહાતીર્થમાં રહેલો સંઘ બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુના દર્શન કરવાના મનોરથો સેવી રહ્યો હતો. તે અવસરે તે વિસ્તારમાં દિગંબર જૈનપંથનો અનુયાયી એવો એક રાજા આ શેઠીયાઓ શ્વેતામ્બર જૈનપંથના અનુયાયી હોવાથી તેમને આ ગિરનાર ગિરિવર પર ચઢતાં અટકાવવા લાગ્યો. પ્રભુના દર્શન-પૂજન-સ્પર્શનની ઝંખના સાથે હર્ષોલ્લાસભેર પ્રયાણ આદરેલ ધાર નામના શ્રેષ્ઠિનો સંઘ ગિરિરાજ આરોહણ કરવાના પ્રયત્નો કરવા લાગ્યો. તે સમયે દિગંબર રાજાના સૈન્યે આ સંઘ ઉપર આક્રમણ કરતાં બન્ને પક્ષો વચ્ચે લડાઈના મંડાણ થયા, તે અવસરે શ્રી નેમિપ્રભુ પ્રત્યેની અપાર ભક્તિથી ધારશ્રેષ્ઠિનાં પાંચેય પુત્રોના સત્ત્વ સ્ફુરાયમાન થતાં પાંચે બંધુઓએ અપ્રતિમ રસપૂર્વક યુદ્ધ લડવાનું શરૂ કર્યું. તીર્થભક્તિના અતિશય રાગથી કેસરીયા કરતાં તીર્થરક્ષાર્થે મરણીયો જંગ ખેલી દુશ્મન લશ્કરના અનેક સૈનિકોનો પરાભવ કરતાં કરતાં આ પાંચેય પુત્રો મરણને શરણ થયા. તીર્થભક્તિના અવિહડ રાગના પ્રતાપે તે પાંચેય મરીને આ જ તીર્થક્ષેત્રના અધિપતિપણાને પામ્યા છે. આ તીર્થક્ષેત્રાધિપતિ તરીકે ઉત્પન્ન થયેલા આ પાંચેય પુત્રોના અનુક્રમે ૧, કાલમેઘ ૨, મેઘનાદ ૩, ભૈરવ ૪, એકપદ અને ૫ ત્રૈલોક્યપાદ એવા નામ પડ્યા અને તીર્થશત્રુનો પરાભવ કરતાં તે પાંચેય જણ પર્વતની આસપાસ વિજયની વરમાળાને વર્યા.

**ચાલો હવે ! તીર્થભક્તિના કારણે મહારોગનો પણ નાશ થઈ ઉચ્ચપદને પામતા સિદ્ધવિનાયક દેવનો પૂર્વ વૃત્તાંત સાંભળો...**

# સિદ્ધિદાયક રૈવતગિરિ

સોરઠદેશના સુગ્રામપુર ગામમાં પૂર્વકર્મના તીવ્ર ઉદયને કારણે અનેક દોષોના ભંડાર સ્વરૂપ એક ક્ષત્રિય રહેતો હતો. કોઈ પણ જાતના વ્રત નિયમરહિત લગામ વિનાના અશ્વની માફક તેનું જીવન સ્વચ્છંદતા અને સ્વતંત્રતાની પરાકાષ્ટાને આંબી રહ્યું હતું. તેના દિલમાં જીવમાત્ર પ્રત્યે કોઈ કરૂણા ન હોવાથી અનેક જીવોને નિર્દયપણે હણવામાં માહિર હતો, રાજા હરિશચન્દ્રનો કટ્ટર દુશ્મન હોય તેમ સત્યની સાથે તેને મહાભયંકર વેર હોવાથી હંમેશા કુડ-કપટ અને મિથ્યાવચનોને ઉચ્ચારતો, અનેકવિધ દોષોથી ખદબદતો તે માર્ગમાં ચાલતાં વટેમાર્ગુને ત્રાસ પમાડી આનંદ માણતો હતો. આ રીતે હત્યા વગેરે મહાપાપકારી પ્રવૃત્તિના પ્રતાપે મહાપાપોદયના કારણે તેના શરીરમાં લૂન નામનો રોગ સર્વત્ર વ્યાપિ ગયો હતો. આ મહારોગથી અત્યંત ભયંકર પીડાને સહન કરતો તે ગામોગામ અને નગરે નગરે દીન બનીને રખડી રહ્યો હતો.

પૂર્વભવના કોઈ પ્રચંડ પુણ્યોદયે એક જૈન મુનિ ભગવંતનો ભેટો થયો. તેઓને પોતાની દુઃખ ભરી કથની સંભળાવીને તે આત્મસમાધિના ઉપાયની માંગણી કરતાં મુનિભગવંત સમક્ષ પોતાની ઝોળી ફેલાવે છે. નિષ્કારણ બંધુ મુનિવર શ્રી રૈવતગિરિ મહાતીર્થના માહાત્મ્યનું અદ્‌ભુત વર્ણન કરે છે. તેના પ્રભાવનો પરચો મેળવવા તે રૈવતાચલ મહાતીર્થની યાત્રાર્થે પ્રયાણ આદરે છે. ટૂંક સમયમાં રૈવતગિરિની સમીપ પહોંચી ગિરિ આરોહણ કરતો તે શ્રી નેમિપ્રભુના દર્શનથી નેત્રોને પાવન કરી ખૂબ ભાવપૂર્વક પ્રભુની પૂજા-ભક્તિ તથા ઉજ્જયન્તી નદીના નિર્મળ જલથી સ્નાન કરે છે, દ્રવ્ય અને ભાવ સર્વરોગોનો નાશ થતાં તે સમાધિપૂર્વક મૃત્યુ પામી સૂર્યમંડન સમાન દેહકાંતિવાળો, દસે દિશાઓને પ્રકાશ્યમાન કરનાર, અદ્‌ભુત રૂપવાન સુરસામ્રાજ્યને પામેલો દેવ થાય છે.

દિવ્યસુખના ભોગવટામાં પૂર્વભવને ભૂલેલા તે દેવને આકસ્મિક પરમાત્મા અને તીર્થના પરમોપકારનું સ્મરણ થાય છે. પૂર્વભવમાં ભરતચક્રવર્તી દ્વારા નિર્માણ કરાયેલા નેમિપ્રાસાદમાં પૂજાભક્તિ કરવાથી તેની પાપની પરંપરાનો નાશ થાય છે અને રૈવતગિરિ મહાતીર્થના પ્રચંડપ્રભાવના પ્રતાપે અત્યંત દિવ્યકાંતિવાન્ દેવપણાને

પામે છે, તે ઉપકારોનું અંશાત્મક ઋણ ચૂકવવાની ભાવનાથી તે પુનઃ રૈવતગિરિની સ્પર્શના-ભક્તિ કરવા જાય છે અને જિનાલયનું પણ નિર્માણ કરે છે. જેના અચિન્ત્ય પ્રભાવથી મને આ સિદ્ધિની પ્રાપ્તિ થઈ છે. તેનો જો આશ્રય ન કરીએ તો સ્વામિદ્રોહના ભયંકર પાપના પરિણામે દુર્ગતિમાં પતન થાય, વળી આ પ્રભુ તથા તીર્થની ભક્તિથી મને આગામી ભવમાં આનંદદાયક કેવલજ્ઞાનની અને પરમપદની પ્રાપ્તિ થશે તેથી હવે આ તીર્થને જ મારું આશ્રય સ્થાન બનાવું એવો વિચાર કરી આ રૈવતગિરિ તીર્થમાં સિદ્ધિવિનાયક નામનો અધિષ્ઠાયક દેવ બની તે શ્રી નેમિનાથ પરમાત્માના ભક્તજનોના વાંછિત કાર્યોને પૂર્ણ કરવા સજ્જ બનેલ છે.

**વાતોમાં આપણે તો ધીમા પડી ગયા કેમ ? ચાલો ! આપણે થોડી ઝડપ કરીએ તો પ્રક્ષાલના સમય સુધી પહોંચી જવાય !**

**લગભગ ૨૮૭૫ પગથિયા :**

આ જુઓ ! જમણી બાજુના પહાડમાં જિનેશ્વર પરમાત્માની મૂર્તિ કોતરવામાં આવી છે. તેને કરીએ આપણે વંદન ! ‘‘નમો જિણાણં’’

આ જગ્યા પૂર્વે ધોળાકુવાના નામે ઓળખાતી હતી.

અરે ! આ ઉપર પહાડની શિલાઓમાં તો જુઓ !

શિલાઓની બખોલોમાં ગિરિવરના સાન્નિધ્યમાં આ પક્ષીઓ નિશ્ચિંત થઈને કેવા સમાઈ ગયા છે !

આ નીલગગનમાં જુઓ કેટલા ગીધો પોતાની મસ્તીમાં વિચરી રહ્યા છે !

કેટલા સદ્‌નશીબી છે આ જીવો !

કહ્યું છે ને -

**સ્તુતિ** : આ તીર્થભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે;
ભવભ્રમણ કેરાં દુર્ગતિના, બંધનો તેનાં ટળે;
મહાદુષ્ટને વળી કુષ્ટરોગી, સર્વ સુખ ભાજન બને,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં... (૨)


હા ! આકાશમાં ઉડતાં પક્ષીઓનો પડછાયો પણ જો આ પવિત્રતમ ભૂમિને સ્પર્શે તો તેની પણ દુર્ગતિનો નાશ થાય છે !

અરે ! આ ગિરિના જિનાલયોના શિખર ઉપર ફરનારા જલ-સ્થલ અને ખેચર એવા પશુ-પક્ષી વગેરે તીર્યંચો પણ ત્રણ કે આઠ ભવમાં સિદ્ધિપદને પામે છે.

ભવ્ય ! આ તીર્થની સેવા થકી દ્રવ્ય અને ભાવ દારિદ્ર દૂર થયું તેવા અશોકચન્દ્રના પ્રસંગને પણ જાણવા અને માણવા જેવો છે. તે સાંભળો !







# અશોકચન્દ્ર

જંબૂદ્વીપના ભરતક્ષેત્રની ભોમકા ઉપર ચંપાપુરી નામની નાની પણ રળિયામણી નગરીમાં પૂર્વકૃત અશુભકર્મના તીવ્રોદયના કારણે દીર્ઘકાલીન દરિદ્રતાના દર્દથી શોકાતુર એવો અશોકચંદ્ર નામનો ક્ષત્રિય વસતો હતો. નિર્ધનપણાની વસમી વ્યથાથી અત્યંત કંટાળી ગયેલો તે સતત ઉદ્વેગ અનુભવતો ગૃહત્યાગ કરી રખડતો રખડતો એક સ્થાનથી બીજે સ્થાને ભટકી રહ્યો હતો.

અનાદિકાળના અશુભકર્મના ઘનઘોર વાદળોના અંધકારને ભેદનારા તેજસ્વી પ્રકાશનું આગમન થતું હોય તેમ માર્ગમાં તપના તાપથી તપાવેલ કંચનવર્ણી કાયાધારણ કરેલ એક મુનિવરનો મેળાપ થયો. મહાત્માના દર્શન થતાંની સાથે જ અશોકચન્દ્ર હાથ જોડી નમસ્કાર કરી તે મહાત્માને ખૂબ જ નમ્રભાવે પોતાની દરિદ્રતાનો નાશ કરવાના ઉપાયો પૂછે છે, ત્યારે મહાત્મા કહે છે, **''હે વત્સ ! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા આ ભવસંસારમાં ભમવા માટે અસમર્થ હોવા છતાં બળવાન એવા પૂર્વજન્મોમાં ઉપાર્જિત કરેલા કર્મને આધીન બની સુખ દુઃખના અનુભવ કરતો હોય છે.** તે રીતે તારા પૂર્વભવોના કરેલા દુષ્કૃતોના ફળરૂપે જ તારું આ દારિદ્ર જણાય છે તેથી અન્ય સેંકડો ઉપાયોની વણઝારમાંથી બહાર નીકળી એકમાત્ર રૈવતગિરિ મહાતીર્થની સેવાભક્તિ કરવામાં આવે તો અત્યંત અલ્પકાળમાં ભવોભવના અશુભકર્મોના ભુક્કા બોલાઈ જાય છે.''

મહાસંયમીના સુધારસનું આસ્વાદ કરીને સંતુષ્ટ થયેલો અશોકચન્દ્ર રૈવતગિરિ મહાતીર્થ તરફ પ્રયાણ આદરે છે, મહાતીર્થને ભેટવાના મનોરથ સાથે એક-એક ડગલે અનેક જન્મોના અશુભકર્મો ખપાવતો ખપાવતો અશોકચન્દ્ર મહાતીર્થના પરમ સાન્નિધ્યમાં આવે છે.

**દુહો** : 'રૈવતગિરિ સમરૂં સદા, સોરઠદેશ મોઝાર,
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર...''

**સ્તુતિ** : ''આ તીર્થપર જે ભાવથી, અલ્પપણ ધર્મને કરે,
આ લોકથી પરલોક વળી, પરમલોકને તે વરે,
જે તીર્થની સેવા થકી, ફેરા જન્મોના ટળે,
એ ગિરનારને વંદતા, પાપો બધા દૂરે જતાં...''

મહાતીર્થના આવા પ્રભાવને મુનિવરના મુખકમલથી સાંભળીને અશોકચન્દ્ર તો રૈવતગિરિના ઉચ્ચ શિખરે ધૂણીધખાવી સ્થિરચિત્તે તપયજ્ઞની ઘોર સાધનાને આદરે છે. તપયજ્ઞના તાપથી પ્રભાવિત થયેલ ગિરનાર મહાતીર્થની અધિષ્ઠાયિકા અંબિકાદેવી પ્રસન્ન થઈ, જેના સ્પર્શમાત્રથી લોખંડ પણ સુવર્ણ બની જાય તેવો દરિદ્રતા દૂર કરનારો પારસમણી અશોકચન્દ્રને આપે છે. પારસમણીના પ્રગટ પ્રભાવથી અઢળક સંપત્તિનો સ્વામી બનેલો અશોકચન્દ્ર પોતાના જંગી સૈન્યબળના પ્રતાપે રાજ્યની પ્રાપ્તિ કરે છે. પૂર્વકૃત અશુભ કર્મના પડલ દૂર થઈ શુભકર્મનો સૂર્ય મધ્યાહ્ને ચઢવા લાગ્યો. સંપત્તિના પ્રતાપે પામેલ ભોગવિલાસની સામગ્રીમાં ચકચૂર બનેલો અશોકચન્દ્ર એક દિવસ અચાનક વિચારે ચડે છે કે, ''રૈવતગિરિ મહાતીર્થ તથા શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીના પુણ્યપ્રસાદથી આજે આ રાજવૈભવાદિ સામગ્રીની પ્રાપ્તિ થવાથી ભોગસુખના વિષયરાગમાં આસક્ત બનેલો હું તે ઉપકારીનું સ્મરણ પણ નથી કરતો ? ધિક્કાર છે મારી જાતને ! હું કેવો કૃતઘ્ન બન્યો !''

પસ્તાવાના નિર્મલ ઝરણામાં સ્નાન કરતો અશોકચન્દ્ર પોતાની સકલ રિદ્ધિ-સિદ્ધિ સાથે ઠાઠમાઠથી સંઘ તથા સ્વજનોથી પરિવરેલો માર્ગમાં ઠેર ઠેર અનેક ગામોમાં સેવાભક્તિ, અનુકંપા, સ્વામિવાત્સલ્ય, જીર્ણ થયેલા જિનાલયોના જિર્ણોદ્ધારના કાર્યો આદિ અનેકવિધ સુકૃત કરતાં કરતાં પ્રથમ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયમહાતીર્થની યાત્રા કરી અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિ એવા રૈવતગિરિ મહાતીર્થની યાત્રાર્થે જાય છે.

ગિરિઆરોહણ કરી મહાપ્રભાવક એવા ગજપદાદિ કુંડના પવિત્ર જલ વડે શ્રી નેમિપ્રભુની સ્નાત્રાદિવિધિ સમેત ભક્તિ કરે છે, ત્યારબાદ શાસન અધિષ્ઠાયિકા અંબિકાદેવીને પુષ્પાદિસહિત પૂજીને વૈરાગ્યવાસિત અશોકચન્દ્ર વિચારે છે કે, ''અરે ! આ રૈવતગિરિ મહાતીર્થના મહાપ્રભાવથી હું છેલ્લા ૩૦૦ વર્ષથી

અનેકવિધ રિદ્ધિ-સિદ્ધિ અને રાજવૈભવ સાથે રાજ્ય ભોગવી રહ્યો છું. બસ! અનેક ભવોના દુઃખોની પરંપરા વધારનારા, સમુદ્રના તરંગ જેવા ચંચળ આ ભૌતિકસુખોને ભોગવી હવે હું ત્રાસી ગયો છું, હવે તો મારે અવિનાશી એવા મોક્ષસુખની પ્રાપ્તિ કરવી છે. આવા ચિંતનની વાટે વિચરતાં અશોકચન્દ્ર પોતાના પુત્રને રાજવહીવટ સોંપીને શ્રી નેમિનાથ પરમાત્માના ચરણમાં શરણ ગ્રહણ કરી સંયમની સાધનામાં લાગી જાય છે, અનેકવિધ આરાધના દ્વારા ભવોભવના કર્મનો ક્ષય કરવા તે રૈવતગિરિના પરમસાન્નિધ્યમાં રહેવા લાગ્યો.

તપાગ્નિ દ્વારા સર્વ કર્મમળને તપાવી શુભધ્યાનની ઉજ્જવલ જ્વાળા પ્રગટાવી સર્વઘાતી કર્મોને ભસ્મીભૂત કરી કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ કરે છે અને ત્યાંજ શેષ રહેલા સર્વ અઘાતી કર્મોનો પણ નાશ કરી રૈવતગિરિરાજની રળિયામણી ભૂમિ ઉપર મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.''



શ્રી રૈવતગિરિ મહાતીર્થની સેવા ભક્તિ દ્વારા મનુષ્યો આ જન્મમાં તો સઘળી સંપદાને પામે છે, વળી પરભવમાં સદ્‌ગતિ અને અંતે પરમગતિને પામે છે. અરે ! પાપીમાં પાપી જીવો પણ આ તીર્થના પ્રભાવથી પાપ મુક્ત થાય છે.

આ તીર્થનો મહિમા અપરંપાર છે, એટલે કહ્યું છે -

**ધૂન : નિસ્તારગિરયે નમો નમઃ, પાપહરગિરયે નમો નમઃ,**
**કલ્યાણકગિરયે નમો નમઃ, વંદન હો ગિરનારને (૨)**

**ગજસુકુમાલ મુનિ જેના આલંબને નિસ્તાર પામ્યા તે ભૂમિ છે આ ગિરનાર !**

**માતાપિતાના ઘાતક ભીમસેન જેના આલંબને મુક્તિ પામ્યા તે ભૂમિ છે આ ગિરનાર !**

**અનંતા તીર્થંકરોની દીક્ષા-કેવળ-મોક્ષકલ્યાણકની ભૂમિ છે આ ગિરનાર!**

**ગીત :** ધન ધન શ્રી ગિરનારને રે, તાર્યા અરિહા અનંત સલૂણા;
એ ગિરિવરને ફરસતા રે, આતમ નિર્મલ થાય સલૂણા...
જિમ જિમ એ ગિરિ સેવીએ રે, તિમ તિમ કર્મ ખપાય સલૂણા;
ત્રસ થાવર તસ વાસ થી રે, પામે શિવપદ પંથ સલૂણા...

**લગભગ ૩૨૦૦ પગથિયા :**

આ જુઓ જમણી બાજુ પેલા ડુંગરની ટોચ ઉપર ધજા ફરકે છે ને ! ત્યાં છે સિદ્ધનો ધૂણો ! ડુંગરની ટોચના તે સ્થાને ચઢીને સૃષ્ટિનું વિહંગાવલોકન કરતાં આત્માને અનેરા આનંદની અનુભૂતિ થાય છે ! પરમશાંતિનો અનુભવ થાય છે ! તે છે દાતારનો ડુંગર ! ત્યાં જમીયલશાની દરગાહ આવેલી છે !

આ ડુંગરની નીચે પશ્ચિમ દિશામાં જુઓ! દૂર દૂર બોરદેવી માતાના મંદિરનું સ્થાન નજરે ચઢે છે.

આગળ ચાલો ! આ જુઓ જમણી બાજુ ''ખબૂતરી ખાણ'' અથવા ''કબૂતરી ખાણ''ના નામે ઓળખાતી જગ્યા !

આ જુઓ ! કોઈ કુશળ શિલ્પીઓ દ્વારા કંડારીને આ શિલાઓમાં ઠેર ઠેર બખોલ કરવામાં આવી હોય તેવું લાગે છે ! હકીકતમાં તો તે છે ગીધ-કબૂતર વગેરે પક્ષીઓના આશ્રયસ્થાન !





ઉત્તરદિશામાં ત્યાં ઊંચે જુઓ ! પેલો દાદાના દેરાનો આગળનો ઝરૂખો દેખાય ! બસ! હવે આપણે થોડી જ વારમાં દાદાને ભેટવાનો અનેરો આનંદ માણીશું! આ યાત્રામાં હજુ થાકનો તો કોઈ અહેસાસ નથી થયો !

લગભગ ૩૪૫૦ પગથિયે આ આવી સુવાવડી માની જગ્યાના નામે ઓળખાતી દેરી !

**જય જય શ્રી નેમિનાથ જય જય શ્રી નેમિનાથ** લગભગ ૩૫૫૦ પગથિયે આ છે પંચેશ્વરની જગ્યાની શરૂઆત ! આ જુઓ અહિં જયસંતોષી મા, ભારતમાતા, ખોડીયાર મા, વરુડી મા અને મહાકાલી માના મંદિર !

**ધુન : વૈરાગ્યગિરયે નમો નમઃ, પુણ્યદાયકગિરયે નમો નમઃ,**
**સિદ્ધપદગિરયે નમો નમઃ, વંદન હો ગિરનારને.... (૨)**

**અનંતા તીર્થંકરાદિ જ્યાં વૈરાગ્યથી સંયમવર્યા છે તે ભૂમિ છે આ ગિરનાર !**


**હા ! અન્ય સ્થાને પ્રભુભક્તિના પ્રભાવે પ્રભુપ્રીતિ થાય છે જ્યારે ગિરનાર ગિરિવરની એક વિશેષતા છે કે અહીં પ્રભુપ્રીતિની સાથે સાથે આ ભૂમિની સ્પર્શના કરનાર ભાવુકના હૈયામાં વૈરાગ્યરસના બીજાંકુર ફૂટતા તેના જીવનમાં દિનપ્રતિદિન વૈરાગ્યભાવની વૃદ્ધિ પણ થાય છે, તે છોડ સ્વરૂપે વિકાસ પામે છે અને ઘટાદાર વૃક્ષમાં પરિણમતાં યાવત્ સંસાર ત્યાગ સ્વરૂપ ચારિત્રફળની પ્રાપ્તિ કરાવનાર પુણ્યભૂમિ છે આ ગિરનાર !**

**જેના સેવન થકી અનંતા આત્મા સિદ્ધપદ પામ્યા છે તે ભૂમિ છે આ ગિરનાર !**

**લગભગ ૩૮૦૦ પગથિયા :**

આ જુઓ ! ઉપરકોટના કિલ્લાનો દરવાજો આવ્યો ! આ કિલ્લાને દેવકોટ પણ કહેવામાં આવે છે !

આ કોટના દરવાજાની ઉપર નરશી કેશવજીએ માળ બંધાવ્યો હતો, જેમાં હાલ વનસંરક્ષણ વિભાગની કાર્યવાહી થાય છે, આ દરવાજામાં અંદર પ્રવેશ કરતાં જ જુઓ ! **આપણી અત્યારસુધીની આ ગિરનારની યાત્રાના ચઢાણના એક સાથે ચઢવાના સૌથી વધારે એવા માત્ર ૧૯ પગથિયા સળંગ ! પહેલી વાર આવ્યા ! અરે ! પાલીતાણામાં તો લગભગ દસથી વધારે વખત સળંગ સો કરતાં વધુ પગથિયા આવે છે અને હીંગળાજનો હડો તો ખરો જ ! જ્યારે અહીંયા તો સળંગ ૨-૫-૭ પગથિયા આવે છે ! આપણે ખોટાં ગભરાય જઈએ છીએ ! કેટલા જલ્દી પહોંચી ગયા ! કાંઈ ખબર પડી ?**



આગળ વધતાં આ જુઓ ડાબે જમણે કાળભૈરવ અને હનુમાનની દેરીઓ આવી. ડાબા હાથે આ દરવાજો દેખાય છે ને! તે છે તીર્થાધિપતિ બાલબ્રહ્મચારી નેમિનાથ જિનાલયના સંકુલનું મુખ્યદ્વાર! બોલો ''નેમિનાથ ભગવાન કી જય'' અંદર જતાં ડાબી બાજુ કર્મચારીના રહેઠાણ, ધર્મશાળા અને જમણી બાજુ કાર્યાલય છોડીને આગળ વધતાં જમણી બાજુ આગળ વધતાં આ જુઓ ! દાદાના દેરાના પરિસરનું મુખ્ય પ્રવેશ દ્વાર !

આ જુઓ ! લગભગ ૧૯૦ ફુટx૧૩૦ફુટના વિશાળ ચોકમાં ૮૪-૮૪ દેરીઓની વચ્ચે ઉત્તુંગ એવા શિખરોવાળો આ સાંધાર પદ્ધતિનો નેમિનાથ પ્રસાદ કેવો શોભી રહ્યો છે !

**ઘડતરમાં અતિકઠીન એવા શ્યામવર્ણના ગ્રેનાઈટ પાષાણમાંથી નિર્માણ પામેલ પ્રાયઃ વિશ્વમાં એકમાત્ર એવા વિશાળ જિનાલયનો ઈતિહાસ પણ અનેરો છે તે સાંભળો...**





# વર્તમાન શ્રી નેમિનાથ જિનાલયનો ઈતિહાસ

ગુર્જરદેશના પાટણ નગરની જાહોજલાલી તે અવસરે કંઈક ઓર જ હતી. આચાર્ય હેમચન્દ્રસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી પાટણથી ગિરનાર અને શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો પદયાત્રા સંઘ નીકળ્યો હતો. શ્રી સંઘે આચાર્યભગવંત સહિત વણથલી (વંથલી) ગામની પાદરે પડાવ નાખ્યો. સંઘના નરનારીઓ સ્નાનાદિવિધિ પતાવી બહુમુલ્ય વસ્ત્રાદિ પરિધાન કરી, રત્નજડિત આભૂષણ ધારણ કરી પરમાત્માના જિનાલયમાં દર્શન-પૂજાદિ પરમાત્મભક્તિમાં લીન હતા, સંઘપતિ પાસે પણ ઘણું ધન હતું. આ બધું જોઈને સોરઠના રાજા રા'ખેંગારની દાનત બગડી હતી. પાટણના આ ધનાઢ્ય યાત્રાસંઘને લૂંટવાનો તેનો ઈરાદો હતો. તેમાંથી તેને પુષ્કળ ધન અને સોના-ઝવેરાતના દાગીના મળવાની મોટી આશા હતી.

વાંદરાને નિસરણી મળે તેમ તેના કુસંગે પાસવાનોએ પણ રાજાને ચડાવ્યો કે, ''રાજન્ ! તારા પ્રચંડ પુણ્યપ્રતાપે આજે ગુર્જરદેશના પાટણનગરની ઘણી ધન-લક્ષ્મી તને સામેથી ચાલ્લો કરવા આવી હોય તેમ તારા આંગણે આવી છે. રાજન્ આ સંઘને લૂંટી લે ! જેનાથી તારો ધનભંડાર છલકાઈ જશે.'' પાસવાનની આ વાતો સાંભળી રાજાનું મન વધુ ઉત્સાહિત બન્યું અને સંઘનું સર્વસ્વ લૂંટી લેવાનો નિશ્ચય કર્યો, પરંતુ રાજમર્યાદાનો ભંગ અને અપયશનો મોટો ડર તેના મસ્તકે તોળાતો હતો. ધનની લૂંટ ચલાવવા માટે કયો માર્ગ અપનાવવો તેની વિમાસણમાં પડી ગયો હતો. સંઘને લૂંટવાના દુષ્ટ આશયથી સંઘને એક દિવસ વધુ રોકાઈ જવાનો કીમિયો અજમાવ્યો. બીજા દિવસે રાજકુટુંબમાં કોઈ મોટું મરણ થયું. તે દરમ્યાન આચાર્ય ભગવંતને રા'ખેંગારના દુષ્ટ મનનું પારખું થઈ ગયું તેથી આ મૃત્યુના બહાનાથી રાજમહેલમાં જઈને રા'ખેંગારને ઉપદેશ આપી નીતિના માર્ગે આગળ વધવા હિતશિક્ષા આપી. શ્રીસંઘ ત્યાંથી રવાના થઈ શ્રી શત્રુંજયમહાતીર્થની યાત્રા કરી પાછો પાટણ પહોંચી ગયો.

પાટણ નરેશ રાજા સિદ્ધરાજને રા'ખેંગારના આ દુષ્ટ વિચારોના સમાચાર મળતાં તેણે સોરઠ દેશ ઉપર ચઢાઈ કરીને સં. ૧૧૭૦માં રા'ખેંગારને હરાવીને જીવતો પકડીને પાંજરામાં પૂર્યો અને કાયમને માટે તેની પાશવીલીલાનો અંત આવ્યો. તે અવસરે મહારાજા સિદ્ધરાજનો મંત્રી સજ્જન ઉંદિરાથી ખંભાત જતો હતો ત્યારે વચ્ચે સકરપુર નામના એક ગામમાં ભાવસારને ત્યાં ઉતર્યો હતો. ભાવસારના ઘરમાં કડાઈમાં સોનામહોરો ભરેલી હોવા છતાં કોઈપણ કારણસર તેને તે કોલસા જ છે તેવું સમજતો હતો. સજ્જન મંત્રીએ પૂછ્યું કે, ''ભાઈ ! આ સોનામહોરો આમાં કેમ રાખી છે ?'' ભાવસારે સજ્જન મંત્રીને પુણ્યવાન્ માનીને તે બધી સોનામહોરો તેને સોંપી દીધી. સજ્જનમંત્રી પણ પારકુધન ગ્રહણ નહીં કરવાની પ્રતિજ્ઞા હોવાથી તે સોનામહોરો રાજા સિદ્ધરાજને અર્પણ કરી દે છે. રાજા પણ સજ્જનમંત્રીને નામ તેવા ગુણવાળો, શુદ્ધ નૈતિકભાવનાવાળો શ્રાવક જાણી ખૂબ ખુશ થયો અને તેને રાજ્યમાં ઉંચો હોદો આપવાનો નિર્ણય કર્યો. રા'ખેંગારને હરાવ્યા બાદ તેના મરણ પછી મહામંત્રી બાહડના સુચનથી સજ્જનમંત્રીને સૌરાષ્ટ્રના દંડનાયક તરીકે નીમવામાં આવ્યો.

પ્રતિભાશાળી પ્રજ્ઞાવાન્, કાર્યક્ષેત્રમાં કુશળ, દીર્ઘદૃષ્ટા સજ્જનમાં કાર્ય કરવાની વિશિષ્ટ શક્તિ હોવાથી તેણે ખૂબ જ ટુંકા ગાળામાં સોરઠની પ્રજાનો સ્નેહ સંપાદન કરી લીધો હતો. સોરઠદેશના વહીવટ માટે સજ્જનમંત્રીએ જુનાગઢને મુખ્ય સ્થાન બનાવ્યું. સોરઠદેશની શાન વધારવા તેણે ભગીરથ પ્રયાસો કરીને સફળતા મેળવી. અવસરે ગિરનાર ગિરિવર ઉપર આરોહણ કરવાનું થયું ત્યારે તદ્દન જીર્ણ થયેલા જિનાલયોની દુઃસહ્ય પરિસ્થિતિ નિહાળી, એક પછી એક દેરાસર ખંડેર થવા મથી રહ્યા હોય તેવા તેના દેદાર જોઈને સજ્જન ખૂબ જ ઉદ્વિગ્ન બની ગયો. મહારાજા સિદ્ધરાજની હકુમતમાં જિનેશ્વર પરમાત્માના જિનાલયોની આ હાલત ! તેનું અંતર કકળી ઉઠ્યું ! એ સમયે રાજગચ્છના સદા એકાંતરે ઉપવાસ તપની આરાધના કરતા આચાર્ય ભદ્રેશ્વરસૂરિના શુભ ઉપદેશથી સજ્જનમંત્રીએ જીર્ણશીર્ણ હાલતમાં રહેલા કાષ્ઠ (લાકડા)ના બનેલા શ્રી નેમિનાથ પરમાત્માના મુખ્ય

જિનાલયનો પાયામાંથી જિર્ણોદ્ધાર કરાવવાનો સંકલ્પ કર્યો.

શુભમુહૂર્તે ગિરિવરના જિનાલયના જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. કુશળ કારીગરો પોતાની કળાનો કસબ દેખાડવા લાગ્યા. ખંડેર થવા મથી રહેલા મંદિરો મહેલ સ્વરૂપ બનવા લાગ્યા. ગિરિરાજના શિખરે ટાંકણાઓના ટંકાર પડવા લાગ્યા. સજ્જન પોતાની સર્વશક્તિ જિનાલયના નિર્માણ પાછળ જોડી રહ્યા હતા. એક તરફ સોરઠદેશનો રાજવહીવટ, બીજી તરફ જિનાલયનો જીર્ણોદ્ધાર ! આ બે મહત્વના કાર્યમાં સતત વ્યસ્ત રહેતાં સજ્જનને જીર્ણોદ્ધાર માટે આવશ્યક ધનની ચિંતા હતી. તે ધારે તો સૌરાષ્ટ્ર દેશના ગામોગામ ફરી અઢળક ધન સંપત્તિ એકઠી કરી શકે પરંતુ રાજની જવાબદારીના કારણે તે શક્ય ન હતું, તેથી હાલ તો સોરઠદેશની આવક જે રાજભંડારમાં જમા કરવાની હતી તે ૩ વર્ષની આવકને આ જિર્ણોદ્ધારના કામમાં લગાવી અવસરે સૌરાષ્ટ્રના ગામડાઓમાંથી તે રકમ એકઠી કરી રાજભંડારમાં ભરી દેવાશે એવો નિર્ણય કરી ૭૨ લાખ દ્રમ્મની રકમ જિર્ણોદ્ધારના કાર્યમાં જોડી દીધી. (આ જિર્ણોદ્ધાર વિ.સં. ૧૧૮૫ની સાલમાં થયો હતો)

**વિઘ્નસંતોષીઓને શોધવા પડતાં નથી** તેમ ગિરનારના આ સર્વોત્તમકાર્ય કરતા સજ્જનમંત્રીના ઉત્કર્ષને ખમી ન શકનારા કેટલાક જીવોએ પાટણનરેશ મહારાજા સિદ્ધરાજની કાનભંભેરણી કરી. સૌરાષ્ટ્રના સજ્જનમંત્રીએ ત્રણ ત્રણ વર્ષથી સોરઠદેશની આવકની એક કોડી પણ રાજના ભંડારમાં જમા નથી કરી, નક્કી દાળમાં કંઈક કાળું હોવાની જૂઠી શંકા ઉભી કરી સિદ્ધરાજને સજ્જનમંત્રી સામે કડક પગલાં લેવા ઉશ્કેરવાના કાવતરા ઘડવાના શરૂ કર્યા. મહારાજા સિદ્ધરાજ પણ ઈર્ષ્યાથી બળતા તે રાજપુરૂષોની વાતો સાંભળી ઉકળી ઉઠ્યાં અને સ્વયં જુનાગઢ જઈ રાજવહીવટનો હિસાબ લેવા તત્પર બન્યા. રાજાને સજ્જન પ્રત્યે અનહદ અવિશ્વાસ જાગી ગયો. હવે કેમે કરી બાજી હાથમાં ઝાલવી મુશ્કેલ બની હતી. મહામંત્રી બાહડ પરિસ્થિતિને પામી આ સમાચાર શક્યતઃ વહેલાસર જુનાગઢ સજ્જન મંત્રીને પહોંચાડવા માંગતા હતા. એક પવનવેગી સાંઢણી અને અસવારના સહારે બાહડ મંત્રીએ મહારાજા સિદ્ધરાજના વાવડ સજ્જનમંત્રીને પહોંચાડ્યા. કુશાગ્રબુદ્ધિ સજ્જનમંત્રી પરિસ્થિતિને પામી ગયો. સોરઠની આવકની રકમ હવે કેવી રીતે ભરવી તેની ચિંતનયાત્રામાં સજ્જન લાગી ગયો. તેની ભાવયાત્રાના પ્રથમ મુકામ સ્વરૂપે વણથલી (વંથલી) તીર્થ તેની નજર સમક્ષ આવ્યું. વંથલી તીર્થની રિદ્ધિ-સિદ્ધિને અનુલક્ષી ગિરનારતીર્થ માટે તન-મન-ધન ન્યોચ્છાવર કરનારા શ્રાવકોની હારમાળા તેના સ્મૃતિપથ ઉપર ચાલવા લાગી.

જિર્ણોદ્ધાર તથા સોરઠદેશની રાજવ્યવસ્થાના કાર્યમાં વ્યસ્ત એવા સજ્જન મંત્રીએ સિદ્ધરાજના આગમન પૂર્વે જિર્ણોદ્ધારના કાર્યમાં લાગેલી સોરઠદેશની આવકની રકમ એકઠી કરવા વણથલી તરફ પ્રયાણ કર્યું. મહાજનને એકઠું કરી ગિરનાર જિનાલયના જિર્ણોદ્ધાર અંગેની રકમની વાત વહેતી મૂકી, ગામના શ્રેષ્ઠિઓએ પોતાના ફાળાની રકમ નોંધાવવાનો પ્રારંભ કરતા જ રકમ લખાવવા માટે પડાપડી થવા લાગી. સભાની ભરચક મેદનીને ચીરતો મેલાં-ઘેલાં કપડા પહેરેલો એક માણસ આગળ આવવા મથામણ કરતો હતો ત્યારે ધક્કામુક્કીના કારણે આવેશમાં આવેલ કોઈ સભાજન બૂમ મારે છે, ''અલ્યા તારે ત્યાં શું ખાવાનું દાટ્યું છે ? ગિરનાર ગિરિવરની આ ટીપ ચાલે છે તેમાં અંતરાય પાડવા ક્યાં જાય છે ? બે પૈસા પણ લખાવવાની તારી તેવડ છે ?''

તે માણસ તો સૌની ઉપેક્ષા કરી મૌનપૂર્વક આગળ વધી સજ્જનમંત્રીની સમીપ પહોંચી ગયો. સજ્જનમંત્રીના કાન પાસે જઈ કહે છે, **''મંત્રીશ્વર ! આ મહાપ્રભાવક ગિરનાર માટે તો મારું સર્વસ્વ આપવા હું તૈયાર છું ત્યાં આ સોરઠદેશની ત્રણવર્ષની આવક જેવી મામૂલી રકમ માટે આપ શા માટે ટીપ કરાવો છો ? આ રાંકડા ઉપર કૃપા કરી આ લાભ મને જ લેવા દો.''** સજ્જનમંત્રી બે ક્ષણ તો આભા જ બની ગયા. આ લઘરવઘર મલીનવસ્ત્રવાળો માણસ અને સંપૂર્ણ રકમ આપવા તૈયાર ! આ કોણ છે ? તે વિચારમાં પડીને તેને પૂછે છે, ''આપનું નામ ?'' નમ્રભાવથી ઉત્તર આપે છે, ''ભીમ-સાથરીયો, મંત્રીશ્વર ! ગામના શ્રેષ્ઠિઓ તો મહાભાગ્યવાન્ છે. તેઓને તો આવા દાન-પુણ્યના અવસર છાશવારે ને છાશવારે પ્રાપ્ત થાય છે, આજે આ ગરીબડાને બે પૈસાના પુણ્ય કમાવાની તક આપશો તો મારું જીવન ધન્ય બની જશે.'' એમ કહી સમસ્ત સભાજનો સમક્ષ

પોતાની ભાવના વ્યક્ત કરી સજ્જન મંત્રીના ચરણસ્પર્શ કરી પોતાની ઝોળી ફેલાવે છે.

સજ્જનમંત્રી માનવ મહેરામણ વચ્ચે ભીમા સાથરીયાની પ્રગટ થયેલી ભાવનાને ન્યાય આપી સમસ્ત મહાજનની ફાળો આપવાની ભાવનાનો સ્વીકાર કરવાની પોતાની અસર્મથતા દર્શાવે છે. ભીમા સાથરીયાના જિર્ણોદ્ધાર માટેની રકમના વચનને લઈ મંત્રીશ્વર પાછા જુનાગઢ પધારે છે ત્યાંતો મહારાજા સિદ્ધરાજ નજીક આવી ચૂક્યાના વાવડ આવે છે. વહેલી સવારે મહારાજાનો પ્રવેશ થાય છે તે અવસરે જુનાગઢના નગરજનો ધામધૂમથી સામૈયું કરી મહારાજાની પધરામણીના વધામણાં કરે છે. મહારાજા સિદ્ધરાજ મહેલમાં પધારતાં સજ્જન નતમસ્તક ઝૂકી મહારાજાના ખબર અંતર પૂછે છે ત્યારે સજ્જનમંત્રીના દુષ્ટવ્યવહારની ખોટીવાતોથી ભરમાયેલા મહારાજાની અંદરની અગનજ્વાળા ભડભડતી બહાર આવી. તે કહે છે, ''તમારા જેવા વિશ્વાસઘાતી અને રાજદ્રોહી આ રાજ્યમાં ઉચ્ચહોદ્દે બિરાજમાન હોય ત્યાં સ્વસ્થતા ક્યાંથી હોય ? સોરઠની ધરતીની ત્રણ વર્ષની ઉપજની રકમનો હિસાબ ક્યાં છે ?''

મહારાજાની નિરર્થક પીડાના જાણકાર સજ્જને શાંતચિત્તે પ્રત્યુત્તર આપ્યો, ''મહારાજા! રાજની આવકની આનાપાઈનો હિસાબ તૈયાર જ છે, આપ કૃપાળુ મુસાફરીનો થાક ઉતારવા થોડીવાર આરામ ફરમાવો.''

સજ્જનમંત્રીના દઢતાપૂર્વકના નિર્ભયવચનો સાંભળી મહારાજા સિદ્ધરાજ ઘડી બે ઘડીમાં તો ઠંડાગાર જેવા થઈ ગયા, પોતે કરેલા નિરર્થક આવેશ બદલ પશ્ચાતાપ કરવા લાગ્યા. દિવસ દરમ્યાન નગરજનોના સ્વમુખે સજ્જનમંત્રીની કાર્યકુશળતા અને રાજવહીવટની મુક્ત મને થતી પ્રશંસા સાંભળી, સાથે સાથે સજ્જનમંત્રીએ કરાવેલ જિનાલયના સુંદર જિર્ણોદ્ધારની પણ વાતો સાંભળતાં ઢળતી સંધ્યાએ મહારાજા મંત્રીને બોલાવી પ્રભાતે સાંકલગામની પાદરથી નીકળી ગિરનાર ગિરિવર આરોહણ કરવાની પોતાની ભાવના વ્યક્ત કરે છે.

નવલી પ્રભાતે મહારાજા અને મંત્રી ગિરિ આરોહણ કરી રહ્યા છે તે અવસરે શિખર ઉપર શોભતા ધવલચૈત્ય અને ગગનને આંબવા મથતી ફરકતી ધજાઓની શોભાને જોઈને મહારાજા પૂછે છે, ''કયા ભાગ્યવાન્ ! માતા-પિતા છે ? જેના સંતાનોએ આવા સુંદર, મનોહર જિનાલયોની હારમાળાઓનું સર્જન કર્યું છે'' ત્યારે મંત્રી કહે, ''સ્વામી ! આપ પૂજ્યના માતા-પિતાનું જ તે સૌભાગ્ય છે કે, આપ જેવા મહાપુણ્યશાળીના પ્રતાપે આવું જાજ્વલ્યમાન સર્જન થયું છે.''

આશ્ચર્યચકિત થયેલા મહારાજા ક્ષણવાર મંત્રમુગ્ધ બની આ વાતનું રહસ્ય મંત્રીને પૂછે છે ત્યારે મંત્રી કહે છે, ''હે સ્વામી! આપના જેવા શૂરવીર પુત્ર ગુર્જરનરેશે પૂજ્ય પિતાની ચીરકાલીન સ્મૃતિ કાજે આવા દેદીપ્યમાન દેરાઓના સર્જન કર્યા છે, સોરઠદેશની ધન્યધરાની ત્રણ-ત્રણ વર્ષની આવક આ જિનાલયના નવસર્જનમાં વપરાયેલ છે જેના પ્રતાપે આ મંદિરો મન મોહી રહ્યા છે, ''કર્ણવિહાર'' નામના આ જિનાલયથી ગિરનારની શોભામાં વૃદ્ધિ થયેલ છે જે આપના પિતાની સ્મૃતિને ચીરકાલીન બનાવવા સમર્થ છે, છતાં આપ સ્વામીને સોરઠની ત્રણ વર્ષની આવક રાજભંડારમાં જમા કરવી હોય તો આનાપાઈ સાથે તે રકમ ભંડારમાં જમા કરવા માટે નજીકના વણથલી ગામનો શ્રાવક ભીમ સાથરીયો એકલો તે રકમ ભરવા તૈયાર છે અને જો જિર્ણોદ્ધારનો ઉત્કૃષ્ટ લાભ લઈ આત્મભંડારમાં પુણ્ય જમા કરાવવાની તૈયારી હોય તો તે વિકલ્પ પણ આપના માટે ખૂલ્લો જ છે.''

સજ્જનમંત્રીના આ વચનો સાંભળી મહારાજા સિદ્ધરાજ તેમના ઉપર ઓવારી જાય છે અને કહે છે, ''આવા મનોરમ્ય જિનાલયનો મહામૂલો લાભ મળતો હોય તો મારે તે ત્રણવર્ષની આવક સાથે કોઈ નિસ્બત નથી. મંત્રીશ્વર ! તમે કમાલ કરી છે. તમારી બુદ્ધિ, કાર્યપદ્ધતિ અને વફાદારી માટે મારા હૈયામાં ભારોભાર બહુમાન ઉપજી રહ્યું છે, મંત્રીશ્વર ! તમારા માટે જે શંકા-કુશંકા થઈ છે તે બદલ ક્ષમા માંગુ છું. આજે હું પણ ધન્ય બની ગયો છું.''

**આ જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન પ્રભુજીનો પ.પૂ.આ. ધનેશ્વરસૂરીશ્વરજી મહારાજ સાહેબે ''શત્રુંજય માહાત્મ્ય'' ગ્રંથમાં જે ઈતિહાસ વર્ણવ્યો છે તે પણ જાણવા જેવો છે તે સાંભળો !!!**

# વર્તમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનો ઈતિહાસ

આ જંબૂદ્વિપના ભરતક્ષેત્રની ગઈ ચોવીસીના **સાગર** નામના ત્રીજા તીર્થંકર કૈવલ્યલક્ષ્મીને પામ્યા હતા. ઉત્તમજ્ઞાનની પ્રાપ્તિ બાદ વિવિધ પ્રદેશોમાં વિચરણ કરતાં કરતાં પોતાના ચરણકમલની રજ વડે ભરતખંડની ધન્ય ધરાને પાવન કરી રહ્યા હતા, અવસરે ઉજ્જૈની નગરીની બહાર ઉદ્યાનમાં કરોડો દેવો દ્વારા રચાયેલ સમવસરણમાં પ્રભુની સુમધુર દેશનાનું અમૃતપાન કરી રહેલા નરવાહન રાજાએ પરમાત્માને પ્રશ્ન કર્યો કે "હે પ્રભુ ! મારો મોક્ષ ક્યારે થશે ? પરમાત્માએ કહ્યું કે, આવતી ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં તારો મોક્ષ થશે."

પોતાના ભાવિવૃત્તાંતને જાણી વૈરાગ્યવાસિત થયેલા નરવાહન રાજા ભગવાન પાસે દીક્ષા લઈ સંયમધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરવા લાગ્યા. કાળક્રમે આયુષ્ય પૂર્ણ થતા તે જીવ પાંચમા દેવલોકના દસ સાગરોપમના આયુષ્યવાળો ઈન્દ્ર થયો.

અષ્ટમહાપ્રાતિહાર્યયુક્ત વિશ્વવિભુ વિચરણ કરતાં કરતાં ચંપાપુરીના મહોદ્યાનમાં સમવસર્યા, તે સમયે વૈરાગ્યસભરવાણી દ્વારા બારપર્ષદાને પ્રતિબોધ કરતાં પરમેશ્વર ચૌદરાજલોકમાં સિદ્ધશિલા અને સિદ્ધજીવોના સ્વરૂપને સુરમ્યવાણી વડે પ્રકાશી રહ્યા હતા કે –

**"૪૫ લાખ યોજનના વિસ્તારવાળી, ઊંધા કરેલા છત્રના આકારવાળી, ઉજ્જવલ વર્ણની સિદ્ધશિલા છે. તે ચૌદરાજલોકના અગ્રભાગે બારદેવલોક, નવગ્રૈવેયક, સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઉપર આવેલ છે. તે સિદ્ધશિલા મધ્યભાગે આઠ યોજન જાડી છે અને બન્ને તરફ પાતળી થતી થતી માખીની પાંખ જેવી અતિપાતળી થાય છે. મોતી, શંખ કે સ્ફટિકરત્ન સમાન અતિનિર્મલ ઉજ્જવલ સિદ્ધશિલા અને અલોક વચ્ચે એક યોજનનું અંતર રહે છે. જેમાં ઉપરની સપાટીએ ઉત્કૃષ્ટથી ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગળના ઉત્કૃષ્ટ દેહપ્રમાણવાળા સિદ્ધના જીવો અષ્ટકર્મથી મુક્ત થઈ અલોકની સપાટીએ સ્પર્શીને રહેલા હોય છે, તે ભાગને મોક્ષ કહેવાય છે – જેના મુક્તિ, સિદ્ધિ, પરમપદ, ભવનિસ્તાર, અપુનર્ભવ, શિવ, નિઃશ્રેયસ, નિર્વાણ, અમૃત, મહોદય, બ્રહ્મ, મહાનંદ આદિ અનેક નામો છે. તે મુક્તિપુરીમાં અનંતા સિદ્ધના જીવો અનંતા સુખમાં વિરાજે છે. જેઓ અવિકૃત, અવ્યયરૂપ, અનંત, અચલ, શાંત, શિવ, અસંખ્ય, મહંત, અક્ષય, અરૂપ અને અવ્યક્ત છે, જેનું સ્વરૂપ માત્ર જિનેશ્વર પરમાત્મા કે કેવળી ભગવંત જ જાણે છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં નિર્મળ અવધિવાળા મહેન્દ્રોને એક પડખું ફેરવતા ૧૬॥ સાગરોપમ અને બીજું પડખું ફેરવતાં વળી ૧૬॥ સાગરોપનો કાળ પસાર થાય તેવા ૩૩ સાગરોપમના આયુષ્યને અગાધસુખમાં સૂતાં સૂતાં જ પૂર્ણ કરે છે; તેના કરતાં પણ અનંતગણું સુખ મોક્ષમાં છે. યોગથી પવિત્ર એવો પુરુષ કર્મનો નાશ થવાથી પોતે જ જાણી શકે; પરંતુ વચનવડે વર્ણન ન થઈ શકે એવું મુક્તિસુખ સિદ્ધના જીવો પામે છે."**

આ દેશના સમયે નરવાહન રાજાનો પાંચમા દેવલોકનો ઈન્દ્ર થયેલ આત્મા વીતરાગની વાણીનું સુધાપાન કરીને, સ્વર્ગના સુખની નિઃસ્પૃહા કરીને, સર્વજ્ઞ ભગવંતને નમન કરીને પૂછે છે, "હે સ્વામી ! મારું આ ભવસંસારનું પરિભ્રમણ ક્યારેય અટકી જશે કે નહીં ? આપે વર્ણવેલ મુક્તિરૂપી મેવાનું આસ્વાદ કરવાનો લ્હાવો મને મળશે કે નહીં ?" તેની શંકાનું નિવારણ કરતા ધર્મસાર્થવાહ એવા પ્રભુ કહે છે, **"હે બ્રહ્મદેવ ! આવતી અવસર્પિણીમાં શ્રીઅરિષ્ટનેમિ નામના બાવીસમા તીર્થંકર થવાના, તમે તેના વરદત્ત નામે પ્રથમ ગણધરપદને પામી, ભવ્ય જીવોને બોધ પમાડી, સર્વકર્મનો ક્ષય કરી, રૈવતગિરિના આભૂષણ બની પરમપદને પામશો. આ નિઃસંશય વાત છે."** પ્રભુના આ અમૃતવચનોને સાંભળીને આનંદવિભોર બનેલો બ્રહ્મેન્દ્ર સાગરપ્રભુને અનેરા આદરપૂર્વક અભિવંદન કરી પોતાના દેવલોકમાં જાય છે.

**"અહો ! મારા અજ્ઞાનરૂપી અંધકારનું છેદન કરનારા, મારા ભવસંસારના તારણહાર શ્રી નેમિનિરંજનની ઉત્કૃષ્ટ રત્નોની મૂર્તિ બનાવી તેમની ભક્તિદ્વારા મારા કર્મોનો ક્ષય કરું"** એવા ભાવ સાથે બાર-બાર યોજન સુધી જેની કાંતિ ફેલાતી તેવી અંજનસ્વરૂપી પ્રભુની વજ્રમય પ્રતિમા બનાવી દસ સાગરોપમ સુધી નિશદિન શાશ્વત પ્રતિમાની જેમ સંગીત-નૃત્ય-નાટકાદિ સાથે ત્રિકાલ તેની ઉપાસના કરે છે. તે રીતે શ્રી નેમિનાથની ભક્તિમાં ઉત્તરોત્તર ઉત્તમ ભાવ કેળવતાં સ્વ આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને અનેક મોટા મોટા ભવો પામીને તે નેમિનાથ પ્રભુનાં સમયમાં પુણ્યસાર નામે રાજા થાય છે.

કાળક્રમે કોઈ અવસરે નેમિપ્રભુ કરોડો દેવતાઓ દ્વારા રચાયેલ સમવસરણમાં બિરાજી ફરમાવે છે કે -

"આ પુણ્યસાર રાજા પૂર્વ ભવોમાં પોતે કરાવેલ મારી મૂર્તિની દસ-દસ સાગરોપમના કાળ સુધી કરેલ ભક્તિના પ્રભાવે મારા વરદત્ત નામના પ્રથમ ગણધર થયા અને શિવરમણીના સંગમાં શાશ્વત સુખની મોજ માણશે."

સમવસરણમાં દેશના દરમ્યાન શ્રી નેમિનાથ પ્રભુના આવા મધુરવચનો સાંભળી તે વખતના બ્રહ્મેન્દ્ર ઊઠીને પરમાત્માને નમસ્કાર કરીને જણાવે છે કે "હે ભગવંત ! આપની તે મૂર્તિને હું આજે પણ પૂજું છું, અને મારા પૂર્વજ ઈન્દ્રોએ પણ તેની ભક્તિથી ઉપાસના કરેલ છે, પાંચમાં દેવલોકમાં ઉત્પન્ન થનારા બધા જ બ્રહ્મેન્દ્ર આપની તે પ્રતિમાની પૂજા ભક્તિ કરતાં હતા. આજે આપના કહેવાથી જ આ પ્રતિમા અશાશ્વતી હોવાનું જાણવામાં આવ્યું બાકી અમે સૌ તો તે પ્રતિમા શાશ્વત જ હોવાનું માનતા હતાં" તે સમયે પ્રભુ પ્રકાશે છે કે -

"હે ઈન્દ્ર ! તીર્ચ્છાલોકની માફક દેવલોકમાં અશાશ્વતી પ્રતિમા હોતી નથી તેથી તમે તે પ્રતિમાને અહીં લાવો." પ્રભુની આજ્ઞાથી ઈન્દ્ર શીઘ્ર તે મૂર્તિને લઈ આવ્યા, કૃષ્ણ મહારાજાએ હર્ષથી પૂજા કરવા માટે એ મૂર્તિ પ્રભુ પાસેથી લીધી. સુર, અસુર અને નરના ઈશ્વરો શ્રી નેમિપ્રભુને નમીને તેઓના શ્રીમુખેથી આ રૈવતાચલગિરિનું માહાત્મ્ય સાંભળવા લાગ્યા.

પ્રભુ પ્રકાશે છે કે - **"આ રૈવતાચલગિરિ પુંડરીક ગિરિરાજનું સુવર્ણમય પાંચમુ મુખ્ય શિખર છે. જે મંદાર અને કલ્પવૃક્ષો વગેરે ઉત્તમ વૃક્ષોથી વીંટળાઈને રહેલું છે, તે મહાતીર્થ હંમેશા ઝરતા ઝરણાઓથી ભવ્ય પ્રાણીઓના પાપોનું પ્રક્ષાલન કરી દે છે, અને સ્પર્શ માત્રથી પણ હિંસાના પાપને ટાળી દે છે..."**

- **સર્વ તીર્થની યાત્રાના ફળને આપનાર આ ગિરનાર દર્શન અને સ્પર્શનમાત્રથી સર્વપાપોને હણે છે...**
- **આ ગિરનાર ઉપર આવીને જેઓ પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે...**
- **જે પ્રાણી અહીં ભાવથી જિનપ્રતિમાની પૂજા કરે છે, તે શિવસુખને પ્રાપ્ત કરે છે, તો માનવસુખની તો વાત જ શી કરવી ?...**
- **જે પ્રાણી અહીં સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્ર વહોરાવે છે, તે મુક્તિ રૂપી સ્ત્રીના હૃદયને આનંદ આપનારો થાય છે...**
- **આ રૈવતગિરિ ઉપર વસતા વૃક્ષો અને મયૂરાદિ પક્ષીઓ પણ ધન્ય અને પુણ્યશાળી છે, તો મનુષ્યોની શી વાત કરવી ?...**
- **દેવતાઓ, ઋષિઓ, સિદ્ધપુરૂષો, ગંધર્વો અને કિન્નરો હંમેશા આ તીર્થની સેવા કરવા માટે આવે છે...**
- **ગિરનાર ઉપર રહેલા ગજપદ કુંડ આદિ અન્ય પણ કુંડોનો જુદો જુદો પ્રભાવ છે, જેમાં માત્ર છ માસ સ્નાન કરવાથી પ્રાણીઓના કુષ્ટાદિક રોગો નાશ પામે છે..."**

આ પ્રમાણે બાલબ્રહ્મચારી શ્રી નેમિનિરંજનના મુખકમળથી ગિરનાર ગિરિવરનો મહિમા સાંભળીને પુણ્યવાન એવા સુર, અસુર અને નરેશ્વરો હર્ષ પામે છે, તે અવસરે શ્રી કૃષ્ણ વાસુદેવ પૂછે છે, "હે પરમ કરૂણાસાગર ! આ પ્રતિમા જે મારા પ્રાસાદમાં સ્થાપન કરવાની છે, તે ત્યાં કેટલો કાળ રહેશે ? અને પછી બીજે ક્યાં ક્યાં પૂજાશે ?"

**પ્રભુ કહે છે, "જ્યાં સુધી દ્વારિકાપુરી રહેશે ત્યાં સુધી એ પ્રતિમા તમારા પ્રાસાદમાં પૂજાશે, ત્યારપછી કાંચનગિરિ ઉપર દેવતાઓ તેની પૂજા કરશે. મારા નિર્વાણના બે હજાર વર્ષ બાદ અંબિકાદેવીની આજ્ઞાથી ઉત્તમ ભાવનાવાળો રત્નસાર નામનો એક વણિક એક ગુફામાંથી તે**

પ્રતિમાને લાવી આ રૈવતગિરિ પર પ્રાસાદમાં પધરાવી તેની પૂજા કરશે. પછી એક લાખ, ત્રણ હજાર બસોને પચાસ વર્ષ સુધી તે પ્રતિમા ત્યાં રહીને પછી ત્યાંથી તે અદ્રશ્ય થઈ જશે, તે વખતે એકાંતે દુષમ દુષમ કાળના છઠ્ઠા આરાનો પ્રારંભ થતાં અધિષ્ઠાયિકા અંબિકાદેવી તે જિનબિંબને પાતાળલોકમાં પૂજશે, પછી બીજા દેવતાઓ પણ તેની પૂજા કરશે.''

**વર્તમાન કાળમાં બિરાજમાન ગિરનારમંડન શ્રી નેમિનાથ ભગવાનના અદ્ભુત ઈતિહાસને જાણીને તેનો સાર એ નીકળે છે કે આ પ્રતિમા ગત ચોવીસીના ત્રીજા સાગર તીર્થંકર પરમાત્માના કાળમાં પાંચમા બ્રહ્મલોક દેવલોકના બ્રહ્મેન્દ્રે ભરાયેલ હોવાથી ભરતક્ષેત્રમાં વર્તમાનમાં સૌથી પ્રાચીનતમ પ્રતિમા તરીકે આ પ્રતિમાની ગણના થાય છે...**

જેને દ્વારિકા નગરીના દહન બાદ એક ગુફામાં પધરાવવામાં આવેલ હતા. અનાદિકાળના અશુભકર્મોના ગાઢ જંગલમાં અટવાયેલા આપણા જેવા અનાથને સનાથ કરાવવા માટે આ પ્રભુજીને અત્રે લાવી પધરાવનાર પુણ્યવાન્ આત્મા ધન્ય છે ! ચાલો ! અતીતના ઝરૂખામાં એક ઓર ડોકીયું કરીએ...

# વર્તમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનો પુનઃ પ્રકટીકરણ તથા રત્નસાર શ્રાવક

વર્તમાન અવસર્પિણીના ભરતક્ષેત્રની ભવ્યભોમકા ઉપર બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માના નિર્વાણ બાદ બે હજાર વર્ષનો કાળ વીતી ગયો હતો. તે અવસરે સોરઠ દેશની ધન્યધરા ઉપર કાંપિલ્ય નામના નગરમાં રત્નસાર નામનો એક ધનવાન શ્રાવક રહેતો હતો. અચાનક બાર-બાર વર્ષ સુધીના કારમા દુષ્કાળનો સમય આવ્યો. પશુઓ તો શું માનવો પણ પાણીના અભાવે મોતને ઘાટ ઊતરવા લાગ્યા અને અનેક પશુ-માનવોના દ્રવ્ય અને ભાવપ્રાણનો નાશ થવા લાગ્યો હતો. તેવા અવસરે આજીવિકાની મુશ્કેલી પડવાથી ધનોપાર્જન માટે રત્નશ્રાવક દેશાંતરમાં ફરતો ફરતો કાશ્મીર દેશના નગરમાં જઈને વસ્યો હતો. રત્નશ્રાવકનું સ્થળાંતર થવાની સાથે સાથે જાણે તેના નસીબનું પણ સ્થળાંતર ન થયું હોય ! તેમ કોઈ પ્રચંડ પુણ્યોદયથી દિન પ્રતિદિન અઢળક ધન કમાવા લાગ્યો. પૂર્વભવોમાં બાંધેલા કોઈ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીના પગલે પગલે તે સંપત્તિને સન્માર્ગે વ્યય કરવાના મનોરથ તેને જાગવા લાગ્યા. સંપત્તિનો સંગ્રહ કરવાને બદલે તેનો સદુપયોગ કરી સદ્ગતિ તરફ પ્રયાણાર્થે અરિહંત પરમાત્માની વિશિષ્ટ પૂજા-ભક્તિ માટે શ્રી આનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં સિદ્ધાચલ, ગિરનાર આદિ મહાતીર્થોની સ્પર્શના કરવા પગપાળા સંઘ યાત્રાનું પ્રયાણ કરે છે.

ગામોગામ દેવ-ગુરુ અને સાધર્મિક ભક્તિ તથા નવા નવા જિનાલયોના નિર્માણ કરાવતા કરાવતા શ્રી આનંદસૂરિગુરુની અપાર ભક્તિ કરવાપૂર્વક સંઘ આગે કૂચ કરી રહ્યો હતો. પૂર્વકૃત અશુભકર્મોદયથી સંઘમાર્ગમાં અંતરાયભૂત બનતા ભૂત, વ્યંતર, વૈતાલ, રાક્ષસ અને યક્ષો દ્વારા થતા ઉપસર્ગો અને વિઘ્નોનો નાશ કરવા શ્રી નેમિનિરંજનના શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીનું ધ્યાન ધરી રત્નસારશ્રાવક સંઘયાત્રાને આગળ વધારી રહ્યો હતો. સ્વવતન કાંપિલ્યનગરમાં સ્વામિવાત્સલ્ય સમેત ભક્તિથી ત્યાંના સંઘને નિમંત્રણ આપી, શ્રી આનંદસૂરિ ગુરુની આગેવાની હેઠળ શ્રી સંઘ આનંદસભર તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિના શીતળ સાંન્નિધ્યમાં આવ્યો. આનંદોલ્લાસપૂર્વક શાશ્વત તીર્થની ભક્તિ કરી શ્રીસંઘ રૈવતગિરિ મહાતીર્થના રમણીય વાતાવરણમાં પૂર્વમાં થયેલા અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિની સુવાસને માણવા લાગ્યો. વર્તમાન ચોવિસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુની કેવળજ્ઞાનભૂમિએ શ્રી નેમિજિનની પાવનીય પ્રતિમાની પૂજા કરી રત્નશ્રાવક સાથે સંઘ મુખ્ય શિખર ભણી આગળ વધી રહ્યો હતો. તે અવસરે

રસ્તે જતાં સૌએ છત્રશિલાને નીચેથી કંપાયમાન થતી નિહાળી. રત્નશ્રાવક તરત જ અવધિજ્ઞાની ગુરુ આનંદસૂરિને આ છત્રશિલા કંપવાનું કારણ પૂછે છે ત્યારે અવધિજ્ઞાનના બળે પૂજ્ય ગુરુભગવંત આદરપૂર્વક જણાવે છે કે **''હે રત્નસાર ! તારાથી આ રૈવતગિરિ તીર્થનો ભંગ થશે અને તારાથી જ આ તીર્થનો ઉદ્ધાર પણ થશે.''**

શ્રી જિનેશ્વર પરમાત્માનું શાસન જેના રોમરોમમાં વસેલું છે એવા આ રત્નશ્રાવક આ મહાતીર્થના ભંગમાં નિમિત્ત બનવા કેવી રીતે તૈયાર થાય ? હૈયામાં ઉભરાતા ભાવ સાથે નેમિપ્રભુને નમવા આવેલો રત્નશ્રાવક અત્યંત ખેદ સાથે દૂર રહ્યો રહ્યો જ નમન કરી પાછો ફરી રહ્યો હતો. ગુરુ આનંદસૂરિ જણાવે છે, ''રતન ! આ તીર્થનો ભંગ તારાથી થવાનો અર્થ તારા અનુગામી શ્રાવકો દ્વારા થશે. તારાથી તો આ મહાન તીર્થનો અધિક ઉદ્ધાર થશે, માટે ખેદ ન કરીશ !''

ગુરૂ ભગવંતના આવા ઉત્સાહપૂર્વકના વચનો સાંભળી રત્નશ્રાવક સંઘ સાથે રૈવતગિરિના મુખ્ય શિખરે પ્રવેશ કરે છે. હર્ષે ભરાયેલા સૌ યાત્રાળુઓ ગજેન્દ્રપદ કુંડ (હાથીપગલા) થી શુદ્ધ જલ કાઢી કાઢીને સ્નાન કરવા લાગ્યાં. રત્નશ્રાવક પણ આ દિવ્યજલથી સ્નાન કરી, ઉત્તમવસ્ત્રોના પરિધાનપૂર્વક ગજપદકુંડના જલને કુંભમાં ગ્રહણ કરી, જૈન ધર્મમાં દ્રઢ એવા વિમલરાજા દ્વારા રૈવતગિરિ ઉપર સ્થાપન કરેલ લેપમય શ્રી નેમિનાથ પ્રભુના કાષ્ટમય પ્રાસાદમાં પ્રવેશ કરે છે.

સૌ યાત્રાળુઓ હર્ષવિભોર બની ગજપદકુંડના શુદ્ધજલના કુંભો ભરી ભરીને પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરતા હતા તે અવસરે અનેકવાર દેવતાઓ તથા પૂજારી દ્વારા નિષેધ કરવા છતાં તેમના આશયની અવગણના કરી, હર્ષાવેશમાં પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરવાથી જલના એકધારા પ્રવાહના પ્રહારના કારણે લેપ્યમયી પ્રતિમાનો લેપ ગળવા લાગ્યો અને ક્ષણવારમાં તો તે પ્રતિમા અતિઆર્દ્ર માટીના પીંડ સ્વરૂપ બની રહી હતી. આ દ્રશ્ય જોઈને રત્નશ્રાવક અત્યંત આઘાત સાથે શોકાતુર બની મૂર્ચ્છા પામ્યો અને સકળસંઘ શોકસાગરના ઊંડા જલમાં ડૂબી ગયો. ચોતરફ હાહાકાર મચી ગયો, સૌ નાસીપાસ થયા. સંઘપતિ રત્નશ્રાવક ઉપર શીતળ જલના ઉપચારો થતાં થોડીવારમાં તે પુનઃ સ્વસ્થતાને પામ્યો. પ્રભુજીની પ્રતિમા ગળવાથી ભાંગી પડેલા હૈયાવાળો રત્નશ્રાવક બેબાકળો બની વિલાપ કરવા લાગ્યો કે

**''આ મહાતીર્થનો નાશ કરનાર એવો હું મહાપાપી ! મને ધિક્કાર હો ! અજ્ઞાની એવા મારા અનુયાયી યાત્રિકોને પણ ધિક્કાર હો ! અરે ! આ શું થઈ ગયું ? ઉછળતાં હૈયાના ભાવ સાથે આ મહાતીર્થને ભેટવા આવ્યો અને તીર્થોદ્ધારને બદલે તીર્થનાશમાં નિમિત્ત બની ગયો ? હવે હું કયા દાન-શીલ-તપ-ભાવધર્મના કાર્ય કરૂં ? જેના પ્રભાવે મારું આ પાપકર્મ ધોવાઈ જાય ! ના ! ના ! હવે તો અનેક સુકૃતો કરવા છતાં પણ મારું આ દુષ્કૃત્ય ધોવાશે નહીં એવું લાગે છે ! હવે વ્યર્થચિંતા કરવી શી કામની ? બસ ! હવે તો નેમિનાથ પરમાત્મા જ મને શરણભૂત હો !''** એવા દ્રઢ સંકલ્પ સાથે રત્નશ્રાવક તો ચારે આહારપાણીનો ત્યાગ કરી ત્યાં જ પ્રભુના ચરણોમાં આસન લગાવી બેસી ગયો.

કાળચક્રના પગલે પગલે એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. રત્નશ્રાવકના સત્ત્વની પરીક્ષાનો પ્રારંભ થવા લાગ્યો. અનેક ઉપસર્ગો આવવા છતાં રતન પોતાના સંકલ્પમાં અડગ રહ્યો. રતનના સત્ત્વ અને અડોલતાના પ્રભાવે સંતુષ્ટ થયેલ શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવી એક માસના અંતે પ્રગટ થયા અને તેના દર્શન થતાં જ તપધર્મનો પ્રભાવ જાણી હર્ષાતુર થયેલો રતન અંબિકાદેવીને નમસ્કાર કરે છે.

અંબિકાદેવી કહે છે ''હે વત્સ ! તું ધન્ય છે, તું ખેદ શા માટે કરે છે ? સ્વયં તીર્થયાત્રા કરવા સાથે અનેક ભવ્ય જીવોને સંઘ સાથે આ મહાતીર્થની યાત્રા કરાવી તેં તારા મનુષ્ય જન્મને સફળ કર્યો છે. આ પ્રતિમાનો જૂનો લેપ નાશ પામતા નવો લેપ થયા જ કરે છે, તેથી જીર્ણવસ્ત્ર કાઢી નવું વસ્ત્ર ગ્રહણ કરાય તેમ તું પણ આ પ્રતિમાને નવો લેપ કરાવીને પુનઃ પ્રતિષ્ઠા કરાવ !''

અંબિકાદેવીના આ વચનો સાંભળી વિષાદગ્રસ્ત બનેલો રતન કહે છે ''મા ! આપ આવા વચન ન ઉચ્ચારો ! એક તો પૂર્વબિંબનો નાશ કરી હું ભારે કર્મી બન્યો છું, તેમાં આપની આજ્ઞાથી આ

મૂર્તિને લેપ કરાવી પુનઃ સ્થાપન કરું તો ભવિષ્યમાં પુનઃ મારી માફક અન્ય કોઈ અજ્ઞાની આવી આ બિંબનો નાશ કરનારો થશે. માટે હે મૈયા ! જો આપ મારા તપથી ખરેખર સંતુષ્ટ થયા હો તો મને એવી કોઈ અભંગ મૂર્તિ આપો જેથી ભાવીમાં કોઈનાથી તેનો નાશ ન થઈ શકે અને ભક્તજનો ભાવથી જલાભિષેક આદિ કરવાના પોતાના મનોરથોને પૂર્ણ કરી શકે !''

અંબિકાદેવી રત્નશ્રાવકના આ વચનોને સાંભળ્યા ન સાંભળ્યા તુલ્ય બનાવી સ્વયં ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા. અંબિકા દેવીને અદશ્ય થયેલા નિહાળી ક્ષણ બે ક્ષણ તો રત્ન અસ્વસ્થ બન્યો. પરંતુ અજોડ સત્ત્વનો સ્વામિ રતન સ્વસ્થ બની પુનઃ અંબિકાદેવીના ધ્યાનમાં બેસી ગયો, તેના મહાસત્ત્વની કસોટી કરવા દેવીએ અનેક ઉપસર્ગો દ્વારા રતનને પોતાના ધ્યાનમાંથી ચલાયમાન કરવાના ઘણા પ્રયત્નો કર્યો પણ મેરૂસમ અડોલ એવો રતન ટસ નો મસ ન થયો. ત્યારે ગર્જના કરતા સિંહવાહનની ઉપર આરૂઢ થઈ ચારે દિશાના સમસ્ત પ્રદેશમાં પ્રકાશ પ્રસરાવતી અંબિકાદેવી પુનઃ પ્રત્યક્ષ થઈ કહે છે, ''હે વત્સ ! તારા દઢ સત્ત્વથી હું ખૂબ સંતુષ્ટ છું, માટે તારા મનની જે ઈચ્છા હોય તે મારી પાસે માંગી લે.''

દેવીના આ વચનો સાંભળતાની સાથે જ રત્નશ્રાવક કહે છે, ''હે મા ! આ મહાતીર્થના ઉદ્ધાર સિવાય મારો અન્ય કોઈ પણ મનોરથ નથી, આપ મને શ્રી નેમિનાથ પ્રભુની એવી વજ્રમય મૂર્તિ આપો કે જે શાશ્વત રહે જેને પૂજીને મારો જન્મ કૃતાર્થ કરું અને અન્ય પૂજનાર જીવો પણ હર્ષોલ્લાસને પામે!''

અંબિકા કહે છે, ''સર્વજ્ઞ ભગવંતે તારા હાથે તીર્થનો ઉદ્ધાર થવાનો કહ્યો છે, માટે તું મારી સાથે ચાલ ! મારા પગલે પગલે આજુબાજુ દૃષ્ટિ નાખ્યા વગર ચાલ્યો આવ.'' રત્નશ્રાવક દેવીના પગલે પગલે આગળ જવા લાગ્યો. ડાબા હાથ તરફના અન્ય શિખરોને છોડતા છોડતા દેવી પૂર્વ દિશા તરફના હિમાદ્રિપર્વતના કંચન શિખર ઉપર ગઈ, ત્યાં સુવર્ણ નામની ગુફા પાસે આવીને દેવી સિદ્ધવિનાયક નામના અધિષ્ઠાયક દેવને વિનંતી કરે છે, ''હે ભદ્ર ! ઈન્દ્ર મહારાજાના આદેશથી આપ આ શિખરના રક્ષક છો તેથી આ દ્વાર ઊઘાડો.''

દેવીના આદેશથી સિદ્ધવિનાયક તરત જ ગુફાના દ્વારો ખોલે છે ત્યારે અંદરથી દિવ્ય તેજપૂંજનો પ્રકાશ પ્રગટ થયો અને આગળ અંબિકાદેવી અને પાછળ રત્નશ્રાવક આ દિવ્ય ગુફામાં પ્રવેશ કરે છે. સુવર્ણ મંદિરમાં બિરાજમાન એવી વિવિધ મણિ, રત્ન વગેરેની મૂર્તિઓ બતાવતાં કહે છે, ''હે રતન ! આ સૌધર્મ નામના ઈન્દ્રે બનાવેલી મૂર્તિ છે, આ ધરણેન્દ્રે પદ્મરાગમણિમાંથી નિર્માણ કરેલ મૂર્તિ છે. આ મૂર્તિઓ ભરત મહારાજા, આદિત્યયશા, બાહુબલી વગેરેએ રત્ન, માણેક વગેરેની બનાવેલી તથા દીર્ઘકાળ સુધી આ બિંબોની પૂજા-ભક્તિ કરેલ છે, આ બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-મણિનો સાર ગ્રહણ કરીને બનાવેલી છે, જે શાશ્વત મૂર્તિ જેવી છે અને અસંખ્યાત કાળ સુધી તેમના બ્રહ્મલોકમાં પૂજાયેલી છે, આ રામ અને કૃષ્ણ દ્વારા બનાવેલી છે, આ મૂર્તિઓમાં તને જે પસંદ પડે તે મૂર્તિ તું ગ્રહણ કર !''

માનવીના મનને હરી લેનારા આવા મનોરમ્ય દેવાધિદેવના દિવ્ય બિંબોને નિહાળી રત્નશ્રાવક તો પ્રસન્નતાના પરમોચ્ચ શિખરોને સર કરવા લાગ્યો. આજે તેનો હર્ષ માતો ન હતો, એક પ્રતિમા જુઓ અને બીજી ભૂલો. કઈ પ્રતિમા ઉપર પસંદગી ઉતારવી તેનો નિર્ણય કરવો અતિ કઠીન કાર્ય બની ગયું, અંતે તેણે મણિરત્નાદિમય જિનબિંબની પસંદગી કરી ત્યારે અંબિકાદેવીએ કહ્યું, ''હે વત્સ ! ભાવિના દુષમકાળમાં લોકો શંકારહિત, નિષ્ઠુર, લોભથી ગ્રસ્ત અને મર્યાદા વિનાના થશે. તેઓ આ મણિરત્નમય બિંબની આશાતના કરશે. તને આ તીર્થના ઉદ્ધારના પુણ્ય કરતા પાછળથી ઘણો પશ્ચાતાપ થશે. માટે આ મણિરત્નમય મૂર્તિનો આગ્રહ છોડી દે અને **બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-માણિક્યના સાર વડે બનાવાયેલ સુદઢ, વિજળી, વાવાઝોડાં, અગ્નિ, જલ કે લોખંડ, પાષાણ કે વજ્રથી પણ અભેદ્ય, મહાપ્રભાવક એવી આ પ્રતિમાને ગ્રહણ કર !''**

''આટલું કહી દેવીએ બાર યોજન દૂર સુધી પ્રકાશિત થતા તેજોમય મંડલને પોતાની દિવ્યશક્તિ વડે પાછું ખેંચી લઈ સામાન્ય પાષાણ જેવી તેજોમય પ્રભા વિનાની પ્રતિમા બનાવીને કહ્યું, ''હવે આ મૂર્તિને કાચા સુતરના તાંતણા વડે બાંધીને આજુબાજુ કે પાછળ જોયા વગર સડસડાટ લઈ જા ! જો માર્ગમાં ક્યાંય

પણ વિરામ કરીશ તો આ બિંબ તે જ સ્થાનમાં સ્થિર થઈ જશે.'' રત્નશ્રાવકને આ પ્રમાણે સુચના કરી અંબિકાદેવી સ્વસ્થાને પાછા ફર્યાં.

અંબિકાદેવીની અસીમ કૃપાબળે મેળવેલ પ્રતિમાને લઈ રત્નશ્રાવક દેવીના આદેશ મુજબ આજુબાજુ કે પાછળ જોયા વગર અસ્ખલિત ગતિવડે કાચા સુતરના તાંતણા વડે બંધાયેલ આ બિંબને જાણે કે, રૂનું પુમડું ઉપાડ્યું ન હોય ! તેમ આ જિનબિંબને જિનાલયના મુખ્ય દ્વાર સુધી લાવે છે, તે અવસરે વિચારે છે કે જિનાલયમાં રહેલ પૂર્વની લેપમય પ્રતિમાને ખસેડીને અંદરની ભૂમિને પ્રમાર્જીને જ્યાં સુધી સાફસુફ ન કરું ત્યાં સુધી આ નવા જિનબિંબને અહીંજ મુકી રાખું. પ્રાસાદની અંદર સાફસુફી કરીને બહાર આવીને રત્નશ્રાવકે જ્યાં નવા બિંબને અંદર લઈ જવાનો પ્રયાસ કર્યો ત્યાં તે પ્રતિમા તે જ સ્થાને મેરૂપર્વતની જેમ કરોડો મનુષ્યથી પણ ચલાયમાન ન થઈ શકે તે રીતે અડગ થઈ જાય છે, આ અવસરે રત્નશ્રાવક ચિંતાતુર બનીને ચારેય આહારપાણીનો ત્યાગ કરીને ફરી અંબિકાદેવીની આરાધનામાં મગ્ન બની જાય છે. નિરંતર સાત દિવસના ઉપવાસને અંતે અંબિકા દેવી પુનઃ પ્રગટ થઈને કહે છે. ''હે વત્સ ! મેં તો તને પૂર્વે જ કહ્યું હતું કે, માર્ગમાં ક્યાંય વિરામ કર્યા વગર આ બિંબને લઈ જઈને પધરાવજે ! ફોગટ પ્રયાસ કરવાનો કોઈ અર્થ નથી. હવે કોઈ પણ રીતે આ પ્રતિમા ખસી શકશે નહીં. હવે આ પ્રતિમાને યથાવત્ રાખી પશ્ચિમાભિમુખ દ્વારવાળો પ્રાસાદ કરાવ ! અન્ય તીર્થોમાં તો ઉદ્ધાર કરનારા બીજા ઘણા મળશે, પરંતુ હાલ તો આ તીર્થનો ઉદ્ધારક તું જ છે તેથી તેમાં કોઈ વિલંબ ન કર !''

આ પ્રમાણે સુચન કરી અંબિકાદેવી અંતર્ધ્યાન થાય છે, ત્યારે રત્નશ્રાવક પણ તેના સુચન મુજબ પશ્ચિમાભિમુખ પ્રાસાદ કરાવે છે. સકળ સંઘ સાથે હર્ષોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ કરાવે છે જેમાં આચાર્યો વડે સૂરિમંત્રોના પદોથી આકર્ષિત થયેલા દેવતાઓ તે બિંબ અને ચૈત્યને અધિષ્ઠાયક યુક્ત બનાવે છે, રત્નશ્રાવક અષ્ટકર્મનાશક અષ્ટપ્રકારી પૂજા કરી, લોકોત્તર એવા જિનશાસનની ગગનચુંબી ગરિમાને દર્શાવતી મહાધ્વજાને આકાશમાં લહેરાવી ઉદારતાપૂર્વક દાનાદિ વિધિ પૂર્ણ કરી ભક્તિથી નમ્ર બની શ્રી નેમિનાથ પ્રભુની સન્મુખ ઉભો રહ્યો સ્તુતિ કરે છે.

**''હે અનંત, જગન્નાથ, અવ્યક્ત, નિરંજન, ચિદાનંદમય અને ત્રૈલોક્યતારક એવા સ્વામિ ! આપ જય પામો, હે પ્રભુ ! જંગમ અને સ્થાવર દેહમાં આપ સદા શાશ્વત છો, અપ્રચ્યુત અને અનુત્પન્ન છો અને રોગથી વિવર્જીત છો, દેવતાઓથી પણ અચલિત છો, દેવ, દાનવ અને માનવથી પૂજીત છો, અચિન્ત્ય મહિમાવંત છો, ઉદાર છો, દ્રવ્ય અને ભાવ શત્રુઓના સમૂહને જિતનારા છો, મસ્તકે ત્રણ છત્ર શોભાયમાન હોય, બંન્ને બાજુ ચામરો વીંઝાતા હોય અને અષ્ટપ્રાતિહાર્યની શોભાથી ઉદાર એવા હે વિશ્વના આધાર ! પ્રભુ ! આપને નમસ્કાર થાઓ !''**

ભાવવિભોર બની સ્તુતિ કર્યા બાદ રત્નશ્રાવક પંચાંગ પ્રણિપાત સમેત ભૂમિતલનો સ્પર્શ કરી અત્યંત રોમાંચ અનુભવતો જાણે કે સાક્ષાત્ શ્રી નેમિપ્રભુને જોતો ન હોય ! તેમ તે મૂર્તિ સમક્ષ પ્રણામ કરે છે. તે અવસરે તેની ભક્તિથી સંતુષ્ટ થયેલા અંબિકાદેવી ક્ષેત્રપાલાદિ દેવતાઓ સહિત ત્યાં પધારે છે અને રત્નશ્રાવકના કંઠમાં પારિજાતના પુષ્પોની માળા પહેરાવે છે. પછી રત્નશ્રાવક કૃતાર્થ થઈ સ્વજન્મને સફળ થયેલો માનીને સૌરાષ્ટ્રની ભૂમિને જિનપ્રાસાદોથી વિભૂષિત કરી સાત ક્ષેત્રોમાં સંપત્તિ સ્વરૂપ બીજનું વાવેતર કરતો પરંપરાએ મોક્ષસુખનો સ્વામિ થશે.

**ચાલો ! આપણે આગળ વધીએ...**

વસ્તુપાળ મંત્રીશ્વરે આ ચૈત્યના ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશાના ત્રણ દ્વારો ઉપર શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી સુંદર કોતરણીવાળા ત્રણ તોરણો કરાવ્યા હતા તેમાંથી એક આ દક્ષિણ દ્વારના તોરણને જુઓ !

મૂળનાયક પરમાત્માના રંગમંડપમાં પ્રભુજીની ડાબી તરફની ચોકીથી પ્રવેશ કરતાં જમણી બાજુ આ દેરીમાં જુઓ !

આ મહાતીર્થના તથા નેમિપ્રભુના અધિષ્ઠાયિકા હાજરાહજૂર એવા અંબિકાદેવી મા ! આ તીર્થની રખેવાળી કરતાં કેવા શોભી રહ્યા છે !

ચાલો ! મા ને નમીને પ્રાર્થના કરીએ કે હે મા ! અમને આ તીર્થની ભક્તિ કરવાની શક્તિ આપજો ! આ મહાતીર્થના ઉત્કર્ષના કાર્યમાં અમને સહાય કરજો !



આ આવ્યો દાદાનો દરબાર ! નિસિહિ... નિસિહિ... નિસિહિ... આ છે મારા દાદાનો રુડો દરબાર ! લગભગ ૪૪.૬ ફુટ X ૪૧.૬ ફુટનો આ વિશાળ રંગમંડપ !









શ્રી ગિરનારી નેમપ્રભુને, નીરખી નયણાં ભીંજાય;
વ્હાલાજીનું મુખડું દેખી, હિયડે હરખ ન માય...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી અદ્‌ભુત નકશીકામ કરેલ આ ઘુમ્મટ!

નેમિપ્રભુની ભક્તિમાં ઓત પ્રોત બનીને પ્રભુના વર્ણને સ્વયં ગ્રહણ કરી ન લીધો હોય ? તેવી શ્યામવર્ણના પાષાણમાં નયનરમ્ય કલાકૃતિયુક્ત સોળવિદ્યાદેવીઓ તથા સંગીતસામગ્રીયુક્ત નર્તકીઓની અદ્‌ભુત પ્રતિમા ! તેવા જ પાષાણમાંથી કંડારેલી આ કમાનો !

આ જુઓ ! જમણીબાજુ આ મહાતીર્થના મૂળનાયકની ગાદી ઉપર તીર્થાધિરાજ એવા શ્યામવર્ણના (૬૧ ઈંચના) નેમિપ્રભુની શોભા તો કંઈ અનેરી જ છે ! આ પ્રભુના કેટલા ગુણલા ગાવા ? આજે હૃદયપટલ ઉપર અનેરા આનંદની લહેર છવાઈ ગયેલ છે ! પ્રભુના દર્શન કરતાં અવાચક્ બની જવાય છે...

આજ મનોરથ મારો ફળીયો, શ્રી નેમિજિન મળીયો રે;
દુર્ગતિનો ભય દૂર ટળીયો, પાયો પુણ્ય પોટલીયો રે...



**સ્તુતિ :** જે પ્રભુ તણા સંસ્મરણથી, સંતાપ સવિ મનના ટળે,
જે પ્રભુ તણા દર્શન થકી, દુઃખ દુરિત દર્દ દૂરે ટળે;
જે પ્રભુ તણા વંદન થકી, વિરમે વિષયને વાસના,
ગિરનારમંડણ નેમિજિનને, ભાવથી કરું વંદના... (૨)

અંજનસરિખા પણ નિરંજન, રાગ દ્વેષ વિનાશથી,
છો શ્યામ પણ જીવન તમારું, શોભે શુભ પ્રકાશથી;
કેવો વિરોધાભાસ, તારા સ્વરૂપની શી કલ્પના,
ગિરનાર મંડણ નેમિજિનને, ભાવથી કરું વંદના... (૨)

નિષ્કામ નિર્મલ નિર્વિકારી, નેમિનાથ નમું સદા,
ચાહુ હું ઉજ્જ્વલ જીવનમાં, લાગે કલંક નહીં કદા;
અવિકારતા રહો દૃષ્ટિમાં, બસ આટલી મુજ પ્રાર્થના,
ગિરનારમંડણ નેમિજિનને, ભાવથી કરું વંદના... (૨)

હે નાથ તૃષ્ણા અગ્નિએ, જનમોજનમ બાળ્યો મને,
સ્નેહાળ નયનોમાં ડૂબાડી, પ્રભુ તમે ઠાર્યો મને;
છે ઝંખના બસ એક કે, મુજને ભવોભવ ઠારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો... (૨)

પ્રતિ રોમમાં, પ્રતિ શ્વાસમાં, પ્રતિ પલકમાં પ્રભુ તું જ છે,
આ સૃષ્ટિમાં કરું દૃષ્ટિ જ્યાં, તે દૃશ્યમાં પ્રભુ તું જ છે;
પ્રતિ અણુ અને પરમાણુમાં, સંભળાય સૂર તુજ નામના,
ઉપકારકારી નેમિવરને, ભાવથી કરું વંદના... (૨)









ચાલો ! સૌ પ્રથમ દાદાના ગભારાની ફરતે આવેલી આ નાની ભમતીમાં બિરાજમાન પ્રભુજીને ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' કરતાં કરતાં આપણે દાદાની પ્રથમ પ્રદક્ષિણા આપીને, જિનાલયના મુખ્ય રંગમંડપમાં બિરાજમાન પ્રભુજીના દર્શન કરતાં કરતાં આગળ વધીએ... ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં''

અરે ! આ જાુઓ ! આ ગોખલામાં શ્વેતવર્ણીય નેમિનાથ દાદા, નીચે સતી શિરોમણી રાજીમતીશ્રી અને બાજુમાં નેમિનાથ પ્રભુના પ્રથમ ગણધર શ્રી વરદત્ત ગણધર અને પરિકરમાં નેમિપ્રભુના બાકીના ૧૭ ગણધરોની પ્રતિમાને અનુક્રમે ''નમો જિણાણં'' ''મત્થએણ વંદામિ'' ''નમો સિદ્ધાણં'' કરી ભાવથી વંદન કરીએ અને આ બાજુ જુઓ ! કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી તથા પરમ પૂજ્ય આચાર્ય શાન્તિસૂરિ મહારાજને ''મત્થએણ વંદામિ'' અને બાજુમાં બિરાજમાન ગુર્જરેશ્વર નરેશ કુમારપાળ મહારાજાને ''પ્રણામ'' કરીએ.

હવે આ બાજુના ગોખલામાં ઉપર બિરાજમાન શ્વેતવર્ણીય નેમિનાથ ભગવાનને ''નમો જિણાણં'' તથા નીચે બિરાજમાન શ્વેતવર્ણીય સિદ્ધાત્મા શ્રી રહનેમિજીને ''મત્થએણ વંદામિ'' કરી વંદન કરીએ !





ભવ્ય ! વિ.સં. ૨૦૭૯ ના માગસર માસની સુદ ૧૦ના શુભ દિને ૯-૯ આચાર્યોની પાવન નિશ્રામાં આ પ્રભુજી તથા પૂજ્યોની પ્રતિષ્ઠા થયેલ છે.

આ રંગમંડપની બહારના ઉત્તર દિશા તરફના દ્વારની બહાર જમણી બાજુની દેરીમાં નેમિનાથ પ્રભુના શાસનના રક્ષક, તીર્થઅધિષ્ઠાયક દેવ શ્રી ગોમેધયક્ષના નૂતન બિંબની પ્રતિષ્ઠા પણ તાજેતરમાં થયેલ પ્રસંગ અવસરે કરવામાં આવેલ છે. તેમની સામે બે હાથ જોડી ‘‘પ્રણામ’’ કરીએ અને પ્રાર્થના કરીએ કે હે ! નેમિપ્રભુની સેવામાં સદા હાજરાહજૂર રહેનારા એવા ગોમેધયક્ષ દાદા! આપની ઉપેક્ષા કરી અમે વર્ષોથી આપની આ સ્થાનમાં પ્રતિષ્ઠા ન કરાવી શક્યા તે બદલ આપની અંતઃકરણપૂર્વક ક્ષમા માંગીએ છીએ! અમને માફ કરજો ! પ્રભુના શાસન અને તીર્થની સદાકાળ રક્ષા કરજો. આ જુઓ ! દ્વારની ડાબી બાજુ શ્વેત સંગેમરમરના પાષાણમાં બનેલી દેરીમાં વર્તમાન શાસનપતિ શ્રી મહાવીરસ્વામીના પીળા વર્ણના પગલાંને ‘‘નમો જિણાણં’’ કરી દર્શન કરીએ !

પછી જુઓ ! દાદાના જિનાલયની બરોબર પાછળ આવેલા આ જિનાલયમાં પોરવાડ જ્ઞાતીય સુશ્રાવક જગમાલ ગોરધન દ્વારા વિ.સં. ૧૮૪૮, વૈશાખ વદ ૬ના શુક્રવારે પ.પૂ.આ. જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભ હસ્તે પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી.







આ શ્રાવક ગિરનાર મહાતીર્થના જિનાલયોની દેખરેખ રાખનાર મુનિમ તરીકે ફરજ બજાવી સંરક્ષણનું કાર્ય કરી રહ્યા હતા, તેના નામ ઉપરથી જૂનાગઢ શહેરના ઉપરકોટ વિસ્તારથી નીચે ઉતરતાં જે ચોક આવે છે તેનું નામ ''જગમાલ ચોક'' આપવામાં આવ્યું હતું.

આ જિનાલયના મૂળનાયક શ્રી આદિનાથ દાદાને હાલ ''નમો જિણાણં'' કરી આગળ વધીએ... પછી આપણે આ તીર્થયાત્રાનું ચોથું ચૈત્યવંદન અહીં કરશું. આગળ વધતા આ જુઓ! જિનાલયના દક્ષિણદ્વાર પાસે શ્રી બાલબ્રહ્મચારી નેમિનાથ ભગવાનની શ્યામવર્ણની ચરણ પાદુકાને ''નમો જિણાણં'' કહી દર્શન કરીએ...

બાજુમાં જ આ જુઓ તપાગચ્છીય પ.પૂ. આચાર્ય મણીવિજય દાદાના શિષ્ય પ.પૂ. બુદ્ધિવિજયસૂરિના શિષ્યરત્ન પ.પૂ.આ. વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજ સાહેબની પ્રતિમાને ''મત્થએણ વંદામિ'' કહી વંદન કરીએ...

ચાલો ! આ દક્ષિણ દિશા તરફના બીજા દ્વારથી આપણે મુખ્ય જિનાલયના બીજા રંગમંડપમાં પ્રવેશ કરીએ... લગભગ ૩૮ ફુટ X ૩૧ ફુટનો આ બીજો રંગમંડપ છે !




પૂર્વકાળમાં પ્રથમ રંગમંડપમાં સ્નાત્ર મહોત્સવ આદિ કરવામાં અગવડતા પડતી હોવાથી ''ઈન્દ્રમંડપ'' નામના આ રંગમંડપનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. આ જુઓ ! ગોખલામાં પૂ.આ. નીતિસૂરિ મહારાજ સાહેબ આદિ દ્વારા પ્રતિષ્ઠા થયેલ પ્રભુજી બિરાજમાન છે ! ''નમો જિણાણં'' સામે જુઓ ! આ પશ્ચિમાભિમુખ દ્વારની બહાર ઝરૂખો આવેલો છે ! નેમિપ્રભુની બરોબર સામે આવતાં આ દ્વારથી પ્રભુજીની દૃષ્ટિ સમસ્ત વિશ્વમાત્ર ઉપર પડી રહી છે! **વર્તમાન કલિકાળમાં મોહાંધ થઈને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ચકચૂર બનેલા જીવોને ઉગારવા અને ભવસમુદ્રથી પાર ઉતારવા આ ગિરનારમંડણ બાલ-બ્રહ્મચારી નેમિનાથ દાદાની આરાધના, સાધના અને ઉપાસના અત્યંત ફળદાયી નીવડે છે.**

ચાલો ! આ ગોખલાઓમાં બિરાજમાન પ્રભુજીને ''નમો જિણાણં'' કરતાં ઉત્તરદિશા તરફના આ બીજા રંગમંડપના દ્વારથી બહાર નીકળી આપણે ૮૪ દેરીઓવાળી આ મોટી ભમતીમાં દર્શન કરતાં ત્રીજી પ્રદક્ષિણા દઈએ...



ડાબી તરફની દેરીઓમાં ''નમો જિણાણં'' કરતા આગળ વધીએ ! આ પહેલી દેરી પાસે નંદીશ્વર દ્વીપનો પટ! ''નમો જિણાણં'' ક્રમસર આગળ વધતાં આ જુઓ ''સમેતશિખરજી મહાતીર્થ''નો પટ ! ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' તે રસ્તો છોડી ચાલો ભમતીના દર્શન કરવા આગળ વધીએ ! ''નમો જિણાણં'' આ જુઓ ! મૂળનાયક પરમાત્માના જિનાલયની બરોબર પાછળ આવેલું આ સંકુલનું પૂર્વાભિમુખ રહેલું એવું મુખ્ય પ્રવેશ દ્વાર !

આ દ્વારથી જ રત્નાશ્રાવક અંબિકાદેવીની સહાયથી ગુફામાંથી આ નેમિપ્રભુને લઈ આવ્યા હતા... તે વખતે જિનાલયના સંકુલના આ મુખ્યદ્વારથી પ્રવેશ કરીને જિનાલયના પ્રવેશ દ્વારમાં પ્રવેશતાં જ શરતચૂકથી આ પ્રભુજીને નીચે મૂકી દેવાથી પ્રભુજી વર્તમાન ગાદીના સ્થાને સ્થિર થઈ ગયા... પછી શાસનદેવીના વચનાનુસાર આ પ્રભુજીને ખસેડવાનું અશક્ય બનતાં તેના સુચન મુજબ આખા જિનાલયની દિશા પૂર્વાભિમુખમાંથી પશ્ચિમાભિમુખ બનાવવાનું અનિવાર્ય બન્યું હતું! આ પ્રવેશદ્વારની પરસાળમાં આ છે સુંદર કલાકૃતિયુક્ત શ્રી નેમિનાથ ભગવાનના








નવભવના શ્વેતવર્ણના સંગેમરમરના પાષાણમાં કંડારેલા પટ! ''નમો જિણાણં''

જુઓ ! દક્ષિણ દિશા તરફની ભમતીમાં આ દરવાજાથી અંદર પ્રવેશતાં જ મંડપમાં સન્મુખ બિરાજમાન શ્વેતવર્ણીય નેમિનાથ ભગવાન તથા આજુબાજુમાં ઉત્તરાભિમુખ બિરાજમાન શ્યામવર્ણના નેમિનાથ પ્રભુ કેવા શોભી રહ્યા છે ! ''નમો જિણાણં'' ''નમો જિણાણં''.

પૂ.આ. હેમવલ્લભસૂરિ મ.સા.ની નિશ્રામાં શરૂ થયેલ જીર્ણોદ્ધાર દરમ્યાન (વિ.સં. ૨૦૬૫થી) આ પ્રભુજીઓને ઉપર લાવતાં આ પ્રભુજીઓનો મહિમા કેવો વધી ગયો છે !

ચાલો ! હવે અંદર ડાબી તરફથી આગળ આ જુઓ ! ચરમ તીર્થપતિ મહાવીર-પ્રભુના પટ્ટધર સુધર્માસ્વામીથી શરૂ કરી ૭૬મી પાટ સુધીની પરંપરામાં આવતાં પ.પૂ.આ. નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રતિમા ! જેઓશ્રીની પાવન નિશ્રામાં વિ.સં. ૧૯૭૯ થી લગભગ ૧૬ વર્ષ સુધી શ્રી ગિરનાર મહાતીર્થના જિનાલયો આદિમાં તૂટેલા ઘુમ્મટો, ગોખલાઓ, દેરીઓના નવીનીકરણ તથા દરેક જિનાલયમાં સંગેમરમરના પાટીયાઓનું સુંદર કાર્ય થયું હતું, બાજુમાં આ. હીરચન્દ્રસૂરિ, પૂ. રામવિજય ગણી, આ. જિનચંદ્ર સૂ.મ.સા.ના પગલાં, પૂ. સુધર્માસ્વામી ભગવંતથી પૂ.આ. નીતિસૂ. મ.સા.ની પાટપરંપરા આદિ સૌના પગલાંને હાથ જોડી મસ્તક નમાવી ''મત્થએણ વંદામિ'' દ્વારા વંદન કરી આગળ વધીએ.. આ પૂર્વ દિશા તરફ જુઓ ! ત્યાં ગત ચોવીસીમાં ગિરનાર મહાતીર્થની ધન્યધરા ઉપરથી પરમપદને પામેલા ૧૦ તીર્થંકર પરમાત્મા તથા વચ્ચે ગત ચોવીસીના ત્રીજા તીર્થંકર શ્રી સાગરજિન આદિ સૌના સ્વ-સ્વ વર્ણની પ્રભુજીની પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરેલ છે. આગળ આ નાના સાંકડા દ્વારથી નીચે ભોંયરામાં જવાય છે ત્યાં આપણે પછી જવાનું રાખી હાલ તો આગળ વધીને દક્ષિણ દિશા તરફ બિરાજમાન નેમિનાથ ભગવાન તથા યુગાદિદેવ શત્રુંજયમંડન શ્રી આદિનાથ પ્રભુના પગલાંને ''નમો જિણાણં'' તથા સતી શિરોમણી રાજીમતીશ્રીના પગલા ને ''મત્થએણ વંદામિ'' કહી મસ્તક ઝૂકાવી આગળ વધીએ !

આ જુઓ ! બાજુના ભોંયરામાંથી ઉપર લાવેલા શ્યામવર્ણના બે તથા શ્વેતવર્ણના એક પ્રભુજી ! ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' આગળ વધતાં અનાગત (આવતી) ચોવીસીમાં આ ગિરનાર મહાતીર્થ ઉપરથી મોક્ષપદને પામનારા સ્વ-સ્વ વર્ણના ચોવીસ તીર્થંકર પરમાત્મા તથા વચ્ચે મૂળનાયક તરીકે આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભસ્વામી (શ્રી શ્રેણીક મહારાજાનો આત્મા) બિરાજમાન કરેલ છે તે



બધાને ભાવથી નતમસ્તકે ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' કરતાં કરતાં એવા ભાવ ભાવીએ કે ''હે ! પ્રભુજી આપની સાથે સાથે અમને પણ આ ગિરનાર મહાતીર્થ ઉપરથી મુક્તિપુરીમાં લઈ જાશો ને !''

ચાલો ! હવે આપણે પેલા નાના અને સાંકડા એવા દ્વારથી નીચે ભોંયરામાં જઈએ !

અરે ! આ જુઓ ! અહીં તો મનોહારી, કામણગારી એવા લગભગ ૬૧ ઈંચના શ્વેતવર્ણના સંપ્રતિકાલીન પ્રગટપ્રભાવક શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે, આ પ્રભુજીનું દર્શન તો આપણને પરાણે અદ્‌ભુત ! અદ્‌ભુત ! અદ્‌ભુત ! એવા શબ્દોનું ઉચ્ચારણ કરવા મજબૂર કરે છે. આ



પ્રભુજીના હાથની આંગળીઓના નખની અત્યંત નાજૂક કારીગરી તો જુઓ ! મનોહારી નાજૂક એવી આ આંગળી આપણા મનને કેવી હરે છે ! પછી અહીં આપણે આ તીર્થયાત્રાનું પાંચમું ચૈત્યવંદન કરશું.

ચાલો ! હવે હાલ તો આપણે ભમતીની આગળની દેરીઓના દર્શન કરીએ...

''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં''


ભવ્ય ! આ કોલાહલ શેનો જણાય છે ? દાદાના પ્રક્ષાલના આદેશની 'જય' બોલાય ગઈ હોય તેવું લાગે છે !

ચાલો ! ચાલો ! આપણે સૌ રંગમંડપમાં પ્રભુજીની સન્મુખ જ્યાં જગ્યા મળે ત્યાં યોગ્ય સ્થાને ગોઠવાઈ જઈએ !!!

અરે ! ચાલો ! ચાલો ! અભિષેકનો સમય થઈ ગયો !

નેત્રયુગલને નિહાળવા દુર્લભ, અવર્ણનીય એવા સૂરસંગીત સાથે થતાં આ અભિષેકને નિહાળવા મળે તે તો પ્રચંડ પુણ્યોદય ! જાણે સુરલોકમાંથી ઈન્દ્ર મહારાજા સપરિવાર અહિં પધાર્યા ન હોય ! તે માહોલ માણવાનો છે !

**દેવાધિદેવ તીર્થંકર પરમાત્માના કલ્યાણકોની ઉજવણી એ તો સમ્યગ્‌દર્શનની નિર્મળતા દ્વારા મુક્તિપદને અતિનિકટ બનાવવાનો અમોઘ ઉપાય છે ! પ્રભુનું જન્મકલ્યાણક અતિમંગલ છે! પ્રભુના જન્મ**





**સમયે ચૌદરાજલોકમાં સર્વત્ર અજવાળા થાય છે... સર્વત્ર હીરા-માણેક-સોના-રૂપાની ખાણોમાં વૃદ્ધિ થાય છે.. ધરતી રસકસવાળી થવા લાગે છે... પૃથ્વી સમૃદ્ધિથી ભરપૂર બને છે... દેવદુંદુભિના નાદ ગગને ગુંજે છે... નારકીઓને પણ અંતર્મુહૂર્ત માટે સુખની અનુભૂતિ થાય છે... ઈન્દ્રમહારાજા અને દિક્કુમારીઓના આસન કંપાયમાન થાય છે... ઈન્દ્ર મહારાજા પાંચ રૂપધારણ કરીને પ્રભુને લઈને દેવવિમાન દ્વારા મેરુપર્વતે પહોંચી જાય છે... દેવતાઓ અભિષેક માટે ક્ષીરસમુદ્ર, ગંગા-સિંધુ**


**નદી, પદ્મસરોવરાદિના ઉત્તમ જલ લાવે છે... દેવદેવીઓ હર્ષ સાથે નૃત્ય કરે છે... ચોતરફ ઢોલ, નગારા, ખંજરી, કરતાલ, ધુઘરા, વાંસળી, ઘંટનાદ-શંખનાદ આદિ વિવિધ વાજિંત્રોના નાદથી વાતાવરણ ગુંજવા લાગે છે...**

ભવ્ય ! તને એમ થતું હશે ને કે, 'ભગવાનના અભિષેકમાં વળી આટલા ધાંધલ-ધમાલ અને ઘોંઘાટની શી જરૂર છે ? પરમાત્માની પૂજા તો શાંતિથી થવી જોઈએ!' પણ ભવ્ય ! અહીં ગિરનાર ઉપર તો છે ને! અભિષેક અને આરતી અવસરે સ્પેશ્યલ તાલબદ્ધ ઘંટનાદ, શંખનાદ અને મૃદંગનાદ વગેરે થાય છે !

તેનું કારણ કહું !

**ભવ્ય ! આપણા આત્મામાં છે ને ! શાશ્વત એવો અનાહતનાદ હોય છે, આ અનાહત નાદ જેને સંભળાય તેનો મોક્ષ જલ્દી થાય છે... તેનો આધ્યાત્મિક વિકાસ સહજ અને સફળ થાય છે, ઘંટનાદ અને શંખનાદના ધ્વનિતરંગો અનાહતનાદના ધ્વનિતરંગ સમાન છે. એટલે ઘંટનાદ અને શંખનાદ દ્વારા અનાહત નાદની ઓળખાણ થાય છે. તેમજ આ ધ્વનિતરંગોથી આત્મા ઉપર લાગેલ કર્મમળમાં સ્પંદનો પ્રગટ થાય છે, જે સ્પંદનો કર્મદલિકોને આત્માથી દૂર ફેંકે છે અને આત્મા નિર્મળ બને છે !**

ભવ્ય ! આ તત્ત્વજ્ઞાન તને નવું જ લાગે છે ને ? પણ હા... આ વાસ્તવિકતા છે ! આ ધ્વનિતરંગોમાં એકાકાર થઈને તું પણ પરમાત્માના



આ અભિષેકના આલંબનથી આત્માના અનાહતનાદનો એક્ષપીરીયન્સ કરી શકીશ.

ભવ્ય ! જે કોઈ પુણ્યાત્માઓ આનંદવિભોર બની આ અભિષેક ધારાને આંખમાં અશ્રુધારા સાથે નિહાળે છે ને ! તેઓ વિપુલપ્રમાણમાં કર્મની નિર્જરા કરી શીઘ્રતયા શાશ્વતપદના સદ્ભાગી બને છે !

ચાલો ! આપણે પણ આ અભિષેકને માણીએ...

**સ્તુતિઃ** ભક્તિભર્યા સુધર્મઈન્દ્ર, જાણી અવસર જન્મનો,
સવિદેવદેવી સાથમાં, ઉત્સવ કરે મહાપુણ્યનો;
મેરુશિખર પર આપનો, અભિષેક જે છે ગુણકારો,
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, આજ અહીંયા અવતરો...
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, નયન મન પાવન કરો...

જે જન્મ સમયે મેરુગિરિની સ્વર્ણ રંગી ટોચ પર,
લઈ જઈ તમોને દેવને દાનવ ગણો ભાવે સભર;
ક્રોડોકનક કળશો વડે કરતા મહા અભિષેકને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે...
આજે તમને જેમણે જોયા છે તે પણ ધન્ય છે...

છપ્પન દિક્કુમરી તણી સેવા સુભાવે

પામતા,

દેવેન્દ્ર કર સંપુટ મહી ધારી જગત હરખાવતા;
મેરુશિખર સિંહાસને જે નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું...
મારા પ્રભુ નેમિનાથને પંચાંગ ભાવે હું નમું...

**ગીત :** (રાગ : આંખ મારી ઉઘડે ત્યાં...)

આંખ મારી ઉઘડે ત્યાં નેમિનાથ દેખું,
મંદિરીયામાં બેઠાં મારા નેમિનાથ દેખું;
નેમિનાથ દેખું તો મન હરખાતું,
ધન્ય ધન્ય જીવન મારું, કૃપા એની લેખું...

ન્હવણ કરીને મારા કર્મો પખાળું,
ચંદન વિલેપી મનને શીતળ બનાવું;
કેશર ચઢાવી મારા પાપોને બાળું,

## ગિરનાર અભિષેક સ્તુતિ

ગિરનાર પર પ્રભુ નેમના, અભિષેકનો પાવન સમય,
પ્રભુ નેમિનાથ જિનાલયે, વાતાવરણ શુભભાવમય;
તે પરમ પાવન દશ્ય મારા, નેત્રને નિર્મલ કરો,
નેમિનાથની અભિષેકધારા, વિશ્વનું મંગલ કરો... (૨)

શ્યામલપ્રભુના મસ્તકે, નીરખું હું ક્ષીરધારા ધવલ,
રોમાંચ અનુપમ અનુભવું, ગદ્ગદ્ હૃદય લોચન સજલ;
પ્રત્યેક આત્મપ્રદેશે નેમિ, પ્રીતને નિશ્ચલ કરો,
નેમિનાથની અભિષેકધારા, વિશ્વનું મંગલ કરો... (૨)

અભિષેકના સુપ્રભાવથી, વિઘ્નો તણો થાઓ વિલય,
સર્વત્ર આ સંસારમાં, શાસન તણો થાઓ વિજય;
સુખ શાંતિ પામે જીવ સહુ, કરુણા સુવાસિત દિલકરો,
નેમિનાથની અભિષેકધારા, વિશ્વનું મંગલ કરો... (૨)

અભિષેકના સુપ્રભાવથી, ભવતાપનું થાઓ શમન,
ઉર કેરી ઉખર ભૂમિ પર, સમ્યક્ત્વનું થાઓ વપન;
મિથ્યાત્વ મોહ કુવાસના, કુમતિતણો સવિ મલ હરો,
નેમિનાથની અભિષેકધારા, વિશ્વનું મંગલ કરો... (૨)

અભિષેકના સુપ્રભાવથી, ગિરનારનો જય વિશ્વમાં,
મહિમા મહાગિરિરાજનો, વ્યાપી રહો આ વિશ્વમાં;
આ તીર્થના આલંબને, ભવિ જીવ શિવ મંઝીલ વરો,
નેમિનાથની અભિષેકધારા, વિશ્વનું મંગલ કરો... (૨)

**ૐ હ્રીઁ અર્હં શ્રી નેમિનાથાય નમઃ**
**(ત્રણ વાર સામૂહિક બોલવું)**

સોને કી છડી ! રૂપે કી મશાલ ! જરીયન કા જામા !
મોતીયન કી માલા ! આજુ સે બાજુ સે નિગાહ રખો !
જીવદયા પ્રતિપાલક ! દેવાધિદેવ ! ત્રણ ભુવનના નાથ !
વીતરાગ વત્સલ ! જ્યોતિ સ્વરૂપી ! બાવીસમા તીર્થંકર !
શ્રી નેમિનાથ દાદાનો જલાભિષેક શરૂ થાય છે !!!
**નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ**
જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હોજો, માંગુ એમ પ્રભુ પાસ.

**ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા !**

આ જુઓ જલાભિષેકનો પ્રારંભ થતાં જ ખંજરી, કરતાલ, ઢોલક, ઘુઘરા, ડફલી, ઘંટનાદ, શંખનાદ વગેરે વાજિંત્રોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું ! કોઈ ચામર નૃત્ય કરે છે ! કોઈ હર્ષ વિભોર બની ''જય જય શ્રી નેમિનાથ'' ''જય જય શ્રી નેમિનાથ''ના નાદથી ૧૫-૨૦ મિનિટ માટે સૌ વાતાવરણને ગુંજતું કરી દે છે !

અહો ! અહો ! અહો !

શું પરમાત્માનો અભિષેક છે !

શ્યામવર્ણના શિખરેથી જાણે ચાંદીના ઝરણાઓ વહેતા ન હોય ! અદ્‌ભુત! અવર્ણનીય! અનોખું છે આ દૃશ્ય !

આ જુઓ સૌની આંખોમાંથી વહેતી આ અશ્રુધારા સૌના પાપોનું કેવું પ્રક્ષાલન કરી રહી છે !

**સ્તુતિ :** પ્રભુ મસ્તકે મન મોહતી, અભિષેક ધારા ધન્ય છે !
ભવિપાપમલને પખાલનારી, નીરધારા ધન્ય છે !
નેમિ-ન્હવણ નીરખી, વરસતી અશ્રુધારા ધન્ય છે !
અભિષેક ઉપકરણ બનનારા, કળશને ધન્ય છે !

સદ્‌ભાગ્ય વર ઉપલબ્ધિ કરતાં, ક્ષીરને પણ ધન્ય છે !
વરક્ષીર ઝરનારી સુમંગલ, ધેનુમાતા ધન્ય છે !
ઝાંખી કરાવે સુરસદનની, ભક્તગણને ધન્ય છે !
ઢોલક ને ઘંટારવ સુમંજુલ, શંખનાદને ધન્ય છે !

ગિરનાર તીર્થ મળ્યું મને, મુજ પુણ્યને પણ ધન્ય છે !
રંગાયું મનડું ભાવમાં, પ્રભુની કૃપાને ધન્ય છે !
ભાવોની પુષ્ટિ કરાવતો, ગિરનાર ગિરિવર ધન્ય છે !
મુજ ધન્યતાના મૂળ, નેમિનાથ દાદા ધન્ય છે !

ભવ્ય !

ચાલો ! હવે આપણે આપણી આ યાત્રાનું ત્રીજું અને મુખ્ય એવું નેમિનાથ દાદાનું ચૈત્યવંદન કરીએ...
(ઈરિયાવહી વગેરે કરીને....)

## ચૈત્યવંદન

બાવીસમા શ્રી નેમિનાથ, ઘોર બ્રહ્મવ્રતધારી;
શક્તિ અનંતી જેહની, ત્રણ ભુવન સુખકારી... ૧
ઈન્દ્ર ચન્દ્ર નાગેન્દ્રને, વાસુદેવો સર્વે;
ચક્રવર્તીઓ નેમિને, સેવે રહી અગર્વે... ૨
કૃષ્ણાદિક ભક્તો ઘણાએ, જેની સેવા સારે;
એવા પરમેશ્વર વિભુ, સેવંતા સુખ ભારે... ૩

## સ્તવન - ૧

નીરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી, રાજીમતી કર્યો ત્યાગ ભગવંતાજી,
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો અરિહંતાજી, અનુક્રમે થયા વીતરાગ ભગવંતાજી.

ચામર ચક્ર સિંહાસન અરિહંતાજી, પાદપીઠ સંયુત ભગવંતાજી,
છત્ર ચાલે આકાશમાં અરિહંતાજી, દેવદુંદુભિ વર ઉત્ત ભગવંતાજી,

સહસજોયણ ધ્વજ સોહતો અરિહંતાજી, પ્રભુ આગળ ચાલંત ભગવંતાજી,
કનક કમલ નવ ઉપરે અરિહંતાજી, વિચરે પાય ઠવંત ભગવંતાજી,

ચાર મુખે દીયે દેશના અરિહંતાજી, ત્રણ ગઢ ઝાકઝમાળ

ભગવંતાજી,

કેશ રોમ શ્મશ્રુ નખા અરિહંતાજી, વાધે નહિ કોઈ કાલ ભગવંતાજી,

કાંટા પણ ઊંધા હોયે અરિહંતાજી, પંચ વિષય અનુકૂલ ભગવંતાજી,
ષટ્ઋતુ સમકાલે ફળે અરિહંતાજી, વાયુ નહિ પ્રતિકૂલ ભગવંતાજી,

પાણી સુગંધ સુર કુસુમની અરિહંતાજી, વૃષ્ટિ હોય સુરસાલ ભગવંતાજી,
પંખી દીયે સુપ્રદક્ષિણા અરિહંતાજી, વૃક્ષ નમે અસરાલ ભગવંતાજી,

જિનઉત્તમ પદની અરિહંતાજી, સેવા કરે સુરકોડી ભગવંતાજી,
ચાર નિકાયના જઘન્યથી અરિહંતાજી, ચૈત્યવૃક્ષ તેમ જોડી ભગવંતાજી,

## સ્તવન - ૨

(રાગ : મીલે મન ભીતર ભગવાન...)

નીરખી નયણાં ભીંજાય, નીરખી નયણાં ભીંજાય,
શ્રી ગિરનારી નેમપ્રભુને, નીરખી નયણાં ભીંજાય;
વ્હાલાજીનું મુખડું દેખી, હિયડે હરખ ન માય...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

સ્વામી સ્પર્શે રોમરાજી, પલમાં પુલકીત થાય (૨)
શ્રી જિનવરના ગુણલાં ગાતા, આનંદ અતિ ઉભરાય...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

શ્યામલ વરણી દેહડીને, ઉજ્જવલ એની કાંતિ (૨)
અષાઢ માસે ઘનઘોર મેહે, વીજ તણી એ ભ્રાંતિ...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

પદવી લહી ષટ્જીવત્રાતા, આપતા સૌને શાતા (૨)
સહસાવનમાં સાધનાએ, હુઆ કેવલજ્ઞાતા...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

ચંદનવને સર્પનાશે, મોર તણે ટહૂકાર (૨)
શ્રી નેમીશ્વર નામ સમરતા, દૂર ટળે વિકાર...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

આર્ય અનાર્યભૂમિ વિહરતા, જિન વચનામૃત પાતા (૨)
શ્રી ગિરનારની પંચમટૂંકે, મુગતિપતિએ થાતા...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

ઘેર બેઠાં એ ગિરિ ધ્યાવે, ભવચોથે શિવ જાવે (૨)
હેમ વદે જે એ ગિરિ સેવે, વલ્લભપદને પાવે...
જિનેશ્વર ! નીરખી નયણાં ભીંજાય (૨)

## સ્તવન - ૩

(રાગ : જિન તેરે શરણ કી શરણ...)

દેખો માઈ ! અજબ રુપ જિનજીકો... (૨)
ઈનકે આગે ઔર સબહું કો, રુપ લાગે મોંહે ફીકો... દેખો...
નયન કરુણા અમૃત કચોલે, મુખ સોહે અતિ નિકો... દેખો...
કવિ જસવિજય કહે એ નેમજી, પ્રભુ ત્રિભુવન ટીકો... દેખો...

## થોય

ગઢ ગિરનારે નમું, નેમિજિનેશ્વર સ્વામ,
ચોવીશે જિનવર, જગતજીવ વિશ્રામ;
અમૃત સમ આગમ, સુણીએ શુભ પરિણામ,
અંબિકાદેવી, સારે કાજ તમામ.

**ચાલો ! હવે આપણે ગિરનાર મહાતીર્થના ખમાસમણાના**

**૯ દુહા સાથે ખમાસમણા આપી ૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીએ !**

રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર... (૧)

સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર... (૨)

દીક્ષા-કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતાં, જનમ સફળ થયો જાણ... (૩)

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર... (૪)

કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત... (૫)

ગજપદ કુંડે નાહીને, મુખબાંધી મુખકોશ;
દેવ નેમિજિન પૂજતાં, નાશે સઘળા દોષ... (૬)

એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ... (૭)

ઉજ્જયંત ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
યદુકુળવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ... (૮)

આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર... (૯)

(અવસર્પિણીના છ આરામાં આ તીર્થના અનુક્રમે ૬ નામ : ૧. કૈલાસગિરિ ૨. ઉજ્જયંતગિરિ ૩. રૈવતગિરિ ૪. સ્વર્ણગિરિ ૫. ગિરનારગિરિ ૬. નંદભદ્રગિરિ.

એક ખમાસમણ આપીને શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! સદ્ધાએ, મેહાએ ધીઈએ ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨. એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ

(૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ ન આવડે તો ૩૬ નવકારનો કાઉસ્સગ્ગ કરી નમો અરિહંતાણં... બોલી)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલિ ॥૧॥

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ॥૨॥

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥

એવં, મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા;
ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥

કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ, ॥૬॥

ચંદેસુનિમ્મલયરા, આઈચ્ચેસુઅહિયં પયાસયરા,
સાગરવરગંભીરા, સિધ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ॥૭॥

ખમાસમણું આપી અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં.

**હે નેમિપ્રભુ ! આજે આપના દર્શન-વંદન-પૂજન પામી અમે પાવન થયા ! પ્રભુ ! આપના અનંતા ગુણોના અનંતમા ભાગના ગુણોનું સદ્ભાગ્ય પ્રાપ્ત**

**થાઓ !**

**હે સમુદ્રવિજય કુલચંદ ! હે માતા શિવાદેવી નંદ!**

**ઓ નિષ્કારણબંધુ ! ઓ નિષ્કારણ વત્સલ પ્રભુ!**

**ઓ ત્રિભુવનવલ્લભ ! ઓ સવિજીવપાલનહાર પ્રભુ!**

**આપના અણમોલ આલંબને અમારું કલ્યાણ થાઓ!**

- **જરાસંઘની જરાવિદ્યાના શિકાર બનેલા સૈન્યને જરાથી મુક્ત કરવા આપ સ્વયં સમર્થ હોવા છતાં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાના પ્રક્ષાલન જલના છંટકાવથી સૈન્યને જાગ્રત કરવાનું કૃષ્ણને સુચન કરનારા હે નેમિપ્રભુ ! ધન્ય છે આપની નિરાસંશા ને ! ધન્ય છે આપની નિઃસ્પૃહતાને ! પ્રભુ ! અમારામાં પણ આ નિઃસ્પૃહતા ગુણનું અવતરણ થાઓ !**
- **જરાસંઘ સાથેના યુધ્ધમાં ત્રણ દિવસમાં એક પણ લોહીનું ટીપું રેડ્યા વગર શત્રુના સૈન્યનું શમન કરનારા હે નેમિપ્રભુ ! ધન્ય છે આપની અહિંસાને! પ્રભુ ! આપના આ અહિંસા પાલન ગુણની પ્રાપ્તિ થાઓ !**
- **યદુકુલવંશ સમેત અનેક આત્માઓને તારનારા હે નેમિપ્રભુ ! અમારામાં પણ સૌને તારવાની તમન્નાવાળા તારકતા ગુણનું પ્રાગટ્ય થાઓ !**

**પ્રભુ ! આપની અમિદૃષ્ટિથી અમારી વિભાવદશા અંતર્ધ્યાન થાઓ ! સ્વભાવદશાનો પ્રાદુર્ભાવ થાઓ !**

**ભવસમુદ્રમાંથી ઉગારનારા ! તારનારા ! હે નેમિપ્રભુ! આપના પ્રભાવે અનાદિકાળના ભવભ્રમણની આ અંતિમયાત્રા બનો !**

**આ ભવ મળીયાને પરભવ મળજો, સેવા તમારી ભવોભવ મળજો,**
**શરણું તમારું ભવોભવ મળજો, દર્શન તમારા અહોનિશ ફળજો.**

ભવ્ય !

આ અદ્‌ભુત પ્રક્ષાલની જેમ આ દાદાની અહીંની આરતી પણ માણવા જેવી છે !

**ચાલો ! હવે આપણે આ તીર્થયાત્રાનું ચોથું ચૈત્યવંદન આ જિનાલયની પાછળ આવેલા આદિનાથ ભગવાનના જિનાલયની સન્મુખ કરીએ...**

## આદિનાથનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરી જેહ ચઢે, તેને ભવ પાર ઉતારે,
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય,
પૂર્વ નવ્વાણુ ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય,
સુરજકુંડ સોહામણો, કવડયક્ષ અભિરામ,



નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ...

## સ્તવન

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી જિનજી પ્યારા,
આદિનાથને વંદન હમારા,
પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે અમીરસ ધારા,
આદિનાથને વંદન હમારા...... (૧)
પ્રભુજીનું મુખડું છે મલક મિલાકર, દિલમેં ભક્તિ કી જ્યોત જગાકર,
ભજી લે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી ન આવે... જિનજી (૨)
ભમીને લાખ ચોરાશી હું આવ્યો, પુણ્યે દરિશન તુમારું પાયો,
ધન્ય દિવસ મારો, ભવના ફેરા ટાળો...જિનજી (૩)
પ્રભુ અમે માયાના વિલાસી, તુમે તો મુક્તિપુરીના વાસી,
કર્મબંધન કાપો, મોક્ષસુખ આપો... જિનજી (૪)
અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તુમારી,
કહે હર્ષ હવે સાચા સ્વામી તમે, પૂજન કરીએ અમે... જિનજી (૫)

## સ્તુતિ

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,

પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ.

**ચાલો ! હવે પેલા અમીઝરા પાર્શ્વનાથના ભોંયરામાં આપણે આ તીર્થયાત્રાનું પાંચમું ચૈત્યવંદન કરીએ...**

## પાર્શ્વનાથનું ચૈત્યવંદન



જયચિંતામણી પાર્શ્વનાથ જય ત્રિભુવન સ્વામી,
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી, ॥૧॥
પ્રભુ નામે આનંદકંદ, સુખસંપત્તિ લહિએ,
પ્રભુ નામે ભવભયતણા, પાતિક સવિ દહીએ, ॥૨॥
ૐ હ્રીઁ વર્ણ જોડી કરી, જપીએ પારસ નામ,
વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચલ ઠામ ॥૩॥

## સ્તવન

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને ના રે વિસારો;
મહેર કરી મુજ વિનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો... ૧
લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જિનજી;
દુર્ગતિ કાપો શિવસુખ આપો, ભક્ત સેવકને નિજપદ સ્થાપો... ૨
અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાલુ મેં હાથ ધર્યો છે;
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરા માંહે તુંહિ ન્યારો... ૩
પલ પલ સમરું નામ શંખેશ્વર, સમરથ તારણ તુંહિ જિનેશ્વર;
પ્રાણ થકીતું અધિકો વહાલો, દયા કરી મુજને નેહે નિહાળો... ૪
ભક્તવત્સલ તારું બિરૂદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી;
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મનમાંહે હું તો ઉમાહું... ૫
જ્ઞાનવિમલ તુજ ભક્તિ પ્રભાવે, ભવોભવના સંતાપ સમાવે;
અમીય ભરેલી તારી મૂરતિ નિહાળી, પાપ અંતરના દેજો પખાળી.. ૬

## સ્તુતિ

અમીઝરા પાર્શ્વ પ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો;
જિન આગમ અમૃતપાન કરો, શાસનદેવી સવિ વિઘ્ન હરો.

**ભવ્ય ! આ મુખ્ય જિનાલયના મૂળનાયક દાદાનું કે આ તીર્થનું જરા પણ અહિત ચિંતવનાર આત્માની શું હાલત થાય છે ! તેનો પણ એક રોચક પ્રસંગ ખાસ જાણવા જેવો છે ! તે સાંભળો !**

ભારત દેશની ધન્યધરા ઉપર મોગલ સામ્રાજ્યનો એ કાળ હતો. ધર્મઝનૂની અનેક મોગલ બાદશાહોએ શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનને ઘણું જ નુકશાન કરેલ છે. જિનાલયો અને જિનપ્રતિમાઓને ધરાશાયી કરવામાં કેટલાય બાદશાહોએ પાછી પાની કરી ન હતી. બીજી તરફ અનેક મોગલ બાદશાહ શ્રી જિનેશ્વર પરમાત્માના સિદ્ધાંતો અને સાધુભગવંતોના જીવનને નિહાળી ખૂબ જ પ્રભાવિત થયાના પ્રસંગો પણ ઈતિહાસના પાને પાને કંડારાયેલા છે.

જિનધર્મને શરણે ગયેલા આચાર્ય જિનપ્રભસૂરિજી પ્રભુના શાસનને શોભાવી રહ્યા હતા. જનમેદનીમાં ધર્મ અને કર્મની વાતોની વિવિધ વાનગી પીરસી રહ્યા હતા. સૂરિજીની વાણીથી પ્રભાવિત બનેલા બાદશાહ સુરત્રાણ તેમના પ્રત્યે અત્યંત આદરવાન્ બન્યા, અવસરે અવસરે સૂરિવર અને

રાજવરની જ્ઞાનગોષ્ઠિ ચાલતી રહેતી હતી, એકવાર અચાનક બાદશાહ સૂરિવરને પૂછે છે, ''ગુરૂવર ! આપ પૂજ્યના મુખેથી અનેકવાર ગિરનાર ગિરિવરના વખાણ સાંભળ્યા છે, તો શું ખરેખર ! આ ગિરનાર ગિરિવરનો કોઈ પ્રભાવ છે ?''

બાદશાહના સંશયનું સમાધાન ન કરતાં હોય ! તેમ સૂરિવર કહે છે, ''બાદશાહ ! ગિરનાર મહાતીર્થના મહિમાની વાતો જ અનેરી છે. અરે ! માત્ર જૈનધર્મ નહીં પરંતુ અન્યધર્મોમાં પણ તેનો મહિમા અપરંપાર દર્શાવવામાં આવ્યો છે. આ ગિરનાર ગિરિવર ઉપર અમારા વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે.''

બાદશાહ કહે, ''તમારા આ પથ્થરના પ્રતિમાઓ અને જિનાલયોનો કોઈ પ્રભાવ જોવા મળે ?''

સૂરિજી કહે ''આ જિનબિંબનો પ્રભાવ અનેરો છે, આ પ્રતિમા કોઈ અસ્ત્ર કે શસ્ત્રોથી છેદાય કે ભેદાય તેમ નથી, અગ્નિમાં બળતી નથી. વજ્રમયી આ પ્રતિમા દેવાધિષ્ઠિત છે!''

વિસ્મિતવદને બાદશાહ કહે, ''શું વાત કરો છો મહાત્મા !'' (સૂરિવરના વચન ઉપર શંકા સાથે મનમાં વિચારવા લાગ્યો પોલાદી લોખંડ સામે આ પથ્થરની પ્રતિમાની શું હેસીયત કે તેની સામે ટકી શકે ? આ પ્રતિમાની કસોટી અવશ્ય કરવી જ જોઈએ.)

સમયના વહેણ વહેતાં ચાલ્યાં, બાદશાહે સૂરિવરને ગિરનારની યાત્રા કરવાની પોતાની ભાવના વ્યક્ત કરી અને રાજવૈભવ સાથે ગિરનાર તરફ ડગ મંડાયા... જોતજોતામાં ગિરનારની સમીપે પહોંચતા ગિરનાર પર્વતના વિવિધ શિખરોની હારમાળાએ બાદશાહનું મન હરી લીધું. ગુર્જરદેશના ગૌરવને પ્રત્યક્ષ નિહાળી આજે તે આનંદવિભોર બની ગયો હતો. ચારેકોર લીલી ચાદર બિછાવી હોય તેવી વનરાજીને નીરખતાં બાદશાહના નેત્રકમલો વિકસિત થયા. કુદરતના ખોળે અડગ ઉભેલા આ ગિરિવરને જોઈ બાદશાહ રોમાંચિત થયો. પર્વતના કપરાં ચઢાણ સર કરી તે શ્રી નેમિનાથદાદાના જિનાલયના પ્રાંગણમાં આવ્યો. તેના તનના થાક સાથે મગજનો પારો પણ નીચે ઉતરવા લાગ્યો. રંગમંડપમાં પ્રવેશ કરી શ્રી નેમિનિરંજનને નીરખતાં જ બાદશાહ તેના મોહમાં પડી ગયો, શું આ પ્રતિમા છે ? કે સાક્ષાત્ મૂર્તિ છે ! આની તે પરીક્ષા થાય ? તેની લાગણી અને બુદ્ધિ વચ્ચે દ્વન્દ્વ યુદ્ધ મંડાયું, અંતે બુદ્ધિનો વિજય થતાં તેણે પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

બાદશાહે પ્રતિમાની પરીક્ષા કાજે શસ્ત્રશક્તિનો ઉપયોગ કરવાનો પ્રારંભ કર્યો અને સૂરિવરે મંત્રશક્તિનો ઉપયોગ કરવાનો પ્રારંભ કર્યો. તે પરમાત્માના ધ્યાનમાં લીન બન્યા તે સમયે બાદશાહે પ્રભુજીની પ્રતિમા ઉપર એક પછી એક દ્રઢ પ્રહાર શરૂ કર્યા પણ... અફસોસ ! તેનો એક પણ પ્રહાર પ્રભુજીની પ્રતિમાને નુકશાન કરવા સમર્થ ન બન્યો. એક તરફ તેનું માનભંગ થતાં તેની આંખોમાંથી આક્રોશના અંગારા વરસવા લાગ્યા જ્યારે બીજી તરફ શસ્ત્રપ્રહારના ઘર્ષણના કારણે તે જિનબિંબમાંથી અગ્નિના તણખા ઝરવાના શરૂ થયા. બાદશાહ આ ચમત્કારને જોતાં જ બેબાકળો થઈ ગયો, રખેને આ અગ્નિના તણખા જ્વાળાનું સ્વરૂપ પકડે અને મારા દેહનો ભરડો લઈ નાંખે ! તેવા ભયથી તેણે શસ્ત્રને જમીન પર ફેંકી દીધું.

બાદશાહ ભયભીત બની સૂરિજીના ચરણોમાં ઝૂકી ગયો. સૂરિજીએ ધ્યાનભંગ કરી પરિસ્થિતિને જોતાં તેના હર્ષનો પાર ન રહ્યો. સૂરિવરે તેના મસ્તક ઉપર હાથ મૂકી તેના મિથ્યાત્વના ઝેરને વમન કરાવી સમ્યક્ત્વના બીજનું વપન કર્યું. પછી બાદશાહ દોડતો પ્રભુના ચરણકમળમાં આળોટવા લાગ્યો. પોતે કરેલા દુષ્કૃતના પશ્ચાતાપ રૂપે માફી માંગી પરમાત્માના પ્રભાવના પારખા કરવાની ભૂલનો એકરાર કર્યો. પ્રભુના ખોળામાં મસ્તક ઝૂકાવી નાના બાળકની માફક રૂદન કરવા લાગ્યો. થોડીવાર બાદ સ્વસ્થ થઈ પ્રભુના ચરણે સુવર્ણ ધરી બાદશાહે વિદાય લીધી.

બાદશાહ પરમાત્માની પ્રતિમાના પ્રભાવનો અનુભવ કરે છે, તે જ રાત્રિએ તેમના કેટલાંક ધર્મઝનૂની અનાર્ય સાથીદારો ઉશ્કેરાયા અને બાદશાહે અનુભવેલા પ્રગટપ્રભાવને નામશેષ કરવા એક નવો કીમીયો ઘડવા લાગ્યા.

ગિરનાર ગિરિવરના જિનાલયોમાં જેટલા શ્યામવર્ણીય પ્રતિમાઓ બિરાજમાન હતા, તે બધાને ભેગા કરી એક ઓરડામાં પૂરી દે છે અને જૈનશ્રાવક વર્ગને જણાવે છે કે, ''જો આ બધાં કાળીયા દેવો રાત્રે કોઈ ચમત્કાર બતાવશે, તો અમે આ પ્રતિમાઓ તમને પાછી સોંપશું, અન્યથા પ્રભાતે સમગ્ર જનમેદની વચ્ચે જાહેરમાં આ પ્રતિમાઓના ચૂરેચૂરા કરી નાંખશું.''

સમગ્ર શ્રાવકવર્ગ ચિંતિત બન્યો, **"ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ?"** સૌ શોકાતુર બની ગયા. ઉષાના તેજકિરણોએ અંધકારની ચાદરને દૂર ખસેડી. આજે તે અનાર્યોના આનંદનો પાર ન હતો. રાત્રે એકપણ પ્રતિમાએ પરચો બતાવ્યો ન હતો, તે વાત શ્રાવકવર્ગને જણાવીને કહ્યું, "આ તમારા પથ્થરના પૂતળા આખી રાત પથ્થરની માફક જડ જ રહ્યા છે, નથી તો તેમના મુખમાંથી એક શબ્દ નીકળ્યો કે, નથી તો તેમનું એક રૂંવાડુ પણ ફરક્યું, હવે તેના ચૂરેચૂરા થતાં જોવાના પરમસૌભાગ્યનો અવસર આવી ગયો છે ! તેના માટે તૈયાર થઈ જાઓ !"

શ્રાવકવર્ગમાં ભયનો સોંપો પડી ગયો. સૌ મંત્રમુગ્ધ થઈ ગયા, હવે શું થશે ? આ પ્રભુજીની પ્રતિમાના ચૂરેચૂરા થતાં પહેલાં તો અમારું પ્રાણપંખેરૂ ઉડી જાય તો સારું ! સૌ સૂરિવર પાસે જઈ આજીજી કરવા લાગ્યા, "હવે તો આપ જ અમારા શરણાધાર છો ગુરૂદેવ ! ગમે તેમ કરી આ પ્રતિમાના ચૂરેચૂરા થતાં અટકાવો !"

સૂરિવર આ ઘટનાનો વૃત્તાંત સાંભળીને ગંભીર બન્યા, તાત્કાલિક બાદશાહને વિસ્તારથી વાત કરી. બાદશાહ તો ધર્મઝનૂનીઓના આ કારસ્તાનથી સંપૂર્ણ અજ્ઞાત હતાં. પરંતુ આ હકીકત જાણીને તેને ગઈ રાત્રીએ પોતાને આવેલા સ્વપ્નની ખૂટતી કડી અહીં જોડાતી હોય તેનો અણસાર આવ્યો. રાજપુરૂષોને તાત્કાલિક તે ધર્મઝનૂની અનાર્યોને પોતાની સમક્ષ હાજર કરવાનો હુકમ ફરમાવ્યો.

બાદશાહ સલામતનું આમંત્રણ સાંભળી અનાર્યો પણ હોંશે હોંશે આવ્યા. રાત્રિ દરમ્યાન બનેલ ઘટનાની વિગત જણાવીને બાદશાહને કહેવા લાગ્યા, "આ મૂર્તિ વગેરેના પ્રભાવની વાત તો બકવાશ છે, મહારાજા ! ગઈ કાલે આપ તો છેતરાઈ ગયા છો ! આ કાળા ભૂતડાં તો આખી રાત મુંગા જ રહ્યા છે ! બાદશાહ ગંભીર થઈને કહે, "આ પ્રભાવ વગેરેનો અનુભવ કિસ્મતમાં હોય તો થાય ! અરે ! આજે જ રાત્રે મને ખ્વાબમાં એક ગંભીર અનુભવ થયો. "બાદશાહ ! ખ્વાબમાં શું કોઈ પ્રભાવ જોયો ?" અનાર્યો બોલ્યા.

બાદશાહ કહે, "હા ! આજે રાત્રે આ ભૂતડાંઓએ મને ભયંકર ચેતવણી આપીને સાવધાન કર્યો કે, જો કાલે સવારે તમારા ધર્મઝનૂની અનાર્યો દ્વારા જિનપ્રતિમાને લેશમાત્ર પણ નુકશાન પહોંચાડવામાં આવશે તો તમે તમારા ખુદાને યાદ કરી લેજો પછી ઝહનમમાં તમારો ખુદા મળવાનો નથી."

બાદશાહ સલામતની આ ગંભીર વાતો સાંભળીને તે અનાર્યોના તો મોતીયા મરી ગયા કે, જો હવે રાજા ખફા થશે તો આપણા બાર વાગી જવાના અને બન્યું પણ એવું કે બાદશાહ સલામત તો અત્યાર સુધી મુંઝવણમાં હતા કે, આ અનાર્યો અને પ્રતિમાને નુકશાન આ બધી શું બાબત છે ? પરંતુ અનાર્યોના આ ખુલાસાથી તેની ગુંચવણના કોકડા ખૂલવા લાગ્યા અને સ્વપ્નની હકીકતના છેડા મળી ગયા.

બાદશાહ સલામત ધમધમી ગયા, અત્યંત આવેશવાળી તેમની વિકરાળ મુખાકૃતિ જોઈને સૌ અનાર્યોના પગ ધ્રુજવા લાગ્યા. તે કહે, "આ જિનપ્રતિમાના પ્રભાવની વાતને બકવાસ કહેનારા તમે કોણ ? આ ખુદા તો જીવતાં જાગતા દેવ છે, આવા ખુદાની પ્રતિમાનો નાશ કરવાના કાવતરાં રચવાનો અધિકાર તમને કોણે આપ્યો ? તમારા આ કારસ્તાનની સજારૂપે તમને ફાંસીને માંચડે લટકાવવાનો મારો આદેશ છે. સિપાઈઓ લઈ જાવ આ બદમાશોને ફાંસીએ ચડાવો."

ક્રોધથી ધમધમતા બાદશાહની આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. સૌ તેમના આ નિર્ણયને સાંભળી દિગ્મૂઢ થઈ ગયા, સૌના હૈયામાં કરૂણાના ભાવો ઉભરાઈ આવ્યા. નગરજનો તથા શ્રાવકવર્ગે બાદશાહને તે સજા ન કરવા વિનવણી કરી. બાદશાહ એક ના બે ન થયા, અંતે શ્રાવકવર્ગ સૂરિજી પાસે જઈને વિનંતી કરે છે, "ગુરુદેવ ! બચાવો ! પેલા અનાર્યધર્મઝનૂનીઓ કરેલી હરકતથી મહારાજા કોપાયમાન થયા છે અને તેઓને 'સજાએ મોત'નો હૂકમ ફરમાવ્યો છે, અમે સૌએ બાદશાહને ખૂબ વિનવ્યા પરંતુ કોઈ વાતે માન્યા નહીં, ગુરૂદેવ ! હવે આપ જ તેઓના તારણહાર છો ! કંઈ રસ્તો કાઢો."

સૂરિવર પણ શ્રાવકવર્ગની વાતો સાંભળી ચિંતિત બન્યા. **અહિંસાના સંદેશને વિશ્વમાત્રમાં પહોંચાડનારા જિનશાસનના દૂત આ જીવોની આવી હિંસા તો કેવી રીતે સહી શકે ?** તેઓ તો તાત્કાલિક બાદશાહ પાસે પહોંચ્યા, બાદશાહને સમજાવ્યા કે **"જિનશાસનના પાયામાં જીવદયા છે. અરે !**

**સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની પણ જ્યારે ચિંતા કરાતી હોય ત્યાં આવા જીવતા જાગતા માનવોની ફાંસી તો કેવી રીતે થાય ? આ પ્રભુ મહાવીરનું શાસન છે અને ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ના ન્યાયે અપરાધીને સજા કરવા કરતાં તેને ક્ષમા આપવી તે શૂરવીરની નિશાની છે.''**



મહારાજા સૂરિજીના વચનથી વિશેષ પ્રભાવિત થયા અને તેમના વચનોને શિરોમાન્ય કરી પેલા ધર્મઝનૂની અનાર્યોને બંદીખાનામાંથી મુક્ત કરવામાં આવ્યા, ત્યારે સૌના હૈયામાંથી નીકળેલા 'જૈનં જયતિ શાસનમ્' ના અંતર્નાદથી સમસ્ત વાતાવરણ ગુંજી ઉઠયું.

**આ નેમિનાથ ભગવાનની મુખ્ય ટૂંકના નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયમાં તથા આ પરિસરના અન્ય સ્થાનોના દર્શન આદિ આરાધના કરી ચાલો ! હવે આપણે અન્ય ટૂંકોના જિનાલયોના દર્શન-વંદન આદિ આરાધના કરવા જઈએ...**


નેમિનાથ પરમાત્માના સંકુલના ઉત્તર તરફના દ્વારથી નીચે ઉતરતાં આ જુઓ !

કેવું મનમોહક આ દૃશ્ય છે ! વિવિધ જિનાલયોના શિખરો અને ઘૂમટીઓથી શોભિત આ દૃશ્ય રળીયામણું લાગે છે !

જમણીબાજુ આ જુઓ !

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના સંગેમરમરના શ્વેતવર્ણના તીર્થપટના દર્શન કરીએ ! ''નમો જિણાણં'' આગળ વધતાં ડાબી તરફ જુઓ ! મુખ્ય જિનાલયની આજુબાજુ ફરતી નાની નાની ઘુમટીઓવાળી વર્તમાનમાં મેરકવસીના નામે ઓળખાતી આ ટૂંક ! ૧૫મા શતકના ઉત્તરાર્ધકાલીન ચૈત્યપરિપાટીકારો આ જિનાલયને સ્પષ્ટતયા ''ખરતરવસહી''ના જિનાલય તરીકે ઓળખાવે છે, તેના નિર્માતા તરીકે નરપાલ સંઘવી નામ આપવામાં આવેલ છે.

ખરતરગચ્છના ઉપાધ્યાય જયસોમ દ્વારા સ્વરચિત ''જયસાગરોપાધ્યાય-પ્રશસ્તિ''માં વિ.સં. ૧૫૧૧ (ઈ.સ. ૧૪૫૫)માં આ જિનાલયનું



નિર્માણ થયું હોવાનું જાણવા મળે છે.

જ્યારે વર્તમાનકાલીન કિંવદંતી અનુસાર જ્યારે સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી સાજનદે (સજ્જનમંત્રી) દ્વારા નેમિનાથ ભગવાનના જિનાલયના જિર્ણોદ્ધાર દરમ્યાન સોરઠદેશના ગામોમાંથી એકઠી થયેલ આવકની રકમ તેમણે પાટણના રાજભંડારમાં જમા ન કરાવતાં આ જિર્ણોદ્ધારના કાર્યમાં વાપરી નાંખી હતી. ત્યારે આ વિગત જાણી ક્રોધાયમાન થયેલ સિદ્ધરાજ સૌરાષ્ટ્રમાં પધારવાના વાવડ મળે છે. વિચક્ષણ મંત્રી પાણી પહેલાં પાળ બાંધવાના ન્યાયે તૈયારી કરે છે... વામનસ્થલી (વંથલી)ના મહાજનને ભેગું કરી જિર્ણોદ્ધારમાં વપરાયેલ રકમ વગેરે વાતની રજૂઆત કરે છે, મંત્રીવરે વહેતી મૂકેલ વાતને સાંભળી થાણાદેવડીના ભીમા સાથરીયાએ જિર્ણોદ્ધારનો આ સંપૂર્ણ લાભ પોતાને આપવા વિનંતી કરી...

તેના ભાવોને જાણી સજ્જન મંત્રીએ તેની લાગણીનો સ્વીકાર કર્યો અને અવસરે રકમ મંગાવશે તેમ જણાવ્યું... ઘણો સમય પસાર થવા છતાં મંત્રીશ્વર તરફથી કોઈ વાવડ ન આવવાથી ભીમો સાથરીયો બેચેન હતો કે, ''હજુ સજ્જનમંત્રીના કોઈ સમાચાર કેમ ન આવ્યા ? શું મારા મુખ સુધી આવેલો આ પુણ્યનો અમૃતકુંભ ઢોળાઈ જશે ?'' સતત ચિંતામગ્ન બનેલ ભીમાની ધીરજ ખૂટી અને અધીરા બનેલા તેણે જૂનાગઢ ભણી પ્રયાણ કર્યું... મંત્રીશ્વરને જિર્ણોદ્ધાર માટેની રકમ મોકલવા બાબત હજુ સુધી કોઈ સમાચાર ન મોકલ્યાનું કારણ પૂછ્યું... સજ્જને આ લાભ સિદ્ધરાજે સ્વયં લીધાની વાત કરતાં ભીમાને આઘાત લાગ્યો... હાથમાં આવેલ પુણ્યની આ તક ઝૂંટવાઈ જતાં તે ક્ષણ બેક્ષણ તો અવાચક્ બની ગયો... પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત થતાં તે કહે છે, ''મંત્રીશ્વર ! જિર્ણોદ્ધારના દાન માટે કલ્પેલી આ રકમ હવે મારા માટે કોઈ ખપની નથી! આપ આ દ્રવ્યનો સ્વીકાર કરો! અને યથાયોગ્ય સ્થાને તેનો ઉપયોગ કરજો !''

વણથલી ગામ ભણી વળતાં પગલાં ભરતાં ભીમા સાથરીયાના ધનના ગાડાઓ સજ્જનમંત્રીના આંગણે આવી ચડ્યા... વિચક્ષણ બુદ્ધિવાળા સજ્જને આ રકમમાંથી આ મેરકવસીની ટૂંકના બાવન જિનાલયનું નિર્માણ કરાવ્યું હોવાની કિંવદંતી ચાલે છે. તત્ત્વ કેવલી ભગવંતો જાણે.


ચાલો ! આપણે આ ટૂંકના દર્શન કરીએ...

આ મેરકવસીની ટૂંકના મુખ્ય જિનાલયમાં પ્રવેશ કરતાં પૂર્વે જમણા હાથ ઉપર આ પંચમેરુનું જિનાલય છે ! આ જિનાલયમાં અંદર પ્રભુજીને પધરાવેલ રચના રમણીય છે



! ચારે બાજુ ચાર ખૂણામાં ધાતકીખંડના બે મેરુપર્વત અને પુષ્કરાર્ધદ્વીપના બે મેરુપર્વત અને મધ્યમાં જંબૂદ્વીપનો એક મેરુપર્વત એ રીતે પાંચ મેરુપર્વતની રચના કરવામાં આવેલ છે... દરેક મેરુપર્વત ઉપર પરમાત્માની ચૌમુખજી પ્રતિમાઓ પધરાવવામાં આવેલ છે જેમાં મધ્યના મેરુપર્વતના મૂળનાયક ૯ ઈંચના શ્રી ઋષભદેવ ભગવાન છે... તે દરેકને ''નમો જિણાણં''





‘‘નમો જિણાણં’’ ‘‘નમો જિણાણં’’ આ પ્રભુજીઓની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯ની સાલમાં કરવામાં આવી હોય તેવા ઉલ્લેખો જોવા મળે છે...

ચાલો ! આ પંચમેરુના જિનાલયમાંથી દર્શન કરી આ ટૂંકના મુખ્યદ્વારમાં પ્રવેશતાં પૂર્વે ડાબી બાજુ આ જુઓ ! પદ્માસન મુદ્રામાં બિરાજમાન લગભગ ૧૫૧ ઈંચના વિશાળકાય શ્રી ઋષભદેવ ભગવાન ! ‘‘નમો જિણાણં’’

શત્રુંજય ગિરિરાજની નવટૂંકમાં રહેલા અદબદજી દાદાનું સ્મરણ કરાવનાર હોવાથી આ જિનાલયને પણ અદબદજીનું દેરાસર કહેવાય છે. આ પ્રભુજીની પ્રતિમા પહાડની શ્યામવર્ણની શિલામાંજ કંડારવામાં આવેલી છે. જેમાં તાજેતરમાં નીલવર્ણનો લેપ કરાવવામાં આવેલ છે. પૂર્વકાળમાં આ મૂર્તિની બેઠક આગળ ૨૪ તીર્થંકર પરમાત્માની મૂર્તિવાળો વિ.સં. ૧૪૫૮માં પ્રતિષ્ઠા કર્યાનો પીળાપાષાણમાં કંડારેલ લેખ જોવા મળતો હતો ! **અદબદજી દાદાના દર્શન કરી ચાલો ! આપણે આ મેરકવસીની ટૂંકના મુખ્ય જિનાલયના દર્શન કરીએ !**

પૂર્વાભિમુખ મુખ્ય દ્વારમાં પ્રવેશતાં જ છતમાં **આ જુઓ! એક મુખ અને પાંચ શરીર ! કેવી વિશિષ્ટ કલાકૃતિયુક્ત 'પંચાંગવીર'ની આ અદ્ભુત પ્રતિમા છે !** ક્યાંય જોઈ છે આવી કારીગરી ? દુનિયાના પ્રથમ હરોળના શિલ્પનો આ અજબ નમૂનો છે ! આ તેનાથી આગળની છતમાં જુઓ ! **વિષ્ણુ ગોપલીલાનાં દશ્યો કંડારેલા છે ! એકમાં અનેક શરીરો વીંટળાયેલા હોય તેવી ગુંથણીવાળી આ મૂર્તિ ! કેવી અજોડ કારીગરી છે !**

અરે ! આ ઝીણી ઝીણી કોતરણીયુક્ત ઘુમ્મટ તો જુઓ! આબુદેલવાડાના વિમલવસહી અને લૂણવસહીના શિલ્પસ્થાપત્યોની યાદ તાજી કરાવે છે!

આ જિનાલયના રંગમંડપના દ્વારની બારશાખ જુઓ ! કેવી આરપાર કોતરણીવાળી પુતળી છે ! સામે જુઓ ! આ બાવન જિનાલયના **મૂળનાયક ૨૯ ઈંચના શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન કેવા શોભી રહ્યા છે !** ''નમો જિણાણં'' આ









શ્વેતવર્ણના પ્રભુજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯, વૈશાખ સુદ ૭, ગુરૂવારે પ.પૂ.આ. જિનેન્દ્રસૂરિજી મહારાજ સાહેબના શુભહસ્તે અમદાવાદના વિશાશ્રીમાળી વલભુશાખાના શા. ઈંદરજીના પુત્ર શા. કાશીદાસ દ્વારા કરાવવામાં આવી હતી...

આ બાવન જિનાલયની ભમતીમાં મુખ્યદ્વારની ડાબી તરફથી ફરતાં જુઓ ! દરેક દેરીમાં પ્રભુજી બિરાજમાન છે ! ''નમો જિણાણં'' આગળ ડાબી બાજુના મધ્યભાગની આ મોટી દેરીમાં અષ્ટાપદની કેવી સુંદર રચના કરવામાં આવી છે ! ''નમો જિણાણં'' આ ચત્તારી-અટ્ઠ-દસ-દોયની રચના જુઓ ! ''નમો જિણાણં'' ઉપર જુઓ ! આ ઘુમ્મટમાં કેવી નમૂનેદાર કોતરણી કંડારવામાં આવી છે !

ચાલો ! ભમતીમાં આગળ વધતાં દર્શન કરતાં ''નમો જિણાણં'' ''નમો જિણાણં''

અરે ! મૂળનાયકના જિનાલયની બરોબર પાછળ આવેલી આ પશ્ચિમાભિમુખ દેરીમાં જુઓ ! દૂરથી **આ શ્યામવર્ણના દેખાતા એવા મહાવીરસ્વામી પરમાત્મા નજીક જતાં ઘેરાલીલા રંગના દેખાય છે !** જાણે પ્રભુજી વર્ણ બદલતા ન હોય ! તેવું લાગે છે ! ''નમો જિણાણં'' ઉત્તરદિશા તરફની ભમતીમાં આગળ વધતાં જુઓ !


























દરેક દેરીની આગળની આ છતોમાં કોઈમાં વચ્ચે કમલપુષ્પ કરી ફરતી બે પટ્ટીઓમાં સદાસોહાગણ જેવાં ભાસતાં છ પાંખડીવાળાં ફુલોની હારમાળા, કોઈમાં ગોલાકૃતિ કોલની પ્રતિક્રમમાં હારમાળા, જેમાં વચ્ચે ગાળા ગાળામાં પડતાં ચોકમાં છ પાંખડીવાળા ફુલો ! કોઈમાં કમળના પુષ્પો સાથે એક સૂત્રમાં કાઢેલી કોલની હારમાળા ! આવી વિવિધ અજોડ કલાકૃતિયુક્ત



છતો જોઈને અદ્‌ભુત ! અદ્‌ભુત ! સિવાય કોઈ શબ્દો મુખમાંથી નથી નીકળતા! ચાલો ! આગળ આ ભમતીના મધ્ય ભાગમાં ઉત્તરદિશા તરફની મોટી દેરીમાં જુઓ ! ચૌમુખજી શાંતિનાથ પ્રભુજી બિરાજમાન છે ! ‘‘નમો જિણાણં’’ આ શાંતિનાથ ભગવાનના ચૌમુખજી પ્રભુજી વિ.સં. ૧૮૫૯ની સાલમાં પ.પૂ.આ. જિનેન્દ્રસૂરિજી મહારાજ સાહેબના શુભ હસ્તે સ્થાપના કરવામાં આવ્યા હતા!



આ ઘુમ્મટની નકશી તો જુઓ ! કેટલી અદ્ભુત છે ! કુશળ કારીગરોને આ જિનાલયમાં થયેલ કોતરણીના ભારોભાર વજનનું સુવર્ણ (સોનું) અર્પણ કરીને અત્યંત સુંદર એવી કલાકૃતિયુક્ત આ જિનાલયનું નિર્માણ થયેલ છે !

ઘણા બુદ્ધિજીવી આત્માઓનું મનોમંથન હોય છે કે આ પથ્થરમાં શું પૈસા વેરવાના ? પણ ભવ્ય ! આ બેનમૂન શિલ્પ ! આ કલાકૃતિ ! આ અદ્ભુત કોતરણી પાછળ આત્માના આધ્યાત્મિક વિકાસનું રહસ્ય છૂપાયેલું છે !

જેમ ઈજીપ્તના પીરામીડોની બાંધણી જ એને હજારો વર્ષ સુધી ટકાવવાનું કારણ બને છે તેમ આપણા દેરાસરોને દીર્ઘકાલ સુધી ટકાવી રાખનાર આ શિલ્પની રચના જ છે ! એટલું જ નહિં પરંતુ આ શિલ્પ પણ શાશ્વત એવા આત્માને પરમાત્મા સાથેનું જોડાણ કરાવવામાં સહાયક બને છે !

જિનાલયના રંગમંડપના ઘુમ્મટની નીચે મધ્યભાગમાં બેસી પરમાત્માનું ધ્યાન કરતાં વિશેષ અનુભૂતિનું આસ્વાદન



થાય છે, અવકાશમાંથી એક વિશિષ્ટ ઉર્જાનું અવતરણ થતાં તે આત્મામાં આધ્યાત્મિક શક્તિનો સંચાર થાય છે !

જિનાલયમાં રહેલી દેવાંગનાઓની મૂર્તિ અંતરીક્ષમાં વિહરતા દિવ્યતત્ત્વોના આકર્ષણનું કેન્દ્ર બને છે, જેનાથી ખેંચાયને આવતાં દિવ્ય તત્ત્વો પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે પ્રભુભક્તિમાં ઉત્સાહ પૂરે છે અને અવસરે શાસનના કાર્યોમાં સહાય કરે છે !

જિનાલયમાં ઊંબરામાં રહેલા ગ્રાસો અશુભતત્ત્વોના પ્રવેશને રોકે છે ! આ રીતે આ શિલ્પએ જિનાલયનું આવશ્યક અંગ બને છે !

**ચાલો ! અહીંથી બહાર નીકળી ડાબી તરફ દેખાતાં આ સગરામ (સંગ્રામ) સોનીના જિનાલયના પરિસરના દક્ષિણ દિશાના પ્રવેશ દ્વારથી પરિસરમાં પ્રવેશ કરીએ!**


આ સંગ્રામસોની ગુજરાતના વઢિયાર ખંડના લોલાડા ગામથી સપરિવાર માંડવગઢ જઈ વસ્યા હતા... ત્યાં વેપાર-ધંધામાં સંપત્તિ અને કીર્તિની કમાણી કરીને વિ.સં. ૧૪૫૧ની સાલમાં પ.પૂ. આચાર્ય




સોમસુંદરસૂરિજી મહારાજ સાહેબના ઉપદેશથી સુવર્ણ અને રૌપ્યાક્ષરી અનેક પ્રતો લખાવી હતી તથા અનેક જિનાલયોના નવનિર્માણ અને જિર્ણોદ્ધાર કરાવ્યા હતા, તે અવસરે આ જિનાલયનો પણ ઉદ્ધાર કરાવી નવનિર્માણ કરાવ્યું હતું... પ.પૂ. હેમહંસ ગણિએ રચેલી ''ગિરનાર ચૈત્રપ્રવાડી''માં આ ટૂંકના ઉદ્ધારક તરીકે ઓશવાલ સોની સમરસિંહ અને માલદેવનો ઉલ્લેખ કરેલો છે... આ જિનાલયનો ઉદ્ધાર વિ.સં. ૧૪૯૪માં કરાવ્યો હોવાનો ઉલ્લેખ પ.પૂ. ભાવહર્ષ મહારાજ સાહેબના શિષ્ય પૂ. રંગસારકૃત ''ગિરનારગિરિ ચૈત્યપરિપાટી''માં પણ જોવા મળે છે. આ સોની સમરસિંહ માલદેના નામનો અપભ્રંશ થતાં સગરામ સોની કે સંગ્રામ સોની એ રીતે નામ પ્રસિદ્ધિ થયું હોવાનું જણાય છે...

જુઓ ! આ બાવન જિનાલયના મુખ્ય જિનાલયમાં અત્યંત મનોહર એવો આ બે માળવાળો રંગમંડપ! અહીં પૂજા-સ્નાત્ર વગેરે અનુષ્ઠાનો દરમ્યાન સ્ત્રીઓને ઉપરના માળે બેસવાની સુંદર વ્યવસ્થા છે!

મૂળનાયકના ગભારામાં પ્રવેશતાં **જ આ જુઓ ! મનોહર દેવકુલિકામાં બિરાજમાન ૨૯ ઈંચના શ્વેતવર્ણીય સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુ કેવા શોભી રહ્યા છે!** ''નમો જિણાણં'' આ પ્રભુજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૫૯ના જેઠ સુદ ૭ના ગુરૂવારે પ.પૂ.આ. જિનેન્દ્રસૂરિજી મહારાજ સાહેબના શુભ હસ્તે માંગરોળ નિવાસી વોરા પરષોત્તમ ગોડીદાસ દ્વારા કરાવવામાં આવી હતી.





આ ઉપર જુઓ ! ગભારાની અંદરની છત કેટલી ઊંચાઈ સુધી છે! લગભગ અંદરથી ૩૫ થી ૪૦ ફુટની ઊંચાઈવાળા આ ગભારાનું શિખર ગિરનારના અન્ય જિનાલયો કરતાં સૌથી ઊંચુ છે ! અહીં બારશાખના ઊંચા માન-પ્રમાણ જોતાં પૂર્વકાળના પરિપાટીકારોએ વર્ણન કરેલ ત્રણ માળવાળી, દરેક માળે નેમિનાથ ભગવાનની ચૌમુખજી મૂર્તિ ધરાવતી ‘‘કલ્યાણત્રય’’ પ્રાસાદની રચના જણાય છે, પંદરમા શતકના ઉત્તરાર્ધમાં વર્ણન કરાયેલ આ રચના મૂળ તેજપાળના સમયની હશે કે કેમ ? તેનો નિર્ણય હાલ થઈ શકતો નથી.





આ જિનાલયના રંગમંડપમાં જેસલમેરના પીળા પાષાણમાંથી બનાવેલ નંદીશ્વરદ્વીપ તથા વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરની માતાસહિતનો પ્રભુજીનો પટ સ્થાપન કરવામાં આવેલ છે.

આ બાવન જિનાલયની ફરતી ભમતીઓમાં પ્રાચીન અને નજીકના ભૂતકાળમાં સ્થાપન કરવામાં આવેલ પ્રભુજીને નમન કરીએ... ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં''. ચાલો ! હવે આ ઉત્તરદ્વારથી બહાર નીકળી કુમારપાળની ટૂંકના જિનાલયના દર્શન કરીએ...

રસ્તામાં આ જમણીબાજુ જુઓ ! કેટલો મોટો કુંડ છે ! એ ગિરધરકુંડના નામે ઓળખાય છે. અહીં આવા અનેક કુંડો બાંધેલા છે જેમાં વરસાદના પાણીનો સંગ્રહ કરી પરમાત્માની પૂજા કરનાર યાત્રિકોના સ્નાનાદિ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ કુંડની બાજુમાં પહાડ પર વરસતા વધારાના પાણીને જવા માટેનો માર્ગ જુઓ ! પૂર્વે આ માર્ગથી ચાલીને યાત્રિકો ચન્દ્રપ્રભ સ્વામીની ટૂંકે જતા હતા.... ચાલો! આપણે આ કુમારપાળની ટૂંકમાં પ્રવેશ કરીએ. અરે! આ જુઓ ! મુખ્ય જિનાલયની ચારે બાજુ આ કેટલું મોટું પ્રાંગણ આવેલ છે! આ વિશાળ અને ખૂલ્લો રંગમંડપ કેવો સુંદર લાગે છે ! આ રંગમંડપના ઘુમ્મટ તથા ઘુમ્મટીમાં વિશેષ કોતરકામ કરવામાં આવેલ છે !







૧૫મા શતકના ઉત્તરાર્ધમાં થયેલા ચૈત્યપરિપાટીકારો આ મંદિરને સાહ પૂનાનુંકે પૂનાકોઠારીનું શાંતિનાથનું ૭૨ જિનાલયવાળું મંદિર કહે છે જ્યારે સોમ સૌભાગ્યકાવ્યમાં (વિ.સં. ૧૫૨૪) આ મંદિરને બેદર (બિદરા) નગરના પૂર્ણસિંહ કોઠારી અને તેમના બંધુ રમણે કરાવ્યાનું કહેવાય છે, આ મંદિરના પ્રતિષ્ઠાપક આ. જિનકીર્તિસૂરિ હોવાની સંભાવનાથી આ 'પૂનસીવસહી' જિનાલય મૂળમાં વિ.સં. ૧૪૯૪ની સાલમાં નિર્માણ પામ્યું હોવાનું જણાય છે, ત્યારબાદ અનેક જિર્ણોદ્ધારો થયા અને છેલ્લે વિ.સં. ૧૮૭૦ની સાલથી શેઠ પાંચા હંસરાજ જેઠાભાઈ દ્વારા ઉદ્ધાર શરૂ કરાવી તપાગચ્છીય આ. જિનેન્દ્રસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે હાલ કુમારપાળની ટૂંકના નામે ઓળખાતા આ જિનાલયમાં વિ.સં. ૧૮૭૫ના વૈશાખ સુદ સાતમના શનિવારે શ્રી અભિનંદન સ્વામી પ્રભુજીની પ્રતિષ્ઠા થયેલ છે. ''નમો જિણાણં'' આજુબાજુ સંભવનાથ અને વાસુપૂજ્યસ્વામીની પ્રતિમાજી બિરાજમાન છે. ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' જુઓ જુઓ ઉપરનો આ ઘુમ્મટ જોયો ?



**અને પદ્મકેસરયુક્ત ચેતોહર! ખરેખર બેનમૂન લંબન કરેલું છે !**


આ જિનાલયના ઉત્તરદ્વારથી બહાર નીકળતા જમણી બાજુ આ દેડકી વાવ આવેલી છે અને બાજુમાં પાણીના સંગ્રહની બે ટાંકીઓ આવેલી છે તેની બાજુમાં અવસરે અવસરે જીર્ણોદ્ધાર દરમ્યાન દૂર કરાયેલી ખંડિત પૂતળીઓનો સંગ્રહ પણ છે. આ ઉત્તરદિશાની નાની બારીથી આપણે બહાર જઈએ...



**૧૫મા શતકના શિલ્પ સ્થાપત્યના સર્વોત્તમ ઉદાહરણ ગણી શકાય તેવા આ અજોડ ઘુમ્મટની કારીગરી અદ્‌ભુત છે, શિલ્પ સ્થાપત્યની ભાષામાં લગભગ ૨૦ ફુટના વ્યાસના આ ગૂઢમંડપમાં નીચે રૂપકંઠ પછી ગજતાળુના થરો લઈને તેના ઉપર નવખંડા કોલના ત્રણ થરો અને વચ્ચે મોટા પ્રમાણની અણીદાર-જાળીદાર કોલના પાંચ થરવાળી પુષ્પખચિત**

**આ જુઓ ભીમકુંડ !**

નેમિપ્રભુના જિનાલયના ઉદ્ધાર માટે સજ્જનમંત્રી દ્વારા ટહેલ નાંખતા વણથલી (વામન સ્થલી-વંથલી) પાસેના થાણા દેરડીના ભીમા સાથરીયાએ જિર્ણોદ્ધારનો સંપૂર્ણ લાભ લેવાનો સ્વીકાર કર્યો હતો. પરંતુ સિદ્ધરાજ જયસિંહ દ્વારા સ્વયં તેનો લાભ લેવાથી હવે ભીમાની રકમની આવશ્યકતા રહી નહીં... આ તરફ ભીમાએ જીર્ણોદ્ધાર માટે કલ્પેલી રકમ સજ્જનમંત્રીને મોકલાવતા સજ્જન તે સ્વીકારવા તૈયાર ન હતા. પરંતુ ભીમના અતિ આગ્રહને વશ તે રકમનો સ્વીકાર કરી વિચક્ષણ બુદ્ધિવાળા મંત્રીએ ભીમાના દાનની ચીરકાલીન સ્મૃતિ અર્થે આ પહાડ ઉપર જલસંચય માટે આ ''ભીમકુંડ''નું નિર્માણ કરાવ્યું હતું. ઉનાળાની સખત ગરમીના સમયે પણ કુંડનું પાણી અત્યંત શીતળ રહે છે... આ કુંડની એક દિવાલમાં એક પાષાણમાં જિનપ્રતિમા તથા હાથ જોડીને ઉભા રહેલા શ્રાવક-શ્રાવિકાની પ્રતિમા કોતરેલી જોવા મળે છે...



**ચાલો ! આ પશ્ચિમદિશા તરફ આગળ જતાં નીચે ઉતરવાના ઉત્તરાભિમુખ પગથિયા દ્વારા આપણે નીચે જઈએ !**


આ દેરી ''નાગીમાતાની દેરી''ના નામથી પ્રખ્યાત છે ! આ જુઓ! અંદર ડાબી બાજુ શ્યામવર્ણના નેમિનાથ દાદા અને જમણી બાજુ આ તીર્થના અધિષ્ઠાયિકા શ્વેત વર્ણના અંબિકા દેવી !

''નમો જિણાણં'' ''પ્રણામ''

સંભાળજો ! થોડું સાચવીને ઉતરજો ! આ કેડીએ આગળ જતાં કુદરતના ખોળામાં આ પહાડની ધાર ઉપર રહેલ નાનું પરંતુ રમણીય દેખાતું ચન્દ્રપ્રભસ્વામીનું જિનાલય ! ચાલો ! આપણે પૂર્વ દિશાના દ્વારથી અંદર પ્રવેશી દર્શન કરીએ !

**આ જુઓ ! ૧૩ ઈંચના શ્વેતવર્ણના ચન્દ્રપ્રભ સ્વામી ભગવાન!** ''નમો જિણાણં''





ઉપર આ છત તો જુઓ ! અનેકવિધ કલાકૃતિઓથી કેવી સુશોભિત છે ! જેમાં ચારે બાજુ કલાકારીગરીયુક્ત પૂતળીઓ સ્થાપન કરવામાં આવેલ છે !

ભવ્ય ! ગજપદકુંડનું નામ તો તમે સાંભળ્યું જ હશે ? પણ એ કુંડ જોયો છે ખરો ? નહિં ને ! ચાલો હું બતાવું !

ઉત્તરદિશા તરફના આ થોડા આડાઅવળા પગથિયા સાચવીને ઉતરજો હોં...

આ છે મહાપ્રભાવક ''ગજપદકુંડ'' !

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે -

**સ્પૃષ્ટ્વા શત્રુંજય તીર્થં, નત્વા રૈવતાચલમ્;**
**સ્નાત્વા ગજપદ કુંડે, પુનર્જન્મ ન વિદ્યતે.**

''તીર્થાધિરાજ શત્રુંજય મહાતીર્થની સ્પર્શના કરવાથી, શ્રી રૈવતાચલ (ગિરનાર) મહાતીર્થને નમસ્કાર કરવાથી અને ગજપદ કુંડમાં સ્નાન કરવાથી જીવને પુનઃ જન્મ લેવો પડતો નથી.''





આ કુંડ ''ગજપદકુંડ'' ''ગજેન્દ્રપદકુંડ'' ''ગજાગ્રપદકુંડ'' ''ગર્યદપયકુંડ'' ''ગર્યદમુકુંડ'' તથા ''હાથીપગલાંનો કુંડ'' વગેરે અનેક નામોથી ઓળખાય છે !

આ કુંડનો મહિમા અપરંપાર છે ! એટલે જ કહ્યું છે ને -

**સ્તુતિ :** પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે, ગણધરો પધારતાં,
હર્ષે ભરેલાં ઈન્દ્રો પણ, ઐરાવણ પર આવતાં;
હસ્તિપાદે ભક્તિકાજે, ગજપદ કુંડ કરાવતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.... (૨)

ત્રણ ભુવનની સરિતાતણા, સુરભિ પ્રવાહને ઝીલતાં,
જે જલ ફરસતાં આધિ-વ્યાધિ, રોગ સૌના ક્ષય થતાં;
તે જલ થકી જિન અર્ચતા, અજરામરપદ પામતાં,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં... (૨)

આ કુંડનો ઉલ્લેખ ૧૩ થી ૧૫માં શતક સુધીમાં રચાયેલ ગિરનાર સંબંધી લગભગ તમામ જૈન સાહિત્યમાં મળે છે. તે ઉપરાંત સ્કન્દ પુરાણ અંતર્ગત પ્રભાસખંડમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે છે. આ કુંડના એક થાંભલામાં જિનપ્રતિમા કોતરવામાં આવેલી છે.

શ્રી શત્રુંજય માહાત્મ્ય અનુસાર શ્રી ભરતચક્રવર્તી, ગણધરભગવંતો પ્રતિષ્ઠાર્થે ગિરનાર આવેલા ત્યારે શ્રી નેમિજિન પ્રાસાદની પ્રતિષ્ઠા કાજે ઈન્દ્ર મહારાજ પણ ઐરાવણ હાથી ઉપર આરૂઢ થઈ આવ્યા હતા. તે અવસરે પ્રભુના સ્નાત્રાભિષેક માટે ઐરાવણહાથી દ્વારા ભૂમિ ઉપર પગ દબાવરાવીને એક કુંડ બનાવ્યો હતો જેમાં ત્રણેય જગતની વિશિષ્ટ નદીઓના જલ આ કુંડમાં ઉતરી આવ્યા હતા. તે વિશિષ્ટ જલ વડે ઈન્દ્રમહારાજાએ ભક્તિ કાજે પ્રભુના અભિષેક કરાવ્યા હતા.

આ અત્યંત પ્રભાવક જલના પાન તથા સ્નાન કરતાં અનેક રોગો નાશ પામે છે. જેમકે ખાંસી, શ્વાસ, ક્ષય, કોઢ, જલોદર જેવા ભયંકર રોગો પણ શમી જાય છે. આ કુંડના જલથી સ્નાન કરી ભગવાનને જે અભિષેક કરે છે, તેના કર્મમલ દૂર થતાં તે પરંપરાએ મુક્તિપદને પામે છે.

આ કુંડમાં ચૌદહજાર નદીઓના પ્રવાહ દેવના પ્રભાવથી આવે છે, તેથી આ ઘણો પવિત્ર કુંડ છે. આ કુંડનું પાણી મીઠું અને નીતરતા ઘી જેવું નિર્મળ છે. વિ.સં. ૧૨૧૫ના શિલાલેખ અનુસાર આ કુંડની ફરતી દિવાલ બાંધી તેમાં અંબિકાની અને અન્ય મૂર્તિઓ મૂકાયાનો ઉલ્લેખ જોવા મળે છે.

આપણને એમ થાય કે ''ગજપદ કુંડ'' નામ છે એટલે આ કુંડનો આકાર હાથીના પગલા જેવો હશે પણ આ કુંડ હાલતો ચોરસ જ છે હોં !

**આ ગુણવંતા ગજપદકુંડનો સાક્ષાત્ પરચો પામનાર દુર્ગંધાનારીનું દૃષ્ટાંત સાંભળો !**

સૃષ્ટિના શણગાર સ્વરૂપ શ્રીપુર નામનું નગર હતું. તેમાં શૌર્ય અને શૂરવીરતાની મૂર્તિ સમાન પૃથુ નામનો ક્ષત્રિય રહેતો હતો. તેને રૂપસુંદરીના અવતાર સમાન ચન્દ્રમુખી પત્ની હોવા છતાં જેમ ચન્દ્રમાં પણ કલંક હોય તેમ કમનશીબે અત્યંત દુર્ગંધથી ભરેલી દુર્ભાગી એવી દુર્ગંધા નામની પુત્રી હતી. કર્મની વિચિત્રતાના બળે દુર્ગંધાની ચિંતાથી સતત ચિંતીત એવો પૃથુ ઠેરઠેર પોતાની પુત્રીયોગ્ય પતિની શોધમાં રખડતો હતો, પરંતુ કોઈ તેનો હાથ ઝાલવા તૈયાર ન હતું. કેટલાક સમય બાદ સોમદેવ નામના એક પુરુષ સાથે તેનું પાણિગ્રહણ થયું પરંતુ દુર્ગંધાના દેહમાંથી સતત વહેલી દુર્ગંધથી ત્રાસી ગયેલો સોમદેવ રાત્રીના સમયે અત્યંત ગુપ્તરીતે તેનો ત્યાગ કરીને ભાગી છૂટ્યો.

દુર્ભાગી દુર્ગંધા પતિથી તિરસ્કાર પામતાં માતા-પિતા અને પરિવારજનો દ્વારા પણ તિરસ્કાર પાત્ર બની ગઈ. **કર્મથી જ તિરસ્કાર પામેલાને કોણ વાત્સલ્ય આપે ?** ચારે તરફથી સતત હડધૂત થતી દુર્ગંધા અત્યંત ઉદ્વિગ્ન બની અશુભકર્મોનો ક્ષય કરવા સ્વગૃહનો ત્યાગ કરી તીર્થધામોની યાત્રાએ ચાલી નીકળી. અનેક હિન્દુ તીર્થધામોની સ્પર્શના કરવા છતાં તેનો કર્મબોજ હળવો થતો નથી તેથી જીવવાની હિંમત હારી ચૂકેલી તે મરણને શરણ થવાના પ્રયાસો આદરી સમુદ્રમાં ઝંપાપાત કરી મૃત્યુને ભેટવા નીકળે છે. અટવી પસાર કરવા જતાં માર્ગમાં એક તાપસમુનિને જોઈને નમસ્કાર કરે છે ત્યારે તે પણ તીવ્રદુર્ગંધથી ગંધાતી દુર્ગંધા પ્રત્યે દુર્ભાવ કેળવી વિમુખ થાય છે. ત્યારે પોતાની જાત ઉપર ફીટકાર-તિરસ્કાર વરસાવતી દુર્ગંધા તે તાપસમુનિને કહે છે, ''મહાત્મા ! આપના જેવા રાગહીન પણ જો મારાથી વિમુખ થશે તો આ જગતમાં મારે હવે કોનું શરણ સ્વીકારવું? મારા આ પાપની શુદ્ધિ કેવી રીતે થશે ?''

તાપસ કહે છે ''હે બાળા ! આ વનમાં મારા ગુરૂ કુલપતિ છે. તેમની પાસે જઈ તારા દુઃખની વાત કર ! તેઓશ્રી તારી વિટંબણાનો ઉપાય બતાવશે.''

તાપસમુનિના આ શબ્દો સાંભળી દુર્ગંધાના શરીરમાં કંઈક ચેતન આવ્યું, તે તાપસમુનિની પાછળ પાછળ ચાલીને કુલપતિના આશ્રમમાં જાય છે.

ઋષભદેવ પરમાત્માના ધ્યાનમાં લયલીન બનેલા, જટારૂપી મુગટ ધારણ કરેલ કુલપતિના દૂરથી જ દર્શન થતાં દુર્ગંધાના નિસ્તેજ દેહમાં નવું જોમ આવ્યું. કુલપતિની સમીપ આવી દુર્ગંધા જ્યાં હજુ નમસ્કાર કરે છે ત્યાંજ કુલપતિ પણ ક્ષણભર માટે તેના દેહની દુર્ગંધ પ્રત્યે દુર્ભાવ દર્શાવી પૂછે છે, ''હે વત્સા ! તારા દેહમાંથી આવી ભયંકર દુર્ગંધ કેમ પ્રસરે છે ? આ ઘોર વનમાં તું દુઃખી થઈ શા માટે રઝડે છે ? તું અહીં શા માટે આવી છે ? કુલપતિ સાંત્વન

ભર્યા વચનોને સાંભળી આંખોના અશ્રુઓને લૂંછતી દુર્ગંધા જન્મથી માંડી પોતાના દુઃખની કથની સંભળાવે છે. જીવનથી હારી ગયેલી ભાગ્યહીન દુર્ગંધા સ્વદુઃખ નિવારણને ઝંખતી કુલપતિને ઉપાય બતાવવા વિનંતી કરે છે.''

કુલપતિ કહે છે, ''હે વત્સા ! હું કાંઈ કેવળજ્ઞાની નથી કે તારા પૂર્વ ભવોના કયા કર્મનો ઉદય તું ભોગવી રહી છે તે તને કહી શકું, છતાં તું શત્રુંજય મહાતીર્થની સ્પર્શના કરી રૈવતગિરિ તીર્થની યાત્રા કરવા જા ! ત્યાં કેવલીભગવંતોએ પણ જેનો મહિમા ગાયો છે એવા ગજેન્દ્રપદ કુંડના નિર્મલ જલ વડે સ્નાન કરવાથી તારા અશુભ કર્મોનો ક્ષય થશે.''

કુલપતિના આ અમૃત વચનો સાંભળી અત્યંત હર્ષિત બનેલી દુર્ગંધા કુલપતિના ચરણકમલમાં પડી નમસ્કાર કરે છે, શત્રુંજય અને ગિરનારનું સ્મરણ કરતાં કરતાં તે સિદ્ધગિરિના સાન્નિધ્યમાં આવે છે. ગિરિરાજની પ્રદક્ષિણા કરી તે યુગાદિ જિન ઋષભદેવ પરમાત્માની સેવાભક્તિ કરી રૈવતગિરિ તરફ પ્રયાણ આદરે છે. રૈવતગિરિની શીતળ છાયામાં આવી ઉત્તર દિશા તરફના માર્ગથી તે રૈવતાચલ પહાડ ઉપર આરોહણ કરે છે. પરંતુ હજુ ભારે કર્મી રહેલી તે ગજપદકુંડમાં સ્નાન કરવા માટે કે જિનભવનમાં પ્રવેશ કરતાં પણ અટકાવાય છે. દુર્ગંધને કારણે તે પ્રવેશ પામવા અસમર્થ બને છે, ત્યારે **ગજપદકુંડમાંથી બહાર લવાયેલા પવિત્ર જલવડે નિત્ય સ્નાન કરતાં સાતમા દિવસે સંપૂર્ણપણે દુર્ગંધ દૂર થઈ સુગંધીપણાને પામેલી** તે દુર્ગંધા ખૂબ ભક્તિભાવપૂર્વક જિનેશ્વર પરમાત્માની પૂજા કરવા જાય છે.

રૈવતાચલમંડન શ્રી નેમિપ્રભુની પૂજાના સદ્‌ભાગ્યથી આનંદવિભોર બનેલી દુર્ગંધા બહાર નીકળે છે ત્યાંજ તેને કેવલીભગવંતનો સમાગમ થાય છે. પૂર્વભવના વૃત્તાંતને જાણવા ઉત્સુક બનેલી દુર્ગંધા કેવલી ભગવંતને પોતાના પૂર્વભવની કથા પૂછે છે.

કેવલી ભગવંત કહે છે, ''હે ભદ્રા ! તું પૂર્વ ભવમાં બ્રાહ્મણ કુળમાં જન્મ પામી હોવાથી અતિ શૌચવાદને કારણે શ્વેતામ્બર જૈન સાધુ ભગવંતોની તેં મશ્કરી કરી હતી. **હા! હા ! આ શ્વેતામ્બર સાધુઓ તો વનમાં રખડે છે અને સ્નાન શૌચ નહી કરતા એવા આ દુર્ગંધથી ભરેલા હોય છે અને ખૂબજ ઉજ્જ્વળ એવા વસ્ત્રોને પણ પોતાના મલીન દેહ વડે મેલા કરે છે.** આવા વચનો ઉચ્ચારી જૈન શ્વેતામ્બર સાધુ ભગવંતની નિંદા-જુગુપ્સા કરવાના પાપના ઉદયે તું ત્યાંથી મરીને નરકમાં ઉત્પન્ન થઈ હતી. ત્યાંથી અનુક્રમે કુકડી, ચાંડાલી, ગામની ભુંડણ વગેરે અનેક દુર્ગતિના દુષ્ટ ભવોમાં લાંબો કાળ ભમીને અંતે ઘણા કર્મોનો ક્ષય થતાં તું મહામૂલ્યવાન્ એવા આ માનવભવને પામી, પરંતુ તે જ કૃત્યના શેષ રહેલા થોડા કર્મોના પ્રબળ ઉદયે આ ભવમાં પણ તને આ દુર્ગંધીપણું અને દુર્ભાગીપણું પ્રાપ્ત થયેલ છે.''

**હે બાળા ! આ જગતમાં સર્વોત્તમ પુરૂષ, ત્રણલોકમાં પૂજનીય એવા વીતરાગ પરમાત્મા સર્વશ્રેષ્ઠ છે, તેમનાં વેશમાત્રને પણ ધારણ કરનારા નિષ્ક્રિય એવા સાધુ ભગવંતો પણ નિંદનીય નથી, તો પછી મિથ્યાત્વનો ધ્વંસ કરનારા, પંચમહાવ્રતના ધારક અને પાલક, અરિહંત પરમાત્માના શાસનને અજવાળતા એવા સુસંયમી શ્રમણ ભગવંતોની નિંદા કરવી કેટલી ઉચિત છે. અરે ! આ મહાપૂજનીય મહામુનિઓની નિંદા-અવહેલના અને મશ્કરી તો અનંત સંસારના ભવભ્રમણને વધારનારી છે. જેઓ નિઃસ્પૃહી, નિર્મમત્વી, નિષ્પરિગ્રહી અને સૃષ્ટિ પર નિષ્કારણ બંધુ, જીવમાત્રને પણ ત્રાસ ન પમાડવા માટે સતત જાગૃત, નિર્દોષચર્યાપૂર્વક સંયમજીવનની આરાધના કરતા નિર્ગ્રંથો તો સર્વત્ર પૂજવા યોગ્ય છે, નિઃસ્વાર્થ ભાવે સૌને દુર્ગતિમાં પડતા અટકાવવા ''ધર્મલાભ'' શબ્દ દ્વારા અનેક જીવોની જીવનનૈયાના સાચા રાહબર બનતા આ મહાત્માઓની નિંદા તો કેમ કરાય ?**

**હે દુર્ગંધા ! આ તીર્થના મહાપ્રભાવથી આજે તારા અનેક જન્મોના અશુભ કર્મોનો ક્ષય થતાં તને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલ છે, બોધિબીજનું વપન થયું છે, તે બીજ ને હવે આ તીર્થભક્તિરૂપી જલ વડે સતત સિંચન કરવાથી તારા અનંત સંસારભ્રમણનો અંત આવતાં પ્રાન્તે તું મોક્ષસુખના ફળને પ્રાપ્ત કરીશ.''**

કેવલી મુનિભગવંતના વચન સુધારસનું પાન કરી આનંદવિભોર બની ધન્યતા અનુભવતી દુર્ગંધાનું હૈયું હર્ષથી નાચી ઉઠ્યું. મુનિવરના ચરણકમલમાં નતમસ્તક ઝૂકી ગઈ.

**ચાલો ! આ ગજપદ કુંડના દર્શન કરી જે માર્ગે આપણે આવ્યા તે માર્ગથી પાછા ફરી મૂળનાયક નેમિપ્રભુના પરિસરની બહારના મુખ્યદ્વારે પહોંચીએ...**

**ધૂન : દૃષ્ટિદાયક ગિરયે નમો નમઃ, ઈન્દ્રગિરયે નમો નમઃ,**
**નિરંજન ગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને... (૨)**

**જેના દર્શનથી કેટલાય આત્માની આંતરદૃષ્ટિ ખૂલી તે ભૂમિ છે આ ગિરનાર !**

**જે ગિરિની રક્ષા ઈન્દ્ર મહારાજા પણ કરે તે ભૂમિ છે આ ગિરનાર !**

**જે આત્માને સ્ફટીકની જેમ નિરંજન બનાવે તે ભૂમિ છે આ ગિરનાર ! ભવ્ય !**

**આ બાજુ સામેના દ્વારથી અંદર જઈ પાછળ આવેલા માનસંગ ભોજરાજના જિનાલયના દર્શન કરીએ...**

આ જિનાલયનો ઉદ્ધાર કચ્છ-માંડવીના વીશા ઓશવાળ શેઠ માનસંગ ભોજરાજે કરાવ્યો હોવાથી હાલ આ માનસંગ ભોજરાજના જિનાલય તરીકે ઓળખાય છે. આ જિનાલયના બહારના આ ચોકમાં આવેલ આ ‘‘સુરજકુંડ’’ પણ તેમણે બંધાયેલ તથા જૂનાગઢના જગમાલચોકની બાજુમાં આવેલા અત્યંતપ્રભાવક આદિનાથ ભગવાનના જિનાલયમાં મૂળનાયક પ્રભુજીની પ્રતિષ્ઠા પણ તેમના દ્વારા કરાવવામાં આવી હતી ! વિ.સં. ૧૯૩૨માં નરશી કેશવજી દ્વારા સમારકામ કરાવી સુરજકુંડનો ઉદ્ધાર કરાવવામાં આવ્યો હતો.



આ અંદરના ચોકમાં પ્રવેશતાં આ જિનાલય કેવું સુંદર લાગે છે ! પશ્ચિમાભિમુખ દ્વારથી પ્રવેશતાં જ જુઓ ! **અત્યંત ભરાવદાર ૨૧ ઈંચના શ્વેતવર્ણ સંભવનાથ દાદા પરિકર સાથે જાણે રાજગાદી ઉપર બિરાજમાન ન હોય ! તેવા શોભી રહ્યા છે !**

‘‘નમો જિણાણં’’ મૂળનાયકની ડાબી બાજુના ગોખલામાં શાંતિનાથ અને અજિતનાથ દાદા બિરાજમાન છે. તેમને નમીએ ‘‘નમો જિણાણં’’ ‘‘નમો જિણાણં’’

૧૫મા શતકની ચૈત્યપરિપાટીમાં આ મંદિર ‘‘આંચલિયા પ્રાસાદ’’ તરીકે ઓળખાતું હતું !

ચાલો ! આ જમણી તરફના રસ્તે આગળ વસ્તુપાળ-તેજપાળના જિનાલયના દર્શન કરીએ ! રાણા વીરધવળ આશરાજ નામના મંત્રી સુંહાલક નામના ગામના સુશ્રાવક હતા, તેમના સુશીલપત્ની કુમારદેવીની કુક્ષીએથી મલ્લદેવ, વસ્તુપાળ અને તેજપાળ એમ ત્રણ પુત્રો તથા સાતપુત્રીઓએ જન્મ લીધો હતો. આશરાજે બાલ્યાવસ્થાથી જ સંતાનોને સુયોગ્ય કેળવણી આપીને તૈયાર કર્યા હોવાથી વસ્તુપાળ અને તેજપાળ શૈશવ અવસ્થાથી જ ખૂબ તેજસ્વી લાગતા હતા... તે બન્ને ધર્મમાં અડગ શ્રદ્ધાવાળા હતા અને પરસ્પર ખૂબ પ્રીતિ હતી...

યુવાવસ્થાને પામેલા વસ્તુપાળ લલિતાદેવી અને તેજપાળ અનુપમાદેવી સાથે લગ્નગ્રંથિથી જોડાયા... અવસરે વીરધવલ રાજાની કસોટીઓમાંથી ઉત્તીર્ણ થતાં વસ્તુપાળને ધોળકા તથા ખંભાતના મહામંત્રી બનાવ્યા અને તેજપાળને સેનાપતિ બનાવ્યા... વિશિષ્ટ પુણ્ય અને પ્રજ્ઞાના પ્રભાવે તેઓએ રાજ્યની સુવ્યવસ્થા કરીને રાજભંડારમાં નોંધપાત્ર વધારો કર્યો હતો, રાજ્યમાં સર્વત્ર શાંતિની સ્થાપના કરી વિજયનો ડંકો વગાડ્યો હતો... આ બંધુ બેલડી રાજ્યકારભારમાં અત્યંત નિપુણ અને કુશળ હોવા છતાં ધર્મક્ષેત્રમાં પણ અત્યંત શ્રદ્ધાવાન્ હોવાથી આઠમ, ચૌદશના વિશિષ્ટ તપ તથા નિયમિત સામાયિક, પ્રતિક્રમણ, સાધર્મિકભક્તિ આદિમાં તત્પર રહેતા હતા...

અસાધારણ કક્ષાની ઉદારતાના પ્રતાપે પશ્ચિમભારતની ધન્ય ધરા ઉપર કુશળ કલાકારીગરીની



જ્યોતને અબાધિત-અવિરતપણે ઉત્તેજન આપી, સુપ્રકાશિત રાખવા તેઓ સમર્થ બન્યા હતા...

ગુજરાતની સ્વાધીનતા અને સંસ્કૃતિના સમર્થ સંરક્ષક, ગુજરાતની અસ્મિતાના અઠંગ આરાધક, દુર્જેય રણવીર છતાંય ધર્મવીર! સ્વધર્મનિષ્ઠ છતાંયે સર્વધર્મ સમદર્શી ! શ્રી અને સરસ્વતીના લાડીલા ! એવા આ મંત્રીશ્વર વસ્તુપાળ અને ધર્મધુરંધર તેજપાળનાં સદ્ધર્મકૃત્યોનું સમગ્રાવલોકન કરતાં એવું જણાય કે, જૈન અને બ્રાહ્મણધર્મના ધર્મસ્થાનો પ્રત્યે તેમજ ધાર્મિક અને જનોપયોગી વસ્તુનિર્માણ તરફ નિષ્પક્ષ રીતે આ ઉદારદિલ મંત્રીઓની દાનસરિતાનો પ્રવાહ સંપૂર્ણ રીતે ઔદાર્યથી વહ્યો હતો... સુકૃત્યો કરતી વખતે આ સહૃદયી, પ્રેમાળ, લાગણીશીલ બંધુઓ પોતાના ભાઈભાંડુઓ, પૂર્વજો, ગુરુજનો, સગાસંબંધીઓ, મિત્રો અને સમકાલીન રાજપુરુષોને પણ ક્યારેય ભૂલતા ન હતા...

ગિરનાર તીર્થ ઉપર આ બંધુ બેલડીએ અનેકવિધ જિનાલય નિર્માણ-મૂર્તિપ્રતિષ્ઠાદિ કાર્યો કરાવ્યા હતા... આ ટૂંકના મુખ્ય નેમિનાથ ભગવાનના



જિનાલયની પાછળના ભાગમાં આવેલ આ ''વસ્તુપાલવિહાર''નામના જિનાલયના મંડપોની છત, સંવરણા અને ગર્ભગૃહના શિખર ૧૫મી શતાબ્દિમાં નવેસરથી બંધાયા હોય તેવું જણાય છે ! મૂળજિનાલય તો વિ.સં. ૧૨૮૮ માં પૂર્ણ થયું હોય અને તેથી આજુબાજુના આ જિનાલયોમાં જુઓ વિ.સં. ૧૨૮૮ની સાલમાં ફાગણ સુદ ૧૦ના આ ૬ મોટી અને અત્યંત મહત્ત્વપૂર્ણ શિલાલેખની પ્રશસ્તિઓ લગાવેલી છે. જેમાં પૂર્વે આ જિનાલયમાં વસ્તુપાળે શત્રુંજય તીર્થપતિ શ્રી આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ જોવા મળે છે.

**આ જુઓ ! એક સાથે પરસ્પર જોડાયેલાં ત્રણ-ત્રણ સંયુક્ત જિનાલયને ગુજરાતભરના સ્થાપત્યોની એક અણમોલ રચના ગણવામાં આવે છે. બહારની પૂતળીઓની કારીગરી અદ્ભુત છે !**





**ચાલો ! શામળીયા પાર્શ્વનાથ દાદાને ભેટીએ !**

આ વિશાળ રંગમંડપમાં ૪૧ ઈંચના શામળીયા પાર્શ્વનાથ દાદા કેવા શોભી રહ્યા છે ! ''નમો જિણાણં''

આ રંગમંડપમાંથી આપણી જમણી બાજુના દ્વારથી અંદર જતાં વિવિધ કોતરણીવાળા જેસલમેરના પીળા વર્ણના પાષાણમાંથી નિર્મિત ત્રણ-ત્રણ ગોળ ગઢ ઉપર ચૌમુખજી જિનબિંબોના દર્શન કરો ! ''નમો જિણાણં'' ''નમો જિણાણં''

આ આપણી ડાબી તરફના રંગમંડપના દ્વારથી અંદર જતાં. શ્વેતવર્ણના આરસના પાષાણમાંથી નિર્માણ પામેલ ત્રણ-ત્રણ અષ્ટકોણ ગઢ ઉપર બિરાજમાન ચૌમુખજી પ્રભુજીના દર્શન કરો ! ધ્યાન રાખજો ! ક્યાંક સમવસરણમાં ચડતાં પડી ન જવાય !

''નમો જિણાણં'' ''નમો જિણાણં''




આ જિનાલયના ઘુમ્મટોની અત્યંત બારીક કોતરણીઓ તો જુઓ ! કલાકૃતિયુક્ત કમાનોવાળા થાંભલાઓ ! જિનપ્રતિમાઓ! આ વિવિધ કૃતિઓ જોતાં આનંદ આનંદ થઈ જાય છે ! અંતરમાંથી બસ ! અદ્‌ભુત ! અદ્‌ભુતનો જ નાદ નીકળી જાય છે ! જાણે સાક્ષાત્ કલાદેવીએ આ ભવ્યભૂમિ ઉપર અવતાર ન લીધો હોય ! તેવો અનુભવ આ ધન્યધરા ઉપર થાય છે !

**ભવ્ય ! ચાલો !**

**આ જિનાલયની પાછળના ભાગમાં આવેલ ''ગુમાસ્તાનું દેરાસર''ના નામે ઓળખાતા જિનાલયના દર્શન કરીએ !**

પૂર્વે આ જિનાલય વસ્તુપાળ-તેજપાળની માતા કુમારદેવીનું જિનાલય કહેવાતું હતું.... કાળક્રમે તેનો ઉદ્ધાર કચ્છ માંડવીના ગુલાબશાહે કરાવ્યો હોવાથી તેના નામનો અપભ્રંશ થવાથી હાલમાં આ ગુલાબશાહના બદલે ગુમાસ્તાના જિનાલયના નામે ઓળખાતું હોવાની સંભાવના છે.





**ચાલો ! ૧૯ ઈંચના શ્વેતવર્ણીય સંભવનાથ દાદાને નમન કરીએ !** ''નમો જિણાણં'' આ પ્રભુની ડાબી તરફ રંગમંડપના એક ગોખલામાં બિરાજમાન પાર્શ્વનાથ દાદાને પણ ''નમો જિણાણં'' !

**ચાલો ! હવે અતીતના મહાસાગરમાં એક ડુબકી લગાવીએ!**

મૌર્યવંશમાં થયેલ સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિ મહારાજા! જેમણે આચાર્ય સુહસ્તિસૂરિ મહારાજ સાહેબના સદુપદેશથી જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો... જેઓ લગભગ વિ.સં. ૨૨૬ની આસપાસ ઉજ્જૈન નગરીમાં રાજ કરતાં હતાં... તેઓએ સવાલાખ જિનાલયો અને સવા કરોડ આરસના જિનપ્રતિમા તથા લગભગ ૯૫ હજાર ધાતુના જિનબિંબો ભરાવ્યા હતા... તેમણે નિર્માણ કરાવેલ જિનાલયોમાંથી એક આ જિનાલય છે.



ચાલો ! આ પરિસરમાં દક્ષિણદ્વારથી પ્રવેશ કરીએ !

**અહો ! અહો ! અહો !**

**આ જિનાલયના દક્ષિણદ્વારની આજુબાજુની આ બહારની દિવાલ તો જુઓ ! કક્ષાસન ઉપર મૂકેલી ૨૧-૨૧ જુદા જુદા ખંડની ત્રણ-ત્રણ હારમાળાવાળી સુદીર્ઘ છિદ્રહીન જાળીઓ અત્યંત મનોહારિણી કોતરીઓથી ભરચક છે ! આ જાળીઓના પ્રત્યેક ખંડમાં અલગ અલગ પ્રકારની નકશીઓ શિલ્પકલાના રસિક આત્માઓને અતિ આહ્લાદકારી બને છે તથા પ્રાથમિક કક્ષાના શિલ્પકારોને શિલ્પકળામાં આલંબનકારી નીવડે છે.**

આ જિનાલયનું મુખ્યદ્વાર પશ્ચિમાભિમુખ હોવા છતાં શોર્ટકટના પ્રેમી એવા આપણા માટે ખૂલ્લા રાખવામાં આવેલા દક્ષિણદ્વારથી પ્રવેશ કરતાં આ રંગમંડપ જુઓ ! પશ્ચિમાભિમુખ દ્વારે તિલક તોરણવાળું બલાનક (ઝરૂખા જેવું) છે !



આ ઉપર જુઓ ! ગિરનારના જિનાલયોમાં પ્રાયઃ સૌથી મોટો કહી શકાય તેવો લગભગ ૨૫ ફુટ વ્યાસનો અનેકવિધ કલાકૌશલથી ભરેલો સભામંદારક જાતિનો કરોટક કરેલ છે ! તેના ૫૨ નાયિકાઓની પ્રતિમાઓ મૂકેલી છે. આ જુઓ ! આ ઘુમ્મટની આજુબાજુ નાની નાની ચોવીસેક જેટલી ઘૂમટી! કેવી વિવિધ ભાતની કોતરણી કરવામાં આવી છે !

ચાલો ! હવે ગૂઢમંડપમાં પ્રવેશ કરીએ !

**આ સામે શ્યામવર્ણના લેપયુક્ત શ્રી નેમિનાથ દાદા મૂળનાયકની ગાદીએ કેવા શોભી રહ્યા છે !**

''નમો જિણાણં''

ગભારા તથા રંગમંડપમાં બિરાજમાન પ્રભુજીને પણ ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં''




ગભારાની બહાર જમણીબાજુના ગોખલામાં પધરાવવામાં આવેલ હંસવાહિની, હાથમાં વીણા અને પોથીવાળા શ્રુતદાયિકા મા સરસ્વતીદેવીને પ્રણામ !

હકીકતમાં આ જિનાલય ખંભાતના હરપતિસાહના પુત્ર વેપારી શણગાર અને સંઘવી ભુંભવે બંધાવેલું. એની પ્રતિષ્ઠા બૃહત્ તપાગચ્છીય જયતિલકસૂરિના શિષ્ય રત્નસિંહસૂરિએ વિ.સં. ૧૫૦૯માં કરી હોવાનો ઉલ્લેખ આ. રત્નસિંહસૂરિ શિષ્ય રચિત ''ગિરનાર તીર્થમાળા''માં મળે છે, આ વાતમાં હેમહંસગણિ તથા અન્ય પરિપાટીકારોનું પણ સમર્થન છે! તેઓના મતે આ જિનાલયનું નામ ''ઈન્દ્રનીલપ્રાસાદ'' હતું જે બાવન જિનાલય હતું. હાલના નેમિનાથ પ્રભુની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૧૯માં પૂ.આ. ઉદયવલ્લભસૂરિજીના હસ્તે થયાનો લેખ ગાદીમાં વંચાય છે.

ચાલો ! બહાર નીકળી જમણી તરફ નીચે જ્ઞાનવાવના પરિસરમાં પ્રવેશ કરીએ જમણી તરફ અંદર જતાં ! સામે પેલી જ્ઞાનવાવ દેખાય ? એના નામ પરથી તો આ જિનાલય વખણાય છે. વિ.સં. ૧૮૭૫માં રચના થયેલ ''શ્રી ગિરનાર તીર્થમાળા''માં પણ પ.પૂ. ન્યાયસાગરજી મહારાજ સાહેબ લખે છે કે –

''પાછળ જ્ઞાન રે વાવ છે, જલ અતિસુખકારો;
પદ્મદ્રહની ઉપમા, પદપંક્તિ સંભારો.''

આ ડાબી તરફના દ્વારથી અંદર પ્રવેશતાં જુઓ! આ નાનુ અને નાજુક અત્યંત રળીયામણું એવું અષ્ટકોણ આકારનું ચૌમુખજી જિનાલય ! **અહિં મૂળનાયક તરીકે ૧૫ ઈંચના સંભવનાથ દાદા બિરાજમાન છે !**





‘‘નમો જિણાણં’’ ‘‘નમો જિણાણં’’ ‘‘નમો જિણાણં’’ ‘‘નમો જિણાણં’’

ચાલો ! પાછા સંપ્રતિ મહારાજાના જિનાલયની બાજુના માર્ગથી આપણે ઉપર જવાના પગથિયે આગળ વધીએ !

**ધૂન : વિશ્રામગિરયે નમો નમઃ, પંચમગિરિયે નમો નમઃ,**
**ભવચ્છેદક ગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને....(૨)**


**જ્યાં દાનાદિ ચતુર્વિધ ધર્મ કરતાં ભવવિશ્રામ થાય તે ભૂમિ છે આ ગિરનાર !**

**શત્રુંજયના આ પંચમશિખરને પૂજતા પંચમજ્ઞાન થાય તે ભૂમિ છે આ ગિરનાર !**

**ભવનિર્વેદ સાથે તપ કરનારના ભવનો છેદ કરનાર ભૂમિ છે આ ગિરનાર !**

કંઈ કેટલી રહસ્યમય ઘટનાઓના ઈતિહાસને ધારણ કરનાર હે ગિરનાર! તને લાખ લાખ નમસ્કાર હો ! નમસ્કાર હો !

દેવકોટના આ કીલ્લાની બહાર નીકળી આગળ વધતાં લગભગ ૫૦ પગથિયે આ આવ્યું ધરમશી હેમરાજનું જિનાલય !




પ્રાચીન ચૈત્યપરિપાટીકારો દ્વારા કરાયેલ ગ્રંથરચનાઓના આધારે આ જિનાલય મૂળમાં તો વસ્તુપાળે કરાવેલ મરુદેવી માતાનું મંદિર હોવાનો સંભવ છે, જેમાં તે અવસરે મરુદેવીમાતાની સાથે ભરતેશ્વરની મૂર્તિ પણ બિરાજમાન હોવાનું કહેવાય છે ! ૧૫મી સદીમાં આ જિનાલયનો પ્રથમ ઉદ્ધાર થયેલો અને આ જિનાલયના છજાથી નીચેનો ભાગ ઘસાઈ કર્યા વગરના શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી બનાવેલ આજે પણ વિદ્યમાન છે.

ત્યારબાદ અવસર પ્રાપ્ત થતાં વિ.સં. ૧૯૩૨ની સાલમાં માંગરોળના શેઠ ધરમશી હેમરાજ દ્વારા આ જિનાલયના છજ્જાથી ઉપરનો શિખર તથા ગૂઢ મંડપના ઘૂંમટ આદિનો પુનરુદ્ધાર કરાવવામાં આવ્યો હોવાથી વર્તમાનમાં આ જિનાલય ‘‘ધરમશી હેમરાજનું દેરાસર’’ એ નામથી ઓળખાય છે !

ભવ્ય ! આ જિનાલય સુધી જતી કેડીની ડાબી તરફ આ નીચેની શિલા ઉપર નજર કરો ! જુઓ તે અવસરે જિનાલયનું કામ કરતાં કુશળકારીગરોએ આ શિલામાં નાની એવી જિનેશ્વર પરમાત્માની પ્રતિમા કંડારેલી છે !

ચાલો ! પશ્ચિમાભિમુખ દ્વારથી આ જિનાલયમાં પ્રવેશ કરીએ! સામે જુઓ ! **જગ શાંતિદાતા શ્રી શાંતિનાથ ભગવાનની નયનરમ્ય મુખમુદ્રા !** ‘‘નમો જિણાણં’’ આ ગભારામાં અન્ય ૮ પ્રભુજી બિરાજમાન છે તેમને પણ નતમસ્તકે હાથ જોડી ‘‘નમો જિણાણં’’ ‘‘નમો જિણાણં’’



ભવ્ય ! પાછા પગથિયા ઉપર ચઢતાં આ જમણી બાજુના જિનાલયની પશ્ચિમાભિમુખ દિવાલ તો જુઓ !

યુદ્ધ કરતાં બે મલ્લની પ્રતિમાજી પધરાવવામાં આવેલી છે. હકીકતમાં શવરાજ સંઘવીના પરિપાટીકારની દૃષ્ટિએ પૂર્વે ભાવસાર ડાહા દ્વારા બનાવેલ ''ડાહાવિહાર'' નામનું આ જિનાલય હશે.

અવસરે આ જિનાલયનો જીર્ણોદ્ધાર જોરાવરમલ દ્વારા થયો હોવાથી હાલ તે ''મલ્લવાળું દેરાસર'' એ નામથી ઓળખાય છે.

આ જિનાલયના પશ્ચિમાભિમુખ રહેલા મુખ્યદ્વારથી પ્રવેશતાં આ સામે જુઓ ! **૧૯ ઈંચના શ્વેતવર્ણીય શાંતિનાથ દાદા બિરાજમાન છે !** ''નમો જિણાણં'' મૂળનાયકની ડાબીબાજુ સુપાર્શ્વનાથ અને જમણીબાજુ સુમતિનાથ પ્રભુજીને નમસ્કાર કરીએ ''નમો જિણાણં'' ''નમો જિણાણં''

ઘણા ભવ્યાત્માઓને ખ્યાલ છે કે ગિરનારમાં ગુફાઓ ઘણી ! તમે અત્યાર સુધી એક પણ ગુફા જોઈ ? ચાલો ! હું તમને રાજુલની ગુફા બતાવું!


આ જિનાલયના પગથિયા ઉતરી ડાબી તરફ શિલામાં કોતરેલા અણઘડ પગથિયાના માર્ગે આગળ જતાં આ જુઓ ! આ શિલાની બખોલ જેવું દેખાય છે ને ! તેમાં નીચે નમીને જતાં જુઓ ! આ રાજુલની ગુફા આવી !

અંદર જુઓ ! રાજુલમાતાની લગભગ ૧૮ ઈંચની પ્રતિમા પધરાવેલી દેખાય છે ! હકીકતમાં રાજીમતીના પ્રસંગવાળી ગુફા તો અન્ય કોઈ હશે પરંતુ હાલ તેની સ્મૃતિ અર્થે સ્થાપના સ્થાન તરીકે વર્તમાનમાં આ સ્થાનને રાજુલગુફાનું સ્થાન કહેવાય છે ! અહીંથી આગળ વિકટ કેડી માર્ગે દક્ષિણ દિશા તરફ જતાં પ્રેમચંદજી મહારાજની



ગુફા આવે છે. જ્યાં સાધના કરવા બેસવાનું મન થાય તેવી છે.

ભવ્ય ! ચાલો હવે આપણે આ ગુફાથી ૫-૭ પગલાં ઉપર ચઢીને દક્ષિણ દિશા તરફની કેડીની વાટે આગળ જઈએ ! ડાબા હાથ તરફ સાતપુડાના કુંડ તરફ જવાની કેડી આવે છે, તે કેડીમાર્ગે પૂર્વ દિશા તરફ આગળ વધતાં પાટવડને નાકે થઈ બીલખા ગામ તરફ જવાય છે. પણ ! આપણે કાંઈ ત્યાં જવાની જરૂર નથી. આપણે તો આ જમણા હાથ તરફ વિકટ માર્ગે ઝાડીઓની વચ્ચેથી નીચે ઉતરતાં ઉતરતાં જુઓ! આ પહાડના છેડે એક મોટી શિલા નજરે ચડે છે ને !



ત્યાં જવાનું છે. ત્યાં સાધક એવા સંવેગી પ્રેમચંદજી મહારાજની ગુફા આવેલી છે.

જો ! જો ! સાચવીને નીચે ઉતરજો ! આ જુઓ ગુફાની બાજુમાં જ ખીણ હોવાથી ખૂબ જ સાવધાનીથી આ ગુફાના દ્વારમાં પ્રવેશ કરવાનો છે... આ ગુફામાં અનેક મહાત્માઓએ સાધના કરેલી છે, જેમાં સંવેગી મુનિ શ્રી પ્રેમચંદજી મહારાજ નામના સાધુ ભગવંતે અહીં ઘણો લાંબો સમય રહીને સાધના કરેલી છે. આ મહાત્મા યોગવિદ્યામાં ખૂબ જ કુશળ હતા, પોતાના ગુરૂભાઈ શ્રી પૂ. કપુરચંદજી મહારાજને શોધવા માટે આવ્યા હોવાથી તેઓ આ સ્થાને રહ્યા હતા.

આ પૂ. કપુરચંદજી મહારાજ વિશે એવું જાણવા મળે છે કે તેઓ અનેક રૂપ ધારણ કરી શકતા હતા અને અનેક સ્થાને જવા માટે તેમની પાસે આકાશગામિની વિદ્યા પણ હતી.

આ ગુફા શેઠ દેવચંદ લક્ષ્મીચંદજી પેઢીની માલિકીની છે, જેમાં ભૂતકાળમાં વખતો વખત જરૂરી એવું સમારકામ પણ આ પેઢી દ્વારાજ કરાવવામાં આવેલ છે. આજે પણ આ સંવેગી પ્રેમચંદજી મહારાજ સાહેબની તથા આ. જિનદત્તસૂરિજી આદિ ચાર ગુરૂભગવંતની ચરણપાદુકા ગિરનારની જયતળેટીમાં નવનિર્મિત થયેલી દેરીમાં પધરાવવામાં આવેલ છે ! આવો અદ્‌ભુત ઈતિહાસ આ પૂ. પ્રેમચંદજી મહારાજની ગુફાનો છે.

આ જુઓ છતમાં જાણે કોતરણીકામ કરીને પથ્થરમાં બખોલ ન બનાવી હોય તેવું લાગે છે ! વર્તમાનમાં પણ કેટલાક મહાત્માઓ આ ભૂમિમાં આરાધના કરવા આવે છે.

ચાલો ! હવે આપણે પગથિયાના માર્ગે પાછા આગળ વધીએ ! આ લગભગ ૮૦ થી ૯૦ પગથિયા ચડો ! ત્યાં ચોરીવાળુ દેરાસર દેખાશે !

ભવ્ય ! તમને શંકા થઈને ? કે ગિરનાર ઉપર વળી ચોરીવાળુ દેરાસર ? હમણાં પ્રભુજીના દર્શન કરી હું ચોરીવાળા દેરાસરનો રાઝ બતાવું છું ! હા આ જુઓ ! ચૌમુખજીનું જિનાલય! એટલે જ ચોરીવાળું જિનાલય !



પ્રાચીન ઈતિહાસકારોની દ્રષ્ટિએ આચાર્ય રત્નસિંહસૂરિના શિષ્યે આ જિનાલયને ''કંચણહ વિહાર'' (કંચન વિહાર) નામ આપેલું છે. પ્રતિષ્ઠા સોમના કથન અનુસાર ગંધારના શ્રેષ્ઠિ લક્ષોબાએ ઉજ્જયંતશૈલ પર જે ચતુર્મુખ જિનાલય કરાવેલું તે આ હોવું જોઈએ ! શવરાજ સંઘવીવાળી ચૈત્યપરિપાટીમાં પણ લક્ષપતિએ (લક્ષોબાએ) બંધાવેલ ચતુર્મુખ જિનાલય પછી ગંગાકુંડ (હાલનું ગૌમુખીગંગાનું સ્થાન) આવતો હોવાથી આ માહિતી યથાર્થ જણાય છે ! અહો ! આપણે ઈતિહાસના અંતરમાં ક્યાં ખોવાઈ ગયા !



આ જુઓ ! સામે બેઠા બાલબ્રહ્મચારી નેમિનાથ દાદા ! પૂર્વાભિમુખ મુનિસુવ્રત સ્વામી ! દક્ષિણાભિમુખ ચન્દ્રપ્રભ સ્વામી! અને પશ્ચિમાભિમુખ સુપાર્શ્વનાથ દાદા એ ચારેય શ્યામવર્ણના લેપયુક્ત પ્રભુજીને નમીને ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' આ પ્રભુજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૫૧૧માં પ.પૂ.આ. સોમસુંદરસૂરિના શિષ્ય પ.પૂ.આ. જયચન્દ્રસૂરિના શિષ્ય પ.પૂ.આ. જિનહર્ષસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે થયેલ છે.


આ જિનાલય પૂર્વે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનના જિનાલયના નામે પણ ઓળખાતું હોવાથી પૂર્વે પ્રાયઃ અહીં મૂળનાયક તરીકે શામળા પાર્શ્વનાથ ભગવાન હોવાની પણ સંભાવના છે ! વળી આ જિનાલયમાં આ પ્રભુજીની ગાદીની ચારદિશાના ચારખૂણામાં જુઓ! આ ચોરસ થાંભલીઓમાં દરેકમાં ૨૪-૨૪ એમ કુલ ૯૬ પ્રતિમાજીઓ શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાં કોતરવામાં આવી છે ! આ ચાર થાંભલીઓ જાણે લગ્નમંડપની ચોરી ન હોય ! તેવી દેખાતી હોવાથી પૂર્વે આ જિનાલયને ચોરીવાળું જિનાલય પણ કહેવામાં આવતું હતું ! એટલે ચોરીવાળુએ જ ચૌમુખજીનું જિનાલય !

કેટલાક ઉલ્લેખોના આધારે આ જિનાલય મૂળ ૧૪મી સદીના પ્રથમ ચરણમાં બંધાયેલું કલ્યાણત્રય હોય અને ભંગ થયા બાદ લખપતિએ તેનો પુનઃઉદ્ધાર કરાવ્યો હોય, કારણ કે કલ્યાણત્રયની રચના લગભગ ચતુર્મુખ હોય છે અને આ જિનાલય પણ ચૌમુખજી છે.

ભવ્ય ! ચાલો ! લગભગ ૧૦૦ પગથિયા ચઢીને આપણે પેલા ''ગૌમુખી ગંગા'' નામના મંદિરમાં દર્શન કરવા જઈએ ! આ મંદિર પહેલાં આ જુઓ ! ડાબી તરફ માર્ગ જાય છે ને ! તે સહસાવન જવાનો માર્ગ છે ! આપણે આગળ દર્શન કરીને પાછા આ માર્ગથી જ સહસાવન કલ્યાણકભૂમિએ જવાનું છે !

અરે ! આ પશ્ચિમદિશા તરફ તો જુઓ ! નીચે આ પહેલી ટૂંકના આપણા જિનાલયોનું વિહંગાવલોકન કેટલું અદ્ભુત લાગે છે !

ચાલો ! મંદિરમાં પ્રવેશ કરતાં હિન્દુ સંપ્રદાયના દેવ-દેવીના પ્રતિમાજી આવે છે ત્યાંથી આગળ જઈ નીચે ઉતરી આ ગૌમુખ ગંગા જુઓ ! અહીં આ સ્થાનેથી હંમેશા પાણીની ધાર વહ્યા કરે છે ! ત્યાંથી આગળ આ ડાબી તરફના ગોખલામાં નીચા વળીને જુઓ !






**આ વર્તમાન ચોવીસીના ચોવીસ જિનના પગલાં ! જેસલમેરના પીળાવર્ણના પાષાણમાંથી કંડારવામાં આવેલ છે !** જેમાં નીચે પ્રભુજીના નામો પણ કોતરેલા છે. આજે પણ શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢીના પૂજારીઓ અહીં નિત્ય પૂજા કરવા આવે છે. ''નમો જિણાણં'' ''નમો જિણાણં'' ''નમો જિણાણં''

પ્રાચીન ઈતિહાસના ઉલ્લેખ અનુસાર આ તીર્થ ૧૫મી સદીમાં અસ્તિત્વમાં આવ્યું હોય તેવું જણાય છે ! જૈન-અજૈન એમ કંઈ કેટલાય પુણ્યાત્માઓ આ પાદુકાના દર્શન કરી પાવન બની જાય છે !

**ધૂન : આશ્રયગિરયે નમો નમઃ, સ્વર્ગગિરયે નમો નમઃ,**
**સમત્વગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને.. (૨)**

**કંઈ કેટલાય ભવ્યાત્માઓનો આશ્રય છે આ ગિરનાર !**
**કરોડો દેવતાઓનો જ્યાં વાસ છે તે ભૂમિ છે આ ગિરનાર !**
**અનંતા આત્માઓ સમત્વના સહારે સિદ્ધપદ પામ્યા તે ભૂમિ છે આ ગિરનાર !**

**ચાલો ! લગભગ ૩૦૦ થી ૩૫૦ પગથિયા ચઢતા આવ્યું વિશ્વનું એક માત્ર સિદ્ધાત્મા રહનેમિનું જિનાલય !**

ભવ્ય ! આ રહનેમિ કોણ હતા તે જાણો છો ! તેમના જીવનને જાણવા જેવું છે તે સાંભળો ! જ્યારે ઉગ્રસેન મહારાજાની પુત્રી રાજુલ ને પરણવા નેમિકુમાર ચાલ્યા અને પશુઓના આક્રંદ સૂણી વૈરાગ્યવાસિત વિભુ લગ્ન મંડપથી પાછા વળ્યા... લોકાંતિકદેવો વડે વિનવાયેલા નેમકુમારે વર્ષીદાન કરી શ્રાવણ સુદ છઠ્ઠના દિવસે આ જ ગિરનાર ગિરિના સહસાવનમાં ચારિત્રગ્રહણ કર્યું... નેમિપ્રભુના દંડનેમિ, અતિનેમિ, દઢનેમિ અને રથનેમિ (રહનેમિ) એમ ચાર બંધુઓ હતા... અવસરે રહનેમિએ પણ પ્રભુની વાટે પગરવ માંડી દીક્ષા ગ્રહણ કરી... તેઓ ગિરનારની ભૂમિ ઉપર પ્રભુના નિશ્રામાં આરાધના કરવા લાગ્યા... બીજી તરફ નેમિકુમારના વિરહમાં ઝૂરતી રાજુલ માટે હવે અન્ય કોઈ નાથ ન હોવાથી જે પ્રભુએ હાથમાં હાથ ન આપ્યો તે પ્રભુનો કૃપારૂપી હાથ સદા મસ્તકે રહે તે માટે અત્યંત ધૈર્યવાળી તથા ચારિત્રધર્મ પ્રત્યે ઉદ્યમવાળી રાજુલે પણ સંયમ સ્વીકાર કર્યો... વાસુદેવ - બલભદ્ર વગેરેએ ઈન્દ્રિઓને જીતનારી એવી રાજીમતીને ભયંકર એવા સંસાર સાગરને શીઘ્રાતિશીઘ્ર તરી જવાના આશિષ આપ્યા... શીલવાન્ અને શ્રુતવાન્ એવી રાજીમતી સહિત દ્વારીકા નગરીની અનેક સ્ત્રીઓએ દીક્ષાગ્રહણ કરી... અવસરે પ્રભુને વંદન કરવા માટે રૈવતગિરિ ઉપર આવતાં સાધ્વી રાજીમતી આદિને માર્ગમાં ધોધમાર વરસાદ નડ્યો... અપ્કાયની વિરાધનાથી બચવા આમ તેમ થતાં બધા છૂટા પડી ગયા... આજુબાજુ નજર કરી આગળ જતાં સાધ્વી રાજીમતીને એક ગુફા દેખાતાં તેઓ તેમાં ચાલ્યા ગયા... વર્ષાના જલ વડે ભીંજાયેલા વસ્ત્રોવાળી સાધ્વી રાજીમતીએ આજુબાજુ જોતાં નિર્જન સ્થાન જણાતાં સર્વવસ્ત્રોને સુકાવવા એક શિલા ઉપર ફેલાવ્યા... તેવામાં ગુફાના અંતર્ભાગમાં ધ્યાનસ્થ અવસ્થામાં

રહેલા રહનેમિ મુનિવરની દૃષ્ટિ સાધ્વી રાજીમતીના દેહ ઉપર પડતાંની સાથે જ રાજીમતીની દૃષ્ટિ પણ તેમના પર પડી... રાજીમતી એકદમ અવાચક્ બની પોતાના શીલની રક્ષાર્થે ભયથી કંપતા પોતાના બે બાહુવડે પરસ્પર મર્કટ બંધ કરી નીચે બેસી ગયા...

જેના હૈયામાં કામજ્વર જાગ્યો છે તેવા મુનિવરે ભોગસુખની માંગણી કરતાં શૌચ, સંતોષ, સ્વાધ્યાય અને તપરૂપી નિયમમાં તથા મહાવ્રતમાં અત્યંત સ્થિર રહેલા સાધ્વી રાજીમતી પોતાના શીલનું રક્ષણ કરવાપૂર્વક રહનેમિ મુનિવરની અનુચિત માંગણીનો અસ્વીકાર કરી તેને પ્રતિબોધતાં કહે છે,

**હે રહનેમિ !**

અંગધનકુળમાં ઉત્પન્ન થયેલા સર્પો બળી રહેલા અગ્નિની દુઃસહ એવી જ્વાળામાં પોતે પ્રવેશ કરવા તૈયાર થાય છે, પરંતુ વમન કરેલું વિષ પાછું ચૂસી લેવા ક્યારેય તૈયાર થતાં નથી !

**હે અપયશની ઈચ્છાવાળા !**

તને ધિક્કાર છે ! તું અસંયમરૂપ જીવનને જીવવા માટે વમેલાને ફરીથી પીવાની ઈચ્છા કરે છે ? જે ભોગસુખોનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી તે જ ભોગસુખોને ફરી ભોગવવા ઈચ્છે છે ? તેના કરતાં તો પ્રભુનું સ્મરણ કરી મરણનું શરણ સ્વીકારવું તે વધુ હિતકારી છે !

**હે રહનેમિ !**

હું ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તું અંધકવૃષ્ણિના કુળમાં ઉત્પન્ન થયેલો છે ! આપણા કુળમાં આપણે ગંધન જાતિના સર્પ ન બનીએ ! ગંધન જાતિના સર્પો વમેલા વિષને મંત્રથી આકર્ષણ કરાય ત્યારે અગ્નિના તાપના ભયથી તે વિષને પાછું ચૂસી લે છે ! પરંતુ અગંધન જાતિના સર્પ તો અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થાય છે, પણ વમેલા વિષને પાછું ચૂસી લેવા ક્યારેય તૈયાર થતા નથી! માટે વ્રતમાં સ્થિર થઈને તું સંયમનું શુદ્ધ આચરણ કર !

**હે સાધુ !**

જ્યાં જ્યાં સ્ત્રીઓને જોઈ જોઈ તેની અભિલાષા કરીશ તો પવનના ઝપાટાથી અસ્થિર રહેતી શેવાળની જેમ તું પણ અસ્થિર ચિત્તવાળો થઈ જઈશ !



ગોવાળ જેમ પારકી ગાયોને ચારવાથી તેનો સ્વામી થતો ન હોવાથી તેના ફળને ભોગવનારો થતો નથી તેમ તું ચારિત્રનો વેષ માત્ર ધારણ કરવાથી દ્રવ્ય ચારિત્રધર્મનું જ પાલન થવાથી માત્ર ઉદરપૂર્તિના (પેટ ભરવાના) ફળને જ ભોગવનાર થઈશ પરંતુ ભાવધર્મના ફળ સમાન મોક્ષમાર્ગ પામી શકીશ નહીં.

જેમ અંકુશ વડે હાથી કાબૂમાં આવે તેમ સાધ્વી રાજીમતીના હિતવચનોને સાંભળીને રહનેમિ મુનિવર પોતાના આત્માની નિંદા કરતાં સંયમધર્મમાં સ્થિર થાય છે... પશ્ચાતાપના ઝરણથી પોતાના પાપમલનું પ્રક્ષાલન કરવા તે પ્રભુ પાસે જઈ અંતઃકરણથી શુદ્ધ આલોચના કરી પ્રાયશ્ચિત ગ્રહણ કરે છે...

ત્યારબાદ તેઓ મન-વચન-કાયગુપ્તિથી ગુપ્ત, પાંચેય ઈન્દ્રિયોને જીતનારા અને દૃઢમનોબળવાળા થઈ જીવનપર્યંત નિરતિચાર ચારિત્રજીવનનું પાલન કરી, બાહ્યાંતર તપસાધનાના સથવારે ઘાતીકર્મોનો ક્ષય કરી ગિરનારમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી અનુક્રમે અષ્ટકર્મને ખપાવી તે જ ભવમાં ગિરનારના સહસાવનમાં સર્વોત્તમ

એવા સિદ્ધપદને પામે છે !

ભવ્ય !

**અનાદિકાળના અશુભ સંસ્કારોનો દારૂગોળો લઈને આવેલા જીવને નિમિત્ત માત્રની ચિનગારીનો સ્પર્શ થતાંની સાથે જ કુસંસ્કારોના દારૂગોળામાંથી આગ પ્રગટે છે અને તે ભડભડતી અગ્નિજ્વાળામાં આત્મગુણોને ભસ્મીભૂત કરી નાંખે છે ! તેથી સતત જાગ્રત એવા જીવો આવા નિમિત્તોથી દૂર જ રહે છે છતાં કોઈ પ્રબળ અશુભકર્મોના ઉદયે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર કે અનાચાર પૈકી કોઈ પણ પ્રકારે પાપપ્રવૃત્તિ કરી પણ બેસે ને ! તો જિનેશ્વર પરમાત્માના શાસનમાં તેને પણ બચવાનું અમોઘ સાધન બતાવ્યું છે, તે છે ભવઆલોચના!**

હા ભવ્ય ! **પશ્ચાતાપપૂર્વકની પાપની આલોચના સર્વકર્મમળને સાફ કરવા સમર્થ બને છે!** મહાનિશિથસૂત્રમાં જણાવ્યા પ્રમાણે કેટલાક આત્માઓ ગુરૂભગવંત સમક્ષ આલોચના કરતાં કરતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ! કેટલાક આલોચના કરવા માટે ગુરૂભગવંત પાસે પહોંચતા કેવળજ્ઞાન પામે છે! કેટલાક આલોચના કરવા આવતાં માર્ગમાં જ કેવળજ્ઞાન પામે છે ! કેટલાકને પશ્ચાતાપપૂર્વક આલોચના કરવાનો વિચાર કરવા માત્રથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે !

ભવ્ય ! તેથી દરેક જીવે પોતાના જીવન દરમ્યાન અઢાર પાપસ્થાનકો પૈકીના કોઈ પણ પાપની થયેલ અસદ્‌પ્રવૃત્તિનું ગીતાર્થ એવા ગુરૂભગવંત સમક્ષ પ્રાયશ્ચિત લઈ લેવું જોઈએ! આ રહનેમિ મુનિવર ! અસદ્‌પ્રવૃત્તિનું શુદ્ધ આલોચન કરી સમ્યક્ પ્રકારના બોધ અને તત્ત્વબુદ્ધિ થકી વિવેકપૂર્વક પાપપ્રવૃત્તિનો ત્યાગ કરી કેવું આત્મકલ્યાણ સાધી ગયા ! જોયું ને ! ધન્ય હો તે મહાસત્ત્વશાળી આત્માને !

પ્રાયઃ કરીને જિનાલયમાં તીર્થંકર કે ગણધરની પ્રતિમાઓ હોય છે. છતાં પણ એક સામાન્ય કેવલી થઈ સિદ્ધિપદને પામેલા એવા તે સિદ્ધાત્મા રહનેમિ મુનિવરની પ્રતિમાજીને આ જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ છે !

**વિશ્વમાત્રમાં પ્રાયઃ આ એક જ સ્વતંત્ર શિખરબંધી જિનાલય હશે જેમાં મૂળનાયક તરીકે કોઈ સિદ્ધાત્માની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હોય !**

આ જિનાલયનો ઉલ્લેખ ૧૫મી સદીમાં રચાયેલ ચૈત્યપરિપાટીઓમાં પણ કરવામાં આવેલ હોવાથી આ જિનાલયનું નિર્માણ ૧૫મી સદીના ઉત્તરાર્ધકાળ પૂર્વે થયું હોવાનું જાણી શકાય છે.

**ચાલો ! આ જિનાલયમાં પ્રભુજીના દર્શન કરી નેત્રને નિર્મળ કરીએ !**

ઉત્તરાભિમુખ એવા શ્યામવર્ણીય લેપકૃત ૪૩ ઈંચના સિદ્ધાત્મા રહનેમિ પરમાત્મા સુવર્ણ ઈતિહાસનું સર્જન કરી મૂળનાયકની ગાદીએ કેવા શોભી રહ્યા છે !

ભવ્ય !

વિશ્વમાત્રમાં એક માત્ર એવા મૂળનાયક તરીકે બિરાજમાન સિદ્ધાત્મા રહનેમિ પરમાત્માના દર્શન વારેવારે ક્યાં થવાના છે ! ચાલો ! આપણે અહીં સ્તુતિ કરી ચૈત્યવંદન કરીએ...

## સ્તુતિ

નેમિસમીપે વ્રતગ્રહી, ગુફામાં ધ્યાનને ધ્યાવતાં,
અશુભકર્મના ઉદયથી જે, વ્રતમાં ડગમગ થાવતાં;
પ્રતિબોધ પામી રાજુલ વયણે, મોક્ષ મારગ સાધતાં,
એ રહનેમિને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો... (૨)

ચાલો ! ચૈત્યવંદન કરીએ...

## સિદ્ધાત્મા રહનેમિનું ચૈત્યવંદન

નંદન સમુદ્રભૂપના, બાંધવ નેમિજિણંદ;
રહનેમિ વૈરાગી થઈ, ગિરનારે થયા મુણિંદ... ૧

ચૂક્યા સંયમસ્થાનથી, રાજુલ વ્રત રખવાળ;
પશ્ચાતાપ દાવાનલે, બાળ્યા કર્મ વિકરાળ... ૨

શુક્લધ્યાને સહસાવને, શિવપદ પામે ઉદાર;
હેમવદે તે સમરતા, સહુ લહો ભવજલપાર... ૩

**સ્તવન :** (રાગ : નિરખ્યો નેમિ જિણંદ અરિહંતાજી...)

યદુકુલવંશે સુનંદ ગુણવંતાજી, બાંધવ નેમિ જિણંદ ભગવંતાજી,
રહનેમિ સંયમલીયો ગુણવંતાજી, ગિરનારે વિચરણ કીયે ભગવંતાજી...
ગુફામાં કાઉસ્સગ્ગ રહ્યા ગુણવંતાજી, કર્મોદયે વ્રતથી ડગ્યા ભગવંતાજી...
રાજુલ વયણે બુઝીયા ગુણવંતાજી, ઉપન્યો પશ્ચાત્તાપ ભગવંતાજી...
પ્રભુ પાસે આલોચના ગુણવંતાજી, હેમપરે નિર્મલ હુએ ભગવંતાજી...
ચરમદેહને ધારતા ગુણવંતાજી, સહસાવને શિવપામતા ભગવંતાજી...

**થોય :** નેમિશિવદાતા, તેહના રહનેમિ ભ્રાતા,
લિયે સંયમ વિખ્યાતા, થયા ષટ્જીવત્રાતા;
વ્રતથી ચલિત થાતા, રાજીમતી બોધ દાતા,
કેવલજ્ઞાન જ્ઞાતા, પામે શિવસુખશાતા.

**ચાલો ! આપણે આગળની ટૂંક તરફ જઈએ !**

**ધૂન : અમલગિરયે નમો નમઃ, જ્ઞાનોદ્યોતગિરયે નમો નમઃ,**
**ગુણનિધિગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને...(૨)**

**જેના દર્શનમાત્રથી અનંતા કર્મમલનો નાશ થાય તે ભૂમિ છે આ ગિરનાર !**

**જેના પ્રભાવે મિથ્યાતિમિરનો ધ્વંસ થતાં જ્ઞાનોદ્યોત થાય તે ભૂમિ છે આ ગિરનાર !**


**જે આત્મગુણોનો ભંડાર અને દાતાર છે તે ભૂમિ છે આ ગિરનાર !**

**હજુ તો માંડ ૫૦૦-૫૫૦ પગથિયા ચડ્યાં ત્યાં તો આવી ગઈ આ અંબાજીની ટૂંક !**

વિ.સં. ૧૫૨૪ની પ્રશસ્તિ ઉપરથી સમજાય છે કે સામલ નામના શાહુકારે શ્રી ગિરનાર તીર્થ ઉપર શ્રી અંબિકાદેવીનું જીર્ણ થયેલ આ મોટું ચૈત્ય શુભભાવથી બંધાવ્યું હતું.

કાળક્રમે આજે હિન્દુધર્મના ભક્તો દ્વારા વૈદિક ધર્મની પદ્ધતિથી ત્યાં દર્શન-પૂજનાદિ થાય છે અને હિન્દુ સંન્યાસી દ્વારા જ અહીંનુ સંચાલન થાય છે !

મંદિરની બરોબર પાછળ આ જુઓ ! નેમિનાથ ભગવાનના પગલા પધરાવવામાં આવેલ છે ! તેના દર્શન કરીએ... ''નમો જિણાણં'' કેટલાક ગ્રંથોના આધારે તે શાંબના પગલા હોવાનું પણ જણાય છે !



ભવ્ય ! આ સામે દેખાય ને ! તે છે ગોરખનાથની ટૂંક ! ચાલો ! અહીંથી લગભગ ૧૦૦-૧૨૫ પગથિયા ઉતરીને લગભગ ૩૦૦-૩૫૦ પગથિયા ચઢતા જો આ ગોરખનાથની ટૂંક આવી !

**''જય જય શ્રી નેમિનાથ'' ''જય જય શ્રી નેમિનાથ''**

આ ટૂંકના ડાબી તરફના ઓટલા ઉપર જુઓ આ શ્વેતવર્ણીય પગલાં દેખાય છે ને ! તે નેમિનાથ ભગવાનના પગલાં વિ.સં. ૧૯૨૭ વૈશાખ સુદ ૩ શનિવારના શુભ દિને બાબુ ધનપતસિંહજી પ્રતાપસિંહજી દ્વારા સ્થાપન કરવામાં આવ્યા હતા ! ''નમો જિણાણં''

કેટલાક ગ્રંથાધારે આ પગલાં પ્રદ્યુમ્નના હોવાનું પણ કહેવાય છે !

આ જમણીબાજુ જુઓ ! આપણે સિદ્ધગિરિમાં પાપ પુણ્યની બારી છે ને ! તેવી રીતે હિન્દુધર્મના અનુયાયીઓ આને પાપ પુણ્યની બારી કહે છે!

આ સામે થોડી નીચે દેખાય છે ને ! તે ચોથી ઓઘડ ટૂંક છે ! અને તેની પાછળ આવેલી પેલી પાંચમી ટૂંક! હા ! હા ! એજ નેમિપ્રભુની મોક્ષકલ્યાણકની ટૂંક !

ચાલો ! અહિંથી નીચે ઉતરીએ!

**''જય જય શ્રી નેમિનાથ'' ''જય જય શ્રી નેમિનાથ''**

**લગભગ ૪૦૦ પગથિયા** આ ડાબીબાજુની મોટી શિલામાં ધ્યાનથી જાુઓ ! અહીં કુશળ કારીગરોએ જિનપ્રતિમાજી કોતરેલા છે ! ''નમો જિણાણં''

''જય જય શ્રી નેમિનાથ'' ''જય જય શ્રી નેમિનાથ''

ભવ્ય ! લગભગ ૩૫૦ પગથિયા ઉતરતાં જો આ ટેકરી દેખાય છે ને તે છે ચોથી ટૂંક ! તેના ઉપર શ્યામવર્ણની શિલામાં નેમિનાથ દાદાની મૂર્તિ અને પગલાં કોતરેલા છે !



આ ટેકરી અતિ દુર્ગમ છે ! ત્યાં ચડવાના કોઈ પગથિયા જ નથી ! આડી અવળી શિલાઓના સહારે-સહારે ઉપર જવું પડે ! અને ઉપર ગયા પછી પાછા કેમ આવવું ?

આપણે તો ભાઈ ! અહીંયાથી જ ભાવથી દર્શન કરી લઈએ !

''નમો જિણાણં'' ''નમો જિણાણં''

ચાલો ! આ ડાબીબાજુ પાંચમી ટૂંકના પગથિયેથી ઉપર ચઢીએ !

ભવ્ય ! કેમ ! ધીમા પડી ગયા? થાક લાગ્યો છે ? હા ભાઈ ! થાક તો લાગે ને ! આપણે અત્યાર સુધી લગભગ ૬૪૦૦ પગથિયાની ચડઉતર કરીને અહીં પહોંચ્યા છીએ ! જુઓ ! હવે લગભગ ૬૦૦-૬૫૦ પગથિયા બાકી છે ! આ પેલી પ્રભુની નિર્વાણભૂમિના સ્થાને બનાવેલી છત્રી દેખાય !

**ધૂન : સ્વયંપ્રભગિરયે નમો નમઃ, અપૂર્વગિરયે નમો નમઃ,**
**પૂર્ણાનંદગિરયે નમો નમઃ, વંદન હો ગિરનારને...(૨)**

**અનાદિ અનંતકાળથી જેની પ્રભા સ્વયં ખીલે છે તે ભૂમિ છે આ ગિરનાર !**

**જેના પવિત્ર પરમાણુથી અપૂર્વ ઉલ્લાસ પ્રગટે તે ભૂમિ છે આ ગિરનાર !**

**જેના સ્પર્શન માત્રથી પૂર્ણ આનંદની અનુભૂતિ થાય તે ભૂમિ છે આ ગિરનાર !**

મોક્ષકલ્યાણક નિમિત્તે **''ૐ હ્રીઁ શ્રી નેમિનાથ પારંગતાય નમઃ''**નો જાપ કરીએ ! આ જુઓ આપણે પ્રભુના શિવગમનના સ્થાને આવી ગયા ! કેટલાક ગ્રંથોના આધારે આ પંચમ ટૂંકે પૂર્વાભિમુખ નેમિનાથ ભગવાનના પગલાં ઉપર વિ.સં. ૧૮૯૭ના પ્રથમ આસો વદ ૭ના ગુરૂવારે શેઠ દેવચંદ લક્ષ્મીચંદ દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ પણ પૂર્વે જોવા મળતો હતો !

પ્રભુ ! અમે આજે ધન્ય થઈ ગયા !

પ્રભુ ! અયોગીકેવલી ગુણસ્થાનકે ''સમુચ્છિન્નક્રિયા-અનિવૃત્તિ'' નામના શુક્લધ્યાનયુક્ત આપના આત્માએ સકલ કર્મોનો નાશ કરવા માટે અહીંજ શૈલેશીકરણમાં પ્રવેશ કર્યો હશે !

પ્રભુ ! યોગના અભાવના કારણે આપના આત્મપ્રદેશો



મેરુપર્વતની જેમ સ્થિર થતાં આપે અહીં જ શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરી હશે ! તે અવસ્થામાં વેદનીય, નામ અને ગોત્રકર્મની અસંખ્યાત ગુણાકારે નિર્જરા થઈ હશે અને અઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય થવાથી **અક્ષયસુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું** અને **અગુરૂલઘુગુણ** પ્રગટ્યા હશે, ત્યારપછીના સમયે **''સંપૂર્ણકર્મથી રહિત શુદ્ધ'' ''અશરીરી''** અને **''અમૂર્ત''** અયોગી કેવલી એવા આપ ઋજુ શ્રેણીથી એક જ સમયમાં સિદ્ધશિલામાં પહોંચી ગયા હશો !

પ્રભુ ! સાદિ-અનંત અવસ્થાને પ્રાપ્ત કરીને આપ નિજગુણોની રમણતામાં પરમ આનંદને અનુભવતા હશો. પ્રભુ ! અમને પણ તેવું સત્ત્વ આપો !

પ્રભુ ! ચૌદ રાજલોકની ઉંચે સિદ્ધશિલામાં સ્થાન લેવા માટે આપે આટલું ઊંચુ સ્થાન પસંદ કર્યું ! તેના દ્વારા કર્મક્ષય કરવા ઉંચાઈ પ્રાપ્ત કરવાનો બોધ આપ આપી ગયા કે કોઈ પણ વ્યક્તિ કે વસ્તુના ગુણ દોષ પ્રત્યે નિર્લેપ ભાવે રહેવાથી કર્મ ક્ષય થશે !

વાહ ! પ્રભુ મોક્ષગમન અવસરે પણ આપે બોધ આપી કેવી કરૂણા બતાવી !

બસ ! પ્રભુ હવે એટલું જ માંગુ ''તુજ કરૂણાધારમાં હું નિત્ય ભીંજાતો રહું''

પ્રભુ ! આપની ચરણપાદુકાના દર્શનથી અમારું ચિત્ત નિર્મળ બન્યું !

''નમો જિણાણં'' ''નમો જિણાણં''

જુઓ ! આ જગ્યા ખૂબ સાંકડી હોવાથી જૈન તથા અન્ય હિન્દુ ભાવુકોના દર્શનમાં અંતરાયભૂત ન બનતાં નાનું ચૈત્યવંદન કરીએ! પ્રદક્ષિણા દઈને પાછળ પશ્ચિમાભિમુખ દિવાલમાં કંડારેલા પ્રભુજીને ''નમો જિણાણં'' દ્વારા નમન કરી આગળ નીકળીએ !

આ જુઓ આ કેવો મોટો ગંજાવર ઘંટ ! આ ઘંટમાં જુઓ! વિ.સં. ૧૮૯૪ની સાલનો ઉલ્લેખ કરવામાં આવેલો છે! જૈન તથા અન્ય હિન્દુધર્મપાલક એવા લાખો ભવ્યજનોની આસ્થાનું સ્થાન છે આ પગલા !

આ પ્રભુના પગલાના આલંબને દરવર્ષે લાખો ભાવુક જીવોના અંતરમાં સમ્યક્ત્વનું બીજારોપણ થતું હશે ! પ્રભુ ! આપે અહીંથી મોક્ષગમન કરી લાખોની મુક્તિના માર્ગને સરળ બનાવી દીધો ! પ્રભુ ! આપના પગલાના દર્શનમાત્રથી લાખો લોકોના પરમપદના દ્વારોદ્ઘાટન થયા હશે ! અને થશે !

ચોતરફ લીલી વનરાજીઓ વચ્ચે પ્રકૃતિની ગોદમાં સૌને પ્રફુલ્લિત કરતું આ સ્થાન અત્યંત રળીયામણું છે ! પ્રભુના મોક્ષકલ્યાણકની મધુરી મહેકથી સમગ્રસૃષ્ટિ મઘમઘાયમાન થઈ રહી છે!

ચાલો ! નીચે ઉતરીએ !

આ સ્થાનનું સંપૂર્ણ સંચાલન હાલ હિન્દુધર્મના મહંતો દ્વારા કરવામાં આવે છે ! આ નીચે જુઓ પેલો આશ્રમ દેખાય છે ને! તે છે કમંડલકુંડની જગ્યા ! આ મહંતો દ્વારા જ તેનું પણ સંચાલન થાય છે ! આ જગ્યાએ છે ને ! સવારે લગભગ ૬ વાગ્યાથી આખો દિવસ અહીં આવતાં ભાવુક દર્શનાર્થીઓને માટે પ્રસાદરૂપે વિના મુલ્યે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે ! રોજ હજારો ભાવુકોની ક્ષુધાવેદનાનું શમન કરી પ્રચંડ પુણ્યોપાર્જન કરી રહ્યા છે !



ચાલો ! આપણે તે આશ્રમમાં જઈએ ! આ જુઓ ! અખંડ પ્રગટેલો રહેતો આ અગ્નિધૂણો!

અહીંથી આ કેડી માર્ગે વિકટ રસ્તે છટ્ઠી અનુસુયાની ટૂંકે જવાય છે ! આપણે ત્યાં ન જતાં આ અતિસાંકડી, દુર્ગમ એવી વિકટ કેડી માર્ગે થોડા આગળ જઈને દૂર દેખાતી પેલી સાતમી મા કાલીકાટૂંકના દર્શન પણ અહીંથી જ કરી લઈએ ! ''નમો જિણાણં'' હાલ ત્યાં કોઈ પ્રભુજીની પ્રતિમા નથી પરંતુ હાલમાં શંખેશ્વર મહાતીર્થમાં બિરાજમાન શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પૂર્વે કેટલાક સમય માટે આ સ્થાન ઉપર બિરાજી પૂજાયેલ હોવાનો ઉલ્લેખ કોઈ ગ્રંથમાં હોવાનું જાણવામાં આવે છે. હાલ અહીં મા કાલીકાની પ્રતિમાયુક્ત ગુફા છે ! ચાલો ! આપણે પાછા ગોરખનાથની ટૂંક, અંબાજીની ટૂંક થઈને માર્ગમાં આવતા (ગોમુખી ગંગાના સ્થાને થઈને ડાબીબાજુ પહેલી ટૂંકના માર્ગે નીચે ન ઉતરતાં જમણીબાજુ) સહસાવનના માર્ગે નીચે ઉતરીએ !

**ધૂન : અનુપમગિરયે નમો નમઃ, પ્રભંજન ગિરયે નમો નમઃ, પ્રભવગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને...(૨)**

**અનુપમ સુખની દાતા એવી ભૂમિ છે આ ગિરનાર !**
**પાપ નાશ અને પુણ્ય સંચયકારક ભૂમિ છે આ ગિરનાર !**
**શિવસુખની જન્મદાત્રી ભૂમિ છે આ ગિરનાર !**

સહસાવન તરફ જતાં પહેલાં પશ્ચિમ દિશામાં થોડું નીચે જુઓ આ ગિરનારના ભવ્ય જિનાલયોનું રળીયામણું દશ્ય ! આ છે ગિરનારની શોભા ! ત્યાંથી નીચે જુઓ ! ગિરનારની શીતળ છાયામાં રહેલી આ ભવનાથ તળેટી ! માની ગોદમાં બાળક છુપાઈ ન જાય ! તેવી રીતે ચારે તરફથી ઉત્તુંગ પર્વતોની હારમાળાની વચ્ચે છુપાઈને બેઠી હોય તેવું લાગે! આ જમણી તરફ જુઓ ! આ આનંદ ગુફા! આ ૧૫-૨૦ પગથિયે આવી મહાકાલગુફા! આગળ વધતાં આ ડાબી તરફ જુઓ ! આ પહાડ ઉપર પેલી એકલી અટૂલી ઉભી છે તે શિલાના સ્થાનને **ભૈરવ જપ** કહે છે! પૂર્વે એવી લોક માન્યતા હતી કે આ શિલા પરથી નીચે પડી જે મૃત્યુને વરે તે સિદ્ધગતિને પામે !

પ્રાચીન ઈતિહાસનું નિરીક્ષણ કરતાં આ શિલા છત્રશિલા હોવાની સંભાવના જણાય છે. છત્રશિલા નામ પાછળનું રહસ્ય એવું પ્રચલિત છે કે શ્રી કૃષ્ણના ભાઈ બલદેવ અહીં આવેલા ત્યારે આ શિલા ઉપર એમનું છત્ર મૂક્યું હતું. વળી એમ પણ કહેવાય છે કે અત્યંત પુણ્યશાળી અને શાસન પ્રભાવક એવી કોઈ બે વ્યક્તિ એક સાથે આ સ્થાન પર છત્રશિલાની નજીક આવે તો આ શિલા કંપાયમાન થાય છે.





આ ડાબી તરફ સેવાદાસની જગ્યા આવી ! અહીંથી સહસાવન સુધીના આ પગથિયાનો જીર્ણોદ્ધાર શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા લગભગ વિ.સં. ૨૦૪૨ આસપાસ થયો હતો.

જુઓ ! જુઓ ! આ ઉતરવાના પગથિયા શરૂ થતાં જમણી બાજુ નીચે ચારે બાજુ લીલાછમ આંબા વગેરેના વૃક્ષોથી ઘેરાયેલું પાંચ ઘુમ્મટવાળું જિનાલય દેખાય છે ! તે જ છે સહસાવન ! **''નમો જિણાણં''** લીલી વનરાજીઓ વચ્ચે અસ્તિત્વ ધરાવી ભવઅટવીમાં ભમતાં આપણા જેવા પામર જીવોને આધ્યાત્મિક શક્તિ પ્રદાન કરતા પાવર હાઉસની ફરજ બજાવતું ન હોય ! તેવું લાગે!

લગભગ ૧૦૦ પગથિયા ઉતરતાં જમણી તરફ આ પથ્થરચટ્ટીના આશ્રમ તરફ જવાનો માર્ગ છે ! પૂર્વે ત્યાં બિરાજમાન સાધક પથ્થરને ચાટીને ક્ષુધા વેદનીયના ઉદયનું શમન કરતાં હતા.



આપણે આ ડાબીબાજુના પગથિયે લગભગ ૧૧૫૦ પગથિયા ઉતરતાં જાણે કે એક ઝપાટામાં સહસાવન પહોંચી જશું! પણ ત્યાં પહોંચતા પહેલા આપણે આ સહસાવનને જાણીયે અને માણીએ !

સહસાવનનું મૂળ નામ **''સહસ્રામ્રવન''** છે ! તેનો અર્થ સાંભળો ! સહસ્ર એટલે કે હજાર! આમ્ર એટલે આંબો (કેરી) અને વન એટલે જંગલ! એટલે હજારો આંબાના વૃક્ષોવાળું વન! પરંતુ કાળક્રમે શબ્દનો અપભ્રંશ થતાં થતાં આજે તે **''સહસાવન''** તરીકે પ્રસિદ્ધિને પામેલ છે ! તેમાં પણ અન્યધર્મી પુણ્યાત્માતો તેને **''શેષાવન''** કહે છે.

હજારો આંબાના ઘેઘુરવૃક્ષોથી ઘેરાયેલા આ સ્થળની રમણીયતા તન-મનને અનેરી શીતળતાની અનુભૂતિ કરાવે છે.

આજે પણ આ ભૂમિ મોરલાના મધુરા કીંકાર અને કોયલના મીઠાં ટહુકારથી ગુંજતી રહે છે !

આ પાવનભૂમિએ નેમિપ્રભુ તેમજ તેમનાથી પૂર્વે થયેલા અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા અવસરના ઉછળતા વૈરાગ્યરસના ખીચોખીચ ભરેલા અણુ પરમાણુઓને આજે પણ વાતાવરણમાં અકબંધ સાચવી રાખ્યા છે!

આ પાવનભૂમિમાં નેમિપ્રભુ સમેત અનંતા તીર્થંકર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકોનો પુનિતપ્રકાશ આજે પણ ભવ્યાત્માઓના અંતરમાં પડેલા મિથ્યાતામસને દૂર હડસેલી સમ્યક્ત્વની સાધનાનો સ્પર્શ કરાવી રહ્યો છે !

કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ થતાં કરોડો દેવતાઓ દ્વારા રચાયેલ સમવસરણમાં દેશના આપતાં ચોત્રીસ અતિશય યુક્ત પ્રભુજીની વાણીના શબ્દોના તરંગોથી



થતાં ગુંજનની અનુભૂતિ આજે પણ થાય છે ! આ સહસાવન તો **''હાર્ટ ઑફ ધ ગિરનાર''** છે !

ભવ્ય !

આટલી ભવ્ય અને દિવ્યભૂમિ હોવા છતાં કેટલાય વર્ષોથી આ સહસાવનની પાવનભૂમિ પ્રત્યે ઉપેક્ષા સેવાતી હતી ! પહેલી ટૂંકથી અહીં સુધી આવવાનો કેડી માર્ગ પણ વિકટ હતો ! કોઈ જૈન યાત્રિકો આ પવિત્રતમ કલ્યાણક ભૂમિની સ્પર્શના કરવાનું સાહસ કરતા ન હતા.

વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકર પરમાત્માના ૧૨૦ કલ્યાણકો પૈકી ૧૧૭ કલ્યાણકો પૂર્વ ભારતમાં છે અને ફક્ત ત્રણ કલ્યાણકો પશ્ચિમ ભારતમાં અને તે પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં રહેલા આ ગિરનાર ઉપર થયા છે. વળી સદીઓની સદીઓથી સાધુ-સાધ્વીનાં વિચરણ વિશેષરૂપે ગુજરાતમાં થયાં હોવા છતાં આ ત્રણ કલ્યાણકભૂમિની સ્પર્શનાથી સકળ શ્રી સંઘ વંચિત રહેતો...

આવા કઠીન માર્ગે પણ ગિરનાર મહાતીર્થ અને નેમિપ્રભુના અનેરા ભક્ત એવા તપસ્વી સમ્રાટ પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજા અવાર નવાર આ કલ્યાણકભૂમિની સ્પર્શના કરવા પધારતા હતા... જ્યારે જ્યારે તેઓ પધારે ત્યારે ચતુર્વિધ સંઘ દ્વારા અણસ્પર્શાયેલ આ કલ્યાણકભૂમિની હાલત જોઈને અત્યંત ખેદ અને દુઃખની લાગણી અનુભવતા હતાં. સતત આ ભૂમિની મહત્તા અને સુરક્ષા અંગે ચિંતીત રહેતા, વિ.સં. ૨૦૨૭ના જુનાગઢ ગામના હેમાભાઈના વંડા ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે બિરાજમાન હતા. ત્યારે એક દિવસ લગભગ સંધ્યાકાળ બાદ એક દિવ્યપ્રકાશ સાથે પૂજ્યશ્રીને દિવ્યપ્રેરણા મળી કે **''તું સહસાવનનો જિર્ણોદ્ધાર કરાવ''** ત્યાર બાદ અવસરે પૂજ્યશ્રીએ આ કાર્ય ''શ્રી સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ'' નામના ટ્રસ્ટ દ્વારા કરાવવાનો નિર્ણય કર્યો...

આ કલ્યાણક ભૂમિની સ્મૃતિ અર્થે અહીં માત્ર બે દેરીમાં પગલા જ હતા ! તેથી નિરુત્સાહિત રહેતા યાત્રિકોના આવાગમન માટે દીર્ઘદૃષ્ટા એવા પૂજ્યશ્રીએ અહીં એક શિખરબંધી જિનાલય નિર્માણ કરાવવાનો નિશ્ચય કર્યો. વિ.સં. ૨૦૩૫માં હાલ મૂળનાયક તરીકે બિરાજમાન આ સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્માનો પ્રવેશ થયો અને જિનાલયનું નિર્માણ થતાં. વિ.સં. ૨૦૪૦, ચૈત્ર વદ ૫ના દિવસે પ.પૂ.આ. હિમાંશુ સૂ., આ. નરરત્ન સૂ., આ. કલાપૂર્ણ સૂ., ગણિવર્ય હેમચન્દ્ર વિ. આદિ વિશાળ સમુદાયની નિશ્રામાં આ નૂતન સમવસરણ મંદિરમાં ચાર પ્રભુજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારબાદ પાછળથી વિ.સં. ૨૦૪૭માં ફા.વ. ૭ના દિવસે ગિરનાર ઉપરથી ગત ચોવીસીમાં મોક્ષપદને પ્રાપ્ત કરેલ ૧૦ પ્રભુજી પરિકરમાં હોય તેવી મૂર્તિ, આવતી ચોવીસીમાં શિવપદને પામનારા પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ પરમાત્મા તથા પરિકરમાં ત્રેવીસ પ્રભુજીની મૂર્તિ, ગુફામાં નેમિપ્રભુની મૂર્તિ અને નેમિપ્રભુના ૧૮ ગણધર ભગવંતોની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી...

પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની સ્મૃતિ સ્વરૂપે તૈયાર થયેલ આ જિનાલયના નિર્માણના કારણે આ કલ્યાણક ભૂમિઓની સુરક્ષાનો પ્રશ્ન ધીમે ધીમે દૂર થયા લાગ્યો... પૂજ્યશ્રીની દીર્ઘ-દૃષ્ટિથી સાકાર થયેલ આ જિનાલયના કારણે દિનપ્રતિદિન પહેલી ટૂંકથી આ તરફ દર્શન અને કલ્યાણકભૂમિની સ્પર્શના કરવા આવનાર યાત્રાળુઓનો પ્રવાહ વધવા લાગ્યો...

લ્યો સહસાવનની વાત હજી તો પૂરી નથી થઈ ત્યાં તો આપણે જિનાલયે પહોંચી આવ્યા !

જુઓ ! આ સંકુલના પ્રવેશદ્વારની સન્મુખ છે તે ધર્મશાળાનું મકાન છે ! અને જમણી બાજુ ઉપર આ જિનાલય છે.

**ચાલો ! આ જિનાલયના દર્શન કરીએ...**

જિનાલયના પ્રવેશદ્વારથી અંદર પ્રવેશતાં જ આ દિવ્ય દેખાતાં સમવસરણના સ્વરૂપને જોઈને સાક્ષાત્ નેમિપ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતાં હોઈએ તેવા ભાવો ભાવિકોમાં પ્રગટ થાય છે અને અંતરમાંથી અવાજ ઉઠે છે કે


''નીરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી...
રાજીમતી કર્યો ત્યાગ ભગવંતાજી,
ચાર મુખે દીયે દેશના અરિહંતાજી...,
ત્રણ ગઢ ઝાકઝમાળ ભગવંતાજી...''











આ રંગમંડપમાં ડાબે નેમિપ્રભુના અધિષ્ઠાયક ગોમેધ યક્ષ અને જમણે અધિષ્ઠાયિકા અંબિકા દેવીને **‘‘પ્રણામ’’ !**

આ સમવસરણના પગથિયા ચઢીને ઉપર જતાં મધ્યમાં અશોકવૃક્ષની નીચે ચૌમુખજી શ્યામવર્ણના નેમિપ્રભુને નિહાળતાં જ હૈયુ પુલકીત થાય છે. **‘‘નમો જિણાણં’’** પ્રદક્ષિણા ફરતાં પૂર્વ દિશા તરફના પ્રથમ રંગમંડપમાં આ જુઓ ! રાજદરબારમાં શાહી ઠાઠથી બિરાજમાન આ જીવિતસ્વામી નેમિનાથ દાદા કેવા શોભી રહ્યા છે!

**‘‘નમો જિણાણં’’**

ભવ્ય ! તમને પ્રશ્ન થાય છે ને ! કે ‘‘બાલબ્રહ્મચારી નેમિનાથ દાદાનું નામ સાંભળ્યું છે પરંતુ આ જીવિતસ્વામી નેમિનાથ દાદા ?’’

હા ! સાંભળો ! જીવિતસ્વામી એટલે જે ભગવાન વિચરતા હોય ત્યારે જ તેમની મૂર્તિ ભરાઈ હોય ! તેથી જીવિતસ્વામી નેમિનાથ દાદા એટલે જ્યારે નેમિનાથ ભગવાન સ્વયં આ પૃથ્વી ઉપર વિચરી રહ્યા હતા તે અવસરે બનેલી મૂર્તિ! હા ! આ પ્રભુજીની મૂર્તિ પ્રાયઃ સાધિક ૮૬ હજાર વર્ષ પ્રાચીન છે !



ચાલો ! આ બીજા રંગમંડપમાં આરસના પબાસણ ઉપર બિરાજમાન પ્રાચીન ચૌમુખજીના દર્શન કરતાં કહીએ...

**''નમો જિણાણં'' ''નમો જિણાણં''**

જો ! જો ! આ રંગમંડપોમાં બન્ને બાજુ પ્રભુના અઢાર ગણધર ભગવંતોની પ્રતિમાજી પણ બિરાજમાન છે, તેને પણ નમન કરતાં જજો !

**''મત્થએણ વંદામિ'' ''મત્થએણ વંદામિ''**

આ જુઓ ! ઉત્તરાભિમુખ રંગમંડપમાં સામસામે બે જ ભગવાન દેખાય છે ને ! પણ હકીકતમાં તે ૩૫ છે ! કેમ! મુંઝવણમાં મૂકાઈ ગયા ને? ધ્યાનથી જુઓ ! આપણી જમણી બાજુ ગોખલામાં મુખ્ય શ્યામવર્ણના આ નેમિનાથ અને તેના પરિકરમાં ગઈ ચોવીસીમાં અહીંથી મોક્ષે ગયેલા ૧૦ પ્રભુજી છે ! તથા ડાબી બાજુના ગોખલામાં અહીંથી આવતી ચોવીસમાં મોક્ષે જનારા પહેલા પદ્મનાભ ભગવાન મુખ્ય છે તેના પરિકરમાં બાકીના ૨૩ ભગવાન છે તે બધા પૂજનીક છે. હવે દૂર થઈ તમારી મુંઝવણ ? અતીત અને અનાગત ચોવીસીના અહીંથી મોક્ષે ગયેલા પ્રભુજીઓની પ્રતિમા! બધા ભગવાનને **''નમો જિણાણં''** પ્રભુવીરના અનન્યભક્ત શ્રેણીક મહારાજાનો આત્મા છે ને ! આવતી ચોવીસીમાં શ્રી પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકર થઈને આ જ ગિરનાર ઉપરથી મોક્ષગમન કરશે !

સમવસરણને ત્રણ પ્રદક્ષિણા દઈને આ ઉત્તરાભિમુખ સંપ્રતિકાલીન પ્રભુજી સન્મુખ ચૈત્યવંદન કરીએ...

**સ્તુતિ** : શ્યામલ છબી પ્રશમાર્દ્ર નયનો, રૂપ આ રળિયામણું,
મુખડું મનોહર આકૃતિ, રમણીય સ્થિત સોહામણું;
આ સર્વ અંતિમ સમયમાં, મુજ નયનમાં અવતારજો,
હે નેમિનાથ જિનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો... (૨)





**ચૈત્યવંદન :** ગિરિ ગિરનાર જઈ વસે, જેસે નેમકુમાર,
કનકભૂમિ કરી દેવતા, ભક્તિ કરે મનોહાર... ૧
એક પ્રતિમા વજની, એક કંચન કેરી,
એક પ્રતિમા રત્ન, મણિમય ભલેરી... ૨
કાલે સજ્જન બહુમિલ્યાએ, જેણે કીધો ઉદ્ધાર,
નેમિનાથ બેઠાં તિહાં, કંઠે રયણ મનોહાર... ૩

**સ્તવન :** (રાગ : ઓઘો છે અણમૂલો...)

**(૧)**

મેં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા,
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુલ આયા;
કર્મોકે ફંદ છુડાયા, બ્રહ્મચારી નામ ધરાયા,
જીને તોડી જગતકી માયા (૨)... મેં આજ...

રૈવતગિરિ મંડનરાયા, કલ્યાણક તીન સોહાયા,
દીક્ષા કેવલ શિવરાયા, જગતારક બિરૂદ ધરાયા;
તુમ બૈઠે ધ્યાન લગાયા (૨)... મૈં આજ...

અબ સુનો ત્રિભુવનરાયા, મેં કર્મો કે વશ આયા,
મૈં ચતુર્ગતિ ભટકાયા, મેં દુઃખ અનંતા પાયા;
તે ગીનતી નાહિં ગિનાયા (૨)... મેં આજ...

મેં ગર્ભાવાસમેં આયા, ઊંધે મસ્તક લટકાયા,
આહાર અરસવિરસ ભુગતાયા, એમ અશુભ કરમ ફલ પાયા;
ઈણ દુઃખસે નાહિ મુકાયા... (૨)... મેં આજ...

નરભવ ચિંતામણી પાયા, તબ ચાર ચોર મીલ આયા,
મુજે ચૌટે મેં લૂટ ખાયા, અબ સાર કરો જિનરાયા;
કીસ કારણ દેર લગાયા... (૨)... મેં આજ...



જિણે અંતરગતમેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા,
દુઃખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા;
ફિર સંસારે નહીં આયા... (૨)... મેં આજ...

મેં દૂર દેશસે આયા, પ્રભુ ચરણે શીશ નમાયા,
મેં અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા;
એમ વીરવિજય ગુણ ગાયા... (૨)... મેં આજ...

**(૨)**

વોકાલા સહસાવન વાલા (૨), સુધ વિસરા ગયો મોરી રે (૨)
શિવાદેવી નંદકીશોર જો (૨), કર ગયો રે, કર ગયો રે, કર ગયો
મનકી ચોરી રે... સુધ

કાલો કાજલ અખિયન સોહે, કાલે બાદલ મેં જ્યું જલ હોવે (૨)
સુરભિ સુહાગન સુંદર સોહે (૨), કાલી ભયી કસ્તુરી રે... સુધ

કાલી કીકી કાલા તીલ હૈ, કાલોદધિકા કાલા જલ હૈ (૨)
વૈસી હી કાલી સુરત તોરી (૨), મેં તો ગયા બલિહારી રે.. સુધ

કનક કસોટી પથ્થર કાલો, કાલો કનૈયો જશોદા કો લાલો (૨)
જો કાલેને રાજુલ તારી (૨), જય જય જય ગિરનારી રે... સુધ

**થોય :** ગિરનારે ગીરૂઓ, વહાલો નેમિ જિણંદ,
અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આનંદ;
સિદ્ધાંતની રચના, ગણધર કરે અનેક,
દિવાળી દિવસે, દ્યો અંબા વિવેક.

**ચાલો ! નીચે ઉતરી આ સમવસરણની ડાબી તરફ જઈએ ! આ જુઓ!** પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજ સાહેબના પૂજ્યોની પ્રતિકૃતિ તથા પગલાં !



**"મત્થએણ વંદામિ" "મત્થએણ વંદામિ"**

આ જુઓ ! નીચે ગુફા છે ! અરે ! આ શંખ ગુફા જુઓ ! ગુફામાં અંદર આવતાં માથુ ભટકાય નહિં ધ્યાન રાખજો ! નીચા નમીને આવજો હોં ! **"નમે તે પ્રભુને ગમે"** અહીં આવી ૧૧ ઈંચના શ્યામવર્ણના શ્રી નેમિનાથ ભગવાનના અત્યંત મનમોહક પ્રભુજીના દર્શન કરો ! **"નમો જિણાણં"**

આ ગુફામાં અનેક મહાત્માઓએ છઠ્ઠ-અઠ્ઠમ-આયંબિલ આદિ અનેકવિધ તપારાધના સાથે આત્મકલ્યાણકારી વિશિષ્ટ જાપની આરાધના કરેલ છે !

ચાલો ! આપણે પણ પાવનભૂમિની ઊર્જા



મેળવવા જાપ કરીએ !


**"ૐ હ્રીઁ અર્હં શ્રી નેમિનાથાય નમઃ"** (૩ વાર)

આ બાજુ જુઓ ! આ પાંચ સીડી ચઢીને ઉપર બીજી ગુફામાં સિદ્ધાત્મા રહનેમિ પરમાત્મા! "નમો સિદ્ધાણં" તમને પેલી રહનેમિના દેરાસરે કહેલી વાર્તા યાદ છે ને ? કેવી ઉત્તમ સાધનાભૂમિ છે આ ગુફા!

ચાલો ! આપણે અહીં પણ આ સાધનાભૂમિની ઊર્જા મેળવવા જાપ કરીએ !

**"ૐ હ્રીઁ શ્રી રહનેમયેઃ નમઃ"** (૩ વાર)

ચાલો ! આ જિનાલયની બહાર નીકળતા ત્યાં સામે જુઓ ! અહીં દર્શન-પૂજન માટે આવતા જૈન શ્વેતામ્બર યાત્રિકો માટે ભાતાની વ્યવસ્થા રાખેલ છે. હવે આ સંકુલમાંથી બહાર નીકળી



આપણે નીચે ઉતરીયે...

આ ૧૫ પગથિયા ઉતરતાં જમણી બાજુ જુઓ!

**આ છે ! સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધારક, તપસ્વી સમ્રાટ પરમ પૂજ્ય આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજાની અંતિમ સંસ્કારભૂમિ!**

આ જુઓ ! પૂજ્યશ્રીની પ્રતિકૃતિ તથા પગલાં! **"મત્થએણ વંદામિ"**

ચાલો ! આ સમાધિસ્થાનને ત્રણ પ્રદક્ષિણા આપીને ગુરૂવંદન કરીએ... !

ભવ્ય ! આ મહાપુરુષના જીવનનો પણ સ્પર્શ કરવા જેવો છે !

**આ બોર્ડ વાંચો !**




**પૂજ્યશ્રીના જીવનમાં સાધિક ૩૦૫૦ ઉપવાસ અને ૧૧૫૦૦ અધિક આયંબિલ તપની આરાધના અનેક વૈવિધ્યપૂર્વક થઈ હતી જેની એક ઝલક નિહાળીએ...**

| | | |
|---|---|---|
| ૩૦ ઉપવાસ-૧ વાર | ૧૭ ઉપવાસ-૨ વાર | ૯ ઉપવાસ-૩ વાર |
| ૨૪ ઉપવાસ-૨ વાર | ૧૬ ઉપવાસ-૨ વાર | ૮ ઉપવાસ-૮ વાર |
| ૨૩ ઉપવાસ-૨ વાર | ૧૫ ઉપવાસ-૨ વાર | ૭ ઉપવાસ-૩ વાર |
| ૨૨ ઉપવાસ-૨ વાર | ૧૪ ઉપવાસ-૨ વાર | ૬ ઉપવાસ-૫ વાર |
| ૨૧ ઉપવાસ-૨ વાર | ૧૩ ઉપવાસ-૨ વાર | ૫ ઉપવાસ-૫ વાર |
| **૨૦ ઉપવાસ-૨૨ વાર** | ૧૨ ઉપવાસ-૨ વાર | ૪ ઉપવાસ-૬ વાર |
| ૧૯ ઉપવાસ-૨ વાર | ૧૧ ઉપવાસ-૨ વાર | ૩ ઉપવાસ-૫૫ વાર |
| **૧૮ ઉપવાસ-૨ વાર** | **૧૦ ઉપવાસ-૨ વાર** | **૨ ઉપવાસ-૨૧૦ વાર** |
| | | ૧ ઉપવાસ - ૧૩૫૦ થી અધિક વાર |

પૂજ્યશ્રીની તપારાધના વાંચીને કઈ કેટલાય જીવોના મુખમાંથી અધ... ધ.. ધ..ના ઉદ્ગારો સહજ સરી પડે છે.. અને હા ! આવા ઘોર તપમાં પણ પૂજ્યશ્રીની નિરાશંસા અને નિરતિચારતાતો હજુ સાંભળવા જેવી છે !

- જીવનભર નિર્દોષ ભિક્ષાચર્યાના આગ્રહ સાથે કટોકટીના સમયે એકલા રોટલા અને પાણી, કાચા પૌંઆ અને પાણી, માત્ર ખાખરા અને પાણીથી પણ હજારો આયંબિલો કરતા હતાં. અરે ! વિહારમાં નિર્દોષ ભિક્ષા મળવાનો સંભવ ન હોય ત્યારે અટ્ઠાઈ સુધીનો તપ પણ વિહારમાં કરી લેતા...
- એક વાર ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રા કરી રહ્યા હતાં.. લગભગ ૫૯ યાત્રાઓ થઈ ચૂકી હતી. બીજા દિવસે સવારે ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ કરીને પહેલા ૧૦ ઉપવાસમાં ગિરનારની ૪૦ યાત્રા કરી ૯૯ પૂર્ણ કરી અને ૧૧મા ઉપવાસે વિહાર ચાલુ કરી સિદ્ધગિરિની છત્રછાયામાં પહોંચી માસક્ષમણ પૂર્ણ કર્યું... પારણાના દિવસે સિદ્ધગિરિની યાત્રા કરી દાદાને ભેટીને ઘેટીપાગના રસ્તે બપોરે ઉતરીને લગભગ સાડા ત્રણ વાગે તેમના પુત્ર મહારાજ આ. નરરત્નસૂરીશ્વરજી સવારે ૧૦.૦૦ વાગે વહોરીને લાવેલ નિર્દોષ મગના ઠંડા પાણીથી આયંબિલ-પૂર્વક પારણું કર્યું... ધન્ય છે તેમના સત્ત્વને ! ધન્ય છે તેમના મનોબળને ! સહજ નત મસ્તક વંદન થઈ જાય તેવું આ જિન-શાસનનું ઝવેરાત હતું...

પૂજ્યશ્રી...

પ્રભુ આજ્ઞાને આધીન હતા...

જીવનમાં સાદગીના સદાગ્રહી હતા...

અનેક સંઘવિખવાદના નાશક હતા...

સંઘહિતાર્થે ઘોર અભિગ્રહના ધારક હતા...

વૃદ્ધાવસ્થામાં પણ સંઘ ઋણમુક્તિ કાજે જિનવાણીના ઉપદેશક હતા...

જીવનસંધ્યાપર્યંત અધ્યયન-અધ્યાપનના ચાહક હતા...

અનેક જીવોના જીવનમાં આયંબિલતપના બીજારોપક હતા...

કંઈ કેટલાના તારણહાર હતા... ઉત્સર્ગમાર્ગના આચરણમાં ઉત્સાહી હતા...

સૌને વાત્સલ્ય વરસાવનારા હતા... દુષ્કરતપના કારક હતા...

મક્કમ મનોબળના ધારક હતા.. દેહદમનના કારક હતા...

ભવ્ય ! આ રીતે અનેક વિધ ગુણભંડાર એવા પૂજ્યશ્રીના જીવનને જાણવું અને માણવું હોય ને ! તો **''૨૦મી સદીની વિરલ વિભૂતિ''** નામનો સ્મૃતિગ્રંથ એકવાર તો અવશ્ય વાંચવા જેવો છે.

પૂજ્યશ્રીએ જીવનનો અંતિમ શ્વાસ ગિરનારની છત્રછાયામાં રહેલા જૂનાગઢના ઉપાશ્રયમાં છોડ્યો હોવા છતાં, પૂજ્યશ્રીએ નેમિનાથ દાદા અને ગિરનાર સાથે એવી એકમેકતા સાધી હતી કે તેમની અંતિમ ભાવના સહસાવનમાં આવવાની હતી તે પૂર્ણ કરવા કોઈ ચમત્કાર સર્જાયો... ચોતરફ વનવિસ્તાર અને પહાડની ઊંચાઈના કારણે તેમના પાર્થિવદેહનો અંતિમ સંસ્કાર સહસાવનમાં કરવાનું અશક્ય જણાતું હોવા છતાં તેઓશ્રીના સંકલ્પબળ અને દિવ્યપ્રભાવના પ્રતાપે ''ન ભૂતો ન ભવિષ્યતિ'' એવું અચ્છેરૂં થયું ! પૂજ્યશ્રીના પાર્થિવદેહના અંતિમસંસ્કારનું કાર્ય આ ભૂમિએ સંપન્ન થયું!

પૂજ્યશ્રીની સમાધિ સન્મુખ ૧૦ ડગલાં દૂર ઉભા રહી પૂર્વદિશામાં સમાધિની ઉપર જુઓ ! પેલી ટૂંક ઉપર જે દેરી દેખાય છે ને ! તે આપણે જઈ આવ્યા તે નેમિનાથ પ્રભુની મોક્ષકલ્યાણક ભૂમિ ! તેનું દર્શન અહીંથી પણ થાય છે. ''નમો જિણાણં''

**ભવ્ય ! આજે પણ પૂજ્યશ્રીની અંતિમ શ્વાસભૂમિ હેમાભાઈના વંડાના ઉપાશ્રયે તથા અંતિમ સંસ્કારની આ સહસાવનની ભૂમિની દર્શના અને સ્પર્શના કરી સંકલ્પ કરનારા અનેક ભવ્યાત્માઓના તપધર્મના અંતરાયો તૂટે છે ! અરે ! જે જ્યાં હોય ત્યાં બેઠાં બેઠાં પણ તેમના જાપ અથવા નામસ્મરણ કરે છે તેના તપના સર્વ વિઘ્નો દૂર ટળવાના અનેક દૃષ્ટાંતો જોવા મળે છે !**

**ધૂન : અક્ષયગિરયે નમો નમઃ, રત્નગિરયે નમો નમઃ,**

**પ્રમોદગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને... (૨)**


**જેની પ્રીતિ કરતાં અનેકને અક્ષયપદની પ્રાપ્તિ થઈ છે તે ભૂમિ છે આ ગિરનાર !**

**અનેક ગુણરત્નોની ખાણ છે તે ભૂમિ છે આ ગિરનાર !**

**જે ગિરિના દર્શનમાત્રથી આત્મપ્રમોદ થાય છે તે ભૂમિ છે આ ગિરનાર!**

આ લગભગ ૩૦ પગથિયા ઉતરતા જુઓ આ બે રસ્તા આવ્યા! **આ ગિરનારની યાત્રાનું હાર્દતો આ કલ્યાણકભૂમિ છે ! આ ભૂમિની સ્પર્શના વિના તો ગિરનારની યાત્રા અધૂરી જ ગણાય !** તેથી ભવ્ય! આગળ ઉતરતા હોય ને ! તેમને કહેજો કે આપણે પહેલાતો જમણી બાજુના રસ્તે નેમિપ્રભુની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકની ભૂમિના દર્શન-સ્પર્શન-ભક્તિ કરશું! પછી પાછા લગભગ ૪૦-૫૦ પગથિયા ચઢી આ ડાબી તરફના રસ્તે તળેટી જવા માટે આગળ વધશું !

**૧૦ પગથિયા ઉતરતાં :** આ જુઓ ! જૂની ધર્મશાળાની રૂમો ! શેઠ દેવચંદ લક્ષ્મીચંદ પેઢીના નામે રહેલી આ ધર્મશાળા **''બુગદાની ધર્મશાળા''**



તરીકે ઓળખાય છે ! પૂર્વકાળમાં અનેક જૈન મહાત્માઓએ અહીં સ્થિરતા કરી ૬૯ ઉપવાસ, માસક્ષમણ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે. પૂ. આચાર્ય હિમાંશુસૂરિ મહારાજ પણ અહીં સ્થિરતા કરી આરાધના-સાધના કરતા હતા... ૩૦ પગથિયા ઉતરતાં આ ડાબી બાજુ જુઓ! તાજેતરમાં ગિરનારના જિર્ણોદ્ધાર અંતર્ગત અત્યંત જીર્ણ થયેલ કેવળજ્ઞાન કલ્યાણકની દેરીનો જિર્ણોદ્ધાર થયેલ છે. શ્વેતવર્ણના સંગેમરમરના પાષાણથી નવનિર્મિત ઉજ્જ્વલ એવી આ દેરી કેવી શોભી રહી છે ! ''નમો જિણાણં''

પહેલા આપણે અહીંથી પણ નીચે બીજા ૧૦-૧૫ પગથિયા આ આશ્રમની રૂમની પાછળ ડાબી બાજુ આવેલ દીક્ષા કલ્યાણકની ભૂમિએ જઈ આરાધનાદિ કરી લઈએ !

ભવ્ય ! આ કલ્યાણક એટલે શું તે જાણો છો? સાંભળો ! કલ્યાણક એટલે કલ્યાણ કરે તે કલ્યાણક ! હા ! આત્માનું કલ્યાણ કરે અર્થાત્ આત્માને હિતકારી, લાભકારી, સુખકારી બને તે ઘટનાને કલ્યાણક કહેવાય !

જિનેશ્વર પરમાત્મા સંબંધી આવી પાંચ ઘટનાઓ છે, જે સૌ જીવોને કલ્યાણકારક નીવડે છે, તે છે -

**જિનેશ્વર પરમાત્માના આત્માનું ચ્યવન ! અર્થાત્ દેવલોક અથવા નરકલોકનું આયુષ્ય પૂર્ણ કરી ચારે ગતિના ચ્યવનમાંથી કાયમ માટે છૂટકારો મેળવવો તે ચ્યવન કલ્યાણક !**

**અનાદિકાળના ભવભ્રમણ દરમ્યાન ગર્ભાવાસમાં રહી અનંતા જન્મો કર્યા તે જન્મની પરંપરામાંથી છૂટકારો તે જન્મ કલ્યાણક !**

**અનંતા જન્મો લઈ સંસારના ભોગસુખોની ઝંઝાળમાં અથડાયા-કુટાયા તે ગૃહવાસનો કાયમ માટે ત્યાગ તે દીક્ષા કલ્યાણક!**

**અનંતા ભવભ્રમણ દરમ્યાન જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ રૂપી ઘાતી કર્મોના પાશમાં બંધાઈને ભવોની પરંપરા વધારી તે ઘાતીકર્માવાસનો સદા માટે છૂટકારો તે કેવળજ્ઞાન કલ્યાણક !**

**અનાદિકાળના ભવભ્રમણમાં નચાવનાર એવા નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યકર્મરૂપી અઘાતી કર્માવાસના બંધનમાંથી મુક્ત થવું તે મોક્ષ અથવા નિર્વાણકલ્યાણક !**

ભવ્ય !

**પ્રભુના એક-એક કલ્યાણકોની ઘટનાનો કાળ તો માત્ર કેટલાક સમયનો જ હોય છે ! પરંતુ તે ઘટનાઓના ઘટવા માત્રથી અર્થાત્ કોઈ વ્યક્તિ દ્વારા કોઈ પણ પ્રયાસ-પુરુષાર્થ કે પ્રયત્ન વિના માત્ર ને માત્ર તીર્થંકર પરમાત્માના પ્રચંડ પુણ્ય પ્રભાવથી જ આ ઘટનાના અવસરે ક્ષેત્રથી જે ચમત્કારો સર્જાય છે ને ! તે ખાસ જાણવા જેવા છે !**

- એક તેજસ્વી દ્રવ્ય કેટલે સુધી પ્રકાશ ફેલાવી શકે ? મીણબત્તી બેચાર ફુટ ! ફાનસ દશબાર ફુટ ! ઝીરોનો બલ્બ ૨૦-૨૫ ફુટ ! ૨૦૦ પાવરનો બલ્બ ૨૦૦-૩૦૦ ફુટ ! હેલોઝન લાઈટ ૧૫૦૦-૨૦૦૦ ફુટ ! સોડીયમ લાઈડ ૧૫-૨૦ હજાર ફુટ ! આધુનિક એસ્ટ્રોનોમિ (ખગોળશાસ્ત્ર)ની પરિભાષામાં એક ચન્દ્ર લાખો પ્રકાશ વર્ષ !
એક સૂર્ય કરોડ પ્રકાશવર્ષ !
એક તારો અબજો પ્રકાશવર્ષ જેટલા અતિદૂર પ્રદેશોથી આ પૃથ્વી પર પ્રકાશ પાથરે છે !
ભવ્ય ! આનાથી વિશેષ દૂર કોઈ પ્રકાશ ફેંકી શકે ?
હા ! **જિનેશ્વર પરમાત્માના કોઈ પણ એક કલ્યાણકના એકમાત્ર અંશના પ્રભાવે ઉર્ધ્વલોક, અધોલોક અને તીર્ચ્છાલોક એમ ત્રણે લોકમાં અર્થાત્ સમગ્ર સૃષ્ટિ ઉપર ક્ષણભર માટે પ્રકાશ રેલાઈ જાય છે !**
- ભવ્ય ! સેંકડો માણસોને પહોંચી વળવાની શક્તિ ૧ યોદ્ધામાં હોય ! આવા ૧૨ યોદ્ધાઓથી વિશેષ શક્તિ ૧ બળદમાં હોય !
૧૦ બળદથી વિશેષ શક્તિ ૧ ઘોડામાં હોય !
૧૦ ઘોડાથી વિશેષ શક્તિ ૧ પાડામા હોય !
૧૫ પાડાથી વિશેષ શક્તિ ૧ હાથીમાં હોય !
૫૦૦ હાથીથી વિશેષ શક્તિ ૧ સિંહમાં હોય!
૨૦૦૦ સિંહથી વિશેષ શક્તિ ૧ અષ્ટાપદ નામના પ્રાણીમાં હોય !
૧૦ લાખ અષ્ટાપદથી વિશેષ શક્તિ ૧ બળદેવમાં હોય !
૨ બળદેવથી વિશેષ શક્તિ ૧ વાસુદેવમાં હોય!
૨ વાસુદેવથી વિશેષ શક્તિ ૧ ચક્રવર્તીમાં હોય!

૧૦ લાખ ચક્રવર્તીથી વિશેષ શક્તિ ૧ વૈમાનિક ઈન્દ્રમાં હોય !

ભવ્ય !

આવા ૬૪-૬૪ ઈન્દ્રોના સિંહાસનો પણ જિનેશ્વર પરમાત્માના એક કલ્યાણકના માત્ર એક અંશના પ્રભાવે એક સાથે કમ્પાયમાન થવા લાગે છે!

ભવ્ય ! અનંતા ઈન્દ્રથી પણ વિશેષ શક્તિ તીર્થંકર પરમાત્માની ટચલી આંગળી માત્રમાં જ હોય છે ! તને યાદ છે? કોઈ વાર સાંભળ્યું હશે કે...

મેરુ પર્વત ઉપર જન્માભિષેક અવસરે સૌધર્મ ઈન્દ્રને પ્રભુવીરને કોઈ તકલીફ તો નહીં થાય ને ! તેવો સંશય થયો ત્યારે પ્રભુએ અવધિજ્ઞાનના ઉપયોગથી આ ઈન્દ્રની દ્વિધાનું નિવારણ કરવા પગના અંગુઠા વડે મેરુપર્વતને કંપાયમાન કર્યો હતો !

**જ્યારે પ્રભુના કલ્યાણક અવસરે તો આ ઈન્દ્રોના સિંહાસન પ્રભુના પુણ્ય પ્રભાવ માત્રથી કંપાયમાન થાય છે !**

એક તીર્થંકર પરમાત્માના એક કલ્યાણકના એક માત્ર અંશના પ્રભાવે એક સાથે અસંખ્ય જીવાત્માઓના પાપોના ઢગલાને ઉખેડીને પુણ્યના ગંજના ગંજ ખડકીને આત્માના ઉત્થાન, પુનઃ ઉત્થાન અને પરમ ઉત્થાન કરવાની પ્રચંડ શક્તિ હોય છે ! કેવી પ્રચંડ શક્તિ હોય છે કલ્યાણકની !

ભવ્ય ! જો અરિહંત પ્રભુના એક માત્ર કલ્યાણકના એક માત્ર અંશની આવી અપરિમિત શક્તિ હોય તો સંપૂર્ણ એક કલ્યાણકની શક્તિ કેટલી ? અનંતી ને !

એક પ્રભુના એક કલ્યાણકમાં અનંત શક્તિ હોય તો એ જ પ્રભુના પાંચેય કલ્યાણકોની સામર્થ્યતા કેટલી ? અનંતી ને !

એક પ્રભુના પાંચ કલ્યાણકોમાં અનંત શક્તિ હોય તો અનંત તીર્થંકર પ્રભુના અનંત કલ્યાણકોમાં સામર્થ્યતા કેટલી ? અનંતા અનંત ને !

**ભવ્ય ! આ બધી શક્તિઓ બુદ્ધિથી સમજાય તેમ નથી! પરંતુ અનુભવથી સમજાય છે ! તેના માટે સમય-સાધના અને સત્ત્વની આવશ્યકતા છે ! કલ્યાણક દિનની આરાધના, કલ્યાણકભૂમિની સ્પર્શના, કલ્યાણક પ્રસંગનું ધ્યાન વગેરે આરાધનાઓ એકાગ્રચિત્તે ભક્તિભાવથી એકાકાર થઈને કરવામાં આવે તો પરમાત્મા સાથેના સંબંધના નાતે આત્મપ્રદેશો દ્વારા પરમાત્માના કલ્યાણકોના અણુ-પરમાણુઓની સ્પર્શના સાધી શકાય છે, આપણી પાત્રતા પ્રમાણે પ્રત્યક્ષ અનુભૂતિઓ થાય છે, અકથ્ય અને અકલ્પનીય આત્માનંદથી આનંદવિભોર બનાય છે ! આજનું સાયન્સ પણ અસંખ્ય વર્ષો સુધી અણુ પરમાણુઓ એઝ ઈટ ઈઝ રહેતા હોવાનું પ્રુવ કરે છે... આજે પણ આ કલ્યાણક ભૂમિઓમાં પ્રભુના કલ્યાણક અવસરના અણુ પરમાણુઓ વાતાવરણમાં અકબંધ પડ્યા છે ! જરૂર છે માત્ર આપણી આંતરદૃષ્ટિના ઉઘાડની! હા ! આંતરદૃષ્ટિ ખૂલતાં જ આત્માર્થી આત્માઓ અનુભૂતિનું આસ્વાદન કરવા સમર્થ બને છે !**

કર્મવશ કદાચ આવી વિશેષ અનુભૂતિ ન પણ થાય ને તો પણ તે અણુ પરમાણુઓની સ્પર્શનાના પ્રભાવે અગમ્ય આનંદની અનુભૂતિનું આસ્વાદન અવશ્ય થશે. અનાદિકાલીન મિથ્યાત્વની ગ્રંથીનો ભેદ થઈ નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે ! બહુમાનભાવથી પ્રભુના ગુણોની અંશાત્મક પ્રાપ્તિ થશે !

**ભવ્ય ! ભદ્રબાહુસ્વામીએ બૃહત્ કલ્પભાષ્યમાં સ્પષ્ટ જણાવેલ છે કે આવી કલ્યાણકભૂમિઓની સ્પર્શનાદિથી સમ્યક્ત્વ ન હોય તેને પ્રાપ્તિ થાય અને હોય તેનું દૃઢ થાય ! સમ્યક્ત્વ આવે એટલે મોક્ષ થાય જ !**

ભવ્ય ! આવા અનંતા તીર્થંકર ભગવંતોના દીક્ષા-કેવલ અને મોક્ષકલ્યાણકથી પવિત્ર ભૂમિ છે આ ગિરનાર ! એની સ્પર્શનાથી આપણે ધન્ય બની ગયા !





**આ જુઓ ! આ આવી નેમિપ્રભુની દીક્ષાકલ્યાણક ભૂમિ !**

અહીં નેમિપ્રભુ અને બીજા પણ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક અવસરના વૈરાગ્યરસથી ભીંજાયેલો વસંતી વાયરો આપણા રોમે-રોમને રોમાંચિત કરી રહ્યો છે !

આ જુઓ ! વનવગડામાં સુરક્ષિતપણે સાધકોને સાધના કરવા આ સ્થાનને ચારે બાજુથી બંધ કરી દેવામાં આવ્યું છે ! અંદર જુઓ ! શ્વેતવર્ણના સંગેમરમરના પાષાણની આ નવનિર્મિત દેરી કેવી અદ્‌ભુત લાગે છે ! દેરીમાં શ્વેતવર્ણના આરસના પુષ્પાકાર પબાસણ ઉપર શ્યામવર્ણના પ્રભુના પગલા કેવા શોભી રહ્યા છે. ‘‘નમો જિણાણં’’

ચાલો ! ત્રણ પ્રદક્ષિણા દઈએ !

**સ્તુતિ :** જે ભોગના કાળે, અનુપમ યોગને સાધી ગયા,
વનિતાના સંગમ કાળમાં, વિરતિ શું પ્રીત બાંધી ગયા;
મહાસત્ત્વશાળી શિરોમણી, પ્રભુ સત્ત્વની કરું યાચના,
ગિરનારમંડન નેમિજિનને, ભાવથી કરું વંદના... (૨)

**ચૈત્યવંદન :** નેમિનાથ બાવીસમા, અપરાજીતથી આય;
સૌરીપુરમાં અવતર્યા, કન્યા રાશિ સુહાય... ૧
યોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણ અદ્‌ભુત;
રિખા ચિત્રા ચોપન દિન, મૌનવતા મનપૂર... ૨
વેતક્ષ હેઠે કેવલીએ, પંચસયા છત્રીશ;
વાચંયમશું શિવવર્યા, વીર નમે નિશદિશ... ૩

**સ્તવન :** દ્વારાપુરીનો નેમ રાજીયો, તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગિરનારી નેમ સંયમ લીધો છે બાળા વેશમાં ૧
મંડપ રચ્યો છે મધ્યચોકમાં, જોવા મળીયા છે દ્વારાપુરીના લોક રે. ૨
ભાભીએ મેણામાર્યા નેમને, પરણે વ્હાલો શ્રી કૃષ્ણનો વીર રે.... ૩
ગોખે બેસીને રાજુલ જોઈ રહ્યા, ક્યારે આવે જાદવકુળનો દીપ રે.... ૪
નેમજી તે તોરણ આવીયા, સુણી કંઈ પશુનો પોકાર રે.... ૫
સાસુએ નેમજીને પોંખીયા, વ્હાલો મારો તોરણ ચઢવા જાય રે.... ૬
નેમજીએ સાળાને બોલાવીયા, શાને કરે છે પશુડા પોકાર રે.... ૭
રાતે રાજુલ બહેન પરણશે, સવારે દેશું ગોરવના ભોજન રે.... ૮
પશુએ પોકાર કર્યો નેમને, ઉગારો વ્હાલા રાજીમતી કેરા કંત રે.... ૯
નેમજીએ રથ પાછો વાળીઓ, જઈ ચઢ્યા ગઢ ગિરનાર રે.... ૧૦
રાજુલ બેની રૂવે ધ્રુસકે, રૂવે રૂવે કાંઈ દ્વારાપુરીના લોક રે.... ૧૧
વીરાએ બેનીને સમજાવીયા, અવર દેશું નેમ સરીખો ભરથાર રે.... ૧૨
પીયું તે નેમ એક ધારીયા, અવર દેખુ ભાઈને બીજા બાપ રે.... ૧૩
જમણી આંખે શ્રાવણ સરવરે, ડાબી આંખે ભાદરવો ભરપુર રે.... ૧૪
ચીર ભીંજાય રાજુલ નારીના, વાગે છે કાંઈ કંટકો અપાર રે.... ૧૫
નેમ તીર્થંકર બાવીસમા, સખીયો કહે ના મળે એની જોડ રે.... ૧૬
હીર વિજય ગુરૂ હીરલો, લબ્ધિ વિજય કહે કરજોડ રે.... ૧૭

**થોય :** રાજુલ વરનારી, રૂપથી રતિહારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆ ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવલસિરી સારી, પામીયા ઘાતીવારી...

ભવ્ય ! ચાલો ! આંખ બંધ કરી, હજારો વર્ષ પૂર્વે થયેલા પ્રભુના દીક્ષા કલ્યાણક અવસરના દૃશ્યને માનસપટ ઉપર લાવી પ્રભુના દીક્ષાકલ્યાણક નિમિત્તે જાપ કરીને પ્રભુની દીક્ષા અવસરના ભાવનો સ્પર્શ કરીએ...

**''ૐ હ્રીઁ શ્રી નેમિનાથ નાથાય નમઃ''**

પ્રભુ ! જન્મથી જ વિષયોમાં અનાસક્ત હોવા છતાં પરિવારજનોના આગ્રહને વશ ઉગ્રસેન મહારાજાની રાજકન્યા રાજુલને વરવા આપનો રથ લગ્નના માંડવાની સમીપ પહોંચી રહ્યો હતો... તેવામાં નીકટમાં રહેલા પશુઓના વાડામાં પશુઓના કરૂણાર્ત આક્રંદનો સાદ આપના સૂણવામાં આવ્યો... સારથિ પાસે તેઓનો વધ કરી લગ્નમાં આવેલા મહેમાનોના ભોજનમાં ઉપયોગ કરવાનો હોવાની હકીકત જાણી...

પ્રભુ ! આપ અતિવ્યથિત થયા ! મારા વિવાહ નિમિત્તે આટલા જીવોના બલિદાન લેવાના?

પ્રભુ ! નિર્દોષ, અશરણ અને અસહાય એવા આ દુઃખમય અને પાપમય જીવોની મહાદારૂણ એવી સ્થિતિ આપ સહન ન કરી શક્યા !

પ્રભુ ! આ નિર્દોષ પશુઓની સાથે સાથે આપે આ જગતના સર્વજીવોને અશરણ ! અસહાય! દુઃખમય અને પાપમય! જોયા અને જાણ્યા ! કરૂણાથી આર્દ્ર બનેલું આપનું અંતર દ્રવી ઉઠ્યું !

પ્રભુ ! અશરણ, અસહાય, દુઃખમય અને પાપમય એવા આ જીવોને દુઃખમુક્ત, પાપમુક્ત અને જન્મ-મરણના ચક્રવાળા આ ભવસંસારથી મુક્ત કરાવવા માટે આપને સંયમ ગ્રહણનો એક જ ઉપાય સુઝ્યો !

પ્રભુ ! આપે સંસારના શણગારનો ત્યાગ કરી અણગારના શણગારને સજીને જીવ માત્ર પ્રત્યેની કરૂણા ભાવનાના સેવન થકી પ્રકૃષ્ટ પુણ્યોપાર્જન દ્વારા આ જીવોને તારવાનો દૃઢ સંકલ્પ કર્યો...

પ્રભુ ! દીક્ષા દિન પર્યંતના શેષ એક વર્ષીય કર્મકાળના આપના ભોગાવલી કર્મો નિર્મૂળ થયા... અંતઃમુહૂર્ત્તકાળ આત્મપ્રદેશોમાં અનેરા આનંદના અવિરત પ્રવાહો વહે છે... નવેનવ લોકાંતિક દેવોનાં આસનો એક સાથે ચલાયમાન થાય છે... અવધિજ્ઞાન વડે પ્રભુ ! તેઓ આપના શેષ એક વર્ષીય કર્મકાળના ભોગાવલી કર્મોના સર્વથા ક્ષયથી વિજ્ઞાત થાય છે... તેઓ સ્વ આચાર મુજબ શીઘ્ર આપની પાસે પહોંચે છે અને આપને તીર્થ પ્રવર્તન

માટે કરજોડી વિનંતી કરે છે.

પ્રભુ ! આપે અવધિજ્ઞાનના માધ્યમથી ભોગાવલી કર્મ-ચારિત્રાવરણીય કર્મની અવધિ જાણી મંગલ સ્વરૂપે વાર્ષિકદાન દેવાનો પ્રારંભ કર્યો... અનેક ભવ્યાત્માઓના દ્રવ્ય અને ભાવ દારિદ્ર દૂર કર્યા...

વર્ષના અંતે શ્રાવણ સુદિ પાંચમના મહામંગલકારી દિને શિબિકામાં આરુઢ થયેલા એવા આપનો ભવ્યાતિભવ્ય દીક્ષાનો વરઘોડો ચાલ્યો...

પ્રભુ ! આપના ઝળહળતા વૈરાગ્યને નીરખી આપના ૨૮ પિત્રાઈ ભાઈઓ, શ્રીકૃષ્ણના ૮ પુત્રો, બળદેવના ૭૨ પુત્રો, શ્રીકૃષ્ણના ૫૬૩ ભાઈઓ, ઉગ્રસેન રાજાના ૮ પુત્રો, દેવસેન વગેરે ૧૦૦, ૨૧૦ યાદવ પુત્રો, ૮ મોટા રાજા, અક્ષોભકુમાર, ૧ અક્ષોભપુત્ર તથા વરદત્તકુમાર એ રીતે એક હજાર રાજકુમારો પણ આપની સાથે પ્રવ્રજ્યાના પંથે પગરવ માંડવા ચાલી નીકળ્યા...

પ્રભુ ! અનંતા ભવ્યાત્માઓને સંયમજીવનનું દાન આપી તીર્થંકરપદ પર્યંત પહોંચાડનારા એવા ગઢ ગિરનારની આ પાવનતમ ભૂમિ ઉપર આપ પધાર્યા...

શિબિકામાંથી ઉતરીને પ્રભુ ! આપ અહીં જ આ વૃક્ષ તળે જ અટક્યા હશો ?

પ્રભુ ! એક હજાર રાજકુમારો સાથે આપની પ્રવ્રજ્યાની પાવનતમ પ્રક્રિયાનો પ્રારંભ આજ ભૂમિએ થયો હશે ?

પ્રભુ ! સર્વ વસ્ત્રાભૂષણોનો ત્યાગ કરી વૃક્ષ તળે જ સ્વહસ્તે જ આપે પંચમુષ્ટિ વડે કેશ લૂંચન કર્યું હશે ! પ્રભુ ! ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.

''નમો સિદ્ધાણં'' પદથી સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવાપૂર્વક ''કરેમિ સામાઈયં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ'' એવા સંયમસૂત્ર સાથે મહાસામાયિકનું ઉચ્ચારણ કર્યું હશે !

પ્રભુ ! આપના એ સકલ સાવદ્યયોગના જાવજ્જીવ પચ્ચક્ખાણ સાથે જ અંતિમ ગૃહાવાસથી છૂટકારો થતાં આપના સકલ ચારિત્રાવરણીય કર્મનું ઉન્મૂલન થયું હશે !

પ્રભુ ! ચારિત્રાવરણીય કર્મનો ક્ષય થતાં વિશુદ્ધ, આજ્ઞા અને મનસૂચકના સંપૂર્ણ શુદ્ધિકરણના પ્રભાવે અનુક્રમે વિશુદ્ધ સંયમયોગ, એકાંતિક અનેકાંતિક આજ્ઞાયોગ અને મનઃપર્યવજ્ઞાનનો મનોજ્ઞયોગ પ્રાપ્ત થયો હશે !

પ્રભુ ! તે સમયે માત્ર કેવલી ભગવંતો અને મહાયોગી પુરુષોને જ પ્રત્યક્ષ થતાં એવા આપના લલાટ મધ્યે મનઃપર્યવજ્ઞાનના સાક્ષીભૂત એવા સૂક્ષ્મતર તેજસ્વી બિંદુ ઝગમગતા હશે !

તે અવસરે ચ્યવન કલ્યાણક અને જન્મકલ્યાણકની જેમ ત્રણેય લોકમાં પ્રકાશ થયો હશે ! નારક, તિર્યંચો, મનુષ્ય અને દેવોને પણ સુખની લાગણીનું આસ્વાદન થયું હશે!

- વિવાહ અવસરે પશુઓના પોકાર સૂણી કરૂણાગ્રસ્ત બની લગ્નમંડપથી પાછા ફરનારા! હે નેમિ ! અમારા અંતરમાં પણ જીવમાત્ર પ્રત્યે મૈત્રી અને કરૂણાગુણનો પ્રાદુર્ભાવ થાઓ !
- વિવાહ માટે લલચાવનાર લલનાઓની ચેષ્ટા અવસરે અલિપ્ત રહેનારા ! હે નેમીશ્વર! અમારા હૈયામાં નિર્વિકારતા અને અનાસક્તિનું આગમન થાઓ !
- નવ-નવભવની પ્રીત માંડી બેઠેલી રાજુલને ક્ષણભરમાં ત્યાગનારા ! હે મહાવૈરાગી પ્રભુ ! અમારામાં પણ તેવા મહાસત્ત્વનું સિંચન થાઓ! પ્રકૃષ્ટ વૈરાગ્યના બીજાંકુરનું વપન થાઓ !
- પ્રભુ અમારી વિષય વાસનાનું વમન થાઓ !

ભવ્ય ! આ પાવનભૂમિના અજોડ આલંબને કંઈ કેટલાય મુમુક્ષુ આત્માઓના સંયમના અંતરાયો તૂટ્યા છે !

આ ભૂમિના આલંબને કંઈ કેટલાય આત્માઓ એ પ્રભુએ ચીંધેલા પ્રવ્રજ્યાના પંથે પગરવ માંડી આત્મકલ્યાણ સાધ્યું છે !

આ પાવનભૂમિએ શક્તિશાળી આત્માઓ ચારિત્ર જીવનના અંતરાયો તોડવાના સંકલ્પપૂર્વક ચારિત્રપદના દુહા બોલીને ૧૦૮ પ્રદક્ષિણા, ૧૦૮ ખમાસમણા અને ચારિત્રપદ આરાધનાર્થે ૧૦૮ લોગસ્સના કાઉસ્સગ્ગની આરાધના કરી પ્રવ્રજ્યાના પંથે ચાલી નીકળ્યા છે !

ચાલો ! આગળ વધીએ !

આ જુઓ વાલ્મીકી ગુફા ! તેની બાજુમાં રહેલા કેડી માર્ગે આગળ જતા ભરતવન, હનુમાનધારા વગેરે સ્થાનો આવે છે.

ચાલો ! આપણે તે તરફ ન જતાં, જે પગથિયે આવ્યા તે પગથિયે પાછા લગભગ ૧૫ પગથિયા ચઢતાં **આ જુઓ ! નેમિપ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની દેરી !** એવું લાગે છે ને હમણાં તો આપણે અહીં આવી ગયા ! હા ! પરંતુ આપણે તો અહીંથી પસાર થઈ દીક્ષા કલ્યાણકની દેરીએ આરાધના કરવા ગયા હતા... અહીં કેવળજ્ઞાન કલ્યાણકની આરાધના કરવાની તો હજુ બાકી જ છે ને !

આજે પણ આ કલ્યાણકારી ભૂમિ ઉપર નેમિપ્રભુ તથા અનંતા તીર્થંકર પરમાત્માઓના કેવળજ્ઞાન કલ્યાણકોનો પુનિત પ્રકાશ, અનેક





ભવ્યાત્માઓના અંતરના ઓરડામાં પડેલા મિથ્યાતામસને દૂર હડસેલી, શુદ્ધ સમ્યક્ત્વની સાધનાનો સ્પર્શ કરાવી રહ્યો છે !

તાજેતરમાં જ નિર્માણ પામેલ આ શ્વેતવર્ણના સંગેમરમરના પાષાણની દેરી કેવી ઉજ્જ્વળ દેખાય છે! આ જુઓ ! તેમાં આ પગલાંની ત્રણ જોડ છે ને ? તેમાં નેમિપ્રભુ તથા જેઓ આ સહસાવનથી મુક્તિપદને પામ્યા છે તે સિદ્ધાત્મા રહનેમિ અને સાધ્વી રાજીમતીના પગલાં છે ! ''નમો જિણાણં'' ''નમો સિદ્ધાણં'' ''નમો સિદ્ધાણં''

ચાલો ! અહીં પણ ચૈત્યવંદન કરીએ !

**સ્તુતિ** : સહસાવને વૈભવ ત્યજી, દીક્ષાગ્રહે રાજુલ પ્રભુ,
યુદ્ધ આદરી ચોપનદિને, કર્મ કરે તે લઘુ;
આસો અમાસે ચિત્રાકાળે, કૈવલ્ય પામે જગવિભુ,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં... (૨)

## ચૈત્યવંદન :

જયવંત મહંત નિરંજન છો, ભવનાં દુઃખ દોહગ ભંજન છો;
ભવિનેત્ર વિકાસન અંજન છો, પ્રભુ કામ વિકાર વિગંજન છો... ૧

જગનાથ અનાથ સનાથ કરો, મમ પાપ અમાપ સમૂલ હરો;
અરજી ઉર નેમિ જિણંદ ધરો, તુમ સેવક છું પ્રભુના વિસરો... ૨

સુર અર્ચિત વાંછિતદાયક છો, સહુ સંઘ તણા પ્રભુનાયક છો;
ગિરનાર તણા ગુણ ગાયક છો, કલહંસતણી ગતિ લાયક છો... ૩

## : સ્તવન :

(રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું...)

નેમિ જિનેશ્વર નમીએ નેહશું, બ્રહ્મચારી ભગવાન;
પાંચ લાખ વરસનું આંતરૂ, શ્યામ વરણ તનુવાન... નેમિ...

કારતિક વદિ બારસ ચવિયા પ્રભુ, માતા શિવાદે મલ્હાર;
જનમ્યા શ્રાવણ સુદિ પાંચમે દિને, દશધનુકાયા ઉદાર... નેમિ...

શ્રાવણ સુદિ છટ્ઠે દીક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ;
અષાઢ સુદિ આઠમે સિદ્ધિ વર્યા, વરસ સહસ આયુ પ્રમાણ... નેમિ...

હરિ પટરાણી શાંબ પ્રદ્યુમ્ન વલી, જિમ વસુદેવની નાર;
ગજસુકુમાલ પ્રમુખ મુનિરાજીયા, પહોંચાડ્યા ભવપાર... નેમિ...

રાજીમતી પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણા રે આણ;
પદ્મવિજય કહે નિજ પર મત કરો, મુજ તારો તો પ્રમાણ... નેમિ...

## : થોય :

ત્રણ જ્ઞાન સંયુત્તા, માતાની કૂખે હુંતા,
જન્મે પુર હુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત લહંતા, પંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા.

ભવ્ય ! આપણે પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક અવસરના દૃશ્યની કલ્પના કરી આંખ બંધ કરી કેવળજ્ઞાન કલ્યાણક નિમિત્તનો જાપ કરીએ.

**ૐ હ્રીઁ શ્રી નેમિનાથ સર્વજ્ઞાય નમઃ**

આપણે પ્રભુના કેવલજ્ઞાન અવસરનું ધ્યાન ધરવાપૂર્વક તે ભાવોમાં ભીંજાયને પ્રભુને પ્રાર્થના કરીએ...

પ્રભુ ! આપના શેષ ઘાતી કર્મોનો ક્ષય કરવા આ સહસાવનના વનવગડાની વાટે આપે કેટલાય પરિષહોને સમતાભાવે સહન કરી ક્ષમા, પ્રેમ અને કરૂણાના સૈન્યોવડે આ ઘાતીકર્મયુદ્ધમાં વિજય મેળવવા આગે કૂચ કરી !

પ્રભુ ! ચોપ્પનમા દિવસે ભાદરવા વદ અમાસના આપ આ વૃક્ષ તળે આવીને કાઉસગ્ગ ધ્યાને રહી ક્ષપકશ્રેણીએ આરુઢ થયા !

પ્રભુ ! આપ છટ્ઠા પ્રમત્ત ગુણસ્થાનથી સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે થઈને આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને આરોહિત થઈ પહેલા આપની પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લધ્યાનની ધારા ચલવિચલતાથી પછી પૃથક્ત્વ વિતર્ક પ્રવિચાર શુક્લધ્યાને આપની ધારા અચલ અવિચલતાથી ચાલે છે !

પ્રભુ ! આત્મધ્યાનની પૂર્ણતમ તદ્ગતતાના પ્રભાવે આપના સહસ્રાર ચક્રમાં સૂક્ષ્મતમ શક્તિઓ ઉત્પન્ન થાય છે ! ધ્યાનની ધારા વિશેષ આગળ વધતાં ધ્યાનના પ્રચંડ અગ્નિના પ્રભાવે ઘાતીકર્મની સૂક્ષ્મતમ ગ્રંથિનો ભેદ થતાં સર્વ ઘાતીકર્મો ભસ્મીભૂત થાય છે ! એ અવસરે જ મોહનીયકર્મનો સર્વથા નાશ થતાં રાગદ્વેષનો પણ નાશ થાય છે, વીતરાગ અવસ્થા બાદ અંતઃમુહૂર્ત્ત કાળે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મની ગ્રંથિઓનો પણ ભેદ થાય છે !

પ્રભુ ! આપની આત્મસૃષ્ટિ કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્ર અને અનંતવીર્યની પરમાત્મ સૃષ્ટિ સર્જે છે !

પ્રભુ ! આપને અનંતા અનંત કાળના અનંતાઅનંત

દ્રવ્યોમાંના દરેક દરેક દ્રવ્યના પ્રત્યેકે પ્રત્યેક પર્યાયના જ્ઞાનદર્શનની સમૃદ્ધતમ સમૃદ્ધિઓ પ્રાપ્ત થાય છે!

પ્રભુ ! તરત જ આપના તીર્થંકર નામકર્મનો વિપાકોદય પ્રાદુર્ભાવ પામે છે ! ચારમૂલ અતિશય, અષ્ટ મહાપ્રાતિહાર્યો, ચોત્રીશ અતિશયો અને સમવસરણ સમેત પાંત્રીસ ગુણવાહી વાણીના આંતરબાહ્ય અલૌકિક ઐશ્વર્યો આવિર્ભાવ પામે છે !

પ્રભુ ! આપના ચ્યવન-જન્મ અને દીક્ષાની માફક આ કેવળજ્ઞાન કલ્યાણક અવસરે પણ ત્રણેય લોકમાં ઉજાસ અને સકલ પંચેન્દ્રિય જીવરાશિ અને કેટલાક એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય જીવોને સુખનો અહેસાસ થયો. નવ નવ સુવર્ણ કમળો પર પાદન્યાસપૂર્વક આપ સમવસરણ તરફ ચાલ્યા... કરોડો દેવતાઓ આપના અનુયાયીઓ તરીકે આપને અનુસરી રહ્યા છે ! તમામે તમામ વર્ગ ત્રણ ગઢમાંના એક-એક ગાઉના દશ હજાર, પાંચ હજાર અને પાંચ હજાર પગથિયાઓ આપના પ્રભાવે વિના કષ્ટે ચડે છે.

પ્રભુ ! આપે સમવસરણને પ્રદક્ષિણા, તીર્થને નમસ્કાર, રત્નજડિત સુવર્ણ સિંહાસને આરોહણ થવાના અરિહંત ભગવંતના આચારનું અનુકરણ કર્યું...

પ્રભુ ! આપની દિવ્યતાના પ્રભાવે જ દેવો દ્વારા આપના જેવાજ આબેહૂબ ત્રણ-ત્રણ દેહો ત્રણે-ત્રણ દિશામાં દૃશ્યમાન થાય છે !

પ્રભુ ! આપે પ્રથમદેશના દ્વારા આ ભવસાગરમાં અટવાયેલા અમારા જેવા જીવોને તરવાના ઉપાયો બતાવી ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને આપના શાસનના અધિષ્ઠાયક દેવ તરીકે ગોમેધ યક્ષ અને આપના શાસનની અધિષ્ઠાયિકા તથા આ ગિરનાર મહાતીર્થની અધિષ્ઠાયિકા તરીકે અંબિકાદેવીની સ્થાપના કરી...

પ્રભુ ! તે ભાદરવા વદ અમાસનો દિવ્ય દિન ધન્ય છે ! આપના કેવળજ્ઞાન કલ્યાણકની તે પુણ્ય પળ ! જેણે માણી તે ધન્ય છે!

ભવ્ય ! આપણે બધા પણ કેટલા ધન્યાતિધન્ય બની ગયા છીએ કે પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની કલ્યાણકારી ભૂમિની સ્પર્શના અવસરે, પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક અવસરના ભાવોની સંવેદના, પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક અવસરના આધ્યાત્મિક આંદોલનો અને તેજસ્વી તારક તરંગોના સ્પંદનોને પામ્યા !

**''ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે...''** આ પંક્તિનું ગુંજન કરતાં કરતાં ચાલો ! આપણે આ લગભગ ૩૦ પગથિયા ઉપર ચઢીને તળેટીના માર્ગે નીચે ઉતરવાનું શરૂ કરીએ!

**ધૂન : પ્રશાંતગિરયે નમો નમઃ,**
**પદ્મગિરયે નમો નમઃ,**
**સિદ્ધશેખરગિરયે નમો નમઃ,**
**વંદન હો ગિરનાર ને...(૨)**

**ઝંઝાવાતી કર્મના વંટોળને પણ પ્રશાંત કરે તે ભૂમિ છે આ ગિરનાર !**

**અનંતા જિનરૂપી પદ્મની સુવાસ ચોતરફ પ્રસરે તે ભૂમિ છે આ ગિરનાર !**

**અનંત જિનોને સિદ્ધપદ દાનથી ગિરિશેખર બને તે ભૂમિ છે આ ગિરનાર !**

ભવ્ય !

આ સહસાવનમાં જ શ્રી કૃષ્ણ વાસુદેવ દ્વારા રૂપાના, સુવર્ણના અને રત્નના પ્રતિમાજીયુક્ત ત્રણ જિનાલયોનું નિર્માણ થયું હતું !

આ સહસાવનમાં પૂર્વકાળમાં સોનાના ચૈત્યમાં મનોહર ચોવીસીનું નિર્માણ કરવામાં આવ્યું હતું !

આ સહસાવનની સમીપના લક્ષારામ (વન)માં એક ગુફામાં અતીત, વર્તમાન અને અનાગત એમ ત્રણ ચોવીસીના ૭૨ તીર્થંકર પરમાત્માની પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવી હતી.

આ સહસાવનમાં કેવળજ્ઞાન પામીને લક્ષારામ (વન)માં પ્રભુએ ધર્મનો ઉપદેશ આપ્યો હતો.

આ સહસાવનની સિદ્ધભૂમિમાં જ કરોડો દેવતાઓ દ્વારા અનંતાજિનોના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના થઈ હતી!

આવા મહિમાવંત ગિરનારનો જય હો ! જય હો ! જય જયકાર હો !

ભવ્ય ! ચારે તરફ ડુંગરની હારમાળા વચ્ચે આ મહારાજા જેવો ગિરનાર નગાધિરાજ જુઓ !

ભવ્ય ! આ દેખાતા એવા જગતમાં માનવો, અર્થ-કામના દુઃખોથી પીડાય છે અને તિર્યંચો ક્ષુધાતૃષાના દુઃખોથી પીડાય

છે. નહીં દેખાતા એવા જગતમાં નારકીમાં નારકના જીવો નરકની તીવ્રવેદનાઓથી પીડીત છે અને દેવો દિવ્ય વૈભવ, ઐશ્વર્યની નશ્વરતાની કલ્પના માત્રથી પીડીત છે.

**આજના વિજ્ઞાને વિકાસના નામે સૌને વિનાશ તરફ ગબડાવ્યા છે, આજનો માનવ વિજ્ઞાન અને વિજ્ઞાનના સાધનોની પાછળ ગાંડો થયો છે ! મોબાઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ કેટકેટલા વૈજ્ઞાનિક સાધનોએ ઘર ઘરમાં સ્વજનોની સાથેના નિર્દોષ અને નિર્મળ આત્મીય સંબંધોનો ભુક્કો બોલાવી દીધો છે !**

**ઘરની સ્ત્રી ઘરમાં પણ સુરક્ષિત નથી ! ચોતરફથી દોષો! અને દૂષણોની આગ ફાટી છે ! આજનો યુવાવર્ગ પતનના માર્ગે દોડે છે ! આજે આભ ફાટ્યું છે ! ક્યાં ક્યાં થીગડા દેવા ! એ મોટો પ્રશ્ન બની જાય છે ! છતાં જ્યાં સુધી જિનેશ્વર પરમાત્માનું શાસન અને આવા કલ્યાણકારી તીર્થોનો સંયોગ સાંપડ્યો છે ને! ત્યાં સુધી આપણે બચવાની શક્યતાઓ રહેલી છે !**

**તારક તીર્થંકર પ્રભુની કરૂણાં આપણા પર અનરાધાર વરસી રહી છે !**

આજે પણ પ્રભુના કલ્યાણકોના ભૂમિ પ્રદેશો પર પરમાત્માના આત્માઓના તે અવસરના પરમ પાવન અને પવિત્ર પરમાણુઓ પુષ્કળ પ્રમાણમાં પથરાયેલા છે!

આજે પણ પ્રભુના કલ્યાણકોની તિથિના એક વિશિષ્ટ પ્રકારના પ્રચંડ પ્રભાવો પ્રસરાયેલા છે!

પ્રભુના કલ્યાણકોની માફક આ કલ્યાણક-ભૂમિના સ્થાનો અને કલ્યાણકદિનની તિથિઓની અસીમ શક્તિઓ છે ! આ કલ્યાણક તિથિઓ પણ પર્વતિથિ સમાન છે !

ભવ્ય !

**આ કલ્યાણકભૂમિઓની સ્પર્શના, સંવેદના અને સ્પંદનાની સાથે સાથે કલ્યાણક તિથિઓની આરાધના તથા નિત્યક્રમમાં પ્રભુના પાંચ કલ્યાણકના ધ્યાન અને પંચકલ્યાણકની ભાવયાત્રાની આરાધના, આરાધક એવા આત્માઓને પ્રાથમિક કાળમાં તીર્થંકર પરમાત્માનો પરોક્ષ પરિચય અને સમાગમ કરાવે છે, વળી પરંપરાએ તે પ્રભુનો પ્રત્યક્ષ પરિચય અને સમાગમ કરાવે છે ! સુવર્ણ કમળો પર પાદન્યાસ જેવા ચોત્રીસ અતિશયો સાથે સમવસરણનાં દિવ્યાતિદિવ્ય દર્શન પણ કરાવે છે !**

આવા કલ્યાણકોના આલંબનથી આરાધક આત્માઓના, પરમાત્માના આત્મા સાથે અંતરના અંતરાયો દૂર થઈ, મુક્તિ પર્યંતના અતૂટ સંબંધો જોડાય છે !

પ્રભુના પંચકલ્યાણકોના આલંબને શાંતિ-સમાધિ-સદ્ગતિ અને સિદ્ધિગતિની સાધના થાય છે! દેવાધિદેવના દરેકે દરેક કલ્યાણક તેઓના દિવ્યતમ જીવનની દિવ્યાતિદિવ્ય પ્રસંગાવલિ છે !

કલ્યાણકના આલંબને આરાધના કરનાર આરાધક સ્વયં પરમાત્મા પદને પામે છે ! ગર્ભ, જન્મ, અચારિત્ર, અજ્ઞાન અને સદેહાવસ્થાના સ્થાને અગર્ભ, અજન્મ, અનંત ચારિત્ર, અનંતજ્ઞાન અને અદેહાવસ્થા સ્વરૂપ શાશ્વત સ્થાનને પામે છે !

**પાંચ ઈન્દ્રિયોના વિષયમાં ચકચૂર બનેલા જીવોને ઉગારવા માટે પ્રભુના પંચકલ્યાણકોની આરાધના-સાધના-ઉપાસના સમર્થ છે !**

ભવ્ય !

કાળના પ્રવાહમાં તો અનંતા અરિહંત પરમાત્માઓ, આ સૃષ્ટિને પાવન કરી ચાલ્યા ગયા! અરે ! માત્ર ગિરનારની આ ભૂમિ ઉપર પણ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકો થયા છે.

**આ અનંત અરિહંત પરમાત્માની આરાધના, એક-એકના નામ લઈને આપણે કરી શકીએ તે અસંભવ છે ! પરંતુ તે અલગ અલગ નામવાળા અનંતા અરિહંત પરમાત્મા પણ કલ્યાણક ગુણથી તો એક સમાન જ છે. તેથી એક અરિહંત પરમાત્માના કલ્યાણકની આરાધના અવસરે, અનંતા અરિહંત પરમાત્માને સ્મૃતિ પટ ઉપર સ્મરણમાં લાવી, આરાધના કરવામાં આવે તો અનંતા અરિહંતોના કલ્યાણકોની આરાધનાનો લાભ થાય, તેમ કહેવું અસ્થાને ન ગણાય !**

આ કલ્યાણકભૂમિઓ અને કલ્યાણક તિથિઓ આત્મહિતકારક અને મોક્ષફલદાયક હોવાથી એકાંતે જીવંત અને ચેતનવંત હોય છે !

કલ્યાણકની આરાધના અવસરે આપણે પ્રભુને

વિનંતી કરીએ કે...

પ્રભુ ! કહેવાય છે કે અંતરના સાચા ભાવપૂર્વક કરેલી પ્રાર્થના કદિ નિષ્ફળ નથી જતી!

હે અનંતા અરિહંત પ્રભુ ! આપ તો પાંચ-પાંચ કલ્યાણકો દ્વારા શાશ્વત સુખના સ્વામી બન્યા !

હે અનંતા અરિહંત પ્રભુ ! આપના શાસનમાં અનંતાજીવો ભવસાગરથી પાર ઉતર્યા છતાંય હું તો સંસાર સાગરમાં ડૂબી રહ્યો છું !

હે અનંતા અરિહંત પ્રભુ ! આ સંસાર સાગરમાં અર્થકામની કામનાઓ, વિષય-કષાયની વાસનાઓ અને રાગ દ્વેષની જાળમાં હું અનાદિકાળથી અટવાયેલો છું !

પ્રભુ ! આપના એક-એક કલ્યાણકની શક્તિથી મારા આ ખતરનાક દોષો ખતમ થાઓ ! નિર્મૂળ થાઓ ! વિનાશ થાઓ !

પ્રભુ ! આપના પંચકલ્યાણકોના એક-એક કલ્યાણકની એક-એક શક્તિ દ્વારા મારા સર્વદોષો સંપૂર્ણતયા નાશ પામો ! મારા આત્માના સર્વ ગુણો પૂર્ણતયા પ્રકાશ પામો !

હે અનંતા અરિહંત પરમાત્મા ! આ જગતના જીવંત ઉદ્ધાર માટે આપ આપના કલ્યાણકોના પરમાણુઓ, કલ્યાણકોના ભવ્ય પ્રભાવો અને કલ્યાણકોની આરાધના આ વિશ્વના વિરાટ પથ પર પાથરતા ગયા છો, તે પરમાણુઓનો સ્પર્શ હું પામું એવી કૃપા કરો !

હે પ્રભુ ! જે કોઈ જીવો કલ્યાણકની દિવ્યતમ દિવ્યતાઓને સમજે છે ! કલ્યાણકોની કલ્યાણકારિતાને ઝીલે છે અને કલ્યાણકોની મોક્ષદાયિતાને આરાધે છે તે જીવો આપના જેવી સિદ્ધપદની શાશ્વતી રિદ્ધિસિદ્ધિને પામે છે !

પ્રભુ ! આપની ચ્યવનાવસ્થાની ભાવભરી આરાધનાથી મારી ગર્ભાવસ્થાનો અપચય અને અગર્ભાવસ્થાના ઉપચયથી મને પરમપદની પ્રાપ્તિ થાઓ !

પ્રભુ ! આપના જન્મ કલ્યાણકની ભાવભરી આરાધનાઓના પ્રભાવે મારી જન્માવસ્થાનો અપકર્ષ અને અજન્માવસ્થાના ઉત્કર્ષથી મને પરમપદની પ્રાપ્તિ થાઓ !

પ્રભુ ! આપના દીક્ષાકલ્યાણકની ભાવભરી આરાધનાના પ્રભાવે મારી ભોગાવસ્થાનું વિઘટન અને યોગાવસ્થાના સંઘટનથી મને પરમપદની પ્રાપ્તિ થાઓ!

પ્રભુ ! આપના કેવલજ્ઞાન કલ્યાણકની ભાવભરી આરાધનાના પ્રભાવે મારી અજ્ઞાનાવસ્થાનું વિસર્જન અને સર્વજ્ઞાવસ્થાના સંસર્જનથી મને પરમપદની પ્રાપ્તિ થાઓ !

પ્રભુ ! આપના નિર્વાણ કલ્યાણકની ભાવભરી આરાધનાના પ્રભાવે મારી સદેહાવસ્થાનો વિનાશ અને અદેહાવસ્થાના વિકાસથી મને પરમપદની પ્રાપ્તિ થાઓ!

હે અનંત અરિહંત પરમાત્મા ! આપના પરમપદપ્રદાતા એવા પાંચકલ્યાણકોની વિવિધ આરાધના થકી મારા સંસારની સર્વ પર્યાયમય અવસ્થાઓ ક્ષય પામો ! સંસારાતીત મુક્તિની એક જ અવસ્થા પ્રગટ થાઓ !

અરે ભવ્ય ! આ કલ્યાણકારી કલ્યાણકોની કથા કરતાં કરતાં ઉતરતા આપણે ક્યાં આવી ગયા !

અરે ! આ તો સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિના સંચાલનમાં રાયણવૃક્ષની નીચે ચાલતી પરબ આવી ગઈ ! હવે તો માંડ ૧૧૫૦ આસપાસ પગથિયા જ ઉતરવાના બાકી રહ્યા !



**ભવ્ય :** ''સાહેબજી! આપે આ યાત્રામાં પ્રાયઃ શાશ્વત એવા આ ગિરનાર મહાતીર્થનો વિસ્તારથી પરિચય આપી કમાલ કરી છે ! પણ... સાહેબજી ! ગિરનારનું આટલું બધું મહત્ત્વ હોવા છતાં આજ સુધી કોઈ કેમ આ ગિરનાર તીર્થની યાત્રા કરતા ન હતાં ? અને હવે તો જ્યાં જુઓ ત્યાં ગિરનારની યાત્રાએ જવાની વાત ચાલે છે... શહેરોમાં લગભગ જૈનોની ગાડીઓમાં ''જય નેમિનાથ.. સૌ ચાલો ગિરનાર જઈએ....''ના સ્ટીકરો જોવા મળે છે ! આવું શા માટે ?''

ભવ્ય ! જાજ્વલ્યમાન એવો આ ગિરનારનો સુવર્ણ ઈતિહાસ હોવા છતાં ભવિતવ્યતાના યોગે લગભગ છેલ્લી સદીમાં આ મહાતીર્થના માહાત્મ્યને ચતુર્વિધ સંઘ ન્યાય આપી શક્યો નથી !

પૂર્વકાળમાં ભરત મહારાજા, કુમારપાળ રાજા, વસ્તુપાળ-તેજપાળ વગેરે લગભગ બધા જ પુણ્યાત્માઓ શત્રુંજયની યાત્રા કરીને ગિરનારની યાત્રાર્થે આવતા હતા. તે રીતે આજે પણ દૂર દૂરથી સૌરાષ્ટ્રમાં આવતાં યાત્રિકો પ્રથમ શત્રુંજય અને ત્યારબાદ ગિરનારની યાત્રા કરવા આવે છે. તેથી શત્રુંજયની યાત્રાનો થાક હોય તેમાં શત્રુંજય કરતાં ગિરનારનો પહાડ ઉત્તુંગ દેખાતો હોય તેથી ગિરનારને જોતાં જ ગભરાય જાય ! અને **''આ ગિરનાર અઘરો છે'' ''કેમ ચડાશે''** તે રીતે સાયકોલીજીકલી ડીપ્રેશનમાં આવી જતા હોય છે. તેથી ગિરનાર અઘરો હોવાનો પ્રચાર થવા માંડે છે.

**પરંતુ જે વ્યક્તિ બે-ચાર વખત ગિરનારની યાત્રાએ આવે તેને સ્વાનુભવથી જ ખ્યાલ આવી જાય કે હકીકતમાં ગિરનાર તો ચડવામાં સહેલો છે, એક સાથે સળંગ ઝાઝા પગથિયા આવતા જ નથી! તેમાં પણ અડધે પહોંચ્યા બાદ પહાડને જોઈ એકવાર ગભરાટ થઈ જાય, પરંતુ ધીરજ રાખીએ તો અંબિકાદેવીની સહાયથી દાદાના દેરાસરે કેવી રીતે પહોંચી જવાય તેની ખબર જ પડતી નથી ! આ હકીકત છે !**

વિ.સં. ૧૯૮૦-૮૫ની સાલ દરમ્યાન પ.પૂ.આ. નીતિસૂરીશ્વરજી મહારાજા દ્વારા આ તીર્થના જીર્ણોદ્ધાર દરમ્યાન જિનાલયોમાં મુખ્યતયા કેટલાક આરસના ગોખલાઓનું નવનિર્માણ કરાવી પ્રભુજીની પ્રતિષ્ઠા થઈ અને વિવિધ સ્થાને આરસના પાટીયા વગેરે મઢાવવાનું સુંદર કાર્ય કરાવવામાં આવ્યું હતું... પરંતુ યાત્રાળુઓનું આવાગમન તો નહીંવત્ જ રહેતું હતું... ત્યારબાદ કોઈ દિવ્યપ્રેરણા અને સહાયના બળે લગભગ વિ.સં. ૨૦૨૭થી તપસ્વી સમ્રાટ પ.પૂ.આ. હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબની આ તીર્થને પ્રકાશમાં લાવવાની તથા સુરક્ષા અને ઉત્કર્ષની ભાવના હોવાથી તેમના અથાગ પ્રયત્નો દ્વારા આ ગિરનાર ઉપર આવેલ દીક્ષા અને કેવલજ્ઞાનભૂમિ સહસાવન તીર્થના ઉદ્ધારનું સ્વપ્ન વિ.સં. ૨૦૪૦માં સાકાર થયું... ગિરનારની યાત્રાએ આવેલ યાત્રિકો કલ્યાણકભૂમિની સ્પર્શના માટે આવવા લાગ્યા હતા... પરંતુ તેમ છતાં આ ગિરનાર મહાતીર્થ તરફ લગભગ સમસ્ત ચતુર્વિધ સંઘ દ્વારા ઉપેક્ષા સેવાતી હોવાથી યાત્રિકોનું આવાગમન અતિઅલ્પ પ્રમાણમાં રહેતું હતું... નમસ્કારમંત્ર આરાધક પં. ભદ્રંકરવિજયને ગિરનાર પ્રત્યે વિશેષ ભક્તિ હોવાથી અવારનવાર ગિરનાર આવતા તેથી તેમના શિષ્યરત્ન મૈત્રીભાવની સાક્ષાત્ મૂર્તિ એવા પં. વજ્રસેન વિજયજી મહારાજ તથા સરળ સ્વભાવી પ.પૂ. હેમપ્રભવિજયજી પણ કલ્યાણકભૂમિના ઉદ્ધારમાં જોડાયા અને વિ.સં. ૨૦૫૫માં તેઓશ્રીની પ્રેરણાથી તળેટીમાં યાત્રિકોની સુવિધા માટે નેમિજિન ધર્મશાળાનું નિર્માણ થયું... ધીમે ધીમે યાત્રાળુઓ આવવાના શરૂ થયા છતાં સમયે સમયે યોગ્ય દેખરેખના અભાવે જિનાલયો અત્યંત જીર્ણ થઈ પડું પડું થવા લાગ્યા હતા... વળી અનેક વાદવિવાદોના ઝંઝાવાતી વાયરા સામે ઝીંક લેતો ગઢ ગિરનાર અડોલ ઉભો રહી લાખો ભાવુકોના શ્રદ્ધા દીપકને વધુને વધુ જ્વલંત બનાવતો હોવા છતાં અવસરે અવસરે વિવિધ ધર્મસંપ્રદાયમાં વિસંવાદની થપાટો ખાતો હતો... તથાપ્રકારની પરિસ્થિતિમાં કાળચક્ર નિયતગતિ અનુસાર ભ્રમણ કરી રહ્યું હતું.

વિ.સં. ૨૦૬૫ના નૂતન વર્ષની નવલી પ્રભાતની તે ધન્ય ઘડી ! મુંબઈની માયાવી નગરીના કાંદીવલી (વે.)ના મુનિસુવ્રત સ્વામી સંઘના ઉપાશ્રયમાં જિનશાસનના સિંહ એવા શાસનપ્રભાવક પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય બિરાજમાન હતા.... નૂતન વર્ષના મહામાંગલિકની પૂર્ણાહૂતિ થતાં ઉપાશ્રયના રૂમમાં બિરાજમાન પંન્યાસજી મહારાજ પાસે જૂનાગઢના એક યુવાને અંદર આવવા માટે

પરવાનગી માંગી... પંન્યાસજી મહારાજે સંમતિ આપતાં અંદર આવીને યુવાને વંદન કર્યા અને અત્યંત વ્યથિત હૈયે પોતાની વ્યથાને વાચા આપી ખંડેર થઈ રહેલા ગિરનાર મહાતીર્થના જિનાલયો અને વિસંવાદોની પરિસ્થિતિઓનું વર્ણન કરી તે માટે કાંઈ કરવા વિનંતી કરી...

જેના રોમરોમમાં જિનશાસનની દાઝ અને રગેરગમાં પ્રભુ શાસનનો રાગ વહેતો હતો તેવા પંન્યાસજી ભગવંતે તરત પોતાના પ્રશિષ્ય મુનિ હેમવલ્લભ વિજયજીને આ ગિરનાર મહાતીર્થના વિકાસના કાર્ય માટે મુંબઈથી વહેલાસર વિહાર કરાવ્યો... અમદાવાદથી તેમના ગુરૂજી મુનિ ધર્મરક્ષિત વિજયજી પણ જોડાયા અને ગિરનારમાં આવી જીર્ણ પ્રાયઃ થયેલા જિનાલયોના જીર્ણોદ્ધારાદિ કાર્યોનો પ્રારંભ થયો... મુનિ હેમવલ્લભવિજયજીના સૂચનથી ગોરેગાંવના સુશ્રાવક હિતેષભાઈ મહેતા (બચુભાઈ) પણ તીર્થોત્કર્ષના આ કાર્યમાં દિલ દઈને જોડાયા...

ગિરનાર મહાતીર્થના જાજરમાન ઈતિહાસથી પ્રાયઃ સંપૂર્ણતયા અજ્ઞાત એવા ચતુર્વિધ સંઘને ગિરનારના માહાત્મ્યની જાણ થાય તે માટે મુનિ હેમવલ્લભવિજયજીએ ''સૌ ચાલો ગિરનાર જઈએ'' પુસ્તકનું લેખન કર્યું... ચતુર્વિધ સંઘ આ તીર્થના મહિમાથી વાકેફ થયો...

બીજી તરફ ગિરનારમાં સામૂહિક ચાતુર્માસ, ૯૯ યાત્રા, ચૈત્રી ઓળી, શિબિર, છ'રી પાલિત સંઘ વગેરે અનુષ્ઠાનના આલંબને મુનિ ધર્મરક્ષિત વિજયજીએ સૌને વ્યાખ્યાનાદિ દ્વારા ગિરનારની ગરિમાનું આસ્વાદન કરાવવાનું શરૂ કર્યું... શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીના વહીવટકર્તા આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા જિનાલયના જીર્ણોદ્ધાર માટે માર્ગદર્શનાદિની માંગણી કરતાં મુનિ હેમવલ્લભવિજયે બચુભાઈને સાથે રાખી આ ઉત્કર્ષના અભિયાનનો આરંભ કર્યો...

ગુજરાતી, હીન્દી, મરાઠી, ઈંગ્લીશ એમ ચાર ભાષામાં પ્રકાશિત થયેલ ''સૌ ચાલો ગિરનાર જઈએ'' પુસ્તકના આલંબને શ્રમણ-શ્રમણી ભગવંતો પણ આ માહાત્મ્યથી વાકેફ બનતાં તેઓ પણ ગિરનાર ઉત્કર્ષમાં જોડાયા... અવસરોચિત પ્રવચનાદિમાં ગિરનારની વાતો ચોતરફ થવા લાગી... ગોરેગાંવના સમકિત ગ્રુપ અને ઘાટકોપરના સંજય બાઉ - કેતન દેઢીયાની જોડીએ ઠેરઠેર ગિરનારની ભાવયાત્રાઓના પ્રોગ્રામ દ્વારા વિશાળ જનમેદનીઓમાં ગિરનારની ગરિમાને પહોંચાડવાનો પ્રયાસ કર્યો...

સાથે સાથે અવસરે મુંબઈના વર્ધમાન સંસ્કાર ધામ, અમદાવાદના પાર્શ્વભક્તિ પરિવાર, જૈનમ્ ગ્રુપ, બરોડાના એલર્ટ યંગ ગ્રુપ, અન્ય કંઈક નામી-અનામી ગ્રુપો, મંડળો, વ્યક્તિઓએ તથા દક્ષિણ ભારતના પણ વિવિધ ગ્રુપો, સંઘો, સંસ્થાઓએ ''સૌ ચાલો ગિરનાર જઈએ...''ના આ અભિયાનમાં અસાધારણ યોગદાન આપવાનું શરૂ કર્યું... પ્રભુના શાસનનું આ પ્રાયઃ શાશ્વત તીર્થ હોવાથી સંઘ-સમુદાય-ગચ્છના કોઈ પણ જાતના ભેદભાવ વગર સૌ સાધુ-સાધ્વીજી ભગવંતો જોડાવા લાગ્યા..., વિશ્વમાત્રના જૈન શ્વેતામ્બર શ્રાવકના ઘર-ઘર અને ઘટ-ઘટમાં ગિરનારનો પ્રવેશ થવા લાગ્યો... તેના ફળ સ્વરૂપે આજે જ્યાં જુઓ ત્યાં આ મહાતીર્થની વાતો થવા લાગી... સૌની લાગણીનો પ્રવાહ આ મહાતીર્થ તરફ વહેવા લાગ્યો...

ભવ્ય !

**આ દુનિયામાં અજોડ એવું આ તીર્થ ગિરનાર છે ! જેનું ઘરે બેઠાં પણ જો સાચા હૃદયપૂર્વક ધ્યાન ધરવામાં આવે તો ચોથા ભવે મુક્તિપદની પ્રાપ્તિ થાય તેવું ''વસ્તુપાલ ચરિત્ર'' વગેરે ગ્રંથોમાં લખેલ છે !** અને હા ! તેનું એક નાનું એવું દૃષ્ટાંત પણ શાસ્ત્રોમાં જોવા મળે છે તે સાંભળો !

મહાભારતના પાત્ર પાંડવોના વંશજ પાંડુષેણ રાજાના બે પુત્રો મતિ અને સુમતિને એક વખત ગિરનારની યાત્રા કરવાના કોડ જાગ્યા. તેથી બંને જણ પોતાના નગરેથી પરિવારાદિ સાથે વ્હાણમાં બેસીને ગિરનાર જવા નીકળ્યા. વહાણ લગભગ મધ્ય દરિયે આવ્યું ત્યાં અચાનક ઝંઝાવાત ઉઠ્યો. મોજાં ખૂબ ઉછળવા લાગ્યા.

વહાણમાં બેઠેલા બધા મુસાફરો ગભરાઈ ગયા. વાયુના વેગ સાથે મોજાની થપાટો વધવા લાગી. થોડીવારમાં તો વહાણના સઢ ફાટી ગયા, કાબૂ જવા માંડ્યો. બધા મુસાફરોને મૃત્યુ સામે જ દેખાયું મતિ-સુમતિએ પણ વિચાર્યું કે, આ મરણતોલ હાલતમાંથી બચવાનો માર્ગ નથી. ગિરનારની યાત્રાના કોડ હૈયામાં જ રહેશે. કાંઈ નહિં ! દ્રવ્યથી નહિં તો ભાવથી ગિરનારને - નેમિનાથ દાદાને ભેટી લઈએ !

વહાણ સમુદ્રના મોજા સામે પોતાનું અસ્તિત્વ ટકાવવા જાણે જંગ ખેલી રહ્યું છે, એવા સમયે મતિ-સુમતિ ગિરનારના ધ્યાનમાં એકાકાર બન્યા. એવી ધ્યાનધારામાં ચઢ્યા કે મૃત્યુનો ભય ભૂલાઈ ગયો. ઝંઝાવાતી વાયુએ જાણે એમની ધ્યાનની જ્યોત વધુ પ્રજ્વલિત બનાવી, માત્ર ધ્યાન જ નહિં ક્ષપક શ્રેણી મંડાઈ ગઈ અને વહાણનો ભુક્કો થતા પહેલાં તો બંને ભાઈઓના ઘાતી-અઘાતી સર્વ કર્મનો ભુક્કો થઈ ગયો! મોજાની થપાટથી વહાણે અથાગ જળમાં સમાધિ લીધી, એની સાથે બધા મુસાફરો અને આ બંને ભાઈઓના પાર્થિવ દેહે પણ સામાધિ લીધી. પરંતુ આત્મા તો સદાય માટે કર્મપિંજરથી મુક્ત બન્યો.

ગિરનારના ધ્યાનથી જ મુક્તિને વરેલા આ બંને બંધુઓનો નિર્વાણ મહોત્સવ કરવા દેવોનું અવતરણ થયું. સાગર મૃતદેહને કદી સંઘરતો નથી. તેથી જે કિનારે એમના મૃતદેહ આવ્યા ત્યાં દેવોએ તેમનો નિર્વાણ મહોત્સવ કર્યો. આવા મંગળ મહોત્સવથી તે સ્થાન વિશેષ પ્રકાશિત થયું તેથી તે ''પ્રભાસ'' નામે તીર્થ કહેવાયું.

ગિરનારના ધ્યાનથી મુક્તિ પ્રાપ્ત કરનાર બંધુ બેલડીની અમર યશોગાથાની સાક્ષી પૂરતી આ ભૂમિ આજે પણ **''પ્રભાસ પાટણ''**ના નામથી પ્રસિદ્ધ છે.

## ગીત

(ઋષભ જિનરાજ મુજ...) (જાગને જાદવા...)

સાથ ગિરનારનો હાથ નેમનાથનો, હોય જો મસ્તકે તો શો તોટો,
અન્ય સ્થાને રહી ધ્યાવે રૈવતગિરિ, ચોથે ભવ પામતો મોક્ષ મોટો... ૧

માત તાત ઘાતકી પાતકી અતિ ઘણો, રાય ભીમસેન ગિરનાર આવે,
મુનિ બની મૌનધરી અષ્ટદિન તપ તપી, ઉજ્જયંતગિરિએ મુગતિ પાવે.. ૨

વસ્તુપાલ તેજપાલ મંત્રી સાજનને, ધાર, પેથડ શ્રાવક ભીમો;
તીર્થભક્તિ કરી તન મન ધન થકી, મનુજ અવતાર તસ સફલ કીનો... ૩

છાયા પણ પક્ષીની આવી પડે ગિરિવરે, ભ્રમણ દુર્ગતિ તણા નાશ થાવે;
જલ થલ ખેચરા ઈણ ગિરિ પર રહી, ત્રીજે ભવ મોક્ષ મોઝાર જાવે... ૪

વ્યક્ત ચેતન રહિત પૃથ્વી અપ્ તેજસા, વાયુ પાદપ ગિરનાર પામી;
તીર્થ મહિમા થકી કર્મ હળવા કરી, સવિ થયા તેહથી મુગતિ ગામી... ૫

'રત્ન' 'પ્રમોદ' 'પ્રશાંત' 'પદ્મગિરિ', 'સિદ્ધશેખર' ભવિ પાપ જાવે;
'ચન્દ્ર-સૂરજગિરિ' 'ઈન્દ્રપર્વતગિરિ', 'આત્માનંદ' ગિરિવર કહાવે... ૬

કથીર કાંચન હુવે પારસના યોગથી, હેમ પરે શુદ્ધ નિજ ગુણ પાવે;
તિમ રૈવતગિરિ યોગથી આતમા, પદવી વલ્લભ લહી મોક્ષ જાવે... ૭

**ભવ્ય ! જો આપણે અલ્પકાળમાં મોક્ષપદને પામવા ઈચ્છતા હોઈએ તો આ ગિરનાર સાથે પ્રીતિ કરવી પડશે. જેનાથી આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર પદ્મનાભ દાદાનો આપણને સંયોગ થાય માત્ર સાધિક ૮૪ હજાર વર્ષમાં આપણા આત્માનો નિસ્તાર થાય ! ગિરનાર સાથે પ્રીતિના કારણે જે ભક્તિ થશે તે મુક્તિના દ્વાર સુધી પહોંચાડી દેશે ! કદાચ પહેલા તીર્થંકરના કાળની ગાડી છૂટી જાય તો એક પછી એક ચોવીસે પ્રભુના પરમપદની ગાડી અહીંથી જ ઉપડવાની છે ! માટે આપણે પણ તેમાં ક્યાંક ગોઠવાઈ જશું !**

**ધૂન : ચંદ્રગિરયે નમો નમઃ, સુરજગિરયે નમો નમઃ,**
**ઈન્દ્રગિરયે નમો નમઃ, વંદન હો ગિરનાર ને... (૨)**

**પાપસંતાપ ટાળી આત્માને ચંદ્રસમ શીતળતા આપે તે ભૂમિ છે આ ગિરનાર!**
**સર્વગિરિમાં સુરજસમ પ્રતાપ ધરાવે તે ભૂમિ છે આ ગિરનાર !**
**ગિરિસમુદાયમાં ઈન્દ્રસમ શોભે તે ભૂમિ છે આ ગિરનાર !**

જુઓ ! સૌ સાંભળો ! આપણે આજે આ ગિરનાર ગિરિવરને જાણ્યો ! અને માણ્યો ! પણ ! નિત્ય સૌ હૈયામાં આ ગિરિનું સ્મરણ અવશ્ય કરજો અને હા ! દર મહિને શક્ય હોય તો આ ગિરનાર ગિરિની સ્પર્શના કરવા અવશ્ય પધારજો ! છેલ્લે વર્ષમાં એકવાર તો આ પાવનભૂમિની સ્પર્શના કરવાનો સંકલ્પ અવશ્ય કરવો !

અને હા ! આ ગિરનારની ૯૯ યાત્રા પણ એકવાર તો કરવા જેવી છે ! અહીંની ૯૯ યાત્રા તો ખૂબ જ સહેલી છે, પહેલી ટુંકથી માત્ર ૧૮૦૦




પગથિયા સહસાવન કલ્યાણકભૂમિ સુધી જઈ પાછા આવો એટલે બીજી યાત્રા થઈ જાય ! આ રીતે સહસાવનની યાત્રાઓ કરી પહેલી ટૂંકથી નીચે ઉતરી જવાનું ! અરે ! અહીં તો ૮૧ વર્ષની ઊંમરના વૃદ્ધ તથા ૧૧ વર્ષની ઊંમરના બાળકે પણ ૯૯ યાત્રા કરી હોવાના દાખલાઓ મળે છે ! વારંવાર કલ્યાણકભૂમિનો સ્પર્શ પામતાં આત્મકલ્યાણક કેટલું સુલભ બની જાય !

આ ગિરિના આલંબને આપણા જીવનમાં પાપોને પૂર્ણવિરામ આપી આત્માને ઉર્ધ્વગામી બનાવવાની આરાધનામાં જ લક્ષ રહો એ જ પ્રભુને પ્રાર્થના !

જુઓ ! આ પગથિયા પૂરા થયા હવે લગભગ અડધો જ કીલોમીટર ચાલતાં આપણે તળેટીએ પહોંચીએ, ત્યાં સુધી આ ગિરનારનું ગીતગુંજન કરી આપણી આ યાત્રાનું સમાપન કરીએ...

જય જય ગરવો ગિરનાર (૨), નેમિનાથ ગિરિ શણગાર,
જય જય ગરવો ગિરનાર
વંદન વંદન વંદન વંદન ગિરનાર તને વંદન... જય જય...

પંચમશિખર શત્રુંજય તણું એ સિદ્ધગિરિ છે ધામ,
કૈલાસ ઉજ્જયંત રૈવત નંદભદ્ર, સ્વર્ણગિરિ ગિરનાર,
નમો કર્ણ વિહાર પ્રાસાદ, જય જય ગરવો ગિરનાર... જય જય...

જ્યાં શોભે અંબિકા માત, શાસનને સદા સુખકાર,
ભાવે પ્રણમું શ્રી નેમિજિનેશ્વર, ગિરિભૂષણ ગિરનાર,
પૃથ્વીના તિલક સમાન, જય જય ગરવો ગિરનાર.. જય જય...

છે અનંત આત્માઓ તણી, દીક્ષા ભૂમિ ગિરનાર,
છે અનંત તીર્થંકરો તણી, કૈવલ્યભૂમિ ગિરનાર,
અને આવતી ચોવીસી તણી, નિર્વાણભૂમિ ગિરનાર,
અધ્યાત્મ નગરી ગિરનાર, જય જય ગરવો ગિરનાર... જય જય...

ચૌદ હજાર નદીના જ્યાં જળ સમા આ શીતલ ગજપદ કુંડ,
જ્યાં દૃષ્ટિ અનુભવે ધન્યતા, જોઈ રાજુલ રહનેમિ ટૂંક,
દીક્ષા-કેવલ સહસાવને, નમો સમવસરણ જિનબિંબ,
દીપે શિખરોની માળ, જય જય ગરવો ગિરનાર... જય જય...

જ્યાંના કણેકણમાં વસે, મહાપુરુષોના બલિદાન,
અરે ! પેથડ ઝાંઝણશાના, વહીયા રક્તધાર,
વંદુ હિમાંશુસૂરિ ધર્મરક્ષિત હેમવલ્લભ મુનિરાજ,
સૌ ચાલો જઈએ ગિરનાર, જય જય ગરવો ગિરનાર... જય જય...

આખી સભા વિખરાય ગઈ પણ ! ભવ્ય વગેરે યુવાનોએ જાણે કોઈ ચમત્કાર અનુભવ્યો હોય એમ ભવ્ય-અવિનાશ-અક્ષય-અભય સૌ સાથે મળી ગુરૂદેવ પાસે આવી કહે છે - ''સાહેબજી આપ માત્ર ભવ્યના પપ્પાના ગુરૂ મહારાજ નહીં પરંતુ અમારા સૌના ગુરૂ મહારાજ છો ! હા ! આજથી અમે પણ આપનો ગુરૂદેવ તરીકે સ્વીકાર કરીએ છીએ !''

સાહેબજી ! આપે કમાલ કરી છે! આ ભાવયાત્રાથી ગિરનારના દર્શન સાથે અમારી ભવયાત્રાનું પણ દર્શન કરાવ્યું.

ખરેખર ! આપે કહ્યું તેમ અમે પણ આ મોબાઈલ, નેટના રવાડે ચડીને માર્ગ ચૂક્યા છીએ તેનો એકરાર કરીએ છીએ !

સાહેબજી ! આ પ્રભુનું શાસન, સદ્ગુરુજનની પ્રાપ્તિ, સુસંસ્કારી માતા-પિતા વગેરેનો સંયોગ થવા છતાં અમે ૧૮ પાપ સ્થાનકના કીચડમાં પડ્યા છીએ ! અમે ભાનભૂલી અમારા ખાનદાનને ન છાજે તેવા કાર્યો કરી રહ્યા છીએ ! ગુરૂદેવ! અમે શું કરીએ ? કેવી રીતે બચીએ ?

**મહારાજ સાહેબ :** ભવ્ય ! બચવાનો માર્ગ સાવ સહેલો છે, હૈયાના પશ્ચાતાપપૂર્વક જીવનની કાળી કહાની, આત્માની પાપલીલાને પ્રભુ અને ગુરૂની સમક્ષ નિષ્કપટ ભાવથી એકવાર ખુલ્લી કરી દો ! જીવનમાં આચરેલ પાપ પ્રવૃત્તિનો બોજ હળવો કરી દો ! આ ગિરનાર ચોક્કસ તમને નિર્મળતાનું વરદાન આપશે !

**ભવ્ય :** ગુરૂદેવ ! આ ગિરનાર ભાવયાત્રા નિમિત્તે આપે અમારી આંખો ખોલીને મહા ઉપકાર કર્યો છે ! અમે અમારા જીવનમાં થયેલ પાપોની કાળી કથાને આલેખીને અમારી ભવઆલોચના વહેલાસર આપના કરકમલમાં અર્પણ કરશું! અને હા ! હવે અમે દર મહિને ઓછામાં ઓછું એકવાર તો આ ગિરનાર મહાતીર્થની યાત્રા કરવાનો સંકલ્પ કરીએ છીએ...

**અનંત તીર્થંકર પરમાત્માના કલ્યાણકોથી પાવન થયેલ**
**શ્રી ગિરનારજી મહાતીર્થના મહાકલ્યાણકારી**
## ૧૦૮ નામ સહિતના ૧૦૮ ખમાસમણાના દુહા

**૧. કૈલાસગિરિ** : કૈલાસગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;<br>આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત.

**૨. ઉજ્જયંતગિરિ** : ઉજ્જયંતગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;<br>યદુકુલવંશ ઉજાળીયો નમો નમો નેમિજિણંદ.

**૩. રૈવતગિરિ** : રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;<br>માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર.

**૪. સ્વર્ણગિરિ** : એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;<br>હેમ વદે ભવોભવતણાં પાતિક થાયે છેહ.

**૫. ગિરનારગિરિ** : સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યોગઢ ગિરનાર;<br>સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર.

**૬. નંદભદ્રગિરિ** : આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;<br>ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર.

**૭. પારસગિરિ** : લોહ જિમ કંચન બને, પારસમણિને યોગ;<br>ગિરિ સ્પર્શે ચિન્મય બને, અશોક ચંદ સુયોગ.

**૮. યોગેન્દ્રગિરિ** : મન વચ કાયા યોગને, જીત્યા જે ગિરિ માંહી;<br>તિણ કારણ યોગી તણો, ઈન્દ્ર કહાયો જ્યાંહી.

**૯. સનાતનગિરિ** : ગિરિ તણા ગુણને કહે, તીર્થંકર ભગવંત;<br>સનાતનગિરિ માનથી, શિવ લહે જીવ અનંત.

**૧૦. સુરભિગિરિ** : દુર્ગંધા નારી ઈણગિરિ, ગજપદ કુંડે સ્નાન;<br>બની સુગંધી દેહડી, સુરભિગિરિને પ્રણામ.

**૧૧. ઉદયગિરિ** : ઉદય લહે શુભ કર્મનો, અશુભનો થાયે જિહાં છેદ;<br>એહ ગિરિના ધ્યાનથી, અંતે લહે અવેદ.

**૧૨. તાપસગિરિ** : તાપસ પણ શિવ સુખ લહે, એહવો જેહનો પ્રભાવ;<br>અષ્ટ કર્મનો ક્ષય કરી, પામે આત્મ સ્વભાવ.

**૧૩. આલંબનગિરિ** : આલંબન આપી રહ્યો, સિદ્ધિસદન સોપાન;<br>જે જે જીવડા તેહ ભજે, ઝટ પામે શિવસ્થાન.

**૧૪. પરમગિરિ** : ગિરિવરોમાં પરમતા, પામી જેહ સૌભાગ્ય;<br>આનંદ આપે સહુ જીવને, દૂર કરી દુર્ભાગ્ય.

**૧૫. શ્રીગિરિ** : શ્રી ગિરિ છે એક એહવો, પ્રિય વસ્તુમાં અજોડ;<br>ભવિક જીવ ઝંખે ઘણું, વરવા શિવવધૂ કોડ.

**૧૬. સપ્તશિખરગિરિ** : સાતરાજ પહોંચાડવા, જે ધરે સપ્ત શિખર;<br>સ્વગુણ મહેલ પ્રવેશવા, જે કરે મોટુ વિવર.

**૧૭. ચૈતન્યગિરિ** : ચૈતન્યશક્તિ પ્રગટતાં, આત્માનંદ જિહાં થાય;<br>તેહ ગિરિના સ્મરણથી ચૈતન્યપૂંજ સમરાય.

**૧૮. અવ્યયગિરિ** : વ્યય હોવે કર્મો તણો, વળી અશુભ પરિણામ;<br>અવ્યયગિરિને વંદતા, શુદ્ધ સ્વરૂપને પામ.

**૧૯. ધ્રુવગિરિ** : એહ ગિરિ છે અનાદિથી, કાળ અનંત રહે જેહ;<br>ભૂમિતલે ધ્રુવપણે રહી, શાશ્વતતા લહે તેહ.

**૨૦. પરમોદયગિરિ** : ધ્યાન ધરતા ગિરિતણું, ભવચોથે લહે શિવ;<br>પરમોદય આતમ તણો, પ્રગટાવે ભવિ જીવ.

**૨૧. નિસ્તારગિરિ** : સહસાવને સંયમગ્રહી, ગજસુકુમાલ મુણિંદ;<br>રૈવત મસાણે શિવ લહી, નિસ્તારણ ગિરિંદ.

**૨૨. પાપહરગિરિ** : માતપિતાનો ઘાતકી, ગિરનારે આવંત;<br>ભીમસેન મુગતે ગયો, પાપહર ગિરિ સેવંત.

**૨૩. કલ્યાણકગિરિ** : અનંત કલ્યાણક જિન તણા, ગિરિ શૃંગે સોહાય;<br>વ્રત-કેવલ-મુક્તિ લહે, કલ્યાણક ગિરિ જોવાય.

૨૪. **વૈરાગ્યગિરિ** : મેઘ પરે વરસે સદા, ગિરિ વૈરાગ્ય ઝરણ;
સિંચે આતમ ગુણને, પરમાનંદ રમણ.

૨૫. **પુણ્યદાયકગિરિ** : સુરતરૂ સમ આરાધતાં, પુણ્યદાયક ગિરિરાજ;
ઋદ્ધિ સમૃદ્ધિ તત્ક્ષણમિલે, વળી મળે સિદ્ધિરાજ.

૨૬. **સિદ્ધપદગિરિ** : સિદ્ધપદ અર્પણ કરે, જેહ ગિરિની સેવ;
તિણે કારણ વંદીએ સદા, અભેદ થઈ તત્ખેવ.

૨૭. **દ્રષ્ટિદાયકગિરિ** : મિથ્યાદ્રષ્ટિ ભમતા ભવે, પામે ગિરિ શરણ;
સુદ્રષ્ટિ લહે પંથે રહી, દ્રષ્ટિદાયક ચરણ.

૨૮. **ઈન્દ્રગિરિ** : પડિમા ભરાવી સુરવરે, પૂજા કરે ત્રિકાળ;
ચૈત્યદ્વારે રક્ષા કરે, ઈન્દ્ર થઈ રખેવાળ.

૨૯. **નિરંજનગિરિ** : સ્ફટીક જિમ છે ઉજળો, નિરંજન નિરાકાર;
શુદ્ધાતમ ઈણ ગિરિ કરે, દીસે અંજન આકાર.

૩૦. **વિશ્રામગિરિ** : ઈણ ક્ષેત્રે દાન તપ કરે, ક્રોડ ગણું ફલ પામ;
અનંત ઋદ્ધિ નિર્મલપણું, લહેશો ગિરિ વિશ્રામ.

૩૧. **પંચમગિરિ** : સ્પર્શો પંચમ શિખરે, શિવગામી નેમિ ચરણ;
વરદત્ત ગણધર પૂજો, પામો ચરણ શરણ.

૩૨. **ભવચ્છેદકગિરિ** : ભવનિર્વેદ કરી મુનિવરો, અનશન તપે તપંત;
ભવચ્છેદકગિરિ વંદતા, અજરામર પદ લહંત.

૩૩. **આશ્રયગિરિ** : દ્રવ્યભાવ શત્રુહણે, આપે મન વાંછિત;
ગિરિવરનો આશ્રય લહે, વિશ્વ બને આશ્રિત.

૩૪. **સ્વર્ગગિરિ** : દેવો વાસ કરે જિહાં, કરવા જનમ પવિત્ર;
જાણે સ્વર્ગ વસ્યુ તિંહા, તિણે સ્વર્ગગિરિ સિદ્ધ.

૩૫. **સમત્વગિરિ** : સમત્વગુણ વિલસી રહ્યો, મહાગિરિ કણે કણ;
સ્મરણ દર્શન સ્પર્શને, દીયે અનુભવ મણ.

૩૬. **અમલગિરિ** : વિશાળ ગિરિ પરશાળમાં, વાસ કરે ભવિલોક;
પાપ ટળે ભવતણાં, અમલગિરિ આલોક.

૩૭. **જ્ઞાનોદ્યોતગિરિ** : ભવ્યરૂપી કમળ ખીલે, જ્ઞાનોદ્યોતગિરિ તેજ;
ગુણશ્રેણી પ્રકાશમાં, પામી સિદ્ધિની સેજ.

૩૮. **ગુણનિધિ** : ગુણનિધિ એ ગિરિ થયો, અનંત જિનનો જ્યાં;
પ્રગટ્યો નિજ સ્વરૂપનો, અકલ અમલ ગુણ ત્યાં.

૩૯. **સ્વયંપ્રભગિરિ** : સ્વયંપ્રભા ખીલી રહી, જેની અનાદિ અનંત;
તેહ ગિરિને વંદતા, દોષ ટળે અનંત.

૪૦. **અપૂર્વગિરિ** : એ ગિરનારને ભેટતાં, અપૂરવ ઉલ્લસે દેહ;
કરમદલ ચરણ કરી, પામે ભવિ સુખ તેહ.

૪૧. **પૂર્ણાનંદગિરિ** : આનંદ પૂરણ જેહના, ફરસે ધ્યાને જેહ;
પૂર્ણાનંદગિરિ તેહનું, નામ થયું જગતેહ.

૪૨. **અનુપમગિરિ** : વાનરીમુખ નૃપઅંગજા, ઈણગિરિ ઝરણ પસાય;
અનુપમ મુખકમલ લહી, પામે શિવસુખસદાય.

૪૩. **પ્રભંજનગિરિ** : પ્રભંજનગિરિ એહથી, પાપ પ્રણાશન થાય;
પુણ્યપૂંજ કરી એકઠો, સુખપામે વરદાય.

૪૪. **પ્રભવગિરિ** : પ્રભવગિરિના પ્રભાવથી, તિણે શિવપામ્યા અનંત;
પામે છે ને પામશે, લબ્ધિ લહી અનંત.

૪૫. **અક્ષયગિરિ** : હિમ સમ શીતળતા હુવે, કરે જીવ સમતાપાન;
આતમ સત્તા પ્રગટ કરી, અક્ષયપદ વિસરામ.

૪૬. **રત્નગિરિ** : રત્નબલાહ ગુફામંહી, રત્નપડિમા શોભંત;
દેવ સહાયે દરિસણ, નિકટ ભવિ લહંત.

૪૭. **પ્રમોદગિરિ** : પ્રમોદ લહે ગિરિ દર્શને, પૂર્ણતા સ્પર્શે પમાય;
ગઢ ગિરનારની સહજતા, જેહ સદા સુખદાય.

૪૮. **પ્રશાંતગિરિ** : પ્રકર્ષથી કરે શાંત જેહ, કર્મ વંટોળ અતીવ;
પ્રશાંત ગિરિવર તેહ છે, વંદુ તેહને સદૈવ.

૪૯. **પદ્મગિરિ** : પદ્મતણી પરે જિહાં સદા, પ્રસરે ગુણ સુવાસ;
તેહ આપે ભવિ જીવને, મુક્તિ સુખ આવાસ.

**૫૦. સિદ્ધશેખરગિરિ :** સિદ્ધો થકી શેખર થયો, અન્ય ગિરિમાં તેહ;
અનંત જિન નિવાસથી, પામ્યો મુક્તિરૂપ જેહ.

**૫૧. ચંદ્રગિરિ :** ચંદ્રસમ શીતલપણું, આપે જીવને જેહ;
પાપ સંતાપ ટળે ઈહાં, સુખ પામે સસનેહ.

**૫૨. સુરજગિરિ :** સુરજ સમ પ્રતપે બહુ, સર્વ ગિરિમાં તેહ;
તેહથી સુરજગિરિ કહ્યું, નામ અનુપમ જેહ.

**૫૩. ઈન્દ્રપર્વતગિરિ :** દેવોતણા પરિવારમાં, શોભે ઈન્દ્ર મહારાય;
તિમ ગિરિમાળ માંહે, શોભે તીરથરાય.

**૫૪. આત્માનંદગિરિ :** આતમ આનંદ જિહાં લહે, અનુભવે નિરમલ સુખ;
કાલ અનાદિના ટળે, મિથ્યા મતિના દુઃખ.

**૫૫. આનંદધરગિરિ :** આત્માનંદને પામવા, મુનિવર કોડા કોડ;
આનંદધર એ ગિરિવરે, કરતાં દોડા દોડ.

**૫૬. સુખદાયીગિરિ :** સુખદાયી એ ગિરિ થયો, આપી અનંત સુખશાત;
તેહને પામી ભવિતણા, ટળી ગયા દુઃખ વ્રાત.

**૫૭. ભવ્યાનંદગિરિ :** અનંત સિદ્ધ જિહાં થયા, કરી અનશન શુભ ભાવ;
ભવ્યાનંદ પામી કરી, વિલસે નિજ સ્વભાવ.

**૫૮. પરમાનંદગિરિ :** પરમાનંદને પામતો, દરિસણ લહે ભવિ જેહ;
તેહ પરમ પદવી ભણી, ગતિ લહે સસનેહ.

**૫૯. ઈષ્ટસિદ્ધિગિરિ :** સર્વ શાશ્વતી ઔષધિ, સુવર્ણ સિદ્ધિ રસકૂંપ;
પુણ્યશાળીને ગિરિ દીયે, ઈષ્ટસિદ્ધિ અનુપ.

**૬૦. રામાનંદગિરિ :** આતમરામ આનંદમાં, ઝીલે જેહનો સંગ;
રામાનંદગિરિ વંદતા, પામો સુખ અસંગ.

**૬૧. ભવ્યાકર્ષણગિરિ :** ભવ્યાકર્ષણગિરિ પ્રતિ, પ્રીત ભવિને અતીવ;
જિન અનંતની પ્રગતિ, આકર્ષે તે ભવિજીવ.

**૬૨. દુઃખહરગિરિ :** ગોમેધે ઘણું દુઃખ લહ્યું, રોગે પીડીયો ભમંત;
થયો અધિષ્ઠાયક ગિરિ, દુઃખહર ગિરિ ભજંત.

**૬૩. શિવાનંદગિરિ :** શિવનો આનંદ જે ગિરિ, ચઢતાં અનુભવે જીવ;
એહવા તે શિવગિરિ પ્રતિ, પ્રગટ્યો નેહ અતીવ.

**૬૪. ઉજ્વલગિરિ :** ઈણ ગિરિની ઉજ્વલપ્રભા, પ્રસરે ચિંહુ દિશે જ્યાંય;
તિંહા થકી તિમિર સહુ, ઝટપટ નાસે ત્યાંય.

**૬૫. આનંદગિરિ :** આનંદના જિંહા સમુહ છે, અનંત જિનનાં જેહ;
તેહ ફરસી ભવિ લહે, રહેના ક્લેશની રેહ.

**૬૬. તીર્થોત્તમગિરિ :** એ તીરથને ભેટતાં, સર્વ તીરથ ફલલાધ;
તે તીર્થોત્તમ પ્રણમતાં, સુખ મળે અવ્યાબાધ.

**૬૭. મહેશ્વરગિરિ :** આણા મહેશ્વરગિરિ તણી, ત્રણ લોકે વર્તાય;
અનંત કલ્યાણકની જિંહા, આર્હન્ત્ય શક્તિ સમાય.

**૬૮. રમ્યગિરિ :** રમ્યતા એ ગિરિ તણી, દેખી મોહ્યું મન;
દેવો અને વિદ્યાધરો, આવે દોડી પ્રસન્ન.

**૬૯. બોધિદાયગિરિ :** સદા કાળજે વરસતો, ગિરિ પ્રભાવ અમંદ;
બોધિ બીજ વપન કરે, બોધિદાય નિર્મદ.

**૭૦. મહોદ્યોતગિરિ :** નેમીશ્વરને ગિરિ શ્યામલો, મન મોહે દિન રાત;
મહોદ્યોત ભીતર કરે, ગુણ પેખી સુખ શાત.

**૭૧. અનુત્તરગિરિ :** અરિહંત ધ્યાન પરમાણુને, ગ્રહે અર્હમ્ પદ યોગ;
સાધે જે ભવિ તે લહે, અનુત્તર સુખનો યોગ.

**૭૨. પ્રશમગિરિ :** પ્રશમગુણ જિંહા ઉપજે, ફરસતા જીવને જ્યાં;
તિણે કારણ ગિરિ સ્પર્શથી, સુખ પામો ભવિ ત્યાં.

**૭૩. મોહભંજકગિરિ :** મોહે પીડીત જીવડા, આવે ગિરિ સાનિધ;
સમ્યક્ત્વ પામી શિવ લહે, મોહભંજક ગિરિ કિધ.

**૭૪. પરમાર્થગિરિ :** અનંત કાળથી પ્રાણીયા, સેવે સ્વાર્થીય ભાવ;
ગિરિ ચરણ શરણ ગ્રહી, પ્રગટે પરમાર્થ ભાવ.

**૭૫. શિવસ્વરૂપગિરિ :** મન-વચ-કાયા વશકરી, યોગી સેવે ગિરિ આજ;
શિવ સ્વરૂપ રસ લીયે, બની સદા ભૃંગરાજ.

૭૬. **લલિતગિરિ** : ગિરિ હારમાળાઓ મહીં, મનોહર રૂપ લહંત;
તેહ ગિરિ નીરખી ભવિ, લલિતગિરિ વદંત.

૭૭. **અમૃતગિરિ** : અમૃતસમ દરિસણ લહિ, પામે ભવ્યત્વ છાપ;
અમૃતગિરિ તણી સેવા કરે, તેના ટળે સવિ પાપ.

૭૮. **દુર્ગતિવારણગિરિ** : આ ભવે પરભવ ભાવથી, રૈવત ભક્તિ કરંત;
દુઃખ દરિદ્ર દુર્ગતિ ટળે, દુર્ગતિવારણ નમંત.

૭૯. **કર્મક્ષાયકગિરિ** : કર્મવિડંબના જીવને, વળગી કાળ અનંત;
કર્મક્ષાયક ગિરિ સેવતાં, આતમ મુક્તિ લહંત.

૮૦. **અજેયગિરિ** : અજેય જે સવિ શત્રુને, ચિંતા સવિ દૂર જાય;
રાગદ્વેષ જીતી કરી, અરિહંત પદને પમાય.

૮૧. **સત્ત્વદાયકગિરિ** : રજસ્ તમો ગુણી આવી, ગિરિવર પાદ ચઢંત;
સત્ત્વદાયક ગિરિ બળે, ક્ષપક શ્રેણી ધરંત.

૮૨. **વિરતીગિરિ** : પરમાણુ જે સહસાવને, દિયે વિરતી પરિણામ;
અંતરાય સવિ દૂરે કરી, સપ્ત ગુણઠાણુ પામ.

૮૩. **વ્રતગિરિ** : હરિ પટરાણીને યાદવો, પ્રદ્યુમ્ન શાંબ કુમાર;
વ્રતગિરિએ વ્રત ગ્રહી, પામ્યા ભવનો પાર.

૮૪. **સંયમગિરિ** : જિન અનંતા સહસાવને, નેમિપ્રભુ ઠવે પાય;
સંયમ ગ્રહી મનઃપર્યવી, ધ્યાનધરી મુગતે જાય.

૮૫. **સર્વજ્ઞગિરિ** : રવિ લોક પ્રકાશતો, સર્વજ્ઞ લોકા લોક;
મોહ તિમિર દૂરે ટળે, ચેતન શક્તિ આલોક.

૮૬. **કેવલગિરિ** : એક એક પ્રદેશમાં, ગુણ અનંતનો વાસ;
ઈણ ગિરિ કેવલ લઈ, ભોગવે લીલ વિલાસ.

૮૭. **જ્ઞાનગિરિ** : સહજાનંદ સુખ પામીયો, જ્ઞાન રસ ભરપૂર;
તેહના બળથી મેં હણ્યો, મોહ સુભટ મહાક્રૂર.

૮૮. **નિર્વાણગિરિ** : જે ગિરિએ અનંતા, નિર્વાણ પામ્યા જિન;
તે નિર્વાણગિરિ પર, કોઈ નહિં દીન હિન.

૮૯. **તારકગિરિ** : આંગણું એ ગિરિ તણું, પામે જલ થલ જેહ;
ભવ સાતમે મુક્તિ લહે, તારકપણું ગુણ ગેહ.

૯૦. **શિવગિરિ** : રાજીમતિને રહનેમિ, સહસાવને દીક્ષા લીધ;
વળી શિવપદ પામીયા, ઈણગિરિ અનશન કીધ.

૯૧. **હંસગિરિ** : હંસ પરે નિર્મલ કરે, પરિણતી શુદ્ધ સહાય;
જેહ ગિરિ સાંનિધ્યથી, અનુપમ ગુણ પમાય.

૯૨. **વિવેકગિરિ** : વિવેકગિરિ આતમ તણો, દેહ થકી જે ભિન્ન;
ધ્યાન ધારા માંહી લહે, પરમ સુખ અભિન્ન.

૯૩. **મુક્તિરાજગિરિ** : મુગતિના મુગટ સમો, શોભે એ ગિરિરાજ;
મુક્તિરાજ એ ગિરિ થયો, આપે સિદ્ધનું રાજ.

૯૪. **મણિકાન્તગિરિ** : મણિસમ કાન્તિ જેહની, દીપે સદા દિનરાત;
ભવિક લોકની દ્રષ્ટિમાં, દીસે તે ભલીભાત.

૯૫. **મહાયશગિરિ** : મહાન યશને પામીયો, અનંતજિન જિહાં સિદ્ધ;
તેહની તુલનામાં નહીં, અન્ય કોઈ પ્રસિદ્ધ.

૯૬. **અવ્યાબાધગિરિ** : ત્રણ લોકમાં સુરનરો, ગિરિ આકાર પૂજંત;
સંસાર બાધા છેડીને, અવ્યાબાધ ભજંત.

૯૭. **જગતારણગિરિ** : જગતના જીવો સહુ, પામી તરે સંસાર;
એહ ગુણ છે ગિરિતણો, ન લહે ફરી અવતાર.

૯૮. **વિલાસગિરિ** : એ ગિરિનો વિલાસ જે, પ્રસરે ત્રિહુ જગમાંય;
આતમ શક્તિ પ્રગટાવવા, ભવિજન આવે ત્યાંય.

૯૯. **અગમ્યગિરિ** : અગમ્ય ગુણ છે જેહના, પાર ન પામે કોઈ;
કેવલી એહ જાણી શકે, કહી ન શકે તે જોઈ.

૧૦૦. **સુગતિગિરિ** : પ્રાચીન પડિમા વિશ્વમાં, દરિસણે દુર્ગતિ જાય;
પૂજો પ્રણમો ભાવથી, સુગતિગિરિના પાય.

૧૦૧. **વીતરાગગિરિ** : કર્મ રેણુ દૂરે કરે, રૈવત ભક્તિ સમીર;
વીતરાગગિરિ બળે, મુક્ત બની રહે સ્થીર.

**૧૦૨. ચિંતામણીગિરિ :** ભાવ ચિંતામણી ગિરિ દીયે, ગુણરત્નો ક્રોડા ક્રોડ;
ઈચ્છિત સર્વ શીઘ્ર ફળે, ભેટવા મન ધરે દોડ.

**૧૦૩. અતુલગિરિ :** અનંત કલ્યાણકો થકી, મેરૂ સમ ગિરિ અતુલ;
અન્ય ગિરિ તુલના નહીં, ભાખે ઋષભ અમૂલ.

**૧૦૪. મહાવૈદ્યગિરિ :** ભવ રોગ પીડતો મને, જન્મજરા મૃત્યુ દુઃખ;
ગુણ યોગે રોગ વારજો, મહાવૈદ્યગિરિ દીયે સુખ.

**૧૦૫. પાવનગિરિ :** ત્રસ સ્થાવર ગિરિ ખોળે, કર્મ મળથી અપવિત્ર;
‘‘મા’’ બાળને પુનિત કરે, તિમ પાવનગિરિ ધરે હિત.

**૧૦૬. અચળગિરિ :** ત્રિકલ્યાણક પરમાણુઓ, કાળ અસંખ્ય અવિચળ;
રત્નત્રયી અવિચળદીયે, અચળગિરિ પરિબળ.

**૧૦૭. લબ્ધિગિરિ :** અનંત લબ્ધિ ઈહાં ઉપની, ગણધર મુનિ મહંત;
આત્મ લબ્ધિગિરિ નમો, ભાવે ભજો ભગવંત.

**૧૦૮. સૌભાગ્યગિરિ :** એકસો આઠ શિખર મહીં, સૌભાગ્યશાળી ગિરિ શૃંગ;
ત્રિકલ્યાણક ઈણ ગિરિ, રહે પ્રતિકાળ ઉત્તંગ.
ગુણકેટલા ગિરિ તણા, ગાઈ શકું મતિ મંદ;
બૃહસ્પતિ ન ગણી શકે, ગુણવંતગિરિ અમંદ.

શ્રી ગિરનાર મહાતીર્થના શાસ્ત્રાનુસાર ૬ આરામાં ૬ નામ સાંભળવામાં આવ્યા છે, તે આ પ્રમાણે છે... (૧) કૈલાસગિરિ (૨) ઉજ્જયંતગિરિ (૩) રૈવતગિરિ (૪) સ્વર્ણગિરિ (૫) ગિરનારગિરિ (૬) નંદભદ્રગિરિ, પણ તીર્થપ્રીતિના કારણે આ તીર્થની ભક્તિ માટે આ ગિરનાર તીર્થના વિવિધ ગુણાનુસાર આ ૧૦૮ નામ અને દુહાની રચના કરી છે.

# ગિરનાર જિનવર જુહારીએ...

(દસ-વિસ ક્ષણોની ગિરનાર નમસ્કાર યાત્રા)

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.

પ્રાયઃ શાશ્વતા એવા આ શત્રુંજય અને ગિરનાર મહાતીર્થનો મહિમા અજબ ગજબનો છે.

**સ્તુતિ** : (રાગ : શ્રી સિદ્ધાચલ નયણે જોતાં...)
શ્રી ગિરનારને નયણે જોતાં, હૈયું મારૂં હર્ષ ધરે,
મહિમા મોટો એ ગિરિવરનો, સુણતો તનડું નૃત્ય કરે;
એ ગિરિએ જિન અનંતા સિધ્યા, પાવન એ ગિરિ દુખડાં હરે,
એ ગિરનારનું શરણું હોજો, ભવો ભવ બંધન દૂર કરે.

ગિરનાર મહાતીર્થના આલંબને અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવલજ્ઞાન અને મોક્ષકલ્યાણકો ભૂતકાળમાં થઈ ચૂક્યા છે, વર્તમાનમાં નેમિનાથ ભગવાનના થયા છે અને ભાવિમાં પણ દરેક ચોવીસીમાં થતા રહેવાના છે !

વસ્તુપાળ ચરિત્ર અને ગિરનાર મહાતીર્થ કલ્પ આદિમાં તો જણાવેલ છે કે અન્યસ્થાને રહીને પણ જે જીવ શુદ્ધ ભાવથી ગિરનાર ગિરિવરનું ધ્યાન ધરે છે તે ચોથા ભવે મુક્તિપદને પામે છે.

કલિકાળમાં સંસારની ઝંઝાળમાં પડેલો જીવ તીર્થસ્થાનોની સાક્ષાત્ યાત્રા કવચિત્ કરવા પામતો હોય છે, તેવા જીવોએ અલ્પ સમયમાં આ ગિરનાર મહાતીર્થ જેવી કલ્યાણકભૂમિની ભાવયાત્રા કેવી રીતે કરવી ? આ પ્રશ્નના ઉત્તર સ્વરૂપે ગિરનાર ગિરિવર ઉપર બિરાજમાન જિનબિંબાદિની આ નમસ્કાર યાત્રાનું આલેખન થયેલ છે.

ગિરનાર મહાતીર્થની તળેટીથી લઈને પ્રથમ ટૂંક, સહસાવન આદિ સ્થાને આવેલા જિનાલયોમાં જિનબિંબો, પગલાં, સિદ્ધમહાત્માઓ, ગુરૂભગવંતો, શાસન દેવ-દેવી વગેરેના પ્રતિમાજીઓ તથા પગલાઓનું સ્મરણ કરતાં-કરતાં યથાયોગ્ય સ્થાને ''નમો જિણાણં'', ''નમો સિદ્ધાણં'', ''મત્થએણ વંદામિ'' અને ''પ્રણામ'' કહી બે હાથ જોડી મસ્તક નમાવતાં નમાવતાં આ નમસ્કાર યાત્રા કરવાની છે ! તો ચાલો ! યાત્રા શરૂ કરીએ...

યાત્રાના ભાવથી ભાવિત થઈને, કલ્પના કરો કે આપણે ગિરનાર મહાતીર્થની તળેટીમાં આવી ગયા છીએ. તળેટીના જિનાલયમાં જ્યાં ગિરનાર યાત્રાનું પહેલું ચૈત્યવંદન થાય છે તે મૂળનાયક આદિનાથ આદિ (૫) પ્રભુને **''નમો જિણાણં''.**

ગોમુખયક્ષ-ચક્રેશ્વરીદેવીને **''પ્રણામ''**

જ્યાં બીજું ચૈત્યવંદન થાય છે તે જયતળેટીમાં નેમિનાથ આદિ પાંચ પ્રભુના પગલાને **''નમો જિણાણં''.**

જયતળેટીમાં ગોમેધયક્ષ, અંબિકાદેવીને **''પ્રણામ''**

જય તળેટીમાં દાદા સાહેબ, પ્રેમચંદજીના પગલા ને ''મત્થએણ વંદામિ''.

**ચાલો હવે ગિરિવર આરોહણ કરીએ...**

સોરઠદેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર...
દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતા, જનમ સફળ થયો જાણ....
એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ,
હેમ વદે ભવોભવ તણાં, પાતિક થાએ છેહ...

**જય જયશ્રી નેમિનાથ, જય જય શ્રી નેમિનાથ**

- પાંચમા પગથિયે જમણી બાજુ દેરીએ નેમિનાથ પગલાને **''નમો જિણાણં''**
- પાંચમા પગથિયે જમણી બાજુ દેરીએ અંબિકાદેવીને **''પ્રણામ''**
- ચાલો ! આગળ વધીએ...
  જય જય શ્રી નેમિનાથ જય જય શ્રી નેમિનાથ
  ૧૯૫૦ પગથિયે આ આવ્યો ત્રીજો વિસામો...
- જય જય શ્રી નેમિનાથ જય જય શ્રી નેમિનાથ
  લગભગ ૨૩૦૦ પગથિયે આવી આ માળી પરબ...

- જય જય શ્રી નેમિનાથ જય જય શ્રી નેમિનાથ
- લગભગ ૨૮૭૫ પગથિયે નેમિનાથ પ્રભુને **"નમો જિણાણં"**

**નેમિનાથ દાદાની પહેલી ટૂંકમાં મુખ્ય જિનાલય :- (કુલ ૩૩૫ પ્રભુજી)**

- ૩૮૪૦ પગથિયે પહેલી ટૂંકમાં જ્યાં ત્રીજું ચૈત્યવંદન થાય છે તે મુખ્ય જિનાલયમાં પ્રવેશતાં જમણી બાજુની દેરીમાં અંબિકાદેવીને **"પ્રણામ"**
- રંગમંડપમાં પ્રવેશતાં જમણી બાજુ ગભારામાં તીર્થાધિપતિ નેમિનાથ દાદાને **"નમો જિણાણં"**
- દાદાની પ્રથમ પ્રદક્ષિણામાં નાની ભમતીના ૪૯ પ્રભુજીને **"નમો જિણાણં"**
- પ્રથમ રંગમંડપમાં ૨૧ પ્રભુજીને **"નમો જિણાણં"**
- પ્રથમ રંગમંડપમાં ચોવીસ પ્રભુના પટને **"નમો જિણાણં"**
- પ્રથમ રંગમંડપમાં સિદ્ધાત્મા સતી શિરોમણી રાજીમતીશ્રીજીને **"નમો સિદ્ધાણં"**
- નેમિનાથ ભગવાનના મુખ્ય ગણધર શ્રી વરદત્ત સહિત પરિકરમાં રહેલા શેષ ૧૭ ગણધર ભગવંતને **"નમો સિદ્ધાણં"**
- કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય તથા પૂ. શાંતિચન્દ્રસૂરિજીને **"મત્થએણ વંદામિ"**
- ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજાને **"પ્રણામ"**
- સત્ત્વ શિરોમણી સિદ્ધાત્મા રહનેમિજીને **"નમો સિદ્ધાણં"**
- બીજી પ્રદક્ષિણા માટે બહાર નીકળીને જમણી બાજુની નૂતનદેરીમાં નેમિપ્રભુના શાસનના અધિષ્ઠાયક શ્યામવર્ણના ગોમેધ યક્ષને **"પ્રણામ"**
- ડાબી બાજુની દેરીમાં પીળા વર્ણના મહાવીરસ્વામીના પગલે **"નમો જિણાણં"**
- પ્રદક્ષિણા દેતા મૂળનાયકના જિનાલયની પાછળ જગમાલ ગોરધનના જિનાલયે જ્યાં યાત્રાનું ચોથું ચૈત્યવંદન થાય છે તે આદિનાથ વગેરે ૫ પ્રભુજીને **"નમો જિણાણં"**
- શ્યામવર્ણના નેમિપ્રભુના પગલાને **"નમો જિણાણં"**
- પૂ. આચાર્ય વિજયાનંદસૂરિજી (આત્મારામજી મહારાજ) ને **"મત્થએણ વંદામિ"**
- બીજા રંગમંડપમાં ૪૧ પ્રભુજીને **"નમો જિણાણં"**
- ત્રીજી પ્રદક્ષિણામાં નંદીશ્વરદ્વીપ તીર્થપટ તથા સમેતશિખરજી તીર્થપટને **"નમો જિણાણં"**
- ભમતીમાં ૧૬૫ પાષાણના પ્રભુજીની પ્રતિમાને **"નમો જિણાણં"**
- દેરીમાં ધાતુના ૧૩ પ્રભુજીને **"નમો જિણાણં"**
- નેમિપ્રભુના નવભવના પટને **"નમો જિણાણં"**
- ભમતીમાં અમિઝરાના રંગમંડપમાં પ્રવેશતા સામેના શ્વેતવર્ણનો નેમિપ્રભુને **"નમો જિણાણં"**
- રંગમંડપમાં ડાબી તરફ જતાં પૂ.આ. નીતિસૂરિજીને **"મત્થએણ વંદામિ"**
- પૂ.આ. હીરચન્દ્રસૂરિજી, પૂ. રામવિજય ગણિ, પૂ.આ. જિનચન્દ્રસૂરિજીના ચરણ પાદુકાને **"મત્થએણ વંદામિ"**
- મહાવીર પ્રભુના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી ભગવંતથી ગિરનાર તીર્થોદ્ધારક પ.પૂ.આ. નીતિસૂરિજી સુધીની પાટપરંપરાના કુલ ૭૩ પૂજ્યોના પગલા સન્મુખ **"મત્થએણ વંદામિ"**
- અતીત (ગત) ચોવીસીમાં ગિરનાર ઉપરથી મોક્ષે ગયેલા ૧૦ તીર્થંકર પરમાત્મા તથા ત્રીજા શ્રી સાગરતીર્થંકર વગેરે સ્વસ્વ વર્ણમાં બિરાજમાન કુલ ૧૧ પ્રભુજીને **"નમો જિણાણં"**
- નેમિપ્રભુ, યુગાદિદેવ આદિનાથ પ્રભુના પગલાને **"નમો જિણાણં"** તથા સતી શિરોમણી રાજીમતીશ્રીજીના પગલાને **"મત્થએણ વંદામિ"**
- શ્યામવર્ણના બે નેમિપ્રભુ તથા અનાગત (આવતી) ચોવીસીમાં ગિરનારથી મોક્ષે જનારા શ્રી પદ્મનાભ સ્વામી વગેરે ૨૪ તીર્થંકરો તથા મૂળનાયક શ્રી પદ્મનાભ પ્રભુ આદિ કુલ ૨૭ પ્રભુજીને **"નમો જિણાણં"**

- પૂ.આ. નીતિ સૂ.મ.સા.ની બીજી પ્રતિમાને **''મત્થએણ વંદામિ''**
- અમિઝરાના ભોયરામાં જ્યાં પાંચમું ચૈત્યવંદન થાય છે તે અમિઝરા પાર્શ્વનાથ ભગવાનને **''નમો જિણાણં''**
- ભમતીમાં બિરાજમાન પ્રભુજીને **''નમો જિણાણં'' ''નમો જિણાણં''**

### મેરકવસીની ટૂંક (કુલ ૧૨૦ પ્રભુજી)

- પંચમેરુના જિનાલયે ઋષભદેવ આદિ ૨૦ પ્રભુને **''નમો જિણાણં''**
- અદબદજી જિનાલયે ૧૫૧ ઈંચના આદિનાથ પ્રભુને **''નમો જિણાણં''**

### મેરકવસી જિનાલય (કુલ ૯૯ પ્રભુજી)

- બીજા રંગમંડપમાં બિરાજમાન પાર્શ્વનાથ ચોવીસી આદિ ૨ પ્રભુજીને **''નમો જિણાણં''**
- પહેલા રંગમંડપમાં બિરાજમાન ૧૦ પ્રભુજીને **''નમો જિણાણં''**
- ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના સહસ્રફણા પાર્શ્વનાથ આદિ ૫ પ્રભુજીને **''નમો જિણાણં''**
- આરસના નવપદના મોટા ગટ્ટાને **''નમો જિણાણં''**
- ભમતીમાં મોટી દેરીમાં અષ્ટાપદના ૨૪ પ્રભુને **''નમો જિણાણં''**
- મૂળનાયકની પાછળની દેરીમાં નીલવર્ણના મહાવીર પ્રભુને તથા કાઉસ્સગીયા પાર્શ્વનાથ ભગવાનને **''નમો જિણાણં''**
- ભમતીમાં મોટી દેરીમાં ચૌમુખજી શાંતિનાથ દાદાને **''નમો જિણાણં''**
- ભમતીમાં બિરાજમાન બાવન (૫૨) પ્રભુજીને **''નમો જિણાણં''**

### સગરામ (સંગ્રામ) સોનીની ટૂંક (કુલ ૮૩ પ્રભુજી)

- ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના સહસ્રફણા પાર્શ્વનાથ આદિ ૭ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં ૩ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં નંદીશ્વરદ્વીપ, પ્રભુ સહિત ચોવીસ જિન માતાના પટને **''નમો જિણાણં''**
- ભમતીમાં બિરાજમાન ૭૩ પ્રભુજીને **''નમો જિણાણં''**

### કુમારપાળ મહારાજાની ટૂંક (કુલ ૩ પ્રભુજી)

- ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના અભિનંદન સ્વામી આદિ ૩ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં અલગ અલગ ગોખલામાં પ.પૂ. હેમચન્દ્રાચાર્ય, પૂ. શાંતિસૂરિ મ.સા. ને **''મત્થએણ વંદામિ''**
- કુમારપાળ મહારાજાને **''પ્રણામ''**

### માનસંગ ભોજરાજનું જિનાલય (કુલ ૩ પ્રભુજી)

- ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના સંભવનાથ આદિ ૩ પ્રભુજીને **''નમો જિણાણં''**

### વસ્તુપાળ-તેજપાળની ટૂંક (કુલ ૧૬ પ્રભુજી)

- ગભારામાં મૂળનાયક શામળા પાર્શ્વનાથ આદિ ૩ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં ૫ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં પદ્માવતી દેવીને **''પ્રણામ''**
- ગોળ ગઢમાં ચૌમુખજીને **''નમો જિણાણં''**
- અષ્ટકોણ ગઢમાં ચૌમુખજીને **''નમો જિણાણં''**

### ગુમાસ્તાનું જિનાલય (કુલ ૨ પ્રભુજી)

- મૂળનાયક શ્વેતવર્ણના સંભવનાથને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં પાર્શ્વનાથ પ્રભુને **''નમો જિણાણં''**

### સંપ્રતિ મહારાજાની ટૂંક (કુલ ૨૧ પ્રભુજી)

- ગભારામાં મૂળનાયક શ્યામવર્ણના નેમિનાથ આદિ ૭ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં ૧૪ પ્રભુજીને **''નમો જિણાણં''**
- રંગમંડપમાં શ્રુતદેવી મા સરસ્વતીદેવીને **''પ્રણામ''**

### જ્ઞાનવાવનું જિનાલય (કુલ ૪ પ્રભુજી)

- મૂળનાયક શ્વેતવર્ણના સંભવનાથ આદિ ચૌમુખજીને **"નમો જિણાણં"**

### નાગીમાતાની દેરી :

શ્યામવર્ણના દાર્શનીક નેમિપ્રભુને **"નમો જિણાણં"**
અંબિકાદેવીને **"પ્રણામ"**

### ચન્દ્રપ્રભસ્વામીની ટૂંક (કુલ ૧ પ્રભુજી)

- મૂળનાયક શ્વેતવર્ણના ચન્દ્રપ્રભ સ્વામીને **"નમો જિણાણં"**

**ગજપદ કુંડના જલ સ્પર્શીને પાવન થઈએ...**

### ધરમશી હેમરાજનું જિનાલય (કુલ ૯ પ્રભુજી)

- ગભારામાં મૂળનાયક શ્વેતવર્ણના શાંતિનાથ આદિ ૯ પ્રભુજીને **"નમો જિણાણં"**

### મલ્લવાળુ જિનાલય (કુલ ૩ પ્રભુજી)

- મૂળનાયક શ્વેતવર્ણના શાંતિનાથ આદિ ૩ પ્રભુજીને **"નમો જિણાણં"**

### ચૌમુખજી જિનાલય (કુલ ૪ પ્રભુજી)

- મૂળનાયક શ્યામવર્ણના નેમિનાથ આદિ ૪ પ્રભુજીને **"નમો જિણાણં"**

### રહનેમિનું જિનાલય (કુલ ૧ પ્રભુજી)

- મૂળનાયક શ્યામવર્ણના સિદ્ધાત્મા રહનેમિ પ્રભુજીને **"નમો જિણાણં"**
- અંબાજી ટૂંક પાછળ શાંબ મુનિના પગલાને **"નમો સિદ્ધાણં"**
- ગોરખનાથ ટૂંકે પ્રદ્યુમ્ન મુનિના પગલાને **"નમો સિદ્ધાણં"**
- ઓઘડટૂંકે નેમિનાથ ભગવાનના પગલાને **"નમો જિણાણં"**
- પાંચમી ટૂંકે નેમિનાથ ભગવાનની મૂર્તિ તથા પગલાને **"નમો જિણાણં"**

### હવે ચાલો સહસાવન તરફ...

- ગૌમુખી ગંગાના મંદિરમાં ચોવીસ જિનના પગલાને **"નમો જિણાણં"**

### સહસાવન સમવસરણ મંદિર (કુલ ૫૭ પ્રભુજી)

- જિનાલયના દ્વાર પાસે માણીભદ્ર વીર તથા સરસ્વતી દેવીને **"પ્રણામ"**
- જિનાલયમાં પ્રવેશતાં ગોમેધ યક્ષ-અંબિકાદેવીને **"પ્રણામ"**
- સમવસરણમાં બિરાજમાન મૂળનાયક ચૌમુખજી નેમિનાથ દાદા સહિત ૮ પ્રભુજીને **"નમો જિણાણં"**
- પહેલા રંગમંડપમાં પરિકરયુક્ત અનાગત ચોવીસીના પદ્મનાભ ભગવાન સહિત ૨૪ પીળા વર્ણના પ્રભુજીને **"નમો જિણાણં"**
- પહેલા રંગમંડપમાં અતીત ચોવીસીના ૧૦ પ્રભુજી અને શ્યામવર્ણના નેમિનાથ ભગવાનને (૧૧) **"નમો જિણાણં"**
- બીજા રંગમંડપમાં શ્યામવર્ણના જીવીત સ્વામી નેમિનાથ પ્રભુજીને **"નમો જિણાણં"**
- ત્રીજા રંગમંડપમાં ચૌમુખજી પ્રભુને (૪) **"નમો જિણાણં"**
- બીજા-ત્રીજા-ચોથા રંગમંડપમાં નેમિપ્રભુના ૧૮ ગણધરને **"મત્થએણ વંદામિ"**
- એક ગોખલામાં ધાતુના ૯ પ્રભુજીને **"નમો જિણાણં"**
- નીચેના રંગમંડપોમાં પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજના ઉપકારી ગુરૂભગવંતોના પગલાને **"મત્થએણ વંદામિ"**
- શંખગુફામાં શ્યામવર્ણના નેમિનાથ દાદાને **"નમો જિણાણં"**
  તથા સિદ્ધાત્મા રહનેમિજીને **"નમો સિદ્ધાણં"**
- જિનાલયની બહાર નીકળી ૧૦ પગથિયા ઉતરતાં આ. હિમાંશુસૂરિ મહારાજની અંતિમ સંસ્કારભૂમિએ પગલાને **"મત્થએણ વંદામિ"**
- આ અંતિમ સંસ્કાર ભૂમિની ઉપર દેખાતી પાંચમી ટૂંક (નેમિનાથ મોક્ષકલ્યાણક ભૂમિ)ને **"નમો જિણાણં"**
- ૬૦ પગથિયા ઉતરી નેમિનાથ કેવલજ્ઞાનભૂમિએ નેમિપ્રભુના પગલાને **"નમો જિણાણં"**
- રાજીમતી અને રહનેમિ પગલાને **"નમો સિદ્ધાણં"**
- ૧૫ પગથિયા ઉતરી નેમિનાથ દીક્ષા કલ્યાણકભૂમિએ નેમિપ્રભુના પગલાને **"નમો જિણાણં"**
- તળેટી ઉતરીને ગિરનાર ગિરિરાજને **"નમો તિત્થસ્સ"**

# ગિરનારના પાંચ મુખ્ય ચૈત્યવંદન



૧

તળેટીમાં
આદિનાથ જિનાલયનું
પહેલું ચૈત્યવંદન




૨

જયતળેટીનું
બીજુ ચૈત્યવંદન



૪

મુખ્ય જિનાલયની
પાછળ
આદિનાથ ભગવાનનું
ચોથુ ચૈત્યવંદન




૩

મૂળનાયક નેમિનાથદાદાનું ત્રીજું ચૈત્યવંદન

૫

અમીઝરા
પાર્શ્વનાથ
ભગવાનનું
પાંચમું ચૈત્યવંદન



**સહસાવનથી ઉપર ચડતી વખતે** તળેટીમાં આદિનાથ જિનાલય, જયતળેટીનું ચૈત્યવંદન કરીને, દીક્ષા કલ્યાણકની દેરી, કેવળજ્ઞાન કલ્યાણકની દેરી તથા સમવસરણ મંદિર એમ ત્રણ ચૈત્યવંદન કરીને પહેલી ટૂંકના ત્રણ ચૈત્યવંદન કરવા.

## વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન સહિત અનંતા તીર્થંકરોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકથી પાવન બનેલ ગરવા ગઢ ગિરનાર મહાતીર્થની આરાધનાર્થે

# ગિરનાર તપ આરાધના

બાવીસમાં શ્રી નેમિનાથ ભગવાન તથા અનંતા તીર્થંકરોના કલ્યાણકની આરાધનાર્થે થતાં આ તપમાં કુલ બાવીસ ઉપવાસ કરવા.

આ તપમાં પહેલા છટ્ઠથી શરૂઆત કરીને પારણામાં બેસણા સાથે એકાંતરે આઠ ઉપવાસ કરવા પછી અટ્ઠમ કરવો ત્યારપછી એકાંતરે ૭ ઉપવાસ કરીને છેલ્લે એક છટ્ઠ કરવો.

આ રીતે કુલ ૩૯ દિવસમાં બાવીસમા નેમિનાથ ભગવાનને મુખ્ય રાખી આ તીર્થમાંથી સિદ્ધપદ પામેલ અનંતા તીર્થંકર પરમાત્માની આરાધના સ્વરૂપે કુલ ૨૨ ઉપવાસ કરવા, જેમાં શક્ય હોય તો

શ્રાવણ સુદ ૪ના મહીનાનું ઘર

શ્રાવણ સુદ ૫ નેમિનાથ ભગવાનનો જન્મકલ્યાણક દિવસ તથા

શ્રાવણ સુદ ૬ નેમિનાથ ભગવાનનો દીક્ષાકલ્યાણક દિવસ એ

ત્રણ દિવસનો અટ્ઠમ થાય તેવો ખાસ પ્રયત્ન કરવો.

આ તપમાં એક સાથે સળંગ બે પારણા ન કરવા, પરંતુ શક્તિ અને ભાવના અનુસાર એક સાથે વધારે ઉપવાસ કરીને કુલ ૨૨ ઉપવાસની આરાધના કરી શકાય.

પ્રથમ છટ્ઠમાં બન્ને દિવસે

**''ઉજ્જિંત સેલ સિહરે દિક્ખા નાણં નિસ્સીહિઆ જસ્સ,**
**તમ્ ધમ્મ ચક્કવટ્ટીં, અરિટ્ઠનેમિં નમંસામિ''**

આ પદની ૨૦ માળા ગણવી.

અટ્ઠમમાં પ્રથમદિવસે નેમિનાથસહિત અનંત તીર્થંકરપ્રભુના ચ્યવન કલ્યાણકની આરાધનાર્થે **''શ્રી નેમિનાથ સહ અનંતજિન પરમેષ્ઠિને નમઃ''** ૨૦ નવકારવાળી ગણવી.

બીજા દિવસે શ્રી નેમિનાથ સહિત અનંતાતીર્થંકર પ્રભુના જન્મકલ્યાણકની આરાધનાર્થે **''શ્રી નેમિનાથ સહ અનંતજિન અર્હતે નમઃ''** ૨૦ નવકારવાળી ગણવી.

ત્રીજા દિવસે નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના દીક્ષાકલ્યાણકની આરાધનાર્થે **શ્રી નેમિનાથ સહ અનંતજિન નાથાય નમઃ** ૨૦ નવકારવાળી ગણવી. છેલ્લા છટ્ઠ દરમ્યાન પહેલા દિવસે નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની આરાધનાર્થે

**શ્રી નેમિનાથ સહ અનંતજિન સર્વજ્ઞાય નમઃ** ૨૦ નવકારવાળી ગણવી.

બીજા દિવસે નેમિનાથ સહિત અનંતા તીર્થંકર પ્રભુના મોક્ષકલ્યાણકની આરાધનાર્થે **શ્રી નેમિનાથ સહ અનંતજિન પારંગતાય નમઃ** ૨૦ નવકારવાળી ગણવી.

**રોજની આરાધના :**

**''ૐ હ્રીઁ અર્હં શ્રી નેમિનાથ સહ અનંતજિનાય નમઃ''** પદની ૨૦ માળા

સાથિયા - ૨૨, ખમાસમણા - ૨૨

**ખમાસમણાના દુહા :**

૧) રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પાતમી કરી, ધ્યાવું વારંવાર.

૨) કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથ કલ્પ વદંત.

(આ બન્ને દુહા બોલીને ખમાસમણ દેવું)

શ્રી ગિરનાર મહાતીર્થ આરાધનાર્થં ઈચ્છં કાઉસ્સગ્ગ કરૂ? ઈચ્છં શ્રી ગિરનાર મહાતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ... પૂઅણવત્તિયાએ...

૨૨ લોગસ્સ ન આવડે તો ૮૮ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

(તપાવલીમાં ગિરનાર તપ જોવામાં આવતો નથી, પરંતુ ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષાર્થે આ તીર્થની વિશેષ આરાધના માટે આ વિધિ તૈયાર કરવામાં આવેલી છે.)

## યાત્રા કરતા પહેલા આ ખાસ વાંચો

**જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર,**
**એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.**

**શું આપ આ ગિરનાર મહાતીર્થની યાત્રા કરવા આવ્યા છો ?**
**શું આપ ગિરનાર મહાતીર્થનો મહિમા જાણો છો ? નહીં ?**

**તો આવો આ ગિરનાર મહાતીર્થની અપરંપાર મહિમાની આછી ઝલક જોઈએ !**

૧. આ પાવનભૂમિમાં વહેતા વાયુમાં અનંતા તીર્થંકરોના દીક્ષા અવસરના વૈરાગ્યની સુવાસ પ્રસરેલ છે...

૨. આ પાવનભૂમિમાં અનંતા તીર્થંકરોના કેવલજ્ઞાનનો પ્રકાશ ફેલાયેલો છે...

૩. આ પાવનભૂમિ અનંતા તીર્થંકરોના સિદ્ધિપદની મહેકથી મઘમઘાયમાન છે...

૪. આ પાવનભૂમિમાં વિશ્વના પ્રાચીનતમ શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાજી બિરાજમાન છે.

૫. આ પાવનભૂમિથી આવતી ચોવીસીના ચોવીસે ચોવીસ તીર્થંકર પરમાત્મા પરમપદને પ્રાપ્ત કરવાના છે.

૬. આ પાવનભૂમિની ઉપાસનાથી અતિચીકણા એવા ગાઢ નિકાચિત કર્મો પણ નાશ થઈ જાય છે...

૭. આ પાવનભૂમિ ઉપરથી વિશ્વની પ્રત્યેક વનસ્પતિ, ઔષધિ, જડીબુટ્ટીની પ્રાપ્તિ થાય છે...

૮. આ પાવનભૂમિમાં વસનારા જાનવરો પણ આઠમાં ભવમાં સિદ્ધપદને પામે છે...

૯. આ પાવનભૂમિ ઉપર શુદ્ધભાવથી દાન-શીલ-તપ-ભાવધર્મની કોઈ પણ આરાધના કરવામાં આવે તો શીઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ થાય છે...

૧૦. આ પાવનભૂમિનું ઘર બેઠાં પણ શુદ્ધભાવપૂર્વક ધ્યાન ધરવામાં આવે તો ચોથા ભવે મોક્ષની પ્રાપ્તિ થાય તો ત્યાં કરેલ આરાધના તો ક્યાં પહોંચાડે ?...

૧૧. આ પાવનભૂમિ ઉપર આકાશમાં ઉડતા પંખીનો પડછાયો પણ પડે તો તેના ભવોભવતણાં દુર્ગતિના ફેરા પણ ટળી જાય છે...

૧૨. આ પાવનભૂમિમાં સહસાવન મધ્યે શ્રી નેમિનાથ પરમાત્માના પ્રથમ અને અંતિમ સમવસરણની રચના કરોડો દેવો દ્વારા કરવામાં આવી હતી...

૧૩. આ પાવનભૂમિમાં સહસાવનમાં સાધ્વીવર્યા રાજીમતીશ્રી સિદ્ધપદને પામ્યા હતા...

- **સહસાવન કલ્યાણભૂમિની સ્પર્શના-દર્શન-પૂજન કર્યા વગરની આપની ગિરનાર યાત્રા અધુરી રહી જાય છે. પહેલી ટૂંકની યાત્રા કરી કલ્યાણકભૂમિની સ્પર્શના કર્યા વગર નીચે પરત આવવું તે પરમાત્માની કલ્યાણક ભૂમિની ઉપેક્ષારૂપ મહાઆશાતના છે.**

- સહસાવનમાં સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ પરમાત્મા સહિત ચૌમુખજી પ્રતિમાજી વિશાળ સમવસરણ મંદિરના મૂળનાયક છે. ત્યાં શ્રી નેમિનાથ પરમાત્માના કાળમાં જ બનેલી જીવિત સ્વામી શ્રી નેમિનાથની અને શ્રી રહનેમિજીની પ્રતિમા સિદ્ધ અવસ્થામાં છે. ગુફામાં પ્રભાવક શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા છે.
- સહસાવનમાં શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકની દેરી પણ છે.
- સહસાવનમાં સહસાવન તીર્થના ઉદ્ધારક, સાધિક ૩૦૦૦ ઉપવાસ અને ૧૧૫૦૦ આયંબિલના ઘોર તપસ્વી પ.પૂ.આ. હિમાંશુસૂરિ મહારાજની અંતિમ સંસ્કાર ભૂમિ પણ છે.

## સહસાવન કલ્યાણકભૂમિની યાત્રા કેવી રીતે કરવી ?

શ્રી ગિરનારની પહેલી ટૂંક (૩૮૩૯ પગથીયા)થી ૨૮૦ પગથીયા ચડી ગૌમુખી ગંગાના મંદિરની પહેલા ડાબી બાજુ વળીને થોડું ચાલતા સેવાદાસનો આશ્રમ આવે છે. ત્યાંથી ૧૨૦૦ પગથીયા ઉતરતા વિશાળ સહસાવન સમવસરણ મંદિર આવે છે. ત્યાંથી ૧૦૦ પગથીયા ઉતરતા કેવળજ્ઞાન અને દીક્ષાકલ્યાણકની દેરી આવે છે. પાછા ૫૦ પગથીયા ચડીને તળેટીને રસ્તે ૩૨૦૦ પગથીયા ઉતરીને અડધો કિલોમીટર ચાલતા તળેટીની ધર્મશાળા આવે છે.

## સહસાવન જવા માટેનો બીજો રસ્તો

જય તળેટી આદિનાથ મંદિર તથા શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકાના મંદિરમાં દર્શન કરીને ૨૫ ડગલા પાછા ફરીને જમણી બાજુ દિગંબર ધર્મશાળાની બાજુમાંથી નીકળીને અડધો કિલોમીટર ચાલીને ૩૨૫૦ સહેલા પગથીયા ચડીને સહસાવન પહોંચી શકાય છે. ત્યાંથી ૧૨૦૦ પગથીયા ચડીને ૩૦૦ પગથિયાની ચડઉતર પછી ૨૮૦ પગથીયા ઉતરવાથી શ્રી નેમિનાથ પરમાત્માની પહેલી ટૂંકના મંદિરમાં પહોંચી શકાય છે. ચાર-પાંચ યાત્રિકો સાથે જવાથી આ રસ્તે ભયનું કોઈ કારણ રહેતું નથી.

## યાત્રાક્રમ

- સૌથી પહેલા ગિરનાર મહાતીર્થની તળેટીમાં આદિનાથ દાદાના જિનાલયે ચૈત્યવંદન કરવું.
- જયતળેટી પર શ્રી નેમિનાથ પરમાત્મા વગેરે પ્રભુજીની ચરણ પાદુકાની દેરીમાં ચૈત્યવંદન કરવું.
- ગિરનારની પહેલી ટૂંકની તરફ ૩૮૩૮ પગથીયા ચડતી વખતે આ પવિત્રભૂમિની આશાતના ન થાય તેમ મનમાં પવિત્રતા રાખવા ટેપરેકોર્ડર, મોબાઈલ અને રસ્તામાં મસ્તી-મજાક ન કરતા પરમાત્માનું નામ સ્મરણ કરતા તીર્થંકરની કલ્યાણક ભૂમિની સ્પર્શના કરવાની શુભ ભાવના સાથે ચડવું.
- યાત્રા દરમ્યાન નીચે દ્રષ્ટિ રાખીને ધીરે ધીરે જયણાપૂર્વક જીવદયાનું પાલન કરવું જોઈએ.
- યાત્રા દરમ્યાન કોઈનું મન કલુષિત ન થાય અને મર્યાદાનું પાલન થાય એવા વસ્ત્રો પહેરીને યાત્રા કરવી.
- યાત્રા દરમ્યાન કોઈ સાથે કષાય ન થાય અને કઠોર વાક્ય ન બોલાઈ જાય માટે મૌનપૂર્વક શાંતિથી યાત્રા કરવાનો આગ્રહ રાખવો.
- પહેલી ટૂંકે પહોંચીને શ્રી નેમિનાથ પરમાત્માના દર્શન કરી સ્નાન કરીને તૈયાર થવું. જો પ્રક્ષાલને થોડો સમય વાર હોય તો અંદરના ત્રણ મંદિર (૧) મેરકવસી (૨) સગરામસોની અને (૩) કુમારપાળના મંદિરના દર્શન-પૂજન કરશો. પછી મૂળનાયકની પક્ષાલ પૂજા કરીને આજુબાજુની દેરીની પૂજા કરશો. પછી મૂળનાયકની પૂજા કરીને બહારના મંદિરમાં દર્શન-પૂજન કરવા જશો. જો સામાન લઈને બહારના મંદિરની પૂજા કરવા જાઓ તો ચૌમુખજી મંદિર અને રહનેમિજી મંદિરની પૂજા કરીને સીધા સહસાવન કલ્યાણકભૂમિ તરફ જઈ શકાય છે.

## ગિરનાર ગિરિવરની ૯૯ યાત્રા કેવી રીતે કરશો ?

ગિરનારની ૯૯ યાત્રાથી આપ ગભરાઈ ગયા ?


તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી, હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતાં પણ ગિરનારની ૯૯ યાત્રા સાવ સરળ છે.

હા ! હા ! તેમાં આશ્ચર્ય પામવાની કોઈ જરૂર નથી !

- ગિરનારની પહેલી યાત્રામાં પહેલી ટૂંકના લગભગ ૩૮૪૦ પગથિયા ચડવાના.
- બીજી યાત્રા માટે સહસાવન તરફ ઉતરવા માટે પ્રથમ લગભગ ૨૮૦ પગથિયા ચઢવાના પછી ગૌમુખી ગંગાના સ્થાન પાસેથી ડાબી બાજુ લગભગ ૩૦૦ પગથિયાની ચડઉતર કરીને સેવાદાસના આશ્રમથી ૧૨૦૦ પગથિયા ઉતરતાં સહસાવન સમવસરણ મંદિર આવે. ત્યાંથી કેવળજ્ઞાન અને દીક્ષા કલ્યાણકની ભૂમિએ પહોંચતા લગભગ ૧૦૦ પગથિયા થાય ત્યાં પહેલી યાત્રા પૂર્ણ થાય.
- દીક્ષા કલ્યાણક ભૂમિથી પાછા બીજી યાત્રા શરૂ કરવા માટે લગભગ ૧૩૦૦ પગથિયા સેવાદાસ આશ્રમ સુધી ચડવાના ત્યારબાદ લગભગ ૩૦૦ પગથિયાની ચડઉતર કરીને લગભગ ૨૮૦ પગથિયા ઉતરતા પહેલી ટૂંકે આવી જવાય. ત્યાં દર્શન કરીને પાછા સહસાવન.
- દીક્ષા કલ્યાણભૂમિ સુધી જઈને પાછા પહેલી ટૂંકે આવવાનું પછી દર્શન કરીને જય તળેટી તરફ ઉતરવાનું અથવા વધુ યાત્રા કરવી હોય તો પાછા સહસાવન તરફ જવાનું અને પાછા દાદાની ટૂંકે આવી જય તળેટી જવાનું.

શત્રુંજયની પહેલી ટૂંકના લગભગ ૩૬૦૦ પગથિયા અને ઘેટી પાગના લગભગ ૨૮૦૦ પગથિયા થાય, જ્યારે અહીં પહેલી ટૂંકના લગભગ ૩૮૪૦ પગથિયા અને સહસાવનના માત્ર લગભગ ૧૯૦૦ પગથિયા થતાં હોવાથી અહીંની ૯૯ યાત્રા વધુ સરળ રીતે થાય છે.

માટે કોઈ પણ ડર રાખ્યા વગર અનંતા તીર્થંકર પરમાત્માની કલ્યાણકભૂમિ એવા ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રા કરવા દ્વારા કલ્યાણકભૂમિની વારંવાર સ્પર્શના કરવાની અમૂલ્ય તક ચૂકશો નહીં.



## અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના

દેવાંગના ને દેવતાઓ, જેની સેવના ઝંખતા,
મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતા,
જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતા,
**એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો.**

શાસ્ત્રકારો ફરમાવે છે કે...

ગિરનાર મહાતીર્થ મધ્યે આજ પર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા-કેવળ અને મોક્ષ કલ્યાણક થયેલ છે તથા અન્ય અનંતા તીર્થંકરના પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક થયા છે.

આ મહાતીર્થ ઉપર થયેલ અનંતા તીર્થંકર કલ્યાણક દિનોની તિથિ તથા ચોક્કસ સ્થાનથી પણ આપણે આજે અજ્ઞાત છીએ ત્યારે આપણા જન્મો જનમના અજ્ઞાન તિમિરને દૂર કરવા...

ચાલો ! શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની માસિક તિથિના દિવસે આ કલ્યાણકભૂમિની સ્પર્શના-ભક્તિની સાથે સાથે ભૂતકાળમાં થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણકની પાવનભૂમિની પણ સ્પર્શના-ભક્તિની આરાધના દ્વારા આપણા અનંતાજન્મોના વિષય-કષાયના કર્મમલને દૂર કરી આત્મકલ્યાણની આરાધના કરીએ.

શ્રી નેમિપ્રભુના કેવળજ્ઞાનકલ્યાણક અવસરે અમાસના દિવસે કરોડો દેવતાઓ દ્વારા સમવસરણની રચના થઈ હતી. ત્યારે શ્રી નેમિપ્રભુના શાસનના તથા શ્રી ગિરનારજી મહાતીર્થના અધિષ્ઠાયિકા દેવી તરીકે અંબિકાદેવીની સ્થાપના પણ અમાસના દિવસે જ થઈ હતી.

**દર માસની અમાસે ગિરનારજી મહાતીર્થની યાત્રા કરવા અવશ્ય પધારો...**

## બાલબ્રહ્મચારી શ્રી નેમિપ્રભુના કલ્યાણક દિન

**ચ્યવનકલ્યાણક :-**
આસો વદ ૧૨, શૌરીપુરી

**જન્મકલ્યાણક :-**
શ્રાવણ સુદ ૫, શૌરીપુરી

**દીક્ષાકલ્યાણક :-**
શ્રાવણ સુદ ૬, સહસાવન (ગિરનાર)

**કેવળજ્ઞાનકલ્યાણક :-**
ભાદરવા વદ અમાસ, સહસાવન (ગિરનાર)

**મોક્ષકલ્યાણક :-**
અષાઢ સુદ ૮, પાંચમી ટૂંક (ગિરનાર)

## -: સાધુ-સાધ્વીજી ભગવંતો માટેના વિહાર માર્ગો :-

૧. પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-બગસરા-ગિરનાર ૧૮૦ કિ.મી.
૨. પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-ચિતલ-દેરડી-જેતપુર-ગિરનાર ૨૧૦ કિ.મી.
૩. પાલીતાણા-ગારીયાધાર-અમરેલી-બગસરા-રાણપુર-ગિરનાર ૧૮૦ કિ.મી.
૪. પાલીતાણા-જેસર-સાવરકુંડલા-બગસરા-બિલખા-ગિરનાર ૧૯૫ કિ.મી.
૫. પાલીતાણા-મહુવા-ઉના-અજાહરા-વેરાવળ-માંગરોળ-વંથલી-ગિરનાર-લગભગ ૩૫૦ કિ.મી.
૬. અજાહરા-ઉના-પ્રભાસપાટણ-વેરાવળ-માંગરોળ-વંથલી-ગિરનાર ૧૮૫ કિ.મી.
૭. પોરબંદર-બળજે-વંથલી-ગિરનાર-૧૧૦ કિ.મી.
૮. પાટણવાવ-છત્રાસા-વંથલી-ગિરનાર-૪૮ કિ.મી.
૯. પાટણવાવ-મોટીમારડ-મજેવડી-ગિરનાર ૩૭ કિ.મી.
૧૦. જામનગર-કાલાવાડ-જામકંડોરણા-ધોરાજી-ગિરનાર ૧૪૫ કિ.મી.
૧૧. જામનગર-ભાણવડ-ઉપલેટા-ધોરાજી-ગિરનાર ૧૭૫ કિ.મી.
૧૨. રાજકોટ-ગોંડલ-જેતપુર-ગિરનાર ૧૦૫ કિ.મી.
૧૩. ધંધુકા-વિંછીયા-જસદણ-આટકોટ-ગોંડલ-જેતપુર-ગિરનાર ૨૦૦ કિ.મી.
૧૪. અમદાવાદ-કલીકુંડ-કોઠ-ફેદરા-ધંધુકા-રાણપુર-વિંછીયા-ગોંડલ-જેતપુર-ગિરનાર ૩૨૦ કિ.મી.
૧૫. અમદાવાદ-સાણંદ-વિરમગામ-સુરેન્દ્રનગર-ડોળીયા-ચોટીલા-ગોંડલ-જેતપુર-ગિરનાર ૩૪૦ કિ.મી.

## શ્રી ગિરનાર મહાતીર્થના ચોથા આરામાં થયેલા ઉદ્ધારો

જેમ સમય અને ઋતુઓમાં પરિવર્તન આવ્યા કરે છે તેમ કાળક્રમે શ્રી ગિરનારજી મહાતીર્થ ઉપર પણ ફેરફાર થતાં આવ્યા છે. ઘણા ભવ્યાત્માઓએ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તીર્થના ઉદ્ધાર કરાવ્યા છે.

૧. આ અવસર્પિણીમાં ચોથા આરામાં ભરત મહારાજાએ ગિરનાર તીર્થનો સર્વપ્રથમ ઉદ્ધાર કરાવ્યો હતો.

૨. ભરત મહારાજાના મોક્ષે ગયા બાદ છ ક્રોડ વર્ષ પછી દંડવીર્ય રાજાએ ગિરનાર તીર્થનો બીજો ઉદ્ધાર કરાવ્યો હતો.

૩. ત્યારબાદ સો સાગરોપમ વર્ષ પછી બીજા દેવલોકના ઈશાનઈન્દ્રે ગિરનાર તીર્થનો ત્રીજો ઉદ્ધાર કરાવ્યો હતો.

૪. ત્યારબાદ એક ક્રોડ સાગરોપમ વર્ષ પછી ચોથા દેવલોકના મહેન્દ્ર ઈન્દ્રે ગિરનાર તીર્થનો ચોથો ઉદ્ધાર કરાવ્યો હતો.

૫. ત્યારબાદ ૧૦ ક્રોડ સાગરોપમ વર્ષ પછી પાંચમા દેવલોકના બ્રહ્મેન્દ્રે ગિરનાર તીર્થનો પાંચમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૬. ત્યારબાદ લાખ ક્રોડ સાગરોપમ વર્ષ પછી ભવનપતિ નિકાયના ઈન્દ્રોએ ગિરનાર તીર્થનો છઠ્ઠો ઉદ્ધાર કરાવ્યો હતો.

૭. બીજા તીર્થંકર શ્રી અજિતનાથ પરમાત્માના શાસનમાં સાગર નામે બીજા ચક્રવર્તી થયા હતા તેણે ગિરનાર ગિરિનો સાતમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૮. ત્યારબાદ શ્રી અભિનંદનસ્વામી પરમાત્માના શાસનમાં વ્યંતર નિકાયના ઈન્દ્રે ગિરનાર તીર્થનો આઠમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૯. ત્યારબાદ શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવંતના શાસનમાં ચંદ્રયશા રાજાએ ગિરનાર તીર્થનો નવમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૧૦. સોળમા શ્રી શાંતિનાથ પરમાત્માના પુત્ર શ્રી ચક્રધર રાજાએ ગિરનાર ગિરિનો દસમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૧૧. વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માના શાસનમાં દશરથ રાજાના પુત્ર રામચંદ્રજીએ ગિરનાર તીર્થનો અગિયારમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૧૨. બાવીસમા શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં પાંડવોએ ગિરનાર તીર્થનો બારમો ઉદ્ધાર કરાવ્યો હતો.

૧૩. શ્રી નેમિનાથ પરમાત્માના નિર્વાણ પછી બે હજાર વર્ષ પછી રત્નાશા નામના શ્રાવકે ગિરનાર તીર્થ ઉપર અંબિકાદેવીની સહાયથી બ્રહ્મેન્દ્રે બનાવેલી વર્તમાન વિશ્વની સૌથી પ્રાચીન એવી શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાજી પધરાવી ગિરનાર તીર્થનો તેરમો ઉદ્ધાર કરાવ્યો. રત્નાશાની પ્રતિષ્ઠા કરાવેલી પ્રતિમા લગભગ ૮૪૭૮૮ વર્ષથી આજ દિન સુધી ગિરનાર મહાતીર્થ ઉપર બિરાજમાન છે.

## ગિરનાર મહાતીર્થના પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો

સૌ પ્રથમ અનાર્યદેશ બેબીલોનના રાજા નેબુચન્દ્ર જે પ્રાયઃ પરમાત્મા મહાવીર સ્વામીના શાસનના શ્રેણિકરાજાના મિત્ર હતા. તે પોતાના પુત્રમુનિને શોધવા ભારતમાં આવ્યા ત્યારે જૈન ધર્મથી પ્રભાવિત થઈ તેનો જીર્ણોધ્ધાર કરાવ્યો. (કેટલાક ગ્રંથોમાં ૧૯૩૫માં પ્રભાસ પાટણમાં મળી આવેલ તામ્રપત્રના આધારે આવુ અનુમાન કરવામાં આવે છે, તત્ત્વ તો કેવલી ભગવંત જાણે.) આ ઉદ્ધાર ચોથા આરાના છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન થયો હોય તેવી પણ સંભાવના છે.)

- વિ.સં. ૧૫૪માં થયેલા શ્રી પાદલિપ્તસૂરીશ્વરજીએ ગિરનાર પર્વતની નીચે કિલ્લાની પાસે શ્રી નેમિનાથના ચરિત્રનું વ્યાખ્યાન કર્યું હતું ! તે સાંભળી નાગાર્જુને દશાર્હ મંડપ, ઉગ્રસેનનો મહેલ, વિવાહ મંડપ, ચોરી આદિ કૌતુકાર્થે બનાવ્યા હતા. જે ચૌદમાં સૈકા સુધી વિદ્યમાન હતા. વિ.સં. ૫૧૨-૧૩ (ઈસ. ૪૫૫-૫૬)માં સમુદ્રગુપ્તના સુબા ચક્રપાલીતે ગિરનારના સુદર્શનનો ઉદ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૧૧૩ના જેઠ માસની ચૌદશના દિવસનો લેખ ગિરનારના મુખ્ય શ્રી નેમિનાથજીના મંદિરના થાંભલા પર છે.
- વિ.સં. ૧૧૧૫ના ચૈત્ર સુદ ૮ને રવિવારે (ગિરનાર પર) દેવોના જૂના દેરાં કાઢી નવા બનાવ્યા. એવો લેખ ટોડ સાહેબને મળ્યો હતો.

વિ.સં. ૧૧૩૫માં ગિરનારમાં પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ મુખ્ય મંદિરના થાંભલા પર છે. વિ.સં. ૧૧૮૫ની સાલમાં પાટણ નરેશ સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન દ્વારા અસલ કાષ્ઠનાં મંદિરના સ્થાને ગ્રેનાઈટના શ્યામવર્ણના પાષાણ દ્વારા જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો હતો જેને ‘કર્ણ વિહાર’ નામ આપવામાં આવ્યું હતું. વિશ્વમાં પ્રાયઃ એક માત્ર એવો પ્રાસાદ શ્યામવર્ણના ગ્રેનાઈટના પાષાણમાંથી બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તીર્થના ઘણા ઉદ્ધાર થયા પરંતુ નેમિનાથ પરમાત્મા અને આ પ્રાસાદ યથાવત્ રાખીને ઉદ્ધાર કરવામાં આવ્યા છે.

- વિ.સં. ૧૨-૧૩મા સૈકાનું પ્રાચીન અંબિકાદેવીનું મંદિર ગિરનાર ઉપર છે. વિ.સં. ૧૨૨૨-૨૩માં સોરઠના દંડનાયક શ્રીમાલી આંબાક મંત્રીએ ગિરનારની પાજ અને ધવલ શ્રેષ્ઠિએ વાવ બંધાવી.
- વિ.સં. ૧૨૭૦ કે ૧૩૧૬ કાગ્ભાગમાં મંડલીક રાજાએ ગિરનાર પરના નેમિનાથ ભગવાનનો પ્રાસાદ સુવર્ણ પતરાથી બંધાવ્યો. એવો એક શિલાલેખમાં ઉલ્લેખ છે.
- વિ.સં. ૧૨૭૮મા વસ્તુપાલે દેવાલયો સમરાવ્યા એવો એક લેખ મુખ્ય જિનાલયના થાંભલા ઉપર છે તથા ૧૨૭૮-૮૮માં ગિરનારજી ઉપર કલામય મંદિરો બંધાવ્યા. વિ.સં. ૧૨૮૮ના ૭ શિલાલેખો વસ્તુપાલની ટૂંકમાં છે.
- વિ.સં. ૧૩મા સૈકામાં તેજપાળે ગિરનારની તળેટીમાં પોતાના નામનો કિલ્લો, વાવડી, મંદિર અને તેજપુર ગામ વસાવ્યું.
- વિ.સં. ૧૩મા સૈકામાં કુમારપાળે ગિરનાર પર ટૂંક બંધાવી.
- વિ.સં. ૧૩મા સૈકામાં પલ્લીવાલ શ્રેષ્ઠિના કુટુંબીઓએ શત્રુંજય, ગિરનાર, આબુ, જાલોર, તારંગા, પાટણ, લાડોલ, પાલનપુર અને ચારૂપ આદિ સ્થાનમાં જિનમંદિરોમાં મૂર્તિઓ બેસાડી અને ધર્મસ્થાનોની સ્થાપના કરી.
- વિ.સં. ૧૩૩૩ના એક શિલાલેખમાં શ્રેષ્ઠિ હરિપાલે નેમિનાથના મંદિરને કંઈક ભેટ આપ્યાનો ઉલ્લેખ છે.
- વિ.સં. ૧૩૩૫નો એક ખંડિત શિલાલેખ મંદિરના થાંભલા ઉપર છે તેમાં વિલ્હણ શ્રેષ્ઠિ સંબંધી ઉલ્લેખ છે.
- વિ.સં. ૧૩૩૯ના લેખમાં શ્રેષ્ઠિ પૂનમસિંહે મંદિરને કંઈક ભેટ આપ્યાનો ઉલ્લેખ છે.
- વિ.સં. ૧૩૫૮નો લેખ મુખ્ય જિનાલયના અમિઝરાના ઉપરના રંગમંડપમાં રહેલા શ્રી નેમિનાથની પ્રતિમા ઉપર છે.
- વિ.સં. ૧૪૮૫નો લેખ ચૌમુખજીની પ્રતિમા નીચે છે. જે ચૌમુખજી વસ્તુપાલ-તેજપાલના મંદિરમાં છે.
- વિ.સં. ૧૫૧૭-૧૮નો લેખ ગિરનાર સંપ્રતિના મંદિરમાંની શ્રી નેમિનાથની મૂર્તિ ઉપર છે.
- વિ.સં. ૧૫૪૬ના લેખો વસ્તુપાલ-તેજપાલના મંદિરમાં ત્રણ મૂર્તિઓ ઉપર છે તથા
- વિ.સં. ૧૫૫૬ના લેખો ચૌમુખજીની ત્રણ પ્રતિમા નીચે છે.
- વિ.સં. ૧૬મા સૈકામાં ગિરનાર પર અંબિકાદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર થયો.
- વિ.સં. ૧૬મા સૈકા (૧૫૦૯)માં શ્રેષ્ઠિ શાણરાજ અને ભુંભવે ગિરનારમાં બાવન જિનાલયવાળો ઈન્દ્રનીલતિલક નામનો પ્રાસાદ બનાવ્યો.
- વિ.સં. ૧૬૮૩માં દીવ નિવાસી શ્રીમાળી શેઠ માનસિંહ મેઘજીએ ગિરનારની પાજનો ઉદ્ધાર કરાવ્યો, આવો લેખ ગિરનારના ૨૬૦૦ પગથિયા પાસે રાણકદેવીના પથ્થર આગળ છે.

### -: ગિરનારના અર્વાચીન ઉદ્ધારો :-

- વિ.સં. ૧૮૪૩માં શેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ સંગ્રામસોનીની ટૂંકનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
- **વિ.સં. ૧૮૪૮ થી વિ.સં. ૧૮૭૫/૭૯** દરમ્યાન **પ.પૂ.આ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ.સા.** ની નિશ્રામાં જીર્ણોદ્ધાર થયો હતો.

મારવાડમાં શુદ્ધદંતિ (સોજલ)માં મહેતા હરખચંદના ધર્મપત્ની શ્રીમતિ ગમનાબાઈની કુક્ષીએ વિ.સં. ૧૮૦૧ની સાલમાં તેઓશ્રીનો જન્મ થયો હતો. વિ.સં ૧૮૧૭માં દીક્ષા થઈ હતી. જ્ઞાનાભ્યાસાદિ યોગોમાં અપ્રમત્ત રહી પ્રગતિ કરતાં વિ.સં. ૧૮૪૧ના માગશર સુદ પાંચમના દિવસે તેઓશ્રીને વડીલો દ્વારા આચાર્યપદ પ્રદાન કરવામાં

આવ્યું હતું.

પ્રભુવીરની ૫૮મી પાટે થયેલ અકબર બાદશાહ પ્રતિબોધક તપાગચ્છીય પ.પૂ. આચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૯ મી પાટે બિરાજતા પૂજ્યશ્રીને વિ. સં. ૧૮૪૧ મહા સુદ દસમના દિવસે ગચ્છનાયકના પદે સ્થાપવામાં આવ્યા હતા અને મહા સુદ અગ્યારસના દિવસે શ્રી શત્રુંજયગિરિ પર મોદી પ્રેમચંદની ટૂંકમાં શ્રી સર્વતોભદ્ર જિનપ્રાસાદમાં અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા તેઓશ્રીના શુભ હસ્તે થઈ હતી.

આચાર્ય ભગવંતના માર્ગદર્શનથી શ્રી ગિરનાર મહાતીર્થના શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયના પરિસરમાં, મેરકવસીની ટૂંક, સગરામ સોનીની ટૂંક આદિ જિનાલયોમાં અનેક પ્રકારના જીર્ણોદ્ધારના કાર્યો થયા હતા. તેઓશ્રીના શુભહસ્તે વિ. સં. ૧૮૪૮ વૈશાખ સુદ છટ્ઠ શુક્રવારના મંગલદિન અંજનશલાકા થયેલ લગભગ ૧૦૭ પ્રભુજીની પ્રતિષ્ઠા નેમિનાથ ભગવાનના પ્રથમ રંગમંડપમાં, ભમતીમાં તથા જેઓ આ જીર્ણોદ્ધારની દેખરેખ રાખતાં હતા તે શેઠ જગમાલ ગોરધન દ્વારા બંધાવેલ શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં કરવામાં આવી હતી. વિ.સં. ૧૮૫૯/૬૨ની સાલમાં લગભગ ૮૭ પ્રભુજીની અંજનશલાકા પ્રતિષ્ઠા મેરકવસીના જિનાલયના પરિસરમાં મુખ્ય જિનાલય ઉપરાંત અષ્ટાપદજી જિનાલય, પંચમેરૂ જિનાલયાદિમાં થઈ હતી અને વિ.સં. ૧૮૭૫/૭૯ આદિ સાલમાં લગભગ ૧૫ પ્રભુજીની અંજનશલાકા-પ્રતિષ્ઠા સગરામસોનીના જિનાલયમાં કરવામાં આવી હતી.

આ રીતે ગિરનારના અર્વાચીન ઉદ્ધારમાં લગભગ ૨૦૯ પ્રભુજીની અંજનશલાકા- પ્રતિષ્ઠા તપાગચ્છીય આચાર્ય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભ હસ્તે થઈ હોવાનો ઉલ્લેખ જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪માં કરવામાં આવેલ છે.

આ સિવાય તેઓશ્રી દ્વારા વિ. સં. ૧૮૬૦માં સુરતમાં શા. પ્રેમચંદ ઝવેરચંદ ઓશવાલ અને અનેક શ્રાવકો દ્વારા ભરાવેલાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી. શત્રુંજયના પાંચ પાંડવના દેરાસરમાં સહસ્ત્રકુટની પ્રતિષ્ઠા વિ. સ. ૧૮૬૦ના વૈશાખ સુદ પાંચમે કરી હતી, શત્રુંજય મહાતીર્થના છાલાકુંડની ઉપર શ્રીપૂજની ટૂંકની પ્રતિષ્ઠા કરી હતી. આ ટૂંકનું બીજું નામ જિનેન્દ્ર ટૂંક પણ છે. તેઓશ્રીએ સિરોહીમાં પણ જિનેન્દ્રટૂંકની સ્થાપના કરી હતી અને રાંતેજમાં બાવનદેરીવાળા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવીને પ્રતિષ્ઠા કરી હતી.

વિ.સં. ૧૮૮૪ પોષ વદ ૧૧ના તેઓશ્રી સિરોહી (કે સિહોર)માં કાળધર્મ પામ્યા હતા.

- વિ.સં. ૧૮૫૭ના લેખવાળી અભિનંદન સ્વામીજીની મૂર્તિ કુમારપાળની ટૂંકના મુખ્ય મંદિરમાં છે.
- વિ.સં. ૧૯૦૧માં ઓસવાલ શેઠ માનસિંહ ભોજરાજે ગિરનાર ઉપર ટૂંક બંધાવી.
- વિ.સં. ૧૯૩૨માં શેઠ નરશી કેશવજીએ ગિરનારજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
- ✷ વિ.સં. ૧૯૭૯ થી લગભગ ૨૬ વર્ષ ગિરનાર તીર્થોદ્ધારક **પ.પૂ.આ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.** ના નિશ્રામાં **(જન્મ - વિ.સં. ૧૯૩૦ - સ્વર્ગવાસ - વિ.સં. ૧૯૯૮)** જીર્ણોદ્ધાર થયો હતો.

વિ.સં. ૧૯૭૮ના તે ધન્યદિનની મંગલઘડી!

વેરાવળ મુકામે પ.પૂ.આ. શ્રીનીતિસૂરિ મહારાજ સાહેબની પાવનનિશ્રામાં પરમાત્મભક્તિનો અટ્ઠાઈ મહોત્સવ હતો. સંગીતની સૂરાવલી સાથે પરમાત્માની પૂજા ભણાતી હતી ત્યારે જૂનાગઢના દિવાન સાહેબ શ્રી ત્રીભોવનદાસભાઈની પૂજામાં પધરામણી થઈ હતી. પરમાત્માની સંગીતમય પૂજા અને પૂજ્યશ્રીના દર્શન પામી ધન્યતા અનુભવી રહેલા દિવાનના મુખ ઉપર આનંદ વર્તાઈ રહ્યો હતો, ત્યારે વર્ષોથી ગિરનારના જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવવાના મનોરથો સેવતા પૂજ્યશ્રીએ આ તકનો લાભ ઉઠાવી વેરાવળના ટ્રસ્ટીગણને ઈશારો કર્યો. સમજુ શ્રાવકોએ પૂજ્યશ્રીની ભાવના જાણીને દિવાનસાહેબને તે જીર્ણોદ્ધાર માટે નવાબસાહેબની સંમતિ મેળવી આપવા વિનંતી કરી હતી. દિવાનસાહેબ પણ આ જીર્ણોદ્ધાર થાય તેમાં રાજી હોવાથી તે આગેવાનોને જૂનાગઢના સંઘના અગ્રણીઓને સાથે લઈને જૂનાગઢમાં મળવા આવવા માટે જાણ કરી તથા આ સંમતિ અપાવવા તૈયારી દર્શાવી હતી.

ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્યશ્રી વિહાર કરી

જૂનાગઢ પધાર્યા અને વેરાવળના આગેવાનો તથા જૂનાગઢ સંઘના અગ્રણીઓએ સાથે જઈ દિવાનસાહેબ પાસે જીર્ણોદ્ધાર કરાવવા અંગે પ્રસ્તાવ મૂક્યો. દિવાનસાહેબે તે આગેવાનો પાસેથી જીર્ણોદ્ધાર કરાવવાની પદ્ધતિ, તેના માટે આર્થિક અને વહીવટીય વ્યવસ્થા અને કામકાજ માટે વિવિધ સમિતિઓ દ્વારા કઈ રીતે કામ થશે વગેરે માહિતી જાણી ત્યારે તેમણે જણાવ્યું કે : ''નવાબસાહેબને પણ આ જીર્ણોદ્ધાર થાય તેમાં વિશેષ રસ હોવાથી આ જીર્ણોદ્ધાર સુંદર રીતે સંપન્ન થાય તેનો ખ્યાલ રાખવો અને તેમાં રાજ્ય તરફથી પણ જે સગવડની જરૂરીયાત હશે તે પણ મળી જશે એવું તેમણે જણાવ્યું છે.''

પૂજ્યશ્રીના પ્રચંડપુણ્યોદયે અનંતા તીર્થંકર પરમાત્માના અનંતા કલ્યાણકોથી ભાવિત થયેલા ગઢ ગિરનારના જિનાલયોનો જીર્ણોદ્ધાર નક્કી થઈ ગયો. જિનાલયોની કથળતી પરિસ્થિતિને જોઈને વર્ષોથી જીર્ણોદ્ધારના સ્વપ્નદૃષ્ટા એવા પૂજ્યશ્રીના આનંદનો પાર ન હતો. પૂજ્યશ્રીએ ચોતરફ આ જીર્ણોદ્ધારના સમાચાર વહેતા મૂક્યા અને ગામોગામ અનેક સંઘોમાં સૌના હૈયે આજે આનંદ સમાતો ન હતો. પૂજ્યશ્રીના અથાગ પ્રયત્ન અને પ્રેરણાથી ગામેગામથી ફુલ નહીં તો ફુલની પાંદડી સ્વરૂપે આ જીર્ણોદ્ધાર માટેની રકમો નોંધી-નોંધીને ભરાવા લાગી હતી.

પૂજ્યશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વ્યવસ્થાઓની કમિટિઓ કાર્યપદ્ધતિઓ, આર્થિક વ્યવસ્થા, કુશળ શિલ્પીઓ દ્વારા વિવિધ નકશા, વિવિધ કારીગરો અને યોજનાઓ અંગેની વિચારણાઓ સાથે ચતુર્વિધસંઘના હર્ષોલ્લાસપૂર્વક ગિરનાર મહાતીર્થની પહેલી ટૂંકના ૧૪ જિનાલયોના જીર્ણોદ્ધારના કાર્યની ભૂમિકા રચવાનું કામ ખૂબજોરમાં શરૂ થયું. અવસરે અવસરે માર્ગદર્શનાદિની અનુકૂળતાર્થે પૂજ્યશ્રીએ વિ.સં. ૧૯૭૯નું ચાતુર્માસ જૂનાગઢ ગામમાં જ કર્યું.

ભારતદેશ અને ગુજરાત રાજ્યની વિષમ પરિસ્થિતિ અને ગિરનાર પહાડ ઉપરના વિકટ કુદરતી વાતાવરણ વચ્ચે વિ.સં. ૧૯૭૯, ચૈત્ર સુદ ૧૦ થી ગિરનાર મહાતીર્થની પહેલી ટૂંકના શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલય સહિત ચૌદ-ચૌદ જિનાલયોના જીર્ણોદ્ધારનું ભગીરથ કાર્ય શરૂ થયું હતું અને પૂજ્યશ્રીના તપ-જપ-સંયમ તથા ગુરૂ-પ્રભુ અને શાસનપ્રત્યેની અવિહડ શ્રદ્ધા - નિષ્ઠા અને સંકલ્પબળના પુણ્યપ્રભાવે આ જીર્ણોદ્ધારનું કાર્ય તેઓશ્રીની હયાતી અને ત્યારબાદ પણ તેઓશ્રીના શિષ્યવૃંદ દ્વારા અવિરતપણે લગભગ ૨૬-૨૭ વર્ષ પર્યંત ચાલ્યુ હતું.

આ જીર્ણોદ્ધાર દરમ્યાન દરેક જિનાલયમાં શ્વેતવર્ણના આરસના પાષાણો દ્વારા પરમાત્માની ગાદીઓ, પબાસણો, ગોખલાઓ, દેરીઓ, થાંભલીઓ, કેટલીક દેવકુલિકાઓનું નવનિર્માણ, કેટલાક જિનાલયોના શિખરો તૂટી ગયેલા તે સમરાવ્યા હતા, કેટલાક જિનાલયોના રંગમંડપના ઘુમ્મટો, સામરણો અને છતો નષ્ટપ્રાયઃ થવા પામ્યા હતા તેનું જરૂરીયાત મુજબ સમારકામ અથવા નવનિર્માણ કરાવવામાં આવ્યું હતું, તો કોઈ જિનાલય સંપૂર્ણતયા નષ્ટ થઈ ગયેલ હોવાથી તેનું નવનિર્માણ કરાવવામાં આવ્યું હતું, કેટલાક ઘુમ્મટોને તો રંગબેરંગી ટાઈલ્સના ટૂકડાઓની વિવિધ ડીઝાઈનો બનાવીને સુશોભિત કરવામાં આવ્યા હતા. લગભગ બધા શિખરોના આમલસારો, કળશ અને ધજાદંડો નવા બનાવવામાં આવ્યા હતાં. આ જીર્ણોદ્ધાર દરમ્યાન વિ.સં. ૧૯૮૫માં મા.વ. ૫ના દિવસે કેટલીક નૂતન દેરીઓમાં પ.પૂ.આ. નીતિસૂરિ મહારાજ સાહેબના શુભહસ્તે અનેક પ્રભુજીની પ્રતિષ્ઠાઓ પણ થઈ હતી. (ત્યારબાદ વિ.સં. ૨૦૦૬ માં તેઓશ્રીના શિષ્યરત્ન પૂ.આ. હર્ષસૂરિ મ.સા. આદિ દ્વારા પણ અનેક પ્રભુજીની પ્રતિષ્ઠાઓ થઈ હતી) વર્તમાનમાં આ તીર્થ ઉપર પૂ.આ. નીતિસૂરિ મહારાજ સાહેબ તથા તેઓશ્રીના શિષ્યવૃંદ દ્વારા અંજનશલાકા - પ્રતિષ્ઠા થયેલા લગભગ ૪૧ પ્રભુજીઓ બિરાજમાન છે.

પૂજ્યશ્રીની પ્રેરણા માર્ગદર્શનથી ગિરનાર, પ્રભાસ પાટણ, મેવાડ, ચિત્તોડ આદિ અનેક તીર્થોના જીર્ણોદ્ધાર તથા સંઘોના જિનાલયોના જીર્ણોદ્ધાર પણ થયા હતા.

* વિ.સં. ૧૯૮૩ થી શાસનસમ્રાટ પ.પૂ.આ. **શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા. (જન્મ - વિ.સં. ૧૯૨૯ - સ્વર્ગવાસ - વિ.સં. ૨૦૦૫)** દ્વારા તીર્થ અંગે માર્ગદર્શન અપાતા હતા.

સોહામણા સોરઠદેશની રમણીય ધરતી ઉપર મહુવાબંદર આવેલું છે. જેમાં સૌરાષ્ટ્રમાં વર્ધમાનપુરી

અર્થાત્ વઢવાણ (સીટી)ના મૂળવતની પછી વર્ષો પહેલા મહુવા જઈ વસેલા પ્રખ્યાત એવા સતરા કુટુંબમાં ખૂબ જ ધર્મિષ્ઠ, સંસ્કારી, સંતોષી અને અધ્યાત્મરસિક એવા લક્ષ્મીચંદભાઈ રહેતા હતા. તેમના અનેકગુણોથી સદા દીપતા એવા દીવાળીબેન નામના ધર્મપત્નિ હતા. વિ.સં. ૧૯૨૯ના નૂતનવર્ષના કારતક સુદ એકમના મંગલદિને દીવાળીબેનની રત્નકુક્ષીએ ભાવિમાં જિનશાસનમાં ધર્મનો પ્રકાશ ફેલાવનારા પુત્રરત્નનો જન્મ થયો હતો. જેનું નામ નેમચંદ પાડવામાં આવ્યું હતું. અનેકવિધ સંસ્કારો, સત્ત્વ અને શૌર્યના સ્વામી નેમચંદે અનેકવિધ વિઘ્નોનો સામનો કરીને વિ.સં. ૧૯૪૫ જેઠ સુદ સાતમના દિવસે ચારિત્રગ્રહણ કર્યું હતું.

દિનપ્રતિદિન શાસ્ત્રાભ્યાસ, વિચક્ષણબુદ્ધિ, કટોકટી અવસરે તાત્કાલિક નિર્ણય કરવાની ગજબની શક્તિ, ત્યાગ, શાસનપ્રભાવકતા, ગીતાર્થતા, નિર્દંભતા, પરોપકારિતા, કાર્યકુશળતા, અલૌકિક બુદ્ધિમતા આદિ અનેકગુણોને પોતાના જીવનમાં આત્મસાત કર્યા હતા. જેના કારણે અનેક સંઘો, પૂજ્યો તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીગણ પણ અવારનવાર તેઓશ્રીની સલાહ લેવા પધારતા હતા.

પૂજ્યશ્રીની તીર્થભક્તિ અનેરી હતી. સ્તંભનતીર્થ, શેરીસાતીર્થ, કદમ્બગિરિતીર્થ, કાપરડાજીતીર્થ આદિના ઉદ્ધારો તથા પ્રતિષ્ઠાદિ પૂજ્યશ્રીના શુભહસ્તે થયા હતા. ગિરનાર મહાતીર્થની વિષમ પરિસ્થિતિ અવસરે પૂજ્યશ્રી પેઢીને સચોટ માર્ગદર્શન આપતાં અને પેઢીની સહાયમાં રહેતા હતા. પૂજ્યશ્રીને પોતાના નામવાળા નેમિપ્રભુ અને ગિરનાર મહાતીર્થ સાથે વિશેષ લાગણી હોવાથી તેઓશ્રીની પાવનનિશ્રામાં ઐતિહાસિક સંઘોના આયોજન થયા હતા.

વિ.સં. ૧૯૮૩ માગશર વદ ૧૩ના મંગલદિને પૂજ્યશ્રીની નિશ્રામાં પાટણના શેઠશ્રી નગીનદાસ કરમચંદભાઈએ પાટણથી કચ્છ ભદ્રેશ્વર થઈ ગિરનારનો અનુમોદનીય સંઘ કાઢ્યો હતો જેમાં લગભગ ૬૫ સાધુમહાત્માઓ, ૨૬૭ સાધ્વીજીભગવંતો, ૫૮૫ મોટરગાડીવાળા, ૪૨૮ નોકરચાકરો, ૮૦ ચોકીયાત, ૨૫૦ છ'રીપાલિત ભાવુકો, ૨૬૦૦ યાત્રિક સાથે ચાંદીનું જિનાલય, તંબૂ-પાલ, શમીયાણાઓ વગેરે સાધનસામગ્રીઓ હતી. અચાનક શાસનના વિશિષ્ટ કાર્યાર્થે પૂજ્યશ્રીને અમદાવાદ તરફ જવું અનિવાર્ય હોવાથી તેઓશ્રી ધ્રાંગધ્રાથી આ સંઘથી છૂટા પડી ગયા હતા. તે અવસરે પ.પૂ.આ. નીતિસૂરિ મ.સા., પ.પૂ.આ. ભક્તિસૂરિ મ.સા., પ.પૂ.આ. માણિક્યસિંહસૂરિ મ.સા., પ.પૂ.પં. ભક્તિવિજયજી (રાધનપુરવાળા) વગેરે પૂજ્યો સંઘ સાથે કચ્છ-ભદ્રેશ્વર થઈ ગિરનાર પહોંચ્યા હતા.

આ ઉપરાંત પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં આ યુગના ભગીરથકાર્ય તરીકે રાજનગરના શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ દ્વારા રાજનગર-અમદાવાદથી ગિરનાર મહાતીર્થ થઈ સિદ્ધાચલ મહાતીર્થના વિશાળસંઘનું આયોજન થયું હતું. આ સંઘમાં પૂજ્યશ્રી સમેત પૂ. સાગરજી મ.સા., પૂ. મોહનસૂરિ મ.સા., પૂ.આ. મેઘસૂરિ મ.સા. વગેરે ૨૭૫ આસપાસ મુનિભગવંતો, ૪૦૦ આસપાસ સાધ્વીજી ભગવંતો, લગભગ ૧૩ હજાર છ'રી પાળતાં યાત્રિકો, ૮૫૦ જેટલા બળદગાડાઓ, અનેક મોટર-ગાડી વગેરે ૧૩૦૦ જેટલા વાહનો, ચાંદીનો મહેન્દ્રધ્વજ, સુવર્ણરસેલો ચાંદીનો રથ, ચાંદીનો મેરુપર્વત, ચાંદીનું જિનમંદિર, ચાંદીની અંબાડી, બે-બે ગજરાજો વગેરે અનેક રાચરચીલા સહિતનો આ સંઘ જોવા માટે રાણી વિક્ટોરીયા પણ ખાસ પધાર્યા હતા.

આ ઉપરાંત જામનગરથી ગિરનારનો પણ ઐતિહાસિક સંઘ કાઢ્યો હતો.

વિ.સં. ૧૯૮૪ ફાગણ સુદ ૩ શુક્રવાર, વિ.સં. ૧૯૯૯ ફાગણ સુદ-૨ સોમવાર તથા વિ.સં. ૨૦૦૪ વૈશાખ વદ-૫ શુકવારના મંગલદિને પૂજ્યશ્રીના શુભહસ્તે અંજનશલાકા થયેલ લગભગ ૪૪ પ્રભુજીઓ આજે પણ આ ગિરનાર મહાતીર્થ ઉપર જોવા મળે છે. જેમાંથી કેટલીક પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા સ્વયં પૂજ્યશ્રીના શુભહસ્તે થઈ હોવાની સંભાવના છે. બાકી વિ.સં. ૨૦૦૬ વૈશાખ સુદ સાતમના પૂ.આ. નીતિસૂરિ મ.સા.ના શિષ્ય પૂ. આ. હર્ષસૂરિ મ.સા.ના શુભહસ્તે થઈ હતી.

જીવદયા, જીર્ણોદ્ધાર, તીર્થરક્ષા, શુદ્ધ સંયમપાલન, જ્ઞાનોદ્ધાર જિનશાસનના અનેકવિધ અંગોમાં સફળતા પામેલ પૂજ્યશ્રી ''શાસનસમ્રાટ''ના

વિશેષણથી પ્રસિદ્ધિ પામ્યા હતા.


✷ વિ.સં. ૨૦૨૭ નેમિપ્રભુના દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકભૂમિ સહસાવનને પ્રકાશમાં લાવવા માટે સહસાવનનો તીર્થોદ્ધાર કરાવવાનો મંગલ પ્રારંભ પ.પૂ.આ. **હિમાંશુસૂરીશ્વરજી મ.સા.** **(જન્મ - વિ.સં. ૧૯૬૩ - સ્વર્ગવાસ - વિ.સં. ૨૦૫૯)** દ્વારા થયો હતો.

ગરવા ગિરનારના પવિત્ર વાયુમંડળથી સુવાસિત બનેલી જૂનાગઢની પાવનભૂમિ !

હેમાભાઈના વંડાનો ઉપાશ્રય !

વિક્રમ સંવત ૨૦૨૭ની સંધ્યાનો સુવર્ણ સમય ! તપસ્વી સમ્રાટ પ.પૂ.આચાર્ય હિમાંશુસૂરીશ્વરજી મહારાજા પોતાની નિત્યજાપની આરાધનામાં લીન હતા ત્યાં અચાનક જ તે સ્થાનમાં દિવ્યપ્રકાશ થયો અને શાસનદેવીએ દિવ્યસ્વરૂપે દર્શન આપી પૂજ્યશ્રીને કલ્યાણકભૂમિ સહસાવનનો ઉદ્ધાર કરવા પ્રેરણા કરી. આ દિવ્યપ્રેરણાના આલંબનથી પૂજ્યશ્રીના માનસપટ ઉપર અનેક વિચારો ગતિમાન થવા લાગ્યા હતા.

આ તીર્થોદ્ધાર કેવી રીતે કરવો ? ક્યાંથી શરૂઆત કરવી ? વગેરે અનેક પ્રશ્નોના નિરાકરણ માટે વિચાર કરતાં કરતાં પ્રથમ તો પહેલી ટૂંકથી સહસાવન જવાના માર્ગના પગથિયા તૂટેલા અને અસ્તવ્યસ્ત હતા તેનું સમારકામ કરાવવા પ્રેરણા કરી અને સહસાવનથી તળેટી જવા માટે માત્ર જંગલની કાચી કેડીનો માર્ગ હયાત હતો તેના સ્થાને પૂજ્યશ્રીની પાવન પ્રેરણા અને પુણ્યપ્રભાવે સરકારી ખાતામાંથી સંમતિ મેળવીને કાળાપાષાણને ઘડીને પગથિયાનો સુગમમાર્ગ બનાવવામાં આવ્યો હતો. સાથે સાથે અનંતા તીર્થંકરોના કલ્યાણકોથી વાસિત થયેલ સહસાવનના ગાઢ જંગલમાં એક નયનરમ્ય




જિનાલયના નિર્માણ માટે ભૂમિ મેળવવા માટે વિક્રમ સંવત ૨૦૩૪-૩૫થી ચક્રો ગતિમાન થયા હતા. તેના ફળ સ્વરૂપે સહસાવનની ભવ્યભૂમિમાં જ્યાં ૧ ફૂટ જગ્યા પણ મેળવવી મુશ્કેલ હતી ત્યાં હજારો ફૂટ જમીન શ્રીસરકાર પાસેથી ૯૯ વર્ષના ભાડા પટ્ટે મળી હતી.

આ જગ્યા મળતાં જિનાલય નિર્માણ માટેનો પૂજ્યશ્રીનો ઉલ્લાસ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તેઓની દીર્ઘદ્રષ્ટિથી આ કલ્યાણભૂમિની ભાવિ ભવ્યતા માટે નેમિનાથ પરમાત્માના દીક્ષા અને કેવળજ્ઞાનકલ્યાણકભૂમિની ચીરકાલીન સુરક્ષા-સ્મૃતિ અર્થે એક નયનરમ્ય સમવસરણ મંદિરનું નિર્માણકાર્ય ઝડપભેર ચાલવા લાગ્યું અને આવા જંગલમાં જિનાલય માટેનો માલ સામાન ઉપર ચડાવી કામ કરવું અત્યંત કઠીન હોવા છતાં પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે વિક્રમસંવત ૨૦૪૦ ચૈત્ર વદ પાંચમના શુભદિવસે પૂજ્યશ્રી ઉપરાંત પૂજ્યશ્રીના સંસારી પુત્ર પ.પૂ.આ. નરરત્નસૂ. મ.સા., અધ્યાત્મયોગી પ.પૂ.આ. કલાપૂર્ણસૂ. મ.સા., વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.પં. હેમચન્દ્રવિજય ગણિવર્ય આદિ અનેક પૂજ્યોની ઉપસ્થિતિમાં સમવસરણ મંદિરમાં મૂળનાયક સંપ્રતિકાલીન નેમિનાથ ભગવાન સહિત અન્ય શ્યામવર્ણના શ્રીનેમિનાથ પરમાત્માની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જ ઉલ્લાસભેર સંપન્ન થયો.

જ્યાં વર્ષમાં ગણીને ૨૫ યાત્રિક પણ સહસાવનની કલ્યાણકભૂમિના દર્શન-સ્પર્શન-પૂજનાદિ માટે પધારતા ન હતા તેના સ્થાને સેંકડો લોકો પહેલી ટૂંકથી સહસાવન કલ્યાણકભૂમિની સ્પર્શના કરીને જ નીચે ઉતરવા લાગ્યા. સૌના હૈયામાં સહસાવન કલ્યાણકભૂમિ પ્રત્યેનો આદરભાવ વધતાં સહસાવન તરફ યાત્રિકોનો પ્રવાહ વધવા લાગ્યો. આ જિનાલયમાં અંદર પ્રવેશતાં એક વિશાળ સમવસરણના સ્વરૂપને જોઈને સાક્ષાત્ નેમિપ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતાં હોઈએ તેવા ભાવો ભાવિકોના હૈયામાં

પ્રગટ થાય છે. જૈનબંધુઓના માનસપટ ઉપરથી લગભગ ભૂંસાય રહેલી આ કલ્યાણકભૂમિની મહત્તા આજે સૌના હૈયામાં પુનઃ જાગૃત થઈ છે. ત્યારબાદ વિક્રમ સંવત ૨૦૪૭માં પૂજ્યશ્રીની પ્રેરણાથી ગિરનાર ઉપરથી મોક્ષમાં ગયેલા ગત ચોવીસીના ૧૦ તીર્થંકર પરમાત્મા તથા આવતી ચોવીસીમાં ગિરનારથી મોક્ષે જનારા પ્રથમ પદ્મનાભસ્વામી (શ્રેણિક મહારાજાનો આત્મા) આદિ ચોવીસ પરમાત્મા સહિત વરદત્ત વગેરે ૧૮ ગણધર અને ગુફામાં નેમિનાથ પરમાત્માની અંજનશલાકા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હાલ જીવિતસ્વામી નેમિનાથ પ્રભુજી પણ અત્રે બિરાજમાન છે.

આ સિવાય પૂજ્યશ્રીના શુભહસ્તે ગિરનારની પહેલી ટૂંકની મોટી ભમતીમાં જ્યાં હાલ કેશર ઘસવાના ઓરસીયા છે તે દેરીઓમાં વિ.સં. ૨૦૩૮ મહા સુદ ૧૦ના દિવસે લગભગ ૩૪ પ્રભુજીઓની પ્રતિષ્ઠા પણ થઈ હતી. શ્રી સંઘની એકતા અને શાસનોત્કર્ષના ભીષ્મસંકલ્પ સાથે પૂજ્યશ્રીએ પોતાના જીવનકાળ દરમ્યાન ૩૦૦૦થી વધુ ઉપવાસ તથા ૧૧૫૦૦થી વધુ આયંબિલ તપની આરાધના કરી હતી.

સેંકડો વર્ષના ઈતિહાસમાં તેઓશ્રીની પાવનનિશ્રામાં ગિરનારતીર્થની તળેટીમાં વિ.સં. ૨૦૫૮માં પ્રાયઃ સર્વ પ્રથમવાર સામુહિક ચાતુર્માસિક આરાધનાનું આયોજન થયું હતું. આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ ગિરનાર તીર્થમાં પણ શત્રુંજય તીર્થ જેવી એક 'જયતળેટી'નું નિર્માણ થાય તે માટે પેઢીને પ્રેરણા કરી હતી. તે પ્રેરણાને ઝીલીને પેઢી દ્વારા પ.પૂ.આ. હેમવલ્લભ સૂ.મ.સા.ના માર્ગદર્શન સાથે એક ભવ્ય ''જય તળેટી''નું નિર્માણ થયેલ છે.

વિક્રમ સંવત ૨૦૫૯માં માગશર સુદ ૧૪ ના દિવસે જૂનાગઢ ગામના હેમાભાઈના વંડાના ઉપાશ્રયમાં પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા. તેઓશ્રીના પાર્થિવદેહની અંતિમસંસ્કાર વિધિ પણ માગશર વદ ૧ના આ સહસાવનમાં જ થતાં ગિરનાર મહાતીર્થની પાવનભૂમિ ઉપર અંતિમ સંસ્કારનો નવો ઈતિહાસ સર્જાયો હતો.

* **વિ.સં. ૨૦૫૨-૫૩** દરમ્યાન પ.પૂ. પંન્યાસ **વજસેનવિજયજી મ.સા.** તથા આ. **હેમપ્રભસૂરિ મ.સા.** દ્વારા પણ આ તીર્થના જીર્ણોદ્ધારમાં યત્કિંચિત્ યોગદાન અપાયું હતું.

નમસ્કારમંત્ર આરાધક પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને ગિરનાર મહાતીર્થ પ્રત્યે વિશેષ લગાવ હતો. તેઓશ્રીએ સહસાવન (ગિરનાર)માં આરાધના - સાધના કરી હતી તેથી તેઓશ્રીના પ્રશિષ્યો પ.પૂ.પં. વજસેનવિજયજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુનિરાજ હેમપ્રભવિજયજી મહારાજ સાહેબ (હાલ આચાર્ય)ને પણ ગિરનાર મહાતીર્થ પ્રત્યે વિશેષ લાગણી હતી.

વિક્રમ સંવત ૨૦૫૨માં પ.પૂ.પં. વજસેનવિજયજી મહારાજ સાહેબ તથા પ.પૂ. મુનિરાજ હેમપ્રભવિજયજી મહારાજ સાહેબને ગિરનાર પધારવાનું થયું હતું ત્યારે સહસાવન તીર્થોદ્ધારક પ.પૂ. આ.હિમાંશુસૂરિ મહારાજ સાહેબ અમદાવાદમાં બિરાજમાન હતા. આ બંને મહાત્માઓની કુશાગ્રબુદ્ધિથી વાકેફ એવા સહસાવન તીર્થોદ્ધારક આચાર્ય ભગવંતે સહસાવનના જિનાલયમાં સમવસરણ મંદિરને વિશેષ આકર્ષક બનાવવા કંઈક કરવા પ્રેરણા કરી હતી. શિલ્પકલા અને કલાત્મક રચનાઓના કાર્યોમાં અનેરી સુઝબુઝવાળા બંને મહાત્માઓએ કુશળ કારીગરો અને શિલ્પીઓના અભિપ્રાય અને સહાયથી સમવસરણમાં વિશિષ્ટ પ્રકારના અશોકવૃક્ષ અને ચૈત્યવૃક્ષની રચના કરાવી હતી. સાથે સાથે સમવસરણના ત્રણ ગઢના ચાર-ચાર દરવાજે આરસની કોતરણી સહિતની કલાત્મક કમાનો તથા ગઢના કાંગરાઓનું નિર્માણ કાર્ય કરાવ્યું હતું. આજે આ સમવસરણ મંદિર પ્રભુના સાક્ષાત્ સમવસરણનું સ્મરણ કરાવી અનેક ભાવુકોના અંતરમાં બોધિબીજનું આરોપણ કરવામાં નિમિત્તભૂત બની રહ્યું છે.

ગિરનાર મહાતીર્થે કોઈ યોગ્ય ધર્મશાળાના અભાવમાં યાત્રિકોને ઉતરવા-રહેવા-જમવાની ખૂબ મુશ્કેલી પડી રહી હતી તેવા અવસરે લગભગ વિક્રમ સંવત ૨૦૫૩ દરમ્યાન આ બંને મહાત્માઓના પુણ્યપ્રભાવે સૌ ભાવુક જીવો વારંવાર ગિરનાર પધારે અને આ કલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા આત્મકલ્યાણની આરાધના કરી શકે તે માટે ગિરનાર તળેટીમાં જ ''શ્રી નેમિજિન યાત્રિક ભવન'' નામની એક વિશાળ ધર્મશાળાનું નિર્માણ થયું હતું. જેના કારણે યાત્રિકોની અવરજવરમાં વધારો થવા લાગ્યો

હતો. આ રીતે આ બંને મહાત્માઓનું પણ આ તીર્થ માટે સારૂં યોગદાન રહ્યું છે.

ત્યારબાદ કચ્છીભવન ધર્મશાળા અને તાજેતરમાં છેલ્લા દસ વર્ષ દરમ્યાન ''ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા'', ''શ્રી ગિરનાર રાજેન્દ્ર-શાંતિ સેવા ટ્રસ્ટ'', શ્રી દેવચંદ લક્ષ્મીચંદ પેઢીના પરિસરમાં ''કાંતાબા સંકુલ'' નામની ધર્મશાળાઓનું નિર્માણ થઈ ગયું છે અને આગામી બે વર્ષમાં અન્ય બે-ત્રણ ધર્મશાળાનું નિર્માણ થવા સંભવ છે.

* વિ.સં. ૨૦૬૯થી ગિરનાર મહાતીર્થ સાથે વિશેષ સ્વરૂપે જોડાયેલ વિમલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય **પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મ.સા. (જન્મ - વિ.સં. ૨૦૨૦)** દ્વારા તીર્થની સુરક્ષા માટે અનેરૂં યોગદાન આપવામાં આવેલ છે.(પૂજ્ય ભાઈમહારાજ)

મરુધરદેશના જાલોર જિલ્લાના જૈતુ ગામની ધન્યધરા ઉપર માતા બાદલીબાઈ ઉકચંદજીની કૂખે એક શાસનરત્ન બાળકનો જન્મ થયો હતો જેમનું નામ પ્રભુ પાડવામાં આવ્યુ હતુ. વિ.સં. ૨૦૩૨ના માગશર સુદિ ચોથના દિવસે માત્ર ૧૦ વર્ષની બાળવયમાં પ્રભુએ જિનેશ્વરપ્રભુના ચીંધેલા ચારિત્રમાર્ગનો સ્વીકાર કરીને અનેકવિધ સાધનાના સાધક એવા પ.પૂ.આ. શાંતિવિમલસૂરિ મહારાજ સાહેબના ચરણોમાં જીવન સમર્પણ કર્યુ હતુ. બાળવયથી કુશાગ્રબુદ્ધિના ધારક એવા પ્રદ્યુમ્નવિમલમુનિએ ગુરૂકુળવાસમાં રહી સંયમજીવનની ગ્રહણ-આસેવન શિક્ષા પ્રાપ્ત કરી હતી. સાધક એવા ગુરૂભગવંતની અમિદ્રષ્ટિથી નાની ઊંમરથી જ તેઓશ્રીએ સાધનામાર્ગમાં સારૂં ખેડાણ કર્યુ હતુ. મેધાવી એવા બાલમુનિ હિન્દી, ગુજરાતી, મારવાડી, સંસ્કૃત, પ્રાકૃત આદિ વિવિધ ભાષાઓના આલંબનથી જ્ઞાનાભ્યાસમાં આગળ વધતાં ગયા અને વિદ્વાન મુનિપ્રવર પૂ. જંબૂવિજયજી મ.સા.ના સાંનિધ્યમાં રહી તેઓશ્રીએ જૈનધર્મના સિદ્ધાંતો અને આગમાદિ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

મુનિ પ્રદ્યુમ્નવિમલના અનેકગુણોને ધ્યાનમાં લઈ તેઓશ્રીને ઈ.સ. ૧૯૮૩માં ગચ્છાધિપતિપદે આરુઢ કરવામાં આવ્યા અને ઈ.સ. ૧૯૯૬ની ૨૦મી ફેબ્રુઆરીના મહાસુદ ૧૩ના શુભદિને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

પ્રચંડ પુણ્યપ્રભાવક પૂજ્યશ્રીની પ્રેરણાથી તેઓશ્રીના શુભહસ્તે ૧૦૦થી અધિક જિનમંદિર-ગુરૂમંદિર આદિના નિર્માણ અને પ્રતિષ્ઠા થયેલ છે. તેઓશ્રીના પ્રયાસથી તપાગચ્છાધિષ્ઠાયક શ્રી માણીભદ્રવીરનું મહાપ્રભાવક સ્થાન મગરવાડા (પાલનપુર) આજે વિશેષ ઉત્થાન અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. સિદ્ધગિરિના તળેટીમાર્ગ ઉપર પણ તેઓશ્રીની પાવનીય પ્રેરણાથી શ્રી માણીભદ્રવીરના એક સ્વતંત્ર મંદિરનું નિર્માણ થયેલ છે. આ સિવાય સિદ્ધગિરિની છત્રછાયામાં હિમ્મતવિહાર ધર્મશાળામાં જીવદયા અનુકંપાના અનેકવિધ કાર્યો અવસરે અવસરે થયા કરે છે.

અનંતા તીર્થંકરો સહિત નેમિપ્રભુના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક જે પાવનભૂમિ ઉપર થયા છે તે સાધનાભૂમિ ગિરનાર મહાતીર્થ પ્રત્યે પણ સાધક એવા પૂજ્યશ્રીને વિશેષ લાગણી અને આદર-બહુમાન હોવાથી છેલ્લા લગભગ ૯ વર્ષથી તેઓશ્રી પણ આ તીર્થ સાથે સારી રીતે જોડાઈને તીર્થના ઉત્કર્ષ અને વિકાસના કાર્યોમાં અનંતર કે પરંપર અનેક રીતે ઉપયોગી થઈ રહ્યા છે. તેઓશ્રીની પાવનનિશ્રામાં વિ.સં. ૨૦૬૯ના લગભગ ૫૦૦ આરાધકો અને વિ.સં. ૨૦૭૨માં સેંકડો વર્ષના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૧૫૦૦થી અધિક આરાધકોની વિશાળ સંખ્યા સાથે ખૂબજ શાસનપ્રભાવનાપૂર્વક સામુહિક ચાતુર્માસિક આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિ.સં. ૨૦૭૫માં સ્વસાધના માટે ગિરનાર મુકામે ચાતુર્માસ કર્યું હતું. તેઓશ્રીની અમિદ્રષ્ટિથી ''ગિરનાર રાજેન્દ્રશાંતિ સેવા ટ્રસ્ટ'' નામની એક બહુમાળી ધર્મશાળાનું પણ નિર્માણ થયેલ છે.

ગિરનાર તળેટીના ભવનાથ વિસ્તારમાં કોઈ દવા કે દવાખાનાની યોગ્ય સુવિધાના અભાવમાં તેઓશ્રીના શુભાશિષથી એક વિશાળ હોસ્પિટલનું નિર્માણ પણ થયેલ છે અને ડાયાલીસીસ અને આંખના ઓપરેશન વગેરે થઈ શકે તેવી સુવિધાયુક્ત અન્ય એક નવી હોસ્પીટલનું નિર્માણ ટૂંક સમયમાં થશે. તેઓશ્રીના પુણ્યપ્રભાવથી **સો વર્ષથી અધિક સમયથી ગિરનારમાં ચાલી રહેલા કેટલાક વિવાદો-વિખવાદોવાળા પ્રશ્નોનું પોતાની કુશાગ્ર બુદ્ધિથી સરળ નિરાકરણ લાવીને જૂનાગઢ કલેક્ટર, હિન્દુ**

**મહંતો-સંતો અને જૈનાચાર્યોની ઉપસ્થિતિમાં સર્વત્ર શાંતિસ્થાપક એક ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. આ રીતે પૂજ્યશ્રીનું ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષના કાર્યમાં યોગદાન ઉડીને આંખે વળગે તેવું છે.**

પૂજ્યશ્રીની સરળતા, નમ્રતા, ઉદારતા, દીર્ઘદ્રષ્ટિ, આત્મીતા આદિ ગુણોને કારણે તેઓશ્રી ''ભાઈ મહારાજ''ના હુલામણા નામથી લોકચાહના મેળવી સર્વત્ર પ્રસિદ્ધ થયા છે.

✷ વિ.સં. ૨૦૬૫માં ગિરનાર મહાતીર્થની વિકટ પરિસ્થિતિ અવસરે આ તીર્થના ઉત્કર્ષ માટે યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં. **ચન્દ્રશેખરવિજયજી મ.સા.**ની ભાવના અને આજ્ઞાથી તેમના શિષ્ય-પ્રશિષ્ય પ.પૂ.આ. **ધર્મરક્ષિતસૂરિ મ.સા.** **(વિ.સં. ૨૦૧૧-સ્વર્ગવાસ ૨૦૭૫)** તથા પ.પૂ.આ. **હેમવલ્લભસૂરિ મ.સા.** **(જન્મ ૨૦૧૮)** ગિરનાર પધાર્યા હતાં.

**જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;**
**એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.**

શત્રુંજય ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે જ્યારે ગિરનાર ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ અરિહંતપદને પામીને સિદ્ધ થયા છે.

શત્રુંજય મહાતીર્થની સ્પર્શના દ્વારા દર વર્ષે લાખો ભાવુકો પાવન થઇ રહ્યા હતા પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી ચતુર્વિધસંઘ દ્વારા ગિરનાર મહાતીર્થ તરફ દુર્લક્ષ અપાયેલ હોવાથી તેના પ્રત્યે ઉપેક્ષા સેવાતી હતી, જિનાલયો અત્યંત જીર્ણ- શીર્ણ થવા લાગ્યા હતા અને ખંડેર થવા મથી રહ્યા હોય તેવું લાગતું હતું.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, જૂનાગઢ જૈન સંઘના ભાવુકો તથા અનેક મહાત્માઓ આ તીર્થની કથળતી જતી સ્થિતિ જોઈને ચિંતિત બન્યા હતા. પેઢી તથા જૂનાગઢના ભાવુકો દ્વારા અનેક આચાર્યભગવંતોના સંપર્ક કરી આ તીર્થના વિકાસ માટે કાંઈક કરવા વિનંતીઓ થવા છતાં કોઈ મહાત્માઓ તરફથી અનુકૂળ પ્રતિસાદ મળતો ન હતો. આવા અવસરે જેની રગેરગમાં શાસનપ્રેમ અને હૈયામાં શાસનહિતની તલપ રહેતી હતી તેવા પ.પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સમક્ષ કોઈ પુણ્યશાળીએ ગિરનાર તીર્થની દયાજનક પરિસ્થિતિની વાત મૂકીને કાંઈક કરવા આજીજી કરી. જેના દિલમાં જિનશાસન પ્રત્યેની દાઝ ઝળહળતી હતી તેવા પૂ.પંન્યાસજી મહારાજે પોતાના પ્રશિષ્ય મુનિ હેમવલ્લભ-વિજયજીને તાત્કાલિક ગિરનાર જવાનો આદેશ ફરમાવી વિક્રમ સંવત ૨૦૬૪ના કાંદિવલી ચાતુર્માસના અંતે મુંબઈથી વિહાર કરાવ્યો હતો. અમદાવાદથી મુનિ ધર્મરક્ષિતવિજયજી પણ તેમની સાથે જોડાયા અને તેઓ પણ સાથે ગિરનાર પહોંચ્યા હતા.

ગિરનાર મહાતીર્થના જિનાલય આદિની અત્યંત કરૂણ પરિસ્થિતિ જોઈને બન્ને મુનિઓનું દિલ કકળી ઉઠયું. પેઢી દ્વારા અનેક પ્રયત્નો કરવા છતાં લેન્ડ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, પુરાતત્ત્વવિભાગ અને વનવિભાગમાંથી જીર્ણોદ્ધાર કરવા માટે સંમતિ મળતી ન હતી.

આ બન્ને મહાત્માઓએ તીર્થની સુરક્ષા અને વિકાસના સંકલ્પ સાથે સ્વયં તથા ગિરનારપ્રેમી એવા કેટલાક પૂજનીય સાધુ- સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકા દ્વારા વિશેષ આરાધના-સાધનાનો પ્રારંભ કરાવ્યો. મુનિ હેમવલ્લભવિજયજીએ પણ સંકલ્પ સાથે અટ્ઠમતપની આરાધના શરૂ કરી અને ત્રીજા દિવસે સંધ્યા સમયે તીર્થના અધિષ્ઠાયિકા અંબિકાદેવી તરફથી જીર્ણોદ્ધાર અંગેનો દિવ્યસંકેત મળ્યો હતો અને ટૂંક સમયમાં સરકારશ્રી તરફથી પણ જીર્ણોદ્ધાર માટેની સંમતિ મળી હતી.

લગભગ ૭૫ વર્ષ બાદ વિક્રમ સં.૨૦૬૫ વૈશાખ સુદ પાંચમના શુભદિને મુનિ હેમવલ્લભવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. કુશળ શિલ્પીઓ અને વાસ્તુશાસ્ત્રીઓના માર્ગદર્શન મુજબ કેટલાક શિલ્પદોષ અને વાસ્તુદોષ નિવારણના પ્રયત્નો સાથે જીર્ણ-શીર્ણ જિનાલયોની સ્થિતિ સુધારવાનું કાર્ય શરૂ થયું. જ્ઞાનવાવના સંભવનાથ જિનાલયથી આ જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો અને ધીમે ધીમે એક પછી એક જિનાલયોનું કાર્ય શરૂ થવા લાગ્યું.

ગિરનારના મહિમાથી અજ્ઞાત એવા ચતુર્વિધ સંઘમાં પ્રચાર માટે મુનિ હેમવલ્લભવિજયજી દ્વારા ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી આ ચાર ભાષામાં ''સૌ ચાલો ગિરનાર જઈએ...'' પુસ્તકનું સંપાદન

અને પ્રકાશન થયું. ''સૌ ચાલો ગિરનાર જઈએ...''ના અભિયાનનો પ્રારંભ થયો અને દેશ-વિદેશમાં પ્રચાર-પ્રસારના માધ્યમથી સૌ જૈનોના ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં ગિરનારનો મહિમા ગાજતો થયો.

ગિરનારની છત્રછાયામાં સામુહિક ચોમાસા, નવ્વાણુયાત્રા, આયંબિલની શાશ્વતી ઓળી, શિબિરો વગેરે આયોજન થવા લાગ્યા. વ્યાખ્યાનમાં મુનિ ધર્મરક્ષિતવિજયજી દ્વારા આરાધકો અને યાત્રિકોને અવિરતપણે ગિરનારના મહિમાની અનેક વાતો થવા લાગી. અનંતા તીર્થંકરોના દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણકભૂમિના સ્પર્શન-દર્શન-પૂજન વગેરે માટે ઠેરઠેર પ્રેરણાઓ, ભાવયાત્રાઓ, પ્રચારો થવાના કારણે સૌના હૈયામાં ગિરનાર પ્રત્યે વિશેષ ભક્તિ-બહુમાન જાગવા લાગ્યા. અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓ, સમકિતગ્રુપ, વર્ધમાન સંસ્કાર ધામ, પાર્શ્વભક્તિ પરિવાર, ગિરનારભક્તિ યુવા ગ્રુપ, ગિરનારભક્તિ પરિવાર, કલ્યાણમિત્ર ગ્રુપ આદિ ગ્રુપોના તીર્થવિકાસ અને તીર્થજાગૃતિના સહિયારા પુરુષાર્થના પરિણામે ગિરનાર ઉપર જૈન યાત્રિકોનું આવાગમન વધવા લાગ્યું. પૂર્વે વાર્ષિક ૩૦-૪૦ હજાર યાત્રિકોના આવાગમનની સામે વર્તમાનમાં વાર્ષિક ચારથી સાડા ચાર લાખથી વધુ યાત્રિકોની અવર-જવર ચાલુ થઈ ગઈ છે.

આજીવન આયંબિલના અભિગ્રહધારી તથા અખંડ ૯,૫૦૦ ઉપરાંત આયંબિલના તપસ્વી મુનિ હેમવલ્લભવિજયજીએ (હાલ આચાર્ય) છેલ્લા ૧૪ વર્ષ દરમ્યાન વરસાદ આદિના દિવસો સિવાય લગભગ રોજ ગિરનાર ઉપર જઈ (૩૫૦૦થી અધિક યાત્રા સાથે) જીર્ણોદ્ધારના કાર્યો અંગે માર્ગદર્શન આપવાપૂર્વક ગિરનાર સાથે સૌ જોડાય, ગિરનારના માહત્મ્યને જાણે અને માણે તે માટે ગિરનાર વિષયક અનેક સાહિત્યનું સર્જન, સંપાદન અને પ્રકાશન થયેલ છે. આજે પહેલી ટૂંકના ૧૪ જિનાલયોમાં અતિ આવશ્યક એવા જીર્ણોદ્ધારના કાર્યો લગભગ થઈ ચૂક્યા છે અને નાના-નાના અન્ય કાર્યો ચાલુ છે.

આ જીર્ણોદ્ધાર દરમ્યાન કેટલાક વાસ્તુશાસ્ત્ર અને શિલ્પદોષાદિના કારણે સ્થાનમાં ફેરફાર કરાયેલ લગભગ ૩૭ પ્રભુજીઓ તથા દીક્ષા-કેવલજ્ઞાનની દેરીના પગલાંની પુનઃપ્રતિષ્ઠા આ મહાત્માઓ દ્વારા થયેલ છે. તેઓના પુરુષાર્થને કારણે આજે ગિરનારમાં પણ શત્રુંજય મહાતીર્થ જેવી ''જયતળેટી''નું નિર્માણ થયેલ છે તથા યાત્રિકો માટે સહસાવન કલ્યાણભૂમિ તીર્થોદ્ધાર સમિતિ - જૂનાગઢ દ્વારા ''ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા'' તથા દેવચંદ લક્ષ્મીચંદ પેઢી સંચાલિત ''કાંતાબા સંકુલ''નું નિર્માણ પણ થયેલ છે.

બાલબ્રહ્મચારી નેમિનાથ પરમાત્માની અસીમકૃપા, શાસનદેવ-દેવીઓ તથા ચતુર્વિધ સંઘની સહાય અને ચૌદ-ચૌદ વર્ષથી ધૂણી ધખાવી આ મહાતીર્થની છત્રછાયામાં રહેલા દીર્ઘકાલીન આયંબિલના તપસ્વી એવા આ બન્ને મહાત્માઓના તપ-જપ-સંયમ આદિના પ્રભાવ અને ભગીરથ પુરુષાર્થથી આજે દેશ-વિદેશમાં વસતા લાખો જૈન બાળકો-યુવાનો અને વડીલોના હૈયે અને હોઠે ગિરનારના ગુણગાનનું ગુંજન થવા લાગ્યું છે, સૌના શ્વાસોશ્વાસમાં ''જય જય ગરવો ગિરનાર...''નો નાદ ધબકી રહ્યો છે.

સૌ ચાલો ગિરનાર જઈએ...

જય ગિરનાર　જય નેમિનાથ

**શાસન પ્રભાવક પ.પૂ.પં. ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય ના શિષ્યરત્ન પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરિજીના શિષ્ય પ.પૂ.આ. હેમવલ્લભસૂરિજી લિખિત/સંકલિત સાહિત્ય**

૧. સૌ ચાલો ગિરનાર જઈએ.... ગુજરાતી
૨. ચલો ગિરનાર ચલે... હિન્દી
૩. Come on move to Girnar, English
૪. ગિરનાર : ગ્રન્થોની ગોદમાં, ભાગ ૧-૨-૩, ગુજરાતી
૫. ગિરનાર યાત્રા વિધિ - ગુજરાતી/હિન્દી
૬. ગિરનારની શોભા - ગુજરાતી/હિન્દી
૭. શ્રી ગિરનારજી શ્રી નવ્વાણું પ્રકારી પૂજા-ગુજરાતી/હિન્દી
૮. ગિરનાર નેમિ ભક્તામર (પ્રાચીન)
૯. ગિરનાર ગીતગંગા - ગુજરાતી (સ્તુતિ-થોય-સ્તવનાદિ)
૧૦. ચલા ગિરનાર જાઊ - મરાઠી
૧૧. ગિરનાર ભક્તિ ત્રિવેણી સંગમ - ગુજરાતી
૧૨. ગિરનાર સંવેદના (ભાવયાત્રા)-ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ
૧૩. ગિરનાર ગીતગંગા - ગુજરાતી/હિન્દી
૧૪. ગિરનાર દર્શનયાત્રા (ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ)
૧૫. ગિરનાર જિનવર જુહારીએ... ગુજરાતી
૧૬. યાત્રા નવ્વાણુ કરીએ રૈવતગિરિ (હિન્દી)
૧૭. ગિરનારી નેમિભક્તામર (સચિત્ર) ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ
૧૮. ગિરનાર ગુણ ગાઓ સૌ
૧૯. ગિરનારની બાલવાર્તાઓ - ગુજરાતી
૨૦. ગિરનાર કી બાલકથાએ (હિન્દી)
૨૧. Girnar's Children Stories
૨૨. ગિરનાર સ્પંદન

## મોટી પંચતીર્થી યાત્રા ગિરનાર થી કિલોમીટર

| | | | |
|---|---|---|---|
| ૧. વંથલી | ૨૨ | ૬. પ્રભાસપાટણ | ૧૧૨ |
| ૨. કેશોદ | ૪૪ | ૭. ઉના | ૧૯૨ |
| ૩. માંગરોળ | ૬૯ | ૮. અજાહરા | ૧૯૭ |
| ૪. ચોરવાડ | ૮૭ | ૯. દેલવાડા | ૨૦૦ |
| ૫. વેરાવળ | ૧૦૭ | ૧૦. દીવ | ૨૧૦ |

## નાની પંચતીર્થી યાત્રા ગિરનાર થી કિલોમીટર (રીંગ રૂટ)

| | | | |
|---|---|---|---|
| ૧. વંથલી | ૨૨ | ૫. મોટીમારડ | ૬૦ |
| ૨. છત્રાસા | ૩૪ | ૬. મજેવડી | ૭૦ |
| ૩. પાટણવાવ | ૪૮ | ૭. જૂનાગઢ (ગામ) | ૮૦ |
| ૪. સિદ્ધચક્રમંદિર | ૫૦ | ૮. ગિરનાર થી ગિરનાર રીંગ રૂટ | ૮૫ |

## ગિરનાર થી કિલોમીટર

| | |
|---|---|
| ૧. અમદાવાદ થી ગિરનાર | ૩૨૭ |
| ૨. વડોદરા થી ગિરનાર | ૩૯૬ |
| ૩. રાજકોટ થી ગિરનાર | ૧૦૭ |
| ૪. દ્વારકા થી ગિરનાર | ૨૦૦ |
| ૫. પાલીતાણા થી ગિરનાર | ૧૮૦/૨૧૦ |
| ૬. વેરાવળ થી ગિરનાર | ૦૯૦ |
| ૭. જામનગર થી ગિરનાર | ૧૪૫/૧૮૦/૨૧૦ |
| ૮. મુંબઈ થી ગિરનાર | ૮૪૭ |